"શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્"

# સાક્ષાત્ સવિતા

## (ભાગ-૫)

### ૬૦૧. અન્વય વ્યતિરેકપણાનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૯ ગુરુવાર તા.૯-૧૧-૧૯૭૮ ને દિવસ પૂ. સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે પ્રાતઃકાળે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ નિષ્કુળાનંદસ્વામીની વાત કરી ને બોલ્યા જે; " આ તો અલૌકિક વાત છે. જો સમજાય જાય તો હૈયું હાથ ન રહે. આ સત્સંગમાં ગોરધનભાઈ, પર્વતભાઈ, અંબરીષ જેવા અનંત છે. આ સત્સંગ જેવો છે એવો જણાય નહીં ને જણાય તો જાળવી શકે નહીં. આ તો પૃથ્વીનું વેજું છે. જો મહિમા સમજાય જાય તો અલૌકિકપણું મનાય જાય. જો અત્યારે ભજન નહીં કરે તો ઉકરડે આસન થાશે. એવો આ લોક છે. ભગવાનમાં નહીં લોભાય ને શું જીવ ઉકરડામાં લોભાશે ? તમારે ગૃહસ્થને ઉકરડે આસન કરે ને અમારે ત્યાગીમાં ખાડા ઉપર ખાટલો રાખે. સત્સંગનો મહિમા સમજાય તો એને અરથે શું ન થાય ? જે કરવું હોય તે થાય." જમ કરતા તો જીવના કર્મ જબરા છે. એના કર્મ પાછળ થાય તો એની આગળ જમ શું કરે ? ભગવાનની ગતિને જાણવી બહુ કઠણ છે. તે ઉપર એક બાઈ હરિભગતની વાત કરી. મહારાજે ખરપડીના પાંદડા ખાધા એથી સમજી ગઈ કે દુકાળ પડશે. એમ ભગવાનની ગતિને સમજવી બહુ કઠણ છે. સમજુ હોય એને ભગવાન ગોતવા ન પડે. તમારી વૃત્તિમાં જ ભગવાન છે. જેની સામું જુવો ને ભગવાન ન દેખાય તો એની આબરૂ જાય. તેમ પદાર્થ સામું જોવો તો પદાર્થમાં ભગવાન દેખાવા જોઈ. અન્વયમાં વ્યતિરેક છે. ઈ

ન્યારૂ છે ને અન્વય છે ઈ અંદર રહ્યું છે. સૂક્ષ્મ છે, કારણ છે, કર્તા છે, નિર્લેપ અસંગી છે. અતિશય પ્રકાશે યુક્ત છે ને ઐશ્વર્યે યુક્ત છે. વ્યતિરેક સ્વરૂપ અન્વયમાં દેખો તો દેખ્યું ગણાય. તો જ ઈ વાતનું જ્ઞાન કહેવાય. વટપત્રશાયી ભગવાન એવું થાવું જોઈ. બળી રાજાએ વામનજીનું વૈરાટ સ્વરૂપ જોયું. ને બીજાએ તો વામન સ્વરૂપ દીઠયું. માતાજીએ ભગવાનના મુખમાં બ્રહ્માંડ દીઠયું. પણ બીજાએ ન દીઠ્યું.

**પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે; આપણો મત વિશિષ્ટાદ્વૈત છે. વૈષ્ણવનો મત દ્વૈતાદ્વૈત છે ને શંકરાચાર્યનો અદ્વૈત મત છે.**

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૧ ॥**

## ૬૦૨. અલૌકિકપણાનું અને નિઃસ્પૃહીપણાનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૧૦ શુક્રવાર તા. ૧૦-૧૧-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા ને સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; જીવને અને મનની કથી ન જાય એવી મિત્રતા છે. એકબીજાના દુઃખમાં ભાગ લ્યે એવી મિત્રતા છે ને આપણે તો સ્વામિનારાયણના આશ્રિત છઈ. ભલા થઈને આ લોકના સુખમાં આસક્ત થાશું પણ ઈ કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો વાસુદેવ ભગવાનનું દર્શન ને બ્રહ્મવેત્તા સંતનો સંગ ઈ જ દુર્લભ છે. ઈ મેલીને પંચવિષયના સુખમાં આસક્તિ થાય છે તો ઈ ખોટ્ય કયાંય નહીં ભાંગે. સૂર્ય ચંદ્રના લોકમાં પણ ખોટ્ય નહીં ભાંગે. પણ એકવાર ભગવાનના સ્વરૂપના દર્શન થઈ જાય તો પણ કામ થઈ જાય. એવું ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે ને માયા તો દુઃખદાઈ છે. અલૌકિક ભગવાન છે. અલૌકિક ભક્ત છે. એની સામું જોઈ તો કામ થઈ જાય. પણ માયા જોવા જેવી નથી. મોટાથી મોટા, મોટાથી મોટા એવા ભગવાન છે. તુચ્છથી પણ તુચ્છ, તુચ્છથી પણ તુચ્છ એવી

માયા છે. ભરખી જાય એવી માયા છે. એવી માયાને આપણે સાચવવી ખરી એને સાથ દેવો, ઘરમાં રાખવી. ઘરમાં રાખીએ તો ઘર પણ લજામણું થઈ જાય. આ લોકમાં આપણે ભગવાનને સંભારીએ તો મૂર્તિને સમીપે છઈ. ભગવાન બહુ જબરા સમર્થ છે. પરથી પર અક્ષર એથી પણ પર છે. પણ આંયા આપણી ભેળા છે એટલે ઓળખાતા નથી. પૃથ્વીમાં કહો ને વગડામાં કહો એ કરતા પણ આમાં છે એમ કહી દ્યો તો બરાબર કહેવાય. ભગત કીર્તન બોલતા હતા ત્યારે ભગવાનને અને આપણને જરાય છેટું નો'તું, પણ અલૌકિકપણું થાવું જોઈ. જીવમાં ઉતરી જાવું જોઈ. ગુણાતીતાનંદસ્વામી છતાં જાગો ભગત અને પ્રાગો ભગત હતા ને આપણે આ ભગત છે. ભગવાનને સંભાર્યે સારૂં થાય. એમ ભક્તને સંભાર્યે સારૂં થાય, એમાં અપીલ જ નથી. સંભારે જ શેનો ! સંભારે તો માયાને અને રાગને સંભારે. સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે; રાગથી ખાવ તો અપચો થાય પણ રાગ વિના ખાવ તો અપચો ન થાય. નિઃસ્પૃહી વર્તમાન એવડું જબરૂં છે. ઈ તો કોક પાળી જુવે તો ખબર પડે. નિઃસ્પૃહી વર્તમાન દૃઢ થઈ ગયું તો આ પૃથ્વી ઉપર જેટલી ચીજ છે ઈ ચીજ અગમ ન રહે. "એક વર્તમાન બરાબર સિદ્ધ થાય તો બધાય વર્તમાનની કિંમત થાય. વર્તમાન દૃઢ કરો તો તમારે અને ભગવાનને જરાય છેટું નથી. આંખ્ય ઉઘાડો ત્યાં જ ભગવાન દેખાય. મનમાં મનન કરો ત્યાં જ ભગવાન દેખાય. એટલે તો મહારાજ ઘરેથી નીકળ્યા ત્યારથી જ પંચવર્તમાન દૃઢ હોય એવા સાધુને જ જોતા. જીવ તે જીવ કેવળ જીવ જ છે. એને અક્ષરધામમાં લઈ જાવો છે. નકટા બોચા કેનીક જાનમાં જાય ! આજ્ઞા, નિ'મ, શ્રદ્ધા વિનાના છે. ઈ બધાય નકટા બોચા જ છે. સ્વામિનારાયણ કહેવું ઈ પણ કઠણ છે. સ્વામિનારાયણ કહો ને સામા દેખાય તો જ બરાબર કહેવાય. એવું અલૌકિક નામ છે. આ ગામમાં સ્વામિનારાયણનું નામ પાડ્યું. સહેજે મળ્યા એટલે સહજાનંદ. સહેજે આનંદ થાય એટલે સહજાનંદ એવું નામ પાડ્યું. ચિંતવન

કર્યા વિનાનું પદાર્થ પ્રાપ્ત થઈ જાય ઈ નિઃસ્પૃહી વર્તમાનનું એંધાણ છે. પંચવર્તમાન તો બહુ જબરા છે ! બહુ જબરા છે !! બહુ જબરા છે !!! પંચવર્તમાન અને એકાંતિક ધર્મ છે ઈ બેય એક જ છે. ઓલ્યા વનમાં જઈને પંચવર્તમાન પાળે છે ને આપણા સંપ્રદાયમાં પંચવર્તમાન છે ઈ પાળે છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૨ ॥**

## ૬૦૩. સગુણ-નિર્ગુણપણાનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૧૧ દેવદિવાળી જે પ્રબોધિની એકાદશી શનિવાર તા. ૧૧-૧૧-૧૯૭૮ ને દિવસ ગામ શ્રી પીપલાણા મધ્યે પ્રાતઃકાળે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; જે વાત છે ઈ સાક્ષાત્ થઈ જાય તો કામ થઈ જાય. આ લોકનું સુખ સાક્ષાત્ થઈ ગયું છે. જુવે ઈ સાચું થઈ ગયું છે. એમ ભગવાનનું સુખ કઈ રીતે જોવું ? કયા નેત્રથી કેવી રીતે એનું પ્રમાણ કરવું ? હવે તો પારખું લેવા પંચવિષય વચ્ચોવચ્ચ ટટકાવ્યા છે. ભરતીયુ ગાડું છે એમાં ખરેખરા હશે ઈ નીકળશે. જાણ્યા ન હોય એટલા સુખ આવી જાય. દરરોજ બસે પડીયા બરફી ને પેંડાના આવે તો કેટલુંક ત્યાગ કરે ? સારો હોય ઈ પણ ભોગવવા મંડે. માટે પંચવિષયની તાગાત બહુ છે, પણ ભગવાનની સામું જોવો તો પંચવિષયની તાગાત શું કામની છે ? અચળ, અખંડ, અવિનાશી સુખ ભગવાનના પદનું છે. વર્ણન થાય, માપ ન થાય. આનંદરૂપ છે. ઈ ભગવાન આપણને સાક્ષાત્ મળ્યા ને આ લોકના નાશવંત, અસાર ને કાળના કોળિયા જેવા એમાં આસક્તિ થાય તો ભગવાનને આપણે જોયા જ નથી. જાણ્યા જ નથી. જો ભગવાનને જાણ્યા હોય તો ધ્રુવના તારા સુધી ધન હોય તો પણ ન લેવાય. નકર તો આઠ આના સારૂં થઈને કણો થાય. તે ઉપર મયારામભટ્ટની સ્ત્રીની વાત કરી. આ લોક મૂકી તો જૂવો કેમ મુકાય છે ! પણ ભગવાનના સ્વરૂપમાં દૃષ્ટિ

પુગી જાય તો આ લોકના સુખ રાખના પડીકા થઈ જાય. જો ઈ સુખમાં નજર પુગી જાય તો. અટાણે જે સુખ છે ઈ સુખ ઘરે ન હોય તો ત્યાં ઈ સુખ હોય તો ભગવાનને અને એને છેટું નથી હાજરાહજુર છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે; એકની પાસે બેસે તો દોષ દેખાય ને એકની પાસે બેસો તો દોષ ન દેખાય. દોષ દેખાય છે એટલે દોષ ટળી જ ગયો છે. તોય તમે અવતારીની ઉપાસના કરી નથી. તમે અવતારમાં સલવાણા છો. તે ઉપર શાંતિલાલની પાસે મધ્યનું ૧૧મું વચનામૃત વંચાવ્યું. પછી સ્વામીએ વાત કરી જે; જે શાસ્ત્ર છે ઈ ધર્મ, અર્થ, કામ પર છે. ને પરલોકને અરથે જપ, તપ, વ્રત, યોગ, દાન જે કાંઈ કરે છે ઈ સ્વર્ગને અરથે કરે છે. કામને અરથે કરે છે. એક કર્મ કરીને કામ્યને ઈચ્છે છે. એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ છે. ને એક પ્રસન્નતાને અરથે કરે છે. બેયના દેહનો વહેવાર એક સરખો છે. પણ ઓલ્યો અર્થને ઈચ્છે છે ને ઓલ્યો ભગવાનની પ્રસન્નતાને ઈચ્છે છે. ઈ બેયને દેખનારો કોણ છે ? એને દેખનારો ત્રીજો છે ઈ કેવો છે ? મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે ને સર્વ કર્મનો કરનારો છે. બેયના દેહનો વેવાર એક સરખો છે. એને નોખા પાડે છે. માટે ઈ બુદ્ધિવાળો છે. સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. સર્વ કર્મનો કરનારો છે. મોક્ષને યોગ્ય છે. એની ડીગ્રી ભગવાનની આવી. એને કર્મ અડતા નથી. એને સમજયા તો તમે દોષ થકી રહિત થઈ ગયા એમ અમે કહીએ છીએ. બ્રહ્મા, વસિષ્ઠ, પરાશર, વિશ્વામિત્ર ઈ ચારમાં વસિષ્ઠ કાંઈક ઠીક ને બીજા તો બધાય જોયા જેવા.

**"પરાશર ઋષિ તપોધન રે, મોહ્યા મત્સ્યગંધા જોઈ મનરે."**

એમ દોષ છે તો પણ મોક્ષ કર્યો. માટે અવતારના ભગત થયા પણ અવતારીનો ભગત ન થયા. અવતારના ભગતમાં દોષ હોય. ગોલોક, વૈકુંઠમાં ઝગડા થયા પણ અક્ષરધામાં ઝગડો નથી. પ્રકૃતિ મેલો તો અક્ષરધામમાં જવાય. બેયને જાણે છે એના સંગથી નિર્ગુણમાં વાસ થાય છે.

નહીંતર તો સગુણમાં જ રહે. શુભ કર્મ કરતો નથી છતાંય મોક્ષને યોગ્ય છે. બુદ્ધિવાળો છે. એક પ્રવૃત્તિમાર્ગવાળો ને એક નિવૃત્તિ માર્ગવાળો છે. પ્રવૃત્તિમાર્ગવાળો છે છતાંય એને નિર્ગુણ કહ્યો છે. કાલે જેવો નિશ્ચય કહ્યો, ઉત્થાને રહિત પ્રવૃત્તિએ રહિત કહ્યો છે એવો જેને નિશ્ચય થયો એને અમે તદાત્મકપણું કહીએ છીએ. એવું જેને તદાત્મકપણું થયું હોય ઈ સંતનું સ્વરૂપ પણ નિર્ગુણ બ્રહ્મ કહ્યું છે નિર્ગુણ થકી નિર્ગુણ થવાય છે. ને ઓલ્યામાં તો સગુણથી નિર્ગુણ થવાય છે. તે ઉપર સાક્ષાત્ સવિતાનું કિરણ ૮૫મું વંચાવ્યું. સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં જાવું ઈ તો અવતારી જ કરી શકે. ૨૨૨ કિરણમાં ઉત્પત્તિકાળને મોક્ષકાળ બતાવ્યો છે. ઉત્પત્તિકાળમાં તો દશ દશ મૂર્તિયું છે. ને સ્વામિનારાયણ ભગવાન તો એનાથી ન્યારા છે. ઉત્પત્તિકાળમાં અવતારી છે પણ પ્રકૃતિએ રહિત, અવગુણે રહિત ઈ અવતારીના ભગતનું લક્ષણ છે. એના થકી ઓલ્યામાં જવાય છે. ભગત ભલે ઉત્પત્તિકાળમાં છે પણ પ્રકૃતિએ રહિત હોય, સ્વભાવે રહિત હોય ને નિર્ગુણ હોય એથી જ સ્વામિનારાયણને અવતારી કહીએ છીએ. સગુણ છે છતાંય એને નિર્ગુણમાં વાસ આપી દેશે. દોષને જાણે ઈ દોષ થકી રહિત થયો. દોષને દીઠો એટલો દોષથી રહિત થઈ ગયો. ભૂલ્ય છે એમ નક્કી થયું એટલે ભૂલ્યથી રહિત થઈ ગયો. દોષની હારે લડાઈ કરે છે ઈ પણ શ્રેષ્ઠ છે ને દોષ થકી રહિત છે. ધણીની નજરમાં છે. ઈ ન ગણે એટલે પતી ગયું. જીવમાં હા પડવી ઈ બહુ કઠણ છે. સપ્તઋષિ, જનકાદિક રાજા થકી તદાત્મકપણું થાય છે. જેટલો જેમાંથી શબ્દ લેવો ઘટે એટલો લ્યો તો જ વાત સમજાય. જેટલું ખરાબ બોલવું એટલું આપણું જ બોલવું. જન્મથી જ શુકદેવજી બ્રહ્મરૂપ હતા. એને બધુંય જ્ઞાન હતું પણ એક જ્ઞાન નો'તું કે આ પૃથ્વીમાં નકામામાં નકામી ચીજ કઈ છે ? ઈ જનકરાજાએ બતાવ્યું. બ્રહ્મરૂપ થાવું છે ને દોષ રહિત થાવું છે પણ પરીક્ષા આપવી કઠણ પડે. બ્રહ્મરૂપ હતા પણ જે વસ્તુ જેવી હોય એવી જાણી શકતા નહીં. જનકને પદાર્થમાત્રનું

જ્ઞાન. સગુણમાં રહ્યો, સ્ત્રીના પ્રસંગમાં રહ્યો ને એથી નિર્લેપ રહ્યો. જીવમાં બે ગુણ સ્વભાવિક છે. એક દયા ને એક સ્નેહ. ઈ બે ગુણ કાઢવા હોય તો વૈરાગ અને આત્મનિષ્ઠા ગુણ ગ્રહણ કરવા જોઈ, તો ત્રણ ગુણથી પર થઈ જાય. પછી દૃષ્ટિમાં ન આવે. તે વખતે ભગવાન અને ભક્તમાં સ્નેહ છે કે નથી ? જો અશ્વત્થામાનો સંગ થાય તો દયા ને સ્નેહ ન થાય. તનનું અભિમાન હોય ઈ નિર્ગુણ ક્યાંથી કરી શકે ? દેહનું અભિમાન જાય તો જ નિર્ગુણ કરી શકે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ઈ ત્રણ અવસ્થાને જાણે ઈ ચોથી અવસ્થા છે. તુર્યપદ કહે છે. અંતર્યામી કહે છે. દૃષ્ટા કહે છે. બ્રહ્મ કહે છે. ને પરબ્રહ્મ કહે છે. એમ સાંખ્યવાળા કહે છે. ત્રણ અવસ્થાને ઓળખવી ઈ આકરી વાત છે. ને એકમાં બીજી બે ઓળખવી એ એથી પણ આકરૂં છે. પ્રધાન પુરૂષની સ્થિતિ અવસ્થા, તેના સુખલેશને વિષે અતિશય લીનપણું એની સુષુપ્તિ અવસ્થા છે. સુષુપ્તિનું સુખ ભોગવીને ભાગે ઈ પ્રધાન પુરુષના સુખલેશમાં અતિશય લીનપણું ઈ સુષુપ્તિ અવસ્થા છે. આ જીવને મોટામાં મોટી વસ્તુ પ્રધાનપુરુષના સુખલેશમાં અતિશય લીનપણું સ્ત્રીનું સુખ છે. ઈ એક જ સુખ છે. એવા સુખને વિષે જાવાની ઈચ્છા એનું નામ ઉત્પત્તિ અવસ્થા છે. કર્તાવૃત્તિ છે. પછી જાગે એટલે પરિતાપ થયો, પસ્તાવો થયો એટલે પાછો સુખમાં વયો જાય. એનું નામ જાગ્રત અવસ્થા છે ને પ્રાજ્ઞાભિમાની નામે જીવ છે. આ તો બહુ પાછી વૃત્તિ હોય તો જ ખબર પડે. દુર્લભ વસ્તુમાં વિઘ્ન કરનાર ઈ જ છે. જાગ્રતમાં ચોથી અવસ્થા કઈ ? સ્થિતિ અવસ્થા ને વિશ્વાભિમાની જીવ સ્થિતિમાં રહીને પંચવિષયનો ભોગવટો કરે એનું નામ સ્થિતિ અવસ્થા. સ્થૂળ દેહ, સત્ત્વગુણ, નેત્ર સ્થાન ને અયથાર્થ જ્ઞાન છે. હવે જાગ્રતમાં સ્વપ્ન કહે છે. જાગ્રતમાં અવિવેક ને પ્રમાદ ને અપમાન ઈ સુષુપ્તિ છે. અપમાન થાય ત્યારે મરવા જેવો થઈ જાય ને સુવે તો ય નિંદર ન આવે. હવે સ્વપ્નમાં બે કહીએ છીએ. એમાં તુર્યપદ કેને કહો છો ? તૈજસાભિમાની જીવ છે. અસ્થિરપણું, કંઠસ્થાન, રજોગુણ

છે. અસ્થિરપણું છે. આસક્તિ છે ને પંચવિષય ભોગવે તો સુષુપ્તિ અવસ્થા. આસક્તિ રહિત ભોગવે તો જાગ્રત અવસ્થા ને રાગે કરીને ભોગવો તો સ્વપ્ન કહેવાય. તુર્યપદ તો ગોરધનભાઈ ને પર્વતભાઈના પગરખા તુલ્ય પણ ન કહેવાય. આ તો સાંખ્યવાળાનું છે. કંઠ સ્થાન ને રાગ છે ને આસક્તિ છે તેથી ભોગવ્યા વિના રહેવાય નહીં. ઈ ભોગવાનારો જયાં જાય ન્યાં અવસ્થા કહેવાય. રાગે કરીને ભોગવે ને ન જાણી શકે તો સુષુપ્તિ અવસ્થા કહેવાય. એક એકમાં બીજી બે જાણવી. એની તાગાત હોવી જોઈ. આ જ્ઞાન કરતા ભગવાનનું જ્ઞાન કરોડ્યું ને અબજુ ગણું આકરૂં છે. ભગવાનનું સ્વરૂપ છે જેમાં જે શ્રેષ્ઠ ઈ હું છું. એમ શ્રીકૃષ્ણે કહ્યું છે. ને આપણે શું કહીએ છીએ ? ભગવાનનું જ્ઞાન એને સ્વરૂપ કહ્યું છે. ભગવાનનું જ્ઞાન ઈ જ ભગવાનનું સ્વરૂપ કહેવાય. આત્મનિષ્ઠાનું જ્ઞાન હોય તો ભગવાનનું સ્વરૂપ હાથ આવ્યું ન ગણાય. અંશ આવ્યો પણ વધારે ન આવ્યું. ભગવાનનું જ્ઞાન કેવું છે ? શુકસ્વામીનો પ્રશ્ન છે. સ્વરૂપ કયુ છે ? પોતાને બ્રહ્મરૂપ માને, અધર્મનો ત્યાગ કરે. દિવસ અને રાત્રિ કથાવાર્તા કરે ઈ વિચાર હોય તો સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ કહેવાય. આ જીવતાનું સુખ છે. ને મર્યાનું સુખ જુદું છે. ઈ ભક્ત જ્યારે દેહ મેલે ત્યારે ભગવાન એને પોતા જેવો જ બનાવે છે. જેવો હું છું, મારા કર્મ છે. મારૂં જ્ઞાન છે એવું તને મારા અનુગ્રહથી થાવ. ઈ વિજ્ઞાન છે. જેમ ભગવાન કામાદિક થકી રહિત છે. એમ ભક્ત પણ એનાથી રહિત થાય છે ને ભગવાનના તુલ્યપણાને પામે છે. સગુણ થકી નિર્ગુણમાં વાસ થાય છે. બ્રહ્મરૂપ ભક્ત થાવું એમાં શું કઠણ છે ? આંયા બેઠા એમાં કેને વાંધો છે ? જન્મ કર્મ મારા દિવ્ય છે. એમ શ્રીકૃષ્ણે કહ્યું છે. વાસનાવાળો ઈ ઉત્પત્તિકાળ પછી ધર્મ, જ્ઞાન, વૈરાગવાળો છે, તો પણ રાગવાળો છે.જો રાગ રહિત હોય તો અવતારીનો ભગત છે ને રાગ છે તો અવતારનો ભગત છે. ગમે એવો ધર્મ ભક્તિ, આત્મનિષ્ઠાવાળો છે પણ રાગવાળો છે. શ્રીકૃષ્ણ, રામ, વાસુદેવ, નરનારાયણ ઈ બધાય ભગવાન

કહેવાય છે. એની ભક્તિ કરે તો એના ધામમાં જાવાનું છે. ઈ ઉત્પત્તિકાળમાં છે. તમને ઉત્પત્તિકાળમાંથી બારા કેમ કાઢશે ?

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૩ ॥**

## ૬૦૪. અવતારીની દૃષ્ટિએ

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૧૨ રવિવાર તા. ૧૩-૧૨-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; પંચવિષયમાં કયાંય પ્રીતિ રહેશે નહીં ઈ અવતારીનું લક્ષણ છે. અવતાર પરતંત્ર છે. અવતારી સ્વતંત્ર છે. અવતાર વ્યાપ્ય છે. અવતારી વ્યાપક છે. સમર્થ છે ને અસમર્થ છે. આ સ્વરૂપની દૃઢતા વિના ગમે એટલો ત્યાગ રાખો કે ગમે એટલા ઉપવાસ કરો તો પણ ખામી ભાંગશે નહીં ને સ્વરૂપની નિષ્ઠા હશે તો કરવું કાંઈ રહ્યું નથી. અવતારીની દૃષ્ટિએ. અવતારની દૃષ્ટિ કાંઈ નથી ને કાળ, કર્મ, માયા, મહતત્ત્વ એની દૃષ્ટિએ અવતારની દૃષ્ટિ જબરી છે. દોષ હોય તો પણ દોષ નથી જ એમ કહી દીધું.

પછી તે જ દિવસે બપોર પછી શ્રીજી ઓઈલમીલની મોટરમાં બેસીને વંથલી પધાર્યા. ત્યાં જમનભાઈને ઘરે પધરામણી કરીને ગુરુકુળે પધાર્યા ને ત્યાંથી વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાને ઉતારે પધાર્યા.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૪ ॥**

## ૬૦૫. સંશયગ્રંથીનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદ-૧૩ સોમવાર તા. ૧૪-૧૧-૧૯૭૮ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આ જીવને જ્યારે બહારથી પંચવિષયનો જોગ ન હોય ત્યારે અંદરથી પંચવિષયને ભોગવતો હોય પણ આ જીવ પંચવિષયને ભોગવ્યા વિના રહી શકતો નથી. અંતઃકરણમાં પંચવિષયની અખંડ ધાણી ફૂટ્યા કરે છે. અનંત જન્મથી ભોગવ્યા છે તેની જીવમાં ઘડ્ય પડી ગઈ છે. તેથી કોઈ'દિ આ જીવ એને મેલી શકતો નથી. પોતે મૂકે નહીં ને બીજા મૂકાવે તોય દુઃખિયો થાય.

**"નરતન ધરી નાથજી; વળી કાંઈ કાંઈ હોય કરતા નાગ પાસે નાથ બંધાણા, ભૂલ્યા અન્ય આચરમાં એવા એવાનું એમ થયું તો અવરનો શો આશરો."**

ભગવાનના ચરિત્રમાં ગરૂડજીને સંશય થયો. ગરૂડ જેવાને એમ થયું તો બીજાની શી વાત ? માટે સંશયગ્રંથી બહુ જબરી છે. ભગવાનની માયાને કોણ તર્યા છે ! ભગવાનના ચરિત્રમાં સંશય ન થાય ઈ જ માયાને તર્યા છે. સંશય છે ઈ જ માયા છે. બ્રહ્માને સંશય થયો. માટે સંશયગ્રંથી બહુ જબરી છે. આપણા દોષ તો મેલાય જાય પણ ભગવાનના દોષ કેમ ન જોવાય ? એને નિર્દોષ સમજવા ઈ કઠણ છે. આઠ પ્રકારની જડ પ્રકૃતિ ને એને વિષે વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ ઈ પ્રત્યક્ષ ભગવાનને વિષે સુખે કરીને રહી છે. એને સમજે તો નિર્દોષ થાય. પોતે દેહધારી થયો છે ઈ બીજાના સુખને અરથે રહ્યા છે. પૂર્વે વિષય ભોગવ્યા નથી ઈ જ વાસના છે. સંકલ્પ છે ઈ જ જન્મ મરણના હેતુ છે. નથી ભોગવ્યા એની પણ ઈચ્છા વરતે એનું નામ વાસના કહેવાય. ભગવાનની ઈચ્છા સમજી જાય તો પાટો ગોઠ્યો ગણાય. એની શું ઈચ્છા છે ? શું કરવાનું કહે છે ? એને તો આપણને સુખિયા કરવા છે. પણ આપણે માનીએ નહીં એનું શું કરવું ? ભગવાન તો કર્તુમ કર્તુમન્યથા કર્તુ શક્તિ છે. ન કરવાનું હોય ઈ કરે. ન બીવાનું હોય ત્યાં બીવે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૫ ॥**

## ૬૦૬. ભક્તવત્સલપણાનું

સંવત્ ૨૦૩૫ના કારતક વદિ-૨ ગુરુવાર તા.૧૬-૧૧-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં સંધ્યા સમે ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે; ખરાબ દેશકાળમાં કલ્યાણ થાવું સહેલું છે પણ સારા દેશકાળમાં કલ્યાણ થાવું કઠણ છે. કારણ કે દેશકાળમાં આર્તવાન થાવું જોઈ. દીન થઈ જાવો જોઈ એટલામાં જ કલ્યાણ થાય છે. એક સારા સાધુની સાયદી થાવી જોઈ તો વાંધો નહીં. લોઢાનો તપાવેલો ગોળો હાથમાં લ્યે કાં કોઈ મોટાની સાયદી લેવી. એટલે પસ્તાવો કરવો. આપણને દુઃખ થાય ત્યારે ભગવાન અક્ષરધામમાં બેસી ન શકે. જો બેસી શકે તો આપણી ભક્તિમાં ખામી છે. આપણું ગમતું છોડીને એના ગમતામાં રહ્યા હોય તો ભગવાન કોઈ'દિ રહી ન શકે. અક્ષરધામમાંથી આંયા આપણા સારૂં આવે. માટે ભગવાનના ભક્તનું ગમતું કરી અને આપણું ગમતું મેલી દઈ તો ભગવાન આપણી સહાય કર્યા વિના ન રહી શકે. માટે બહુ મોટું સુખ છે. બહુ મોટો લાભ થયો છે. આજ તો તમે જરાક પણ સાચા થાવ તો પણ ન છોડે પણ સાચું થાવું કઠણ છે. શૂરવીર થાવું જોઈ. શૂરવીર કેવા થાવું ? થો ખાડા ખસે પણ હાડા ન હઠે.

**" તુરી વેગવંતા જરી સા જઠાણં "**

તે બોલ્યા. ભક્ત જો સાચો થાય તો ભગવાન અક્ષરધામમાં બેસી ન શકે. જો બેસી રહે તો ભક્તવત્સલ ન કહેવાય. શરણાગત વત્સલ ન કહેવાય.

**"જાકો જગમેં કોઈ નહીં, તા કો તુમ હો મહારાજ."**

ઈ ખોટું પડી જાય. દ્રૌપદીને ચીર પૂર્યા ને શરીર ઉપરથી ખૂટવા ન

દીધા. માટે શૂરવીર થાવ. ભગવાન ન આવે ઈ કોણ કહે છે ના'વે ? ઈ તો આવે જ. શૂરવીરતાનું જબરૂં જોર છે. પણ જીવમાં તાગાત હોવી જોઈ. ખોટી રીતે ન વર્ત્યા હોય તો ભગવાન કઈ રીતે ભૂલે ? જો ખોટી રીતે વર્ત્યા હોય તો ભગવાન આવે પણ આપણે મરી ગયા પછી આવે.

**"શૂર ચોટ રીયુ પટ કરે. પ્રગટ નમુના દેખ સંત મનની હારે લડે."**

મનનું રૂપ રેખા ન જોઈ શકો એવું મન છે. નિશાન નથી એની હારે સંત લડે છે. નમુના વિના ઘા કેમ કરવો ? શૂરવીરપણાનો મનસુબો છે ઈ જ ઘા છે. ભગવાન ક્યાં હશે ? આંયા આવીને ઉભા છે. તે ઉપર અચિંત્યાનંદ બ્રહ્મચારીની વાત કરી. આ લોકનો જીવ આ લોકનું જ માગે. ઈ પરલોકનું ન લઈ શકે. જીવ અખંડ છે. અવિનાશી છે. જાય એવો નથી. ગળ્યો નથી. ચીકણો નથી. અજર અમર છે. સુખરૂપ છે. સત્તારૂપ છે. આ કળિયુગમાં માણસ લાગ કામે છે. અગાઉ તો મોસમમાં જ કામતા ને આજ તો મોસમ આળસતી જ નથી. એમાંય જેને પૈસા છે એને તો રાત પણ પડતી નથી. કોઈ'દિ અગતો ન પાળ્યો હોય પછી તો મરી ગયા પછી એની પાછળ બીજા અગતો પાળે. એટલું જો એમાં દુઃખ દેખી જાવ તો કોઈ'દિ પૈસાનું સુખ માગો નહીં. પરસેવો વળ્યા વિના કામતો હોય પણ ખાતી વખતે કોળિયો મોઢામાંથી નીકળી જાતો હોય. જેને ઝાઝા પૈસા એને ઝાજી આ લોકની ઉપાધી. આમાં જો જરાય ખોટું કહેતો હોઉં તો તમે કહો એટલો હું દંડ ભોગવું.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૬ ॥**

## ૬૦૭. સાકારપણાની ભક્તિનું

સંવત્ ૨૦૩૫ના કારતક વદિ-૫ રવિવાર તા.૧૯-૧૧-૧૯૭૮ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં સ્નાન કર્યા પહેલા વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી લક્ષ્મીદાસ ભગતે સાક્ષાત્ સવિતાનું ૭૯મું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; નારદજી જેવો ગુણીયલ હોય તો પણ જો ભક્તિ ન હોય તો ન ગમે. ભક્તિ શું ? તો અગમ હોય ઈ સુગમ થઈ જાવા જોઈ. કથા સાંભળો પણ સાંભળવામાં ના આવે તો શું કામનું ? ગુણિયલ છે એનું નામ ભક્તિ છે. પણ અવગુણ છે ઈ ભક્તિ નથી. એમ ન હોય તો કેવળ ભાગતી જ છે. લેનમાં આવો તો જ પગે લાગીએ, ઈ ભક્તિ નથી. કલ્યાણકારી ગુણ જાણવા એનું નામ ભક્તિ છે. આ લોક ને પરલોક બેય ઠેકાણે કામ આવે એવા ગુણ જાણવા. મર્યા પે'લા કામ આવે ને મર્યા પછી પણ કામ આવે.

**"ખરચ્યું ન ખૂટે એને ચોર ન લુંટે."**

એવું ધન છે. ભગવાન સંબંધી વસ્તુ છે ઈ ગાંઠે બાંધ્યું ન છૂટે. જેમ છાયો અળગો ન થાય. એમ ભગવાન અળગા ન થાય. એવી ભક્તિ જોઈ. જે સમે ભગવાનને જે ગમે ઈ કરવું ઈ ભક્તિ છે. નહીંતર તો ભક્તિ હોય પણ ભાગતી જેવી હોય ઈ ભક્તિ ન કહેવાય. વૈરાગ છે એનું નામ આત્યંતિક પ્રલય છે. ખોટું કર્યું પછી એકલું ચિદ્‌ઘન તેજ રહે, ધર્મ રહે, ભગવાન ને ભક્ત રહે ઈ જ ભગવાન કૃપા કરીને મનુષ્ય જેવા થાય એનો સંત સમાગમ કરીને નિશ્ચય થાય એનું નામ ભક્તિ છે. મહાપ્રલય થાય ત્યારે કાશી ને વૃંદાવનનો નાશ થઈ જાય છે. ચાર પ્રકારના પ્રલયમાં કાંઈ ન રહે પણ એને સંભારે ઈ અવિનાશી થઈ જાય. મૃત્યુના ભય થકી છૂટી જાય એવા કાશી ને વૃંદાવન છે.

**"કૃષ્ણ મંદિર વિના પુરી બોળી."**

આ નિશ્ચયની વાત છે. એમ નિશ્ચય ન થાવો જોઈ. નહીંતર નિશ્ચય કર્યો જ નથી. ચાર પ્રકારના પ્રલયમાં આવી જાય તો નિશ્ચય ન કહેવાય. કૃપા કરીને મનુષ્ય જેવા થાય ઈ સંત સમાગમે કરીને નિશ્ચય થાય ઈ નિશ્ચય થયો કહેવાય. એક ભૂખ જેવી સ્ત્રીમાં હેત થાય છે. અને એને માટે ચાકર થાય છે. તો આ સાધુને નહીં જાણો સાધુ છે એમ તો જાણવું જોઈ. કોઈ કાળે

વસ્તુ નાશ ન થાય એવો નિશ્ચય કરવો. સાકારપણાની નિષ્ઠા કહી છે. જે વસ્તુનો નિશ્ચય કરો ઈ વસ્તુ નાશ થાય કે અવિનાશી થાય છે એમ સમજવું તો સાચી ભક્તિ કહેવાય. બહુ વાત ગહન છે. વિચારમાં પડી જાવ તો ખબર પડે.

આપણો વિચાર, મન, વાણી, શાસ્ત્ર ન પૂગે તો આપણે કેમ પુગવું ? આવો નિશ્ચય કર્યો હોય ઈ જેવો તેવો નમાલો હોય તો પણ અમને બહુ ગમે છે. ને બીજો તો નાઈ-ધોઈ ને તિલક ચાંદલો કરતો હોય તો પણ ન ગમે. પ્રલય થાય તો પણ આ ભગવાન ન જાય. એવો સાકારપણાનો નિશ્ચય છે. તમે પે'લા સાકાર થાવ તો બંધ બેસે. આત્મારામ થાવું જોઈ. કાંઈ ન જોઈ. જોઈ એટલે મન પાછું હઠે, ઈ મૃત્યુ છે. કાંઈ ન જોઈ એટલે કોઈની ગરજ ન કરવી પડે. એટલે આત્મારામ. નહીંતર અર્થારામ કહેવાય. ઈન્દ્રિયારામની સાથે આસન કરો તો ઈન્દ્રિયારામ થઈ જાવ. કામ, ક્રોધ, લોભ, સ્વાદ ઈ ખૂંટિયા છે. એની સાથે આસન કર્યું ઈ સવાર ન થાવા દ્યે. ઈ તો સ્વામિનારાયણની આજ્ઞાથી ખંડન કરો તો રક્ષા થાય. શંકરે અભિમાન કર્યું તો એનો વિવેક પણ ઉઠી ગયો. વ્યાકુળ થઈ ગયા. નગન નાચવા મંડી ગયા. એવા એવાને એમ થયું, તો અવરનો શીયો આશરો ? સંત સમાગમે કરીને નિશ્ચય થાવો જોઈ. પોતાની મેળે નિશ્ચય કર્યો ઈ નષ્ટ થઈ જાશે. લીંબડો નિર્ગુણ છે કે એની માથે ચડનારો નિર્ગુણ છે ? ચડનારને લઈને લીંબડાને નિર્ગુણ કહ્યો છે, તો ચડનારો નિર્ગુણ નહી ? પૃથ્વીનું મૂળ સ્વરૂપ શું ? ગંધ છે. ગંધના એક અંશમાંથી પૃથ્વી ઉત્પન્ન થાતી હવી. આકાશમાં પૃથ્વીનું રૂપ ગંધ છે. દુર્ગંધ છે ઈ માયિક છે ને સુગંધ છે ઈ અમાયિક છે. ભૂત પ્રાણી માત્રનો વાસ આકાશમાં છે. દેખાય છે ઈ પૃથ્વીનો ભાગ છે. દેખાય છે ઈ સાક્ષાત્ જ્ઞાન છે. ન દેખાય ઈ અનુમાન જ્ઞાન છે. ભૂતપ્રાણી માત્રના શરીરનું પ્રગટ કરવાપણું ઈ પૃથ્વીનું રૂપ છે. તો જ પ્રગટ સ્વરૂપ થાય. ચારેય ભૂતના વિભાગ કરવાપણું. મૂર્તિમાન સમજે તો પૂતળું માને. ચિત્રની

માને પણ આમાં એવું મૂર્તિમાન કહ્યું નથી. પૃથ્વી ઉપર હોય તો પણ મરી જાય એવા નથી. એમ સમજો તો સાકાર સમજ્યા ગણાય. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્ય ક્રિયા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી પછી સ્વામીએ વાત કરી જે ભગવાનનું પ્રારબ્ધ આપણા જેવું નથી. ખાવા ન મળે એવું પ્રારબ્ધ નથી પણ જ્યારે પ્રગટ થયા ત્યારે જ એવો શુભ સંકલ્પ કર્યો કે; પાત્ર કે કુપાત્ર જે જે જીવને મારી મૂર્તિનો જોગ થાય, એનું મારે કલ્યાણ કરવું છે. એવો સંકલ્પ હતો એટલે દેહ ન પડ્યો. **॥ ઈતિ શ્રી કિરણ ૬૦૭ ॥**

## ૬૦૮. ભગવાનના સ્વરૂપનું

સંવત્ ૨૦૩૫ના કારતક વદિ-૫ સોમવાર તા.૨૦-૧૧-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં સંધ્યા સમયે ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ભગવત્જીવનદાસસ્વામીએ કિરણ ૨૧૭મું વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; જ્ઞાની છે એના જ પંચવિષય ભગવાનના કલ્યાણકારી ગુણ છે. વૈરાગ અને ભગવાનની મૂર્તિમાં કલ્યાણકારી ગુણ છે એને સમજે પણ ઈ અમે જ્ઞાનીમાં કહીએ છીએ. માટે કલ્યાણકારી વસ્તુ જ્ઞાનીની ક્રિયા છે ઈ જ ભગવાનનું સ્વરૂપ છે. ગીતામાં છે ને કેમ માનતા નથી ? ઉદ્ધવ હું થકી અણુમાત્ર ન્યુન નથી. ઉદ્ધવજી જ્ઞાની છે ઈ ભગવાનનું સ્વરૂપ. કલ્યાણકારી ગુણ શું ? કથા, કીર્તન, ધ્યાન, ભજન, વર્તમાન, નિ’મ, આજ્ઞા છે ઈ કલ્યાણકારી ગુણ છે. અવતારનાં ભગત હો તો તમારામાં બડવાલ છે કે નથી ? ખામી હોય તો ઉડી ગઈ એમ માનો છો કે નહીં ? દ્રૌપદીનું કહ્યું. અર્જુનનું કહ્યું. અર્જુને લોહીની નદી હાંકી ને દયાળુ લખ્યો. ઈ મનાય ગયું. એની ક્રિયા જ નિર્ગુણ લખી છે.

શિક્ષાપત્રીમાં લખ્યું તોય માનતા નથી. અંબરીષ રાજા આત્મનિવેદી છે. એની ક્રિયા નિર્ગુણ છે તે હેતુ માટે અંબરીષ રાજાને નિર્ગુણ કહ્યા છે. એમ શિક્ષાપત્રીમાં છે તોય માનતા નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૮ ॥**

## ૬૦૯. બ્રહ્મરૂપ થવાનું

સંવત્ ૨૦૩૫ના માગસર સુદિ-૧ પડવાને શુક્રવાર તા.૧-૧૨-૧૯૭૮ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે અકર્મ જે જ્ઞાન એમાં પણ ધર્મવાળો છે તો પણ જાણવું બાકી છે. ધર્મનું ફળ કોણ દેશે ઈ તો જાણવું જોઈ. ધર્મથી જ ફળ પ્રાપ્ત થાશે કે ફળ આપનારો બીજો છે ? એમ જાણવું જોશે. આ સભા બેઠી છે એમાં કોની પાસે તમને તમારા દોષ સુજે છે ? કોની પાસે તમારા ઘાટની નિવૃત્તિ થઈ જાય છે ? નિર્દોષ બુદ્ધિ થાય તો જ બ્રહ્મરૂપ કહેવાય પણ દેહને ખપાવી દેશો તો પણ બ્રહ્મરૂપ ન કહેવાય. બ્રહ્મરૂપ થયા પછી જો ભક્તિ કરે તો જ સાચો બ્રહ્મરૂપ છે. બ્રહ્મરૂપ થયા પછી નીચો હાથ રહેવો જોઈ. ભગવાનના ભક્તનો ભીડો સહન કરવો ઈ જ બ્રહ્મરૂપ છે. આનો ભીડો કયાંથી મળે ? બ્રહ્મરૂપ થયો ને એકાંત પકડીને ભજન કરે તો બ્રહ્મરૂપ ન કહેવાય. ભગવાનના અવતાર ધર્મના સ્થાપન માટે થાય છે. એકાંતિક ધર્મ સ્થાપન કરવો પડતો નથી. નિર્વાસનીક છે. વનમાં ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરે છે પણ અમે દેહે કરીને એમ કરતા નથી પણ અમારા જીવનો ઢાળો છે. અમે તો લાખુ માણસના ભીડામાં રહીએ છીએ ને શહેરમાં રહીએ છીએ તોપણ ઓલ્યા વનમાં રહે છે એમ જ અમને પણ વસ્તીમાં નિર્બંધ રહેવાય છે.

ઈંદ્રિયુમાંથી રાગ મટી જાવો જોઈ ને અંતઃકરણમાં સંતોષ થઈ જાવો

જોઈ ને અનુભવમાં આસક્તિ ટળી જાવી જોઈ તો ઈંદ્રિયું, અંતઃકરણ અને અનુભવ પુગ્યા કહેવાય. સ્વામિનારાયણ બોલો એમાં સવાદ આવે તો નામમાં આસક્તિ કહેવાય તો જ એનો સવાદ આવે. જીભે કરીને ભજન કરવું ને મનમાં મનન કરવું ને નેત્રમાં મૂર્તિ રાખવી ઈ ત્રણેય પ્રકારે એક સાથે ભજન થાવું જોઈ. પરલોક તો સુખનું ઠેકાણું છે. ને આલોક કલેવર છે ઈ તો નવેય દ્વારે નરક ઝરે છે. પોતાનું દુઃખ ન કહેવું ઈ બ્રહ્મરૂપની દશા છે. નિર્માની થાય તો બ્રહ્મરૂપ કહેવાય. બ્રહ્મરૂપમાં માન ઘટતું જ નથી. આપણે આટલો સત્સંગ છે તો પણ પૂર્ણકામ છીએ, કૃતાર્થ છીએ ને આત્મારામ છીએ. આપણે કરવું કાંઈ રહ્યું નથી. સ્વામીએ લખ્યું કે; કરોડ્ય વહાણે કરીને એક મનવાર્ય ભરાય એવી સો કરોડ મનવાર્ય લાવ્યા છીએ. એવડો મોટો એનો સંકલ્પ છે ને આપણો સંકલ્પ તો ભૂખલ્યો છે. આવો સત્સંગ છે તોપણ ભૂંડા સંકલ્પ મટતા નથી એનું શું કરવું ! આ લોકમાં કોઈ પોતાનું સુધારીને ગયો નથી ને આપણે તો આપણું સુધારી લેવું છે. સ્વામિનારાયણ ભગવાન એવા છે કે સંકલ્પ કરો તો ભગવાન પૂરો કર્યા વિના ન રહે. સ્વામિનારાયણીયો કયાં કોઈ ભૂખ્યો મરે છે ! ને ઓલ્યાને પૈસા આપ્યા છે ઈ તો પૂર્વના કોઈક પાપ હશે એટલે આપ્યા હશે.

**"વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને લોલ."**

આ કીર્તન સાંભળીને અમારો આત્મા વિચારમાં જતો રહ્યો. આવા પુરુષે જેને ત્યાં જન્મ લીધો એના મા-બાપ પણ કૃતાર્થ થઈ રહ્યા છે. ને એ તો કૃતાર્થ થઈ ગયો છે ને શ્વેતદ્વિપના મુક્ત સરખો છે. સ્ત્રી અને ધન કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો વાસુદેવ ભગવાનનું ચિંતવન અને બ્રહ્મવેત્તા સંતનો સંગ એ જ દુર્લભ છે. મે સ્ત્રી પુત્રાદિક તો જોયા જેવા છે. તમે એની ભેળા રહો છો એટલે તમને ખબર હશે. ઈ બધાય જોયા જેવા છે. છેટેથી ડુંગર રળિયામણો લાગે એવા સગા વહાલા છે. સ્ત્રીના અભાવવાળા ભગવાન કયાંથી મળે ? એના સંબંધમાં રહો તો ભગવાન રાજી ન થાય. એના સંબંધનો

ત્યાગ કરો તો ભગવાન રાજી થાય. એના સંબંધમાં દુઃખ જ છે, સુખ જ નથી. સ્વામિનારાયણનો સાધુ જેવો તેવો હશે તો પણ ખંડન કરશે પણ બીજો કોઈ ખંડન નહીં કરે. ભગવાનનું સ્વરૂપ ને આજ્ઞા ને સંતનું સ્વરૂપ ઈ ત્રણ વાતમાં ભગવાન રાજી રાજી ને રાજી છે. આજ્ઞા છે ઈ સંતનું સ્વરૂપ છે. ને દેશકાળે ભંગ ન થાય ઈ ભગવાનનું સ્વરૂપ છે. ને દેશકાળે ખામી આવે તો મુક્તનું સ્વરૂપ છે. કાલ કરતા આજ કર. આ મૂળ વિનાનું છે. મૂળિયું નથી નહીંતર અક્ષરધામમાં વયા જાઈ પણ જે'દિ તમે કહેશો તે'દિ જ અક્ષરધામમાં જાશું.

**"ચેતનવાળા ચેતજો, કહત હું હાથ બજાઈ."**

હવે વૃદ્ધ થયા છઈ. કેટલાક દિવસ રહેશું ? માનનારા માનશે ને બીજા રહી જાશે. આપણે તો તક પાકી ગઈ છે.

**"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ નરનારી,**
**શીદને ભટકો છો, મતાપંથમાં રે લોલ"**

સ્વામિનારાયણ તો જમાડે પણ આતો તમને સ્વામિનારાયણના ભક્ત જમાડે એમાં રહીને સ્વામિનારાયણ વાત કરે છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૯ ॥**

## ૬૧૦. અલૌકિક સુખનું

સંવત્ ૨૦૩૫ના માગસર સુદિ-૨ શનિવાર તા.૨-૧૨-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલીથી પ્રાતઃકાળે શ્રીજી મીલની મોટરમાં બેસીને જૂનાગઢ સ્વામિનારાયણ ટ્રેડીંગ કાું નું શુભ ઉદ્દ્ઘાટન કરવા પધાર્યા. ને ત્યાં ઓફીસમાં સોફા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી **"આજ મારે ઓરડે રે"** કીર્તન બોલ્યા પછી સ્વામીએ વાત કરી જે; આજ દિન સુધી અનેક વાતુ અનેક પ્રકારે ભગવાને બધા ભગવદ્

ભક્તને જેવી રીતે જોઈ તેવી રીતે દર્શન આપ્યા. તેમાં આજ મારે ઓરડે રે. ઈ કીર્તન જીવુબા લાડુબાને અતિ પ્રેમથી એને ઓરડે પધારીને આલોકના સુથણી આદિ વસ્ત્ર ધારીને દર્શન દીધા. ને બીજા પ્રકરણમાં એટલે બીજા કીર્તનમાં ઈ ની ઈ વાતુ દિવ્યરૂપે વર્ણન કરી. કીર્તનમાં પોતે પોતાનું અક્ષરધામ, પોતાની શક્તિ, લોકભોગ અનંત પ્રકારે જીવનો શ્રેય કરી રહ્યા છે. એ જ કર્તા એ જ સમર્થ છે. એજ સ્વતંત્ર છે. તે જ પાછા ચોથા કીર્તનમાં પોતે પોતાના અનેક પૃથ્વી પર રહેલા ભક્ત એને સામાન્ય રીતે સંતમાં શોભે એ રીતે દર્શન આપીને સુખિયા કર્યા. આવું સુખ જ્યારે આવે ત્યારે અક્ષરધામ, અક્ષરધામના પતિ, પુરુષોત્તમ, પાંચસો પરમહંસ, અસંખ્ય હરિભક્ત. બાયુ-ભાયુ આ વાતને સાંભળીને હરખ ઘેલા થાય છે. એજ કેટલાકને અન્નનું, ધનનું, પુત્રનું સુખ હશે પણ આપણી પાસે જે સુખ છે ઈ બીજાને આપીએ. આત્મા અને પરમાત્માનું સુખ છે એવું બીજું નથી. સંબંધ થયો અને કૃતાર્થ કર્યા. સુખિયા કર્યા ઈ થી બીજું સુખ કોઈ નથી. આ જગત સુખિયું દેખાય ને ઓલ્યું દુઃખિયું દેખાય. વિષય સુખ સામું જુવો તો દુઃખિયું દેખાય ને ભગવાનના સુખ સામું જોવો તો સુખિયું દેખાય. ભગવાનના સુખમાં કાળ, કર્મ, માયા પ્રવેશ ન કરી શકે. કર્મ એનો સ્વભાવ ન વાપરી શકે. માયા પણ પોતાનો સ્વભાવ ન વાપરી શકે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૧૦ ॥**

## ૬૧૧. ઉપદેશનું

સંવત્ ૨૦૩૫ના માગસર સુદિ-૩ રવિવાર તા.૩-૧૨-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન હતા ને કૃષ્ણપ્રસાદદાસ સ્વામી સાક્ષાત્ સવિતા વાંચતા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; નિર્વિકલ્પ સમાધિમાં જેવી સુખ ને

શાંતિ વરતે એવી આ મલિન દેહમાં વરતતા થકા વરતે. બહુ જબરી વાત કરી. ભગવાનના ભક્તને સંગે સુખ શાંતિ દેહમાં વરતતા થકા વરતે છે. ઈ મોટા મોટા ભક્ત જાણપણારૂપી ભગવાનના ધામનો દરવાજો છે ન્યાં ઉભા છે. સેવામાં ખબડદાર થઈને ઊભા છે. ને ન્યાં કામ, ક્રોધ, લોભને ઘડીવાર પણ જાવા દેતા નથી એમાં હેત થયું કેમ કહેવાય ? કામીને જોઈને એમ થાય કે આવું હેત ભગવાનના ભક્તમાં હોય તો કામ થઈ જાય. લોભીને જોઈને એમ થાય કે આવું હેત ભક્તમાં હોય તો ઠીક પણ એકાંત પકડીને સુખ માન્યું છે પણ જગતનું સુખ તો નકામું છે. માટે દેહ છતાં ભગવાનના ભક્તમાં હેત ને મમત્ત્વ થાય તો મોટયપને પામ્યો ગણાય. એને સુખ મળ્યું. રાજ મળ્યું એવું કોઈને મળ્યું નથી. જગતના જીવ તો દારૂના કેફમાં પડયા છે. એને સ્વર્ગલોકમાં, વિધિલોકમાં કે શંકરના લોકમાં વાસ આપશે પણ આપણે તો કોઈ લોકાંતરમાં જાવું નથી. ભગવાન મળ્યા, સાધુ મળ્યા, હવે એને અરથે મરી મટવું એવી હિંમત આવવી જોઈ. જો હિંમત ન હોય તો ભગવાન છેટા છે.

**“હિંમતસું હરિ ઢૂંકડા, કાયરસું હરિ દૂર.”**

એમ ભગવાનનો ને ભક્તનો મહિમા જો જીવમાં બેસી જાય તો કામ, ક્રોધ, લોભ નડી ન શકે. પંચવિષયનું સુખ તો ભગવાન નહીં ભજે તો મળશે, પણ અત્યારમાં ઉઠીને નિ’મ પાળો, પૂજા કરો, ભજન કરો તો ઈ સુખ નહીં મળે. આ લોકનું સુખ મળે તો એમાં શું લાભ છે ને સુખ ન મળે તો એમાં ખોટ્ય શું છે ? ચોરાશીમાં અબળખા રહે છે પણ ચોરાશીમાં શું માલ છે ? એમ સમજીને આનંદમાં રહેવું. બહુ મોટો લાભ થયો છે. ઓહોહોહો !!! આના ભેળું બેસવું ગમ્યું, જોવું ગમ્યું, એનો સ્વભાવ ગમ્યો, ઈ કેવડી મોટી વાત છે !

દુનિયામાં પોતાનો જ સ્વભાવ ગમે પણ ભક્તનો સ્વભાવ ન ગમે. ભગવાનના ભક્તનો સ્વભાવ સારો લાગે તો કામ થઈ જાય. આ બેઠા

એમાં કરોડ્યું, અબજુ જનમની કસર ટળે છે. એવો સમય જન્માંતરે પણ નહીં આવ્યો હોય. આમાં રહી ગયો એને તો મતિમંદ જાણવો. આ સભા તો જેવી શ્વેતદ્વિપ, ગોલોકમાં છે એથી પણ આ સભાને હું અધિક માનું છું. એમાં લગારેક ખોટું હોય તો સર્વ સંત સભાના સમ છે. માટે જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે એવી પ્રત્યક્ષમાં થાય તો જેટલા અર્થ પ્રાપ્ત કરવાના છે તે સર્વે અર્થ પ્રાપ્ત થઈ જાય. આ વાત તો અતિશય જાડી છે. મુશળના જેવી છે પણ જે વરતતો હોય એને એમ થાય કે ઓહો ! ઓહો ! ઓહો! ઓહો ! એમ થયા કરે. ઝવેરીને હીરાની કિંમત હોય પણ ન જાણતો હોય એને કેમ થાય ! ભગવાનના ભક્તના સંગ વિના ભગવાનની મોટયપ, સુખ, સંપત્તિ હાથ ન આવે. જીવની પોતાની મેળે હાથ ન આવે. ખાખરાની ખીસકોલી આંબાના રસને શું જાણે ? ભગવાનના ધામનું સુખ, લોકનું સુખ જાણ્યામાં ન આવે. માટે આનંદની હેલી થઈ ગઈ. આનંદના મેહુલા છે. કહેવાય નહીં એવું સુખ છે.

છેલ્લાનું ૯મું. અમારા મોટા મોટા સાધુ, સાંખ્યયોગી ભાયું ઈ ભગવાનના ધામને દરવાજે અખંડ ઉભા છે. ને જાણપણાની માંહી અક્ષરધામ છે. ઈ જાણપણું કેવડું છે ? એનું માપ જ નથી. ઈ જાણપણાની માંહી અક્ષરધામ છે. ને એમાં પુરુષોત્તમ છે ઈ પુરુષોત્તમ આપણને હાથ આવી ગયા. ઈ મિત્રભાવે, સખાભાવે વરતે એને હસી બોલાવીએ તો પણ કાંઈ ન કહે. સુખમાં સ્વાદ નથી આવતો ને એઠવાડિયાના હાંડલામાં સુખ માન્યું. ઈ કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો શ્રી વાસુદેવ ભગવાનનું દર્શન અને બ્રહ્મવેત્તા સંતનો સંગ છે ઈ દુર્લભ છે. એમાં વિઘ્ન કરનાર સ્ત્રી છે.

**"જોને બ્રહ્મા સર્વનો બાપ, તેણે કર્યો સુતાને સંતાપ"**

એવા દોષ આની સામે જોઈ શકે નહીં. આના વાયરાથી, શબ્દથી ભાગી જાય. એની ભેળો વાસ દીધો, તોય રાંક આળસ્યો નહીં. એને કેમ શાહુકાર કરવો ! મહિમા વિનાનો જીવ છે એના મુખ થકી ગીતા, ભાગવત

જેવા ગ્રંથ સાંભળે તો પણ કાંઈ ન થાય. સત્સંગનો મહિમા જીવમાં ઉતરી ગયો એનો બેડોપાર થઈ ગયો. નહીંતર તો ભાજી, કોથમરી ને મરચા વેચી વેચીને મરી જાશે તો પણ અંત ન આવે. બકાલી આળસ્યો જ નહીં. જેટલું સમુદ્રનું પાણી છે એટલું માતાના થાનનું દુધ ધાવ્યો છે. એમાં કેટલા બાપ કર્યા હશે ? ભગવાન ને ભક્ત ભેળા ભાગ્ય જાગી ગયા.

**"ભાગ્ય જાગ્યા આજ જાણવા, થયા કોટિ કલ્યાણ."**

ધાર્યામાં ન આવે, સ્વપ્નમાં ન આવે. ચ્યવન ઋષિ રાફડો થઈ ગયા તો પણ ભગવાન ન મળ્યા ને આપણને ભગવાન મળી ગયા. સામા ધાવ્યા હોય ઈ ગુડી ન વાળે. ખબડદાર થઈને ભજન કરવું. લાજ મર્યાદાને છોડી દેવી. લાજ મર્યાદા હશે તો ભગવાન પાસે ઉભા હશે તો પણ દર્શન નહીં દ્યે. પણ લાજ મર્યાદા છોડી દેશો તો તરત જ ભગવાન હસશે. ભગવાનના ભક્તની આગળ હલકા થાવું એમાં શું દુઃખ છે ? જાન લઈને અક્ષરધામમાં જાય છે. આપણે એના ભેળા ભળી જાઈ તો કામ થઈ જાય. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાન ભજવા બહુ મોટી વાત છે. એથી બીજો લાભ-પ્રાપ્તિ નથી. એક બે જનમના પૂન્યથી ભગવાન ભજાતા નથી. મન, ઈંદ્રિયું, અંતઃકરણ ભજન કરવા દ્યે એવા નથી. આપણા જીવને રોકી રાખ્યો છે. ઈંદ્રિયું છે ઈ જ જીવને કલેશનું ઠામણું છે. ઈંદ્રિયું જેવા કોઈ શત્રુ નથી. ઈ તો પ્રહલાદે જાણ્યું. ઈંદ્રિયું, અંતઃકરણના ભાવથી મુક્ત થઈને ભગવાનનું ભજન કરવું ઈ તો બહુ જબરી વાત છે. એક વર્તમાનની ખબર પડે તો પાંચની ખબર પડે. નિઃસ્પૃહી વર્તમાન છે એને કોઈ વસ્તુ ગોતવા જાવી ન પડે. વગર ઈચ્છયે આવે. આભને ટેકો દેવો હોય તો પણ ટેકો દઈ દ્યે. એવું વર્તમાન છે. આભના પણ આધાર છે. માટે નિષ્કામ વર્તમાન બહુ જબરી વાત છે. નિર્લોભી, નિર્સ્નેહી,નિર્માની વર્તમાન બહુ જબરૂં છે. પશુને પણ સારા શબ્દથી સારૂં લાગે છે. માન એવું છે. માટે માન

ન જોઈ એવા ભક્ત અનેક છે. વિચાર્યામાં ન આવે. ધાર્યામાં ન આવે. આત્માનો વિચાર કેમ કરવો ? ઈંદ્રિયું માયાનું ટોળું છે. ને એક કોરે માયાનું ટોળું છે ને દ્રષ્ટા વચ્ચે છે. બેયનો સંયોગ થયો ત્યારે જીવની સત્તાની ખબર પડી. જ્ઞાન સ્વરૂપી છે એનું નામ જીવ કહેવાય. ને એને પામે, દેખે ને જીવે ત્યારે એની તાગાતની ખબર પડે. ધામને દરવાજે ઉભા છે ન્યાં ચોર ચકારને પેસવા દેતા નથી. જાણપણું કેવડું છે ? એને અવધિ છે કે નહીં ? ચારે દિશાએ કરોડ્યું કલ્પ સુધી હાલો તોય અંત ન આવે. તેમ જ ચારેય ખૂણામાં કરોડ્યું કલ્પ સુધી હાલો તોય ન એનો અંત જ આવે. ઈ જાણપણું દરવાજે છે. એને પામેલા ભક્ત છે.માટે એની આગળ કાંઈ ગણતરીમાં નથી. એનો વિચાર કરો તો ખબર પડે. એનું નામ લ્યો તો કરોડ્યું જન્મની કસર ટળી જાય. એવા ભગવાનના ભક્ત છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૧૧ ॥**

## ૬૧૨. લૌકિક અને અલૌકિક સુખનું

સંવત્ ૨૦૩૫ના માગશર સુદિ-૪ ને સોમવાર તા.૪-૧૨-૧૯૭૮ ને દિવસ પૂ. સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે; આ લોકનું સુખ તો તુચ્છ છે. અસાર છે. પરલોકનું સુખ છે ઈ જ સાચું છે ને સારરૂપ છે. આ લોકનું હેત છે ઈ તો હેત જ છે પણ પરલોકનું હેત છે ઈ જ સાચું હેત છે. એમાં કાળ ગતિ ન કરી શકે. આ લોકના સુખને કાળ છિન્ન ભિન્ન કરી શકે. કાળ ન નડે તો પરલોકનું સુખ હાથ આવ્યું ગણાય. માટે પરલોકનું સુખ છે ઈ જ સુખ છે. સત્તારૂપ છે. અને તે બ્રહ્માંડ એને આધારે છે. અખંડ, અવિનાશી સુખ ભગવાનનું છે. ઈ સુખમાં દ્રષ્ટિ પુગી હોય તો લોઢાનો ગોળો ઘસાય જાય તો ઈ સુખ આંયા પુગે એટલા વચ્ચે ઈ સુખને રોકનાર છે. મનુષ્ય કોટિમાં તો ઈ

સુખ માટે તડેમાર ઉપાધી કરે છે. સવાર પડે તો સાંજ ન થાવા દ્યે. ને સાંજ પડે તો સવાર ન થાવા દ્યે. મારનારો કહે કે; હું મારી નાખું પણ જીવાડનારો મોટો છે. આ લોકનું સુખ, આ જીવ કાળના મોઢામાં છે પણ આ લોકના સુખના લવાહા લ્યે છે. પરલોકના સુખમાં લુબ્ધ થાય ને વૈરાગ થાય તો બેય મૂર્તિ સરખી લાગે. ધામનું સુખ ને આંયનું સુખ એમાં લેશમાત્ર ફેર નથી. મનુષ્યરૂપ મૂર્તિ ને ધામની મૂર્તિ બેયમાં જરાય ફેર નથી. પણ મનુષ્યરૂપ મૂર્તિમાં મનુષ્યભાવ આવ્યો તો દિવ્યમૂર્તિ ઊડી જાય. તે ઉપર જીુમખરામની વાત કરી. અલૌકિક ચમત્કાર જણાવ્યો પણ હયાતિમાં કેવા હતા ઈ કોઈએ ન જાણ્યા. અક્ષરધામનો એક જ મુક્ત હોય તો પણ એક ગામ કહેવાય. એને લઈને બધાય સાનુકુળ રહે. કારણ કે એની પાસે અક્ષરધામનું સુખ છે. ને એને લઈને દેશકાળ સારો રહે, નહીંતર દેશકાળ સારો હોય તો પણ એમાં વિપરીતપણું આવે. ખોડીના અરજણભાઈની વાત કરીને બોલ્યા જે, આવો અલૌકિક ભગવાનનો પ્રતાપ છે.

એટલી વાત કરીને પછી સ્નાન કરવા પધાર્યા ને પછી નિત્યક્રિયા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; ચીકાશવાળી વાત પરલોકમાં સુખદાયી થાય ને ચીકાશ વિનાની વાત તો લુખી કહેવાય.

**ભજન ભક્તિમેં ક્ષણ ગયો, તાકુ કાળ ન ખાય.**

અવસ્થા છે ઈ ઢેઢવાડો છે, એમાં રહેવું સારુ લાગે છે. તરૂણ વેશ્યાવાડો અહોનિશ અખાડો. ઈંદ્રિયુંરૂપી વેશ્યાઓ થૈથૈકાર કરી રહી હોય, એમાં ભગવાન કેમ ભજે ? અચળ, અખંડ, અવિનાશી સુખ ભગવાનના પદમાં કેમ રહ્યું છે ? સુરોખાચર થાય તો બંધ બેસે. ભગવાન બહુ સમર્થ છે. બહુ મોટા છે. એના સંબંધને પામેલી ચીજ, એને સંભારો તો મન વિરામ પામી જાય, એવી વ્યક્તિ છે. જેમ સમુદ્રને જોઈને નદી વિરામ પામી જાય. મન વિરામ પામી જાય. નહીંતર મન વિરામ પામે એવું નથી. આ લોકના

માણસોએ ભગવાનનું સુખ જોયું નથી. ભગવાનનું સુખ અનુભવ્યું નથી. ખાખરાની ખીસખોલી આંબાના રસને શું જાણે ? એમ આ લોકના માનવી આ લોકના સુખને વળગ્યા છે. પણ ઈ તો ખોટા જ છે. આપણે તો સો બસો માણસને પાંખમાં લઈને ઊડી જાઈએ એવા છીએ. ગીરનાર જેવડો કામ, મેરૂ જેવડો માન, લોકાલોક જેવડી વાસના, તે સર્વેના મૂળ ઉખાડી નાખવા છે. એવું જ્ઞાન આપવું છે. આપણું સુખ કહેવું હોય ત્યારે ભગવાનનું સુખ કહેવું. એનું નામ રહસ્ય કહેવાય. ગમે એવો બુદ્ધિવાળો હોય તો પણ ના ન પાડી શકે. એનું નામ રહસ્ય કહેવાય. આ જીવ પંચવિષયથી સોરાય ગયો છે પણ આ સમુદ્ર જેવો લીલો પલ્લવ સત્સંગ એનાથી લીલો થાતો નથી.

**મેમણ ચડયો પોઠીયે, કૈંક હણા ને કૈંક નહીં હણા.**

એમ જીવ કોડ તો બહુ કરે છે પણ શક્તિ નથી. સત્સંગ જેવો છે એવો જણાય તો કામ થઈ જાય. કૃતાર્થ થઈ જાય. સનાથ થઈ જાય. અનાથપણું અળગું થઈ જાય.

**અનાથપણાનું મેણું ઉતર્યું, સદા થયા સનાથ.**

એમ થઈ જાય. વૈરાગ, આત્મનિષ્ઠા, ભક્તિ-ધર્મ છે ઈ ભગવાનનો સંબંધ છે. ધર્મ ન હોય, વૈરાગ ને ભક્તિનું તો આડંબર હોય, એનો સંબંધ રાખો તો ભગવાનનો સંબંધ કયાંથી રહે ? ભગવાનનું સુખ આપણને આવવાનું હોય ત્યારે જ ઓલ્યા આડા ફરે. એવી લોક વેવારની મોટાઈ છે. ઈ તો દાદોખાચર બને તો થાય. તે ઉપર દાદાખાચરની વાત કરી. નિર્વાસનીક છે ઈ જ એકાંતિક છે. આ લોકના સુખ કાળના કોળિયા જેવા લાગે. દશવીશ કુતરા મરી ગયા હોય ને ગંધાતા હોય એવું આ લોક છે. નિરંજનાનંદસ્વામી પાસે બેસીએ તો અંતઃકરણ ટાઢું થાય. પણ હેત હોય એને, પણ હેત ન હોય એને ટાઢું ન થાય. બીજાનો સ્વભાવ ગમે ઈ જ વધવાનો ઉપાય છે. પોતાનો સ્વભાવ તો ખાડામાં નાખે એવો છે. એમ માને તો આ લોકનું સુખ અળગુ થયું ગણાય. ભગવાનના ભક્તનો સ્વભાવ ગમવો, પ્રકૃતિ ગમવી, ખાવું

ગમવું ઈ કઠણ વાત છે. એનું ખાવું, પીવું, જોવું, સાંભળવું ઈ બધુંય અલૌકિક છે. લોક નિંદા કરતું હોય એને ભગત ન કહેવાય. રાત દિવસ ભગવાનનું રટણ થાતું હોય ને હરખ હરખ હોય. ભગવાનનો આનંદ હોય ઈ મુવા ટાણે કામ આવે. ગુણીયલ હોય ઈ જ ભગવાનને આકારે કહેવાય. ધર્મ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા છે ઈ બધાય ગુણ છે. લોક એના વખાણ કરે ઈ ગુણ કહેવાય. એક શ્લોક પાળો તોય આખી શિક્ષાપત્રી પાળી કહેવાય. એક સત્યપણું હરિશ્ચન્દ્રે રાખ્યું તો પણ ગણાય ગયા. મોક્ષનો શ્લોક એક જ લખ્યો.

**निजात्मानं ब्रह्मरुपं देहत्रयविलक्षणम् ।**
**विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥**

ઈ એક જ શ્લોક મોક્ષનો છે. આ અમે શાસ્ત્ર કર્યું એમાં કોઈની નિંદા કરી નથી. સ્વભાવવાળામાં હેત થાય તો આપણો સ્વભાવ પણ એવો જ છે. રામચંદ્રજી અને કૃષ્ણ કેવડા મોટા અવતાર થયા? તો પણ બે-ચાર માંડ ભગત થયા. ક્રોધની દૃષ્ટિથી ક્રોધ દેખાય ને મુક્તની દૃષ્ટિથી મુક્ત દેખાય. અક્ષરની દૃષ્ટિથી અક્ષર દેખાય. પુરુષોત્તમની દૃષ્ટિથી પુરુષોત્તમ દેખાય. ગુરુની દૃષ્ટિથી જ પુરુષોત્તમ દેખાય. લાભ લ્યે એને ખોટ્ય નથી પણ લાભ ન લ્યે એને ખોટય છે ને બીજાને પણ ખોટય આવે છે.

પછી તે જ દિવસે બપોર પછી પોતાના ઉતારાની ઉગમણા બારની ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; સત્સંગ થાય એટલે દોષ ટળી જાય ઈ દૈવી કહેવાય ને દોષ ન ટળે ઈ આસુરી કહેવાય. દોષ હોય પણ દબાય તો દૈવી કહેવાય ને ન દબાય તો આસુરી કહેવાય. અનંતવાર બ્રહ્મમાં લીન થાય ત્યારે એનો આસુરભાવ ટળે. સત્સંગનો ગુણ આવે ને અવગુણ આવે એમ થયા કરે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય દૃઢ હોય ને જેટલી સેવા કરી હોય એથી લાખ ગણો દ્રોહ કરે ઈ આસુરી કહેવાય. એને ઓળખવો બહુ કઠણ છે. સાક્ષાત્ સવિતામાં છે કે દોષ છે પણ મોટાથી દબાય છે ઈ

દૈવી છે ને નિર્દોષ છે ને દબાતો નથી ઈ આસુરી છે. એમ સાક્ષાત્ સવિતામાં લખ્યું છે. નાથભક્ત બુદ્ધિવાળા ને દિવાનજી મુરખ કહેવાય. લક્ષણ ઓળખવા બહુ કઠણ છે.

પછી ઉતારામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને પછી સ્વામીએ વાત કરી જે; દૈવી ને આસુરી કોને કહેવાય ? ધર્મ, જ્ઞાન, વૈરાગ અધિક રાખે ને આસુરી છે એને ઓળખવો કેમ ? એની પ્રતિજ્ઞાનો ભંગ થાય ત્યારે ઓળખાય. આસુરી હોય ને સત્સંગમાં સૌ કરતા સરસ વર્તમાન પાળે પણ ભૂંડો દેશકાળ નથી આવ્યો ત્યાં સુધી જ, ને ભૂંડો દેશકાળ આવે તો મોરે સેવા કરી કરી હોય એથી લાખ ગણો દ્રોહ કરે. આ વાત તો અમે નજરે દીઠી છે. (જામનગરના મુળજી બેટાઈની વાત કરી.) દૈવી દોષે યુક્ત હોય તો પણ મોટાથી દબાય ને આસુરી નિર્દોષ છે તો પણ ન દબાય. એક મોટાની આગળ ઢીલો પડી ગયો ને એક મોટાની આગળ ચડીયાતો થયો.

વરતાલનું ૧૪મું વચનામૃત. જેને દુનિયાના જીવ ધર્મી જાણે છે ઈ ધર્મી નથી જેને દુનિયાના જીવ પાપી જાણે છે ઈ પાપી નથી. ઈ તો ભગવાનનો ભક્ત કહે તો જ બરાબર છે. સંશયગ્રંથી નાશ પામે તો નિષ્ઠા ગણાય. ઉત્પત્તિકાળ, પ્રલયકાળ ને સ્થિતિકાળ ત્રણેય કાળમાં એક સરખી જ મૂર્તિ છે. ઈ કઈ રીતે છે ? ઈ ત્રણેય મૂર્તિ એક થઈ જાય તો સંશયગ્રંથી નાશ થઈ જાય. ભગવાન જન્મયા, મોટા થયા ને મરી ગયા. ઈ મટી જાવું જોઈ. કઈ સમજણથી સંશય રહિત થવાય ? નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય ને આત્યંતિક પ્રલય. એમાં જ્ઞાન પ્રલયમાં સંશય નાશ થાય. પ્ર.નું ૨૪મું વચનામૃત જ્ઞાનુ કરીને સ્થિતિ થાય ઈ અધિક છે. પ્રગટ પ્રમાણ ભગવાનની મૂર્તિ છે. તેમાં અખંડવૃત્તિ રહે તેણે કરીને એવી સ્થિતિ થાય. કયારેક તેજ દેખાય ને કયારેક મૂર્તિ પણ દેખાય. એની જ્ઞાને કરીને સ્થિતિ થાય છે. પણ જેની ડાઢ્યું અંબાણીયું હોય એને ખબર પડે. નેત્ર ભગવાન વિના બીજું રૂપ ન જોવે. ત્વચા ભગવાન વિના બીજો સ્પર્શ ન ઈચ્છે ત્યારે

ડાહ્યું અંબાણીયું ગણાય. ભગવાનના નિશ્ચયમાં જેટલી ખામી હોય ઈ ખામી નડે. જ્યાં જાય ત્યાં નડે. બ્રહ્મના લોકમાં, વિધિલોકમાં, જ્યાં જાવ ન્યાં નડે તો આંયા તો નડે જ. આ સભા વિના બીજો કોણ સ્વભાવ મુકાવે એમ છે ? બીજા કોઈ સ્વભાવ મુકાવે એમ નથી. બીજે તો સાત માળની હવેલી હોય, કાચના તકતા જડ્યા હોય, દારૂના શીશા ભર્યા હોય ને વેશ્યા થૈથૈકાર કરી રહી હોય. ન્યાં અંતઃકરણ બીજી રીતનું થઈ જાય. ને તૃણની ઝુંપડી હોય ને ધર્મ, જ્ઞાન, વૈરાગની વાતુ થાતી હોય ત્યાં બેસે તો અંતઃકરણ બીજી રીતનું થઈ જાય છે. માટે સત્સંગ ને કુસંગને જોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તે જાણવું જોઈ. કુપાત્ર અને સુપાત્ર એમાં સુપાત્રમાં વળગાડયા. સમજીને પંચવિષયને ભોગવે તો જ મુક્ત કહેવાય. સુપાત્રને સમજે તો મુક્ત થાય. એના દર્શન ન થાય તો ચરણની રજ લઈને માથે ચડાવે. તેણે કરીને પવિત્ર થાય છે. કુપાત્રના દર્શને કરીને, સ્પર્શે કરીને પણ ભુંડુ થાય. લીલાગર ભાંગ્ય તથા દારૂ પીવે એવી એની વાત છે. દૈવીમાં વળગાડયા છે, દૈવી ને આસુરી એને અનંત કોટિ બ્રહ્માંડમાં ઓળખવા. સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે, ચાર કલાક સુધી વિચાર કર્યો કે આસુરીને મારવા કઈ રીતે ? આપણે નિર્દોષ, નિષ્પાપ છીએ પણ પાપે જુક્ત બનીએ તો એને એમ થાય કે હવે મારાથી હારી ગયા.

જડ પ્રકૃતિ આપણું કલેવર ને ચૈતન્ય પ્રકૃતિ સામાનું કલેવર છે. આસુરી છે ઈ પણ એમ કહે છે કે ગાયને ખડ નાખીએ તો પુન્ય થાય. ને આ ભગવાનના ભક્તને જમાડીએ ને શું પુન્ય ન થાય ? આખા બ્રહ્માંડના જીવને જમાડવા એથી પણ એક ભગવદીયને જમાડવો ઈ શ્રેષ્ઠ છે. આમ ઘડીક બેસી જાશો પણ અનંત જન્મની કસર ટળી જાશે. કારણ કે આંયા તો સ્વભાવને ઘસારો છે. ગુણાતીતાનંદસ્વામી છતા લાભ હતો ને બાળમુકુંદદાસ સ્વામી છતા લાભ હતો પણ અત્યારે આપણને લાભ થયો ઈ બહુ જબરી વાત છે. કથા-વાર્તા કોઈ નહીં કરતા હોય. જ્ઞાન વિના મુક્તિ ન થાય. જાણવું એનું

નામ જ્ઞાન. પરોક્ષપણે જાણે છે. એને જ નેત્રે કરીને દેખે છે. આ જગતની ઉત્પતિને અરથે અનિરૂદ્ધ એવું રૂપ ધારણ કર્યું. ને સ્થિતિને અરથે પ્રદ્યુમ્નરૂપ ધારે છે. ને પ્રલયકાળે સંકર્ષણ એવું રૂપ ધારણ કરે છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, પ્રધાનપુરુષ ને પ્રકૃતિપુરુષ ઈ આઠ પ્રકારની જડ પ્રકૃતિ ને એને વિષે વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ. પ્રત્યક્ષ ભગવાન ઈ બેય પ્રકૃતિના આધાર. આ દેહ છે ઈ જડ છે ને એને વિષે વ્યાપક જીવ છે ઈ ચૈતન્ય પ્રકૃતિ છે. આપણું કલેવર જડ અને સામાનું કલેવર ચૈતન્ય છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ જડ પ્રકૃતિ છે એને વિષે વ્યાપક ચૈતન્ય પ્રકૃતિ છે. એના બેયના આધાર ભગવાન છે. ને સુખે કરીને પોતાના કાર્ય સોતી ભગવાનમાં રહી છે. ઈશ્વરના તત્ત્વ લોકાંતરને ધારવા સમર્થ છે. ને આપણા તત્ત્વ બીજાને ધારવા સમર્થ નથી. પ્રકૃતિ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એને દેખે ઈ મુક્તને પોતાનું સ્વરૂપ માને તો અક્ષર કહેવાય ને પછી પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરે. અક્ષરરૂપ થાવું ઈ કઠણ છે. બ્રહ્મરૂપ થયા પછી ભક્તિ કરવી. ને બીજામાં તો બ્રહ્મરૂપ થયો એટલે પતી ગયું. શુદ્ધ મુમુક્ષુ હોય તો કોઈનો રોકયો ન રોકાય. અશુદ્ધ મુમુક્ષુ હોય તો રોકયો રોકાય જાય.

## ગુરુરાજ દિનબંધુ, સબ સાર દયા સિંધુ

એવા ગુરુ મળ્યા ત્યારે કૃતાર્થ થયો. **"હે તો સો અનંત"** તે આકાશમાં કહ્યા ને ઓલ્યા પૃથ્વી ઉપર કહ્યા. એ તો મભમ કહ્યા. નિઃસ્પૃહી થયો પછી હાલવું. આંયા આવ્યા ને નિરાંત થઈ ગઈ. પછી પાછું શા માટે ન વળવું !

પછી સ્વામીએ વાત કરી જે; સ્થુળની વાત ઈંદ્રિયુંમાં છે ને સૂક્ષ્મની વાત અંતઃકરણમાં છે. ને જીવમાં કારણ શરીરની વાત છે. ને પુરુષોત્તમની વાત બ્રહ્મરૂપમાં છે. જો બ્રહ્મરૂપ થઈને પછી જુવો તો પરમાત્મા તમારી સામે હસે, સાથે ખાય-પીવે, હાલે-ચાલે એમ કરે પણ જો દેહભાવ ભૂલીને કરે તો થાય, અક્ષર રુપ થાવ તો બંધ બેસે ને દેહની તો માન્યતા જ છે.

એમ પરબ્રહ્મની માન્યતા કરીને જોવો તો પરબ્રહ્મ જ દેખાય. ત્રિયુગ એટલે શું ? કે કળિયુગમાં ભગવાનનો અવતાર ન હોય પણ ભગવાન તો ધર્મની ગ્લાની થાય ત્યારે અવતાર ધારણ કરે છે. સત્ત્વગુણ છે સત્યુગ છે. ઈ અંતરમાં હોય તો કળિયુગ છે ત્યાં પણ સત્યુગ છે. ને બ્રહ્મરૂપ થાવ તો ભગવાન જ છે. સામાનો ઘાટ બ્રહ્મરૂપ જ છે. સ્થુળ, સૂક્ષ્મ કરતા વધારે કામ કરે છે. જાગ્રતને બરાબર જીતો તો ઓલી બેય બરાબર જીતાય જાય. વર્તમાન ભૂખ જેવું હોય પણ રાખી તો જોવો, ખબર પડે કે કેટલું અઘરૂં છે. તમે આની પાસે બેઠા ત્યારે આપણા ખરાબ સંકલ્પ દેખાવા મંડયા તો ઈ દોષ નથી તો સામામાં તો દોષ નથી જ. સ્વરૂપનિષ્ઠા અલૌકિક છે. એમાં લૌકિકનો અંશ જ નથી. પંચવિષયનો ભોગવટો ભગવાનના ભક્ત સમજીને કરે છે ને વિમુખ સમજ્યા વિના ભોગવે છે. દોષ દેખાણો ઈ હથેળીમાં જળ દેખાડી દીધું છે. આમાં ભગવાન તમારે ગોતવા ન પડે. કરોડ્યું જન્મ વીતી જાય તો પણ આ વાત કોઈ ખોટી ન કરી શકે. પુરાણ, ઈતિહાસ એને ભણવે કરીને મુક્ત ન થાય. મુક્ત તો અમે કહીએ તો જ થાય. ઝાઝો વાંક પંચજ્ઞાન ઈંદ્રિયોનો છે. ને ગાફલાઈ રહે છે એટલો જ વાંક અંતઃકરણનો છે. પાપી જીવના હાથનું ગ્રહણ કરો તો અંતઃકરણ ભ્રષ્ટ થાય ને સુપાત્રના હાથનું ગ્રહણ કરો તો અંતઃકરણ પવિત્ર થાય. દોષ સોતુ લક્ષણ અવતારનું છે. ને દોષ ટળી ગયા ઈ અવતારીનું લક્ષણ છે. આ તો વિશ્વાસ હોય તો જ મનાય. જ્ઞાની છે ઈ સૂર્યના લોકમાં છે એને રાત પડતી નથી. એને અજ્ઞાન નથી આવતું એમ ગઢડા પ્રથમનું ૨૪મું વચનામૃત કહે છે. કયારેક તેજ દેખાય ને કયારેક મૂર્તિ પણ દેખાય. કયારેક આપણો દોષ દેખાય. ડાઢું અંબાઈ જવી જોઈએ. પંચવિષયને ભોગવવા ઈંદ્રિયું સમર્થ ન થાય. જો નિશ્ચયમાં ખામી હોય તો પોતપોતાના વિષયમાંથી ઈંદ્રિયું પાછી ન વળે. પૂર્ણકામપણું કેમ મનાતું નથી ? ઈ પણ મોટી ખોટ્ય છે. આનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે એવો છે તો પણ એનો મહિમા સમજ્યા છે. દોષ દેખાય

છે. ત્યાં સુધી તમે પૃથ્વી ઉપર છો, ને ઈ આકાશમાં છે. પરિપક્વ નિશ્ચય થાય ત્યારે ડાઢું અંબાઈ જાય ને પોતપોતાના વિષયને ભોગવવા સમર્થ ન થાય. આસક્તિ મટી જાવી જોઈ. પોતાનો દોષ કહેવો છે ઈ જ બ્રહ્મરૂપની દશા છે. દોષથી જુદો પડયો ઈ જ દોષને દેખે છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૧૨ ॥**

## ૬૧૩. સવિકલ્પ નિર્વિકલ્પ નિશ્ચયનું

સંવત્ ૨૦૩૫ના માગશર સુદિ-૫ ને સોમવાર તા.૪-૧૨-૧૯૭૮ ને દિવસ પૂ. સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સેવા કરે એમાં જીવમાં બહુ બળ આવે, સેવા વિના જીવમાં બળ ન આવે. સેવા તો મોટા મેવા કહેવાય. ભગવાન દયાળુ છે. દયાના સાગર છે. ભગવાનમાં ખોટ્ય જરાય નથી. ખોટય છે ઈ આપણી છે, ઈ તો રાંક હોય એને રાજા કરે. ભરતજીને મૃગલાના બચ્ચામાં હેત થયું ઈ પ્રારબ્ધ બતાવ્યું છે પણ પોતામાં પ્રારબ્ધ ઘટાડ્યું. ચાર ગાઉ પહોળા પટવાળી નદીમાં શરીર તણાતું મેલી દીધું તો પણ દેહ પડયું નહીં. માટે ભગવાનનું પ્રારબ્ધ શું છે ? એ પ્રશ્ન પૂછીએ છીએ. બંધન ન થાય એવું હોય એમાં બંધન થાય, એનું નામ પ્રારબ્ધ. કુસંગનો જોગ ન હોય એમાં બંધન થાય. એનું નામ પ્રારબ્ધ. કુસંગનો જોગ ન હોય, વનમાં હોય તો પણ બંધન થયું.

**દયા કરતા દુબધ્યા ભઈ, કામ સ્નેહી કયું તરે.**

હવે બીજું સ્વામિનારાયણનું પ્રારબ્ધ બતાવ્યું. વાયુ ભક્ષણ કરતા, નદીમાં શરીર તણાતું મેલ્યું. મહા વિકરાળ ઠેકાણામાં ફર્યા તોપણ દેહ પડયું નહીં. માટે ઈ પ્રારબ્ધ કેમ સમજવું ? ભગવાન કૃપા કરીને એમ ધારે કે

જ્ઞાની અજ્ઞાની સર્વ મનુષ્ય અમને દેખો તો બધાય દેખે. સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે; દોષિત છે પણ મોટા આગળ દબાય છે તો દૈવી છે. ને નિર્દોષ છે ને મોટા આગળ દબાતો નથી તો આસુરી છે, મોટાને વિષે જેવો ભાવ પરઠ્યો એવું કહ્યું. માટે વિચાર કરો તો ખબર પડે. મોટાની આગળ દબાય છે. પોતાના દોષ ક્ષમા કરાવવા માટે, માટે ઈ દૈવી છે. કાલ કરંતા આજ કર. આ ભગવાન મળવાના નથી. આ સાધુ મળવાના નથી. આટલા બધા હરિભક્તની આગળ મને બોલવા દીધો તો મારા બહુ મોટા ભાગ્ય ગણાય. ગુણાતીતાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી એના દર્શન ને વાતુ કયાંથી મળે ! કરોડ્યું અને અબજુ રૂપિયા દેતા પણ એના દર્શન ન થાય. આવો મહિમા સમજવો ઈ લેવાનું કહ્યું છે. ગીરનાર જેવડો કામ, મેરૂ જેવડો માન, લોકાલોક જેવડી વાસના એના મૂળ ઉખેડી નાખવા છે. એવું જ્ઞાન આપવું છે. આપણે તો સો બસો માણસને લઈને ઉડી જાઈ એવા છીએ. પોતાના મુખે પોતાના વખાણ ન કરાય પણ કહ્યા વિના સમજે નહીં. ઈ મોટયપ કહ્યા વિના ન ખબર પડે. આંયા તો ગામમાં ઉતરવા દેતા નથી ને સો બસો માણસને પાંખમાં લઈને ઊડી જાય.

આહાહાહા !!.... મહારાજે તેર કોસી વાવને જોઈને સંકલ્પ કર્યો કે આમાં સરસવના દાણા સમાય એટલા જીવનું કલ્યાણ કરવું છે. પોતાની ખોટ્ય દેખાડવી ઈ બહુ જબરી વાત છે. બીજાનો દોષ ન દેખાય ને આપણો દોષ દેખાય એટલું જ કરવાનું છે. દુઃખે કરીને પણ ન તરાય એવી જે મારી ગુણમયી માયા ઈ મને પામે ઈ તરી જાય. બ્રહ્મા, વિશ્વામિત્ર, વસિષ્ઠ ને પરાશર એ ચારેય દોષ મુક્ત છે.

**વસિષ્ઠ તે વેશ્યા સુત થયા રે, નિમિ નજીક જીવથી ગયા રે.**

એમ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે. બધાય ગુણે સહિત ને બધાય દોષે રહિત ભગવાન અને ભગવાનના ભક્ત છે. સવિકલ્પ નિશ્ચયમાં નિર્દોષ કયાંથી હોય ! ત્રણ પ્રકારના નિશ્ચય સવિકલ્પમાં છે. તે મનુષ્યની બરોબર

દોષ હોય તો પણ નિશ્ચય રહે ને મનુષ્યથી બમણા દોષ હોય તો પણ નિશ્ચય રહે ઈ કઈ રીતે ભગવાન કહેતા હોય ! સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે; સ્વામિનારાયણે સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં જવાય છે એવી સત્તા વાપરી છે.

મધ્યનું ૧૧મું. શાસ્ત્ર છે તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ ને અર્થે છે એને અરથે તપ, યોગ, ભજન, ભક્તિ એને અરથે છે. એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળમાં ભોગવાય છે પણ ધામમાં જવાતું નથી. પણ એનાથી જન્મ મરણ ન ટળે. ને એક ભગવાનની પ્રસન્નતાને અરથે કરે છે. એને જે દેખે છે, ઈ મનુષ્યમાં શ્રેષ્ઠ જાણવો ને બુદ્ધિમાન જાણવો ને સર્વ કર્મનો કરનારો છે ને મોક્ષને યોગ્ય છે. જો બીજાનો મોક્ષ કરી શકે તો જ્ઞાન અવસ્થામાં છે. સવિકલ્પમાં છે પણ નિર્વિકલ્પમાં પુગાડી દ્યે એવી એની તાગાત છે. અર્થને અરથે કરે છે ને ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. એને દેખનારો છે, ઈ મોક્ષને યોગ્ય છે. એથી સવિકલ્પમાં છે તો પણ નિર્વિકલ્પમાં જવાશે. જનકાદિક રાજા પ્રવૃતિ માર્ગવાળા છે. જમવામાં આનંદ થયો. કામ કરવામાં આનંદ થયો. માટે આવો સમય કાયમ રહે એમ ભગવાન પાસે માગીએ. આ રૂમ તો દાદાખાચરના દરબારની જેમ લખાય ગયો.

## ગૌરવ રવ રવ તુલ્ય ગને હે

તે બોલ્યા. કોઈ સારી વાણીથી બોલાવે ઈ તો રવરવ નરક સમાન છે. પ્રભુતાઈ તો પાપ છે. સ્વારથ બુદ્ધિ તો દુઃખદાઈ છે. કુવામાં ફેંકી દ્યે એવી છે. જન્માંતરનો રાક્ષસ છે. મોક્ષનો સ્વાર્થ કરો પણ પદાર્થનો સ્વાર્થ શું કામનો ?

પછી જાડેજા સાહેબે પ્રશ્ન પૂછયો જે; માન કેમ ટળે ? પછી સ્વામીએ તેનો ઉત્તર કર્યો જે; ભગવાનના ભક્તનો મહિમા સમજાય તો માન ટળે. હલકા વરતાય તો માન ટળે. ભગવાનના ભક્તનો ભક્ત છું. હું એની ભક્તિ કરૂં છું.

**સંત જમે તે કેડયે હું જમુ રે, સંત માનજો મારી મૂરતિ રે,**

**તેમાં ફેર નથી એક રતિ રે.**

એવો જ આચાર્યનો મહિમા કહ્યો. વનરાઈને વખાણી. વનરાઈમાં રહેનારને વખાણ્યા. મહિમા વસ્તુ એવી છે. મહિમા તો નથી, નહીંતર શુભ સંકલ્પ થયા વિના રહે નહીં. અશુભ સંકલ્પનું ઠેકાણું ન રહે. ભગવાનના ભક્ત જે ઠેકાણે રહેતા હોય, ઈ ગામને સંભારો. ઈ જ નામને સંભારો, ઈ જ નાતને સંભારો ઈ જ મહિમા સમજાણો ગણાય. દેહનું જોર-તાગાત, બળ જુદું છે ને ભગવાનનું જોર ને બળ ને તાગાત જુદી છે. ભગવાનના ભક્તનો જયાં પગફેર હોય ત્યાં બધાય બ્રહ્મરૂપ થઈ જાય. ઝાડવા, પશુ, પક્ષી બધાય વૈકુંઠના મેમાન થઈ જાય. માન-અપમાન સમભાવ થઈ જાય તો પાવર આવી જાય. સમાન બુદ્ધિ થાવી ઈ બહુ વિકટ મામલો છે. ભગવાનની વાત કેવી છે ? કોઈ વખાણ કરે ને પછી ખોટું કરો એનું નામ ભગવાનની વાત છે. નિષેધ કરે એને વૈરાગ કહે છે. પણ આ તો ભગવાન સંબંધી વાત છે. નિર્ગુણ થઈ ગઈ. પ્રસાદી છે પણ ભગવાન સંબંધી છે. પંચવિષય છે એની ઓલીપા ભગવાન છે. પંચવિષય છે ઈ રાગ છે. રાગ મેલીને વિતરાગમાં જાવ એટલે પતી ગયું. આશા મટતી નથી ને નિર્વાસનીક થાવ એટલે પતી ગયું. લાભ ગમે એટલો થયો સંતોષ ન થયો તો પતી ગયું. સંતોષ છે ઈ ભગવાનની વાત છે. જગત ભેળી છે. નિષેધ કરે. નિષ્કામી વર્તમાન લખ્યું છે એમાં સ્ત્રીનું વર્ણન છે. પણ લખનારનો અભિપ્રાય સમજો તો ભગવાનની વાત છે. તો ઈંદ્રિયું કુંઠીત થઈ જાય. ભગવાનના ભક્ત વાતુ કરે છે ઈ શું આપવાના છે ? ઘર ખોરડા નહીં આપે પણ ભગવાન આપશે. આપણે તો દુબળા વાણિયાનો અજમે હાથ. ભગવાનનો મહિમા કહીએ. ભગવાનના ભક્તનો મહિમા કહેવો. ટેમ સાચવવો. ટેમે આરતી, ટેમે જમવું એમ ટેમ આવે ત્યારે અક્ષરધામમાં જવાય. ભગવાનને સંભારો ત્યારે ટેમ ગણાય.

**ગરૂડ તજીને પાળા પધાર્યા, ગજ સારુ મહારાજ**

ગરૂડ તજીને પાળા પધાર્યા પણ આર્તવાન થયો, તો. એમ જીવ ગરજવાન થાવો જોઈ. આર્તવાન થાવો જોઈ. પાછી વૃત્તિ વાળવી જોઈ. પણ દર્શન કરતા, સમાગમ કરતા, ભગવાનના ભક્ત ભેળા વાતુ સાંભળતા પાછી વૃત્તિ ન વાળવી.

**તીન તાપકી ઝાર જર્યો પ્રાણી કોઈ આવે,**
**તાકું શીતળ કરત તુરત દીલ દાહ બુઝાવે**
**કહી કહી અમૃત બેન રેન અજ્ઞાન નિકાસે,**
**પ્રગટ હોત પહિચાન જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે.**

ભગવાન સંબંધી લીલા ચરિત્રને કોઈ રેન જે રાત્રી એનો ત્યાગ કરાવી દ્યે. અજ્ઞાનરૂપી અંધારૂં પેસી ગયું છે ઈ કાઢી નાખે, જો ભગવાનના ભક્ત કહે તેમ કરે તો કરોડ્યું જન્મની કસર કાઢી નાખે. પૂર્ણકામ થઈ જાય. કૃતાર્થ થઈ જાય ને આ જીવને તો કેટલીવાર કુબેર કર્યો તોય સંતોષ નથી એનું કેમ કરવું !

**ખરચ્યું ન ખૂટે એને ચોર ન લુંટે, દામની પેઠે ગાંઠે બાંધ્યુ ન છુટે**

એવું ભગવાન સંબંધી નાણું છે. ખૂટે જ નહીં. ભગવાન સંબંધી વાત સો વખત કરો તોય અલૌકિક લાગે. વચનામૃત છે ઈ વસ્તુ જ જુદી છે. એનું તમે માપ ન કરી શકો. આપણા જીવમાં વચનામૃત ઉતર્યું હોય તો અલૌકિક લાગે. સ્વામિનારાયણ ભગવાન વનવાસ વેઠીને ઘર છોડીને આવ્યા. ૭૮ની સાલનું વચનામૃત શ્રાવણ મહિનો ને અમાસનો દિવસ હતો. સંતમંડળ કીર્તન બોલતા હતા ને સર્વને છાના રાખ્યા. આ જે વાત કરૂં છું, ઈ માને કરીને નથી કરતો ને મોટયપ વધારવા સારૂં નથી કરતો. આ તો હૃદયમાં ચુંક લાગી જાય એટલે કરીએ છીએ. આ વાત સભામાં કર્યા જેવી નથી છતાંય કરીએ છીએ. આ સંસારમાં અતિ રૂડા પંચવિષયમાં

મારા મનને જોડવાને ઈચ્છું તો પણ જોડાતું નથી. માંડ માંડ બંધાય છે. સારા પંચવિષય ને નરસા પંચવિષય સમ વરતે છે. રાજા, રંક, હાથીને હોદે બેસવું ને પગપાળા ચાલવું ઈ સમ વરતે છે. રૂપવાન સ્ત્રી ને એંસી વરસની સ્ત્રી ઈ બેય સમ વરતે છે. જ્ઞાન ને વૈરાગ એમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તો પણ બંધાતું નથી. એનો ભાર નથી. આ જગતનો ભાર નથી. મન-ઈંદ્રિયને બળાત્કારે વિષયમાં જોડું ત્યારે માંડ માંડ જોડાય છે. આ વાત સમજાય જાય. પહેલા ગરીબ સ્થિતિમાં રહ્યા ને પછી સાધુરૂપે વાત કરી, ત્રણ ગામમાં ભીક્ષા માગવા જાતા.

પંચવિષયનું ગ્રહણ કરતા હોય. બાજરો આપે ને એમ કહે કે ભગવાન કેવા દયાળુ છે બાજરો આપે છે. પણ સમજાય નહીં. એટલું સમજાય કે આ વૈરાગ્યવાળો છે. આ તપસ્વી છે. આમ જણાય પણ ભગવાન ન જણાય. અલૌકિક ઐશ્વર્ય બતાવે ને ઘડીક થાય તો ગરીબ થઈ જાય. મને રામાનંદસ્વામીના દર્શન કરાવો તો આપણે બેય વનમાં વયા જાઈ ઈ ઠેરાવ હજી ઉભો છે. અમારો ઠેરાવ એવો છે કે, ભગવાનમાં ચોંટાય પણ બીજે ન ચોંટાય. બીજું દૃષ્ટાંત પૂંછલેલ ઢોરનું દીધું. જેમ કોઈ શૂરવીર પુરુષ હોય તેમ મહા બળાત્કારે ઈંદ્રિયું ને પંચવિષયમાં જોડીએ તો માંડ માંડ જુતે. આ વાત સમજાય તો વિષયને જીતવા કઠણ નથી. આમ જે મુને વરતે છે એનું કારણ શું છે ? મારી વૃત્તિ હ્દયાકાશમાં વર્તે છે. એમાં તેજ છે. એમાં ભગવાનની મૂર્તિ છે. દ્વિભૂજ છે. શ્વેત છે. મનોહર છે. સૌમ્ય છે. મનુષ્યના જેવી આકૃતિ છે. તે મૂર્તિને હમણા દેખીએ છીએ. માતાના ગર્ભમાં આવ્યા પેલા દેખતા ને ગર્ભમાં આવ્યા પછી પણ દેખતા ને હમણા પણ ત્યાં બેઠા થકા બોલીએ છીએ. આમ સમજાય તો પંચવિષયને જીતવા કઠણ ન પડે. નહીંતર તો હરિએ વાર્યા ઘણું હરને તેમ થાય. દુનિયામાં કોઈ ન કરે એવું થાય. વાત કરીએ તો પણ જીભ કયાંય જાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૧૩ ॥**

## ૬૧૪. બ્રહ્મના મહિમાનું

સંવત્ ૨૦૩૫ના માગશર સુદ-૬ મંગળવાર તા.૫-૧૨-૧૯૭૮ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનની મોટાઈ જેના જીવમાં જડાઈ ગઈ હોય એના મનનો અભિપ્રાય કેવો હોય અને દેહનો આચાર કેવો હોય ? ગમે એવા ભૂંડા દેશકાળ થાય તો પણ ચળાયમાન ન થાય. ને દેહનો આચાર તો ભગવનના ભક્તના ગમતામાં વરતે. એનું ધાર્યુ કરે તો કોઈ કાળે ભગવાનના નિશ્ચયમાંથી ડગમગાટ ન થાય. માટે

**તુમ હો તુમસે નાથ.**

એવા ભગવાન છે. અગમ છે. અકળ છે. અતર્ક છે. અખંડ છે. ભગવાનની અલૌકિક શક્તિ છે. ભગવાનની ચાલ જોઈને ગજ કરે ધિક્કાર. ને માથા ઉપર ધૂળ નાખે છે. આ સત્સંગમાં રહેવામાં મુંજવણ થાય ને પોતાનો અવગુણ લ્યે તો સારો ને બીજાનો અવગુણ લ્યે તો સારૂં નહીં. ભગવાનના ભક્ત ભેળું રહેવાય ઈ બહુ મોટી પ્રાપ્તિ છે. બહુ મોટી શક્તિ છે. અપરંપાર લીલા છે. બીજા અવતારમાં તો બે બે ભીડામાં ને અત્યારે તો કોઈનું ધાર્યુ ન થાવા દ્યે. એવા ભગવાન છે ને નાના બાળક થઈ ને આપણી સાથે બેસે ઉઠે ઈ અલૌકિક પ્રાપ્તિ છે. પ્રકૃતિ મરોડે તો મારૂં ઠીક રહેશે કે નહીં રહે એમ થાય તો ઈ વાત અજમાવેલી નથી. જે વાત અજમાવેલી ન હોય ઈ વાતનો મજકુર લાવવો બહુ કઠણ છે. માટે ભગવાન ઈ ભગવાન અને ભગવાનના ભક્ત ઈ ભક્ત છે. તે ઉપર જનકરાજાની વાત કરી. ભગવાનના ભક્ત છે, ભગવાન કરતા મોટા છે. કીર્તનમાં કોઈને શંકા થાતી નથી પણ વાતુ કરો તો શંકા થાય. કારણ કે કથા-વાર્તા છે ઈ તો જાણપણામાં રહ્યું છે. મનના ઘાટ ઓળખતા આવડતા હોય ઈ ભવિષ્યકાળની વાત જાણી શકે. મન ઉપર મુકાબલો લાવ્યો હોય એને ખબર પડે. મન

જેવો ઠગારો બીજો કોઈ નથી. મનને મતે વરતે એનું જ નામ ચંડાળ. જાતિ ચંડાળ અને કર્મ ચંડાળ. કર્મ કરીને ચંડાળ થયો ઈ કર્મ ચંડાળ છે. માયિક સુખની ઈચ્છા, કિંમત, જરૂર ઈ મન છે.

**ચટકી ચટકી મન જાયકે લટકી વિષય ફળ ખાય.**

એવું મન છે. ધાર્યું ન કરવું ઈ મનને જવ ભરીને માર્યું ગણાય. ધાર્યું કરો તો કબજામાં ન રહે ને એવી અલૌકિક ચીજ સત્સંગ છે. એનાથી એવી શક્તિ આવે છે. સત્સંગ બહુ જબરો છે. બહુ જબરો છે. બહું જબરો છે. એના ઐશ્વર્ય, ગુણ શક્તિ ઈ કહી શકાય નહીં. આપણી શક્તિ નથી એને કહેવા માટે. આ તો છોકરાની પેઠે નાચ કરીએ છીએ. જો સત્સંગનો મહિમા જાણ્યો તો સત્સંગ આપણી સહાયતા કરશે.આપણી રક્ષા કરશે. એને આપણું શ્રેય કરતાં આવડે છે. એને આપણું ભલુ કરતા આવડે છે. આ તો કેટલા જનમના પુણ્ય હશે ત્યારે આ સત્સંગ ઓળખાણો છે. પાણીમાં સુકાય જાય તો ય ન ઓળખાય. રાફડો થઈ જાય તો ય ન ઓળખાય. નારદજીએ કન્યાનો હાથ જોયો ત્યાં જ પરણવાનું મન થયું. મોઢું માકડાનું થયું પણ સાધુતાની કિંમત ન ઘટી. ઈ અલૌકિક વાત છે. ઈ અતર્ક વાત છે. ભગવાનના સ્વરૂપની આવી અલૌકિક તાગાત છે. ધર્મ, વૈરાગ, આત્મનિષ્ઠા, ભક્તિ હોય તો સાધુતા ન ઊભી રહે પણ આ તો ઉપાસનાનો ગુણ છે. અવધિબારો ગુણ છે. સમજે ઈ પાત્ર ને બીજા કુપાત્ર છે. ભગવાનની આજ્ઞા અભંગ છે. અખંડ છે. એનો ફેરફાર કરવા જાય તો કરનારો હેરાન થઈ જાય. પણ ભગવાન સાવ આપણા જેવા છે. એટલે ખબર પડતી નથી. ઈ સમર્થપણું બતાવે તો બ્રહ્માંડ પણ નજરમાં ન આવે તો જીવની શી ગણના ? બહુ સામર્થી વાપરી, બહુ ઐશ્વર્ય જણાવ્યું. ભગવાન મનુષ્ય દેહ ધારણ કરે ત્યારે દૈવી જીવનો અને આસુરી જીવનો ય મોક્ષ કરે. એવા શક્તિમાન છે. પોતે અત્યંત ત્યાગી હોય છતાં એની પાસે પ્રવૃત્તિની ક્રિયા કરાવીએ તોપણ રાજી થકો કરે પણ કચવાઈને ન કરે.

ભગવાન જે જગ્યામાં બિરાજતા હોય ઈ જગ્યાનો મહિમા કહ્યો તો ભગવાનનો મહિમા કયાંથી કહી શકાય ? ભગવાનનો મહિમા અને ભગવાનના ભક્તનો મહિમા ભગવાનની જગ્યાનો મહિમા સમજે તો બંધ બેસે. વિરામ થાય ઈ સ્થિતિ છે. વિરામ છે એનું જ નામ સમાધિ છે. ઈ સમ્યક્ સમાધિ કહેવાય ને એક એક અંગને વિચારવું એનું નામ અંગી સમાધિ કહેવાય.

મુક્તાનંદસ્વામીની આબરૂ ને આત્માનંદસ્વામીનો ત્યાગ જબરો. આત્માનંદસ્વામી એટલે ભાઈ આત્માનંદસ્વામી. એકસો અઢાર વરસ દેહ રહ્યો ને પછી ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કર્યો ને દેહથી પર થયા. પ્રકૃતિને ન મરોડે તો તો આસુરી પણ પાર પડી જાય. બીજા ધર્મ પાળે, માળા ફેરવે, ભક્તિ કરે, આત્મનિષ્ઠા રાખે ઈ થી પોતે અધિક બતાવે ઈ આસુરી કહેવાય ને તેવા સમામાં મરી જાય તો દૈવી થાય કે આસુરી જ રહે ? સારો હોય એવામાં દેહ મેલે તો દૈવી થાય. અનંતવાર બ્રહ્મમાં લીન થાય ને નીકળે ત્યારે એનો અસુરભાવ ટળે.

સત્સંગ છે ઈ બ્રહ્મ છે. એનો અનંતવાર ગુણ આવે ને અનંતવાર અવગુણ આવે ત્યારે દૈવી થાય ને આસુરી મટે. સત્પુરુષનો કોપ ને અનુગ્રહ છે ઈ આસુરીને દૈવી થાવાનો હેતુ છે. સત્સંગમાં આવ્યો ને ગમે તેવો હોય તોપણ સારો થઈ જાય. જોબનપગી જેવો હોય પણ સારો થઈ જાય. સારૂ નરસું સંગે કરીને થાય છે. સાધુ ભેળો રહીને સમાગમ કર્યો હોય તો કામ, ક્રોધે કરીને ન પડે તો પછી બીજા દોષથી પડવાનો જ નથી. મહારાજ કહે કે; આસુરીનું કલ્યાણ અમે કરશું. મુંજાસુરનું કલ્યાણ ગુણાતીતાનંદસ્વામીએ કર્યું ને માનભાનું કલ્યાણ ગોપાળાનંદસ્વામીએ કર્યું. ભક્ત વતે કલ્યાણ કરવું ઈ દયાનું અધિકપણું બતાવ્યું છે. અધિકપણું થયું પછી મોક્ષમાં કાંઈ ખામી ન રહે. દૈવી હોય કે આસુરી હોય પણ જેના ઉપર અધિક દયા થઈ પછી શું ખામી રહે ? જેવો છે એવો સત્સંગ જીવમાં ઉતરી જાય તો કામ થઈ

જાય તો અરણ્ય આડું ન આવે. કાળ આડો ન આવે. માયા આડી ન આવે. નહીંતર તો કાળ, કર્મ, માયા એનો સ્વભાવ વાપર્યા વિના ન રહે.

પછી છગનભાઈએ પ્રશ્ન પૂછયો જે; સાકાર તો દેખાય છે ઈ જ છે પણ દિવ્ય શું છે ? તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે; મહિમા છે ઈ દિવ્યપણું છે.

**દિવ્ય નેણ ખુલે આપ આતમ પહિચાને,**

**સો દેહ ઈંદ્રિય મન પ્રાણ સત્ય સુપને નહીં ભાસે.**

આપણો દોષ દેખાડે ઈ દિવ્ય સ્વરૂપ છે. આ છે ઓલ્યા જેવા પણ આ આપણી ખામી બતાવે છે ને ઓલ્યા આપણી ખામી દેખાડતા નથી.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણા બારની ઓસરીએ વિરાજમાન થયા હતા તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે, માની હોય એને નિર્માની જાણો તો ભગવાન હાથ આવે. લોભી હોય એને નિર્લોભી જાણો તો બંધ બેસે. આનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે એવો છે તો પણ સત્સંગમાં પડયો છે તો એના ભારે બીજબળ છે. દોષ છે છતાંય સારૂ લાગે છે. પાછી વૃત્તિ વળી જાય છે. જો સારુ લાગે તો નજીક થઈ જાય. દોષ છે તોય ભગવાન અને ભગવાનના ભક્ત સારા લાગે છે. એટલા નિર્દોષ છે. માની છે એમાં નિર્માની દેખો તો ભગવાન મળે. દોષમાંથી પાછા હઠ્યા છીએ કે દોષમાં સલવાણા છઈ એનો વિચાર કરવો. દોષ હોય તો સત્સંગમાં રહી ન શકે ને જો રહે તો દ્વિભૂજો પરમેશ્વર. પોતાનો દોષ દેખાય એટલે બીજાનો ગુણ દેખાય. એનું નામ જીવનું તેજ છે. સાધુનો સમાગમ કરીએ તો પોતાની ખામી દેખાય ને પોતાની ખામી દેખાય ત્યાં હાલો તો બીજો નિર્દોષ દેખાય. સાવ હથેળીમાં જળ છે. અગમ નથી સાવ સુગમ છે. પણ સ્વરૂપાનંદસ્વામી બની જાવ તો થાય. દોષ દેખાય એમાં જોવો તો આ બધાય નિર્દોષ દેખાય. પદાર્થનો જોગ કરો તો પોતાની ખામી બુજાય જાય. ઠાકોરજી નિર્દોષ છે એને નિર્દોષ

સમજે એટલે નિર્દોષ થઈ જાય. પણ ન્યાં લોમવૃત્તિ કરવી જોઈ પણ પ્રતિલોમવૃત્તિ ન કરવી. પદાર્થનો જોગ થાય તો પ્રતિલોમવૃત્તિ કરવી. એમાં આસક્ત ન થાવું. ઈ પોતે નાશ પામીને આપણને રોકી દ્યે છે. ભગવાનના ભક્ત દુષિત હોય તોપણ આપણો દોષ નાશ કરે એવા હશે. ગુણમાં હાલીને જોવું ઈ ન જોવાય. માટે ભગવાનના ભક્ત છે ઈ ભક્ત જ છે. આપણે માનમાં લેવાણા છઈ ને ઈ અપમાનમાં લેવાણા છે. આપણે સુખમાં લેવાણા છીએ ને ઈ દુઃખમાં સુખ માને છે. નિઃસ્પૃહીમાં ચાલવું. નિર્દોષ થાઈ એટલે ભગવાન સંભારવા પણ નિર્દોષ થાવ એટલે મૂકી દેવાનું નથી. આલોકનું કરવાનું નથી, પણ ભજન તો કરવાનું જ છે. છેલ્લાનું રજું. આ વાત સૂક્ષ્મ છે પણ જાડી બુદ્ધિવાળો સમજી જાય. એવી રીતે વરતતો હોય એને એમ જણાય કે આ વાત અતિશય જીણી છે. પરોક્ષ કોને કહ્યા છે ? ને પ્રત્યક્ષ કોને કહ્યા છે ? બ્રહ્માદિક દેવને પણ દુર્લભ એવો આ સત્સંગ એમાં બેસીને અશુભ વાસના ન ટળી તો કે'દિ ટળશે ? જાડી બુદ્ધિવાળો છે પણ પોતાનો અવગુણ દેખે ઈ એમ કહે છે કે; આ વાત અતિશય જીણી છે. એમ સ્થુળ બુદ્ધિવાળો સમજે છે. ને જીણી બુદ્ધિવાળો નથી સમજી શકતો. માટે પાછું વળવાનું છે. આ કલેવરથી ને બીજાના કલેવરમાં તો મહિમા સમજવો. ગાયને ખડ નાખીએ તો કલ્યાણ થાય એમ અજ્ઞાની પણ સમજે છે. તો આપણને નિઃસ્પૃહીમાંથી, નિઃસ્વાદીમાંથી, નિર્લોભીમાંથી લાભ નહીં મળે ? આ કલેવરનું કાંઈ કામ નહીં આવે ને ભગવાનના ભક્તના શાસ્ત્ર વખાણ કરે છે. જલેબી જેવી ચીજ છે પણ આ દેહમાં નાખી દઈએ છીએ પણ એની શું વલે થાશે ? આપણો અવગુણ લેવો ને બીજાનો ગુણ લેવો, ઈ જબરી વાત છે. બહુ જબરી વાત છે. ખપ જાગે તો દોષ સુજે. પોતાના દોષ દેખાય ઈ જ પોતાનો શબ્દ પાછો ખેંચી શકે. પોતાનો શબ્દ, પોતાનો ઠેરાવ, પોતાનું ધાર્યુ મટી જાય ઈ કેવડી વાત છે. દશ્યની સામે દૃષ્ટા છે એની સામે વૃત્તિ ઠેરાવે એટલે સ્થુળદેહ વિસરી જાય. કાયરપણું તજીને

શૂરવીર થઈને દશ્ય સામી કટાક્ષ નજર કરવી પડે. શત્રુને મિત્ર માન્યો છે એને દુશ્મન માનો તો મેળ ખાય. દોષના દેખાડનારાને શત્રુ માનીએ છીએ. ભગવાનનું જ્ઞાન આવું છે ને જગતનું જ્ઞાન આવુ છે કે; એક ઘોડું હોય એનાથી બે ઘોડા હોય ઈ મોટો ને બે ઘોડા હોય એનાથી પાંચ ઘોડા હોય ઈ મોટો, ઈ જગતનો વેવાર છે. ભજન ભક્તિમાં ટેમ કાઢ્યો એનો મનુષ્ય દેહ લેખે લાગી ગયો.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૧૪ ॥**

## ૬૧૫. નિર્દોષ થવાનું, તત્ત્વદર્શનનું

સંવત્ ૨૦૩૫ના માગશર વદિ-૬ બુધવાર તા.૨૦-૧૨-૧૯૭૮ને દિવસ સ્વામી પ્રાતઃકાળે ગામશ્રી વંથલીથી શ્રીજી ઓઈલમીલની મોટરમાં બેસીને ચાલ્યા તે પીપલાણા પધાર્યા ને ઠાકોરજીના દર્શન કરીને સભા મંડપમાં વિરાજમાન થયા હતા. ને સર્વે સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે; દેશકાળે સ્થિતિ રાખવી એજ સત્સંગ કરવાનું ફળ છે. આપણી મોટાઈ તો ધર્મે કરીને છે પણ પદાર્થે કરીને કે હવેલીએ કરીને આપણી મોટાઈ નથી. આપણે જો ધર્મ પાળશું તો આપણી પ્રજા પણ ધર્મવાળી થાય.

પછી હીરાભાઈએ પ્રથમનું ૫૮મું વચનામૃત વાંચ્યું. પછી સ્વામીએ પ્રશ્ન પૂછયો જે; આમાં આનંદાનંદસ્વામીનો પ્રશ્ન અધિક છે કે મહાનુભાવાનંદસ્વામીનો પ્રશ્ન અધિક છે ? મહાનુભાવાનંદસ્વામીનો પ્રશ્નનો ઉત્તર મહારાજે સાધુનો પક્ષ રાખીને કર્યો છે. મોટાને અતિશય નિષ્કામી સમજે તો પોતે કુતરા જેવો કામી હોય તોપણ નિષ્કામી થઈ જાય. ને કામી સમજે તો કામી થઈ જાય. એમ સાધુનો પક્ષ રાખ્યો છે એટલે આ પ્રશ્ન અધિક છે. નહીંતર તો આનંદાનંદસ્વામીનો પ્રશ્ન અધિક છે પણ

આમાં પક્ષ રાખ્યો છે. એમ ઉત્તર મોટો છે. ભલે કુતરા જેવો કામી હોય છતાંય નિષ્કામ થઈ જાય. પક્ષ છે એટલું એમાં વિશેષપણું આવ્યું તે શક્તિવાળો કહેવાય, ઐશ્વર્યવાળો કહેવાય. ધર્મવાળાથી, આત્મનિષ્ઠાવાળાથી પક્ષ રહેતો નથી. દોષ કેમ ટળે ઈ તો એકાદ વ્યક્તિનો મોક્ષ કરવાનું આવ્યું. સંતનો ગુલામ થઈને રહે, અંતરમાં માન ટળે ભાવે રહે તો મોટા પુરુષ રાજી થાય ને વિકાર ટળે. ને આંયા તો મલિનમાં મલિન હોય ઈ પણ નિર્દોષ થઈ જાય. એકમાં નિર્દોષ થાવાની વાત આવી ને એકમાં વર્તીને નિર્દોષ થાવાની વાત આવી. કોઈ ધર્મવાળો પક્ષ ન રાખી શકે. કોઈ ભક્તિવાળો ન રાખી શકે. કોઈ આત્મનિષ્ઠાવાળો પક્ષ ન રાખી શકે. પક્ષવાળાને ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ આડા આવતા નથી. તે ઉપર ગુણાતીતાનંદસ્વામીએ એક સાધુનો પક્ષ રાખ્યો તેની વાત કરી. માતા બાળકનું રક્ષણ કરે છે તો મોટા આપણું રક્ષણ નહીં કરે ? કરશે જ. મોટાને રાજી કર્યા વિના પક્ષ રાખો એટલામાં જ નિર્દોષ થઈ જાય. ને ઓલ્યામાં રાજી કરો તો નિર્દોષ થવાય. આ લોકના સુખ સારૂ મરી મટે છે તો આપણે ભગવાનના સુખ સારૂ કાંઈ કરતા નથી તો કેટલા મુર્ખા હશું !

પછી શાપુરથી જાડેજા સાહેબ આવ્યા. તેને પ્રથમનું ૫૮મું વચનામૃત વંચાવ્યું. પછી સ્વામીએ વાત કરી જે; મોટા પુરુષ આગળ નિષ્કપટપણે વરતે તો નિર્દોષ થાય ને મોટાપુરુષને નિર્લોભી સમજે તો પોતે નિર્લોભી થાય, નિઃસ્વાદી સમજે તો નિઃસ્વાદી થાય. નિષ્કામી જાણે તો નિષ્કામી થાય આ બેમાં કોણ શ્રેષ્ઠ છે ? ત્યારે તેનો ઉત્તર જાડેજા સાહેબે આપ્યો કે મહાનુભાવાનંદસ્વામીનો પ્રશ્ન શ્રેષ્ઠ છે. કારણ કે એમાં નિર્દોષ જાણવાથી નિર્દોષ થઈ જવાય છે. પછી સ્વામીએ કહ્યું કે; તમે કહો છો તે બરાબર છે. શાસ્ત્રે સંતોનો પક્ષ રાખ્યો છે. ભગવાન જેનો પક્ષ રાખે એની કેવડી તાગાત હોય ! મોટા પુરુષને નિર્દોષ, નિષ્પાપ, નિર્લેપ સમજે તો નિર્દોષ, નિષ્પાપ, નિર્લેપ થાય છે. જો મોટા પુરુષને નિષ્કામી સમજે તો પોતે કુતરા જેવો

કામી હોય તોપણ નિષ્કામી કહેવાય. અર્જુન કહેવાય. લોહીની નદી હાંકી તોપણ દયાળુ લખાણા. ગોત્ર ગર્દન કર્યુ એનું પાપ ન લાગ્યું. આમાં શાસ્ત્રે એનો પક્ષ રાખ્યો છે માટે શ્રેષ્ઠ છે. દુઃખદાયક વસ્તુનો ત્યાગ થાય એમ જ સુખદાયક વસ્તુનો ત્યાગ થાય એનું નામ એકાંતિકપણું છે. સારા પંચવિષયનો સહેજે અભાવ રહે એનું નામ એકાંતિકપણું છે. જેમ જેમ સત્સંગ કરે એમ નિર્લેપ થાય પણ મોટાને નિર્લેપ જાણે, સત્સંગમાં માન ટળે ભાવે વર્તે, સંતનો ગુલામ થઈને રહે. એમ બીજો ઉત્તર આપ્યો પણ આમાં બુદ્ધિનો અવકાશ બહુ જોઈ, તો જ સમજાય. શીશીમાં અવકાશ હોય તો પાણી દેખાય. બુદ્ધિ જેટલી પાછી વળી હોય એટલો અવકાશ ગણાય.

## समालोष्टाश्म कांचनः

ઈ બુદ્ધિમાં અવકાશ થયો છે. સુખ છે એમાં દુઃખ દેખવું ઈ ઝાઝાને સૂજે નહીં. ઈ સૂક્ષ્મ વિશાળ બુદ્ધિ છે. ઈ અક્ષરધામમાં જાવાની બુદ્ધિ છે. સુખને પાટું મારી શકતો હોય, સુખને તજી દેતો હોય એવી વાત મહાનુભાવાનંદસ્વામીના પ્રશ્નની વાત આવી. બહુ ગંભીર પ્રશ્ન છે. સો કાશીના વિદ્વાન ભેગા થાય તો પણ સમજી ન શકે. એવો ગંભીર પ્રશ્ન છે. પ્રશ્ન એક કર્યો ને ઉત્તર બે પ્રકારે આપ્યો છે. જેટલા અવગુણ હોય એટલા નાશ પામી જાય ને દાડે દાડે આગળ અવાતું જાય એવડો મોટો પ્રશ્ન છે. એટલી વાત કરીને પછી જમવા પધાર્યા.

બપોર પછી બે વાગે સભામંડપમાં વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી લક્ષ્મીદાસભગતે પ્રથમનું ૬૦મું વચનામૃત વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; પંચવિષયનો કેવો મહિમા છે ! કેવો પ્રતાપ છે ! કેટલું સુખ છે ! એવું ભગવાનનું માનો તો ખબર પડે. પણ આ જીવ ગધેડીનું ઠાઠું ન મેલે એવો છે. એના સારૂ થઈને માથા કપાવે. એના સારૂ થઈને દૂર દેશ જાય માટે આની જેવી કિંમત છે એવી ઓની કિંમત થાવી જોઈ. વિષય કરતા ભગવાનનું સુખ અધિક છે.

આ સુખ છે ને ભગવાનનું સુખ તો આનંદમય છે. વિષયનું સુખ ઈંદ્રિયું દ્વારે આત્મા વતે ભોગવાય છે.

**ઘરની સ્ત્રી ઘડી ન મેલતી હોય, દશ દાડા રોઈને તરત બીજાને ગઈ.**

એવું સુખ વિષયનું છે. પંચવિષય મડા જેવા થઈ જાય. ઝેર જેવા થઈ જાય. અફીણીયાને અફીણ હેરાન કરી દે છે. એવા પંચવિષયના સુખ છે. વિષય બહુ દુર્લભ માન્યા છે અને એના વિના હાલે નહીં. એમ ભગવાન વિના હાલે નહીં તો વાસના ટળી ગઈ. પંચવિષય વિના જીવપ્રાણીમાત્રને રેવાતું નથી. એને તુચ્છ કરી દીધા ને ભગવાન સંબંધી પંચવિષયને આધારે જીવતો હોય ઈ ભગત જયાં જાય ત્યાં ભગવાન હારે જાય. કારણ કે પંચવિષય છે ઈ જ અંતરાય છે. ઈ ટળી ગયા પછી ભગવાન હારે અંતરાય ન રહે. સ્વાદમાં સવાદ આવે, માનમાં સવાદ આવે. સમાનબુદ્ધિ થઈ એટલે સવાદ આળસી ગયો. સમાન બુદ્ધિ થઈ એટલે મોહની નિવૃત્તિ થઈ. પંચવિષયના સબડકામાં શું છે ? ઘણાં જન્મ થયા સબડકા લઈએ છીએ. એમાં કાંઈ માલ નથી. કંઠી બાંધીને શૂરવીર થાવું. શૂરવીર કેવું થાવું તો કે ઈ જ મારો બાપ છે. પંચવિષયની ઓલીપા ભગવાન છે. પંચવિષય છે ઈ જગત છે. નિંદા અને સ્તુતિ સરખા લાગે તો ગાળ્ય દે ઈ વસમી ન લાગે. એનાથી ભાઠું નથી પડતું એમ માને. જેના ભગવાન નિર્માની એના જનને જોઈ કેમ માન ! રાક્ષસ ને દૈત્યને માન જોઈ. દુર્યોધન ને રાવણને, દંતવક્રને માન જોઈ. ભગવાનના ભક્તને આપણે નિર્માની જોઈ ને થાઈ તો ભગવાનના ભક્તને કાંઈ જોતું નથી. સંભારો ત્યાં જ આવે.

**ગરૂડ તજીને પાળા પધાર્યા ગજ સારૂ મહારાજ**
**એવી રીતે તમે આવો દયાળુ કરવા જનના કાજ.**

પોતાનું સાધન મેલી દીધું ને ભગવાન પધાર્યા. પંચવિષય તો દમઘોષ છે. એમાં શું લોભાવું ? કોઈ સામું જોવું નહીં. જોયા જેવા ભગવાન છે. તમે

એવા નિર્વાસિનીક થાવ કે નિત પ્રલયમાં ન આવો નિમિત્ત પ્રલયમાં ન આવો ને પ્રાકૃત પ્રલયમાં ન આવો ને જ્ઞાન પ્રલયમાં જાવ તો પાંચસે હજાર મડદા ગંધાતા હોય એવું આલોક ગંધારૂં લાગે છે. સ્વામિનારાયણ જીવમાં હશે તો નોખું નહીં પડાય નહીંતર નોખું પડી જાશે. એટલી વાત કરીને સંત હરિભક્તોને નિર્ભય કરીને મોટરમાં બેસીને ગામ માણાવદર પધાર્યા. ને ભગવાનજી કાળાની દુકાને ખુરશી ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સારો દેશ, કાળ હોય ત્યારે ભગવાન ભજી લેવા. દેશકાળ બદલ્યે કાંઈ કામ ન આવે. પછી તો મિત્ર શત્રુ થઈ જાય. સુખી હોય ઈ દુઃખી થઈ જાય. લાભ હોય ઈ ગેરલાભ થઈ જાય. ઈ તો બધા અભાગીયા જ છે. એના નસીબમાં ભાગ્ય નથી આવ્યું. અભાગ્ય હાથ આવ્યું છે. જો ગરીબ મટી જાઈ તો ઓલ્યા લાકના કહેવાય. દુઃખ છે ઈ આ લોક છે ને સુખ છે ઈ ઓલ્યા લોકમાં છે. સ્વામિનારાયણને સામા રાખવા એમાં સુખ છે. બીજે કયાંય સુખ નથી.

પછી જીવન ભગવાનજીની ઘરે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને પછી સ્વામીએ વાત કરી જે; ભગવાન સાચા છે એમ આપણે જાણીએ છીએ તો પણ ભજન થાતું નથી. પછી રામજીભાઈએ કિરણ ૭૯મું વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે; રમણીય સારૂં દેખીને મન ઉદાસ થઈ જાય એનું નામ વૈરાગ કહેવાય. સારપ્ય મનાય તો મન તત્કાળ ઉદાસ થઈ જાય ઈ વૈરાગ જુદો છે. જીવનું તેજ, બ્રહ્મનું તેજ, ઈશ્વરનું તેજ ને પુરુષોત્તમનું તેજ એનો ભેદ તો કૃપા કરે તો પાડી શકે. વૈરાગ, આત્મનિષ્ઠા, ભક્તિ ન કરી શકે પણ કરે ઈ જીવનું તેજ, ધર્મ ન રાખી શકે પણ રાખે ઈ પણ અપૂર્ણતા ઊભી રહે તો જીવનું સ્વરૂપ કહેવાય. વૈરાગ છે ઈ બહુ જબરૂં ઐશ્વર્ય છે. આત્મનિષ્ઠા, ભક્તિ છે ઈ જબરી પ્રાપ્તિ છે, તો પણ કંગાલપણું ન આળસે ઈ જીવનું જીવપણું છે. ઈ ઈશ્વરમાં હોય તો અભિમાન થઈ જાય.

ન પામી શકાય એવું પામે એનું અભિમાન નહીં, પણ બ્રહ્મનું લક્ષણ છે. ઈ ની ઈ વસ્તુ પુરુષોત્તમમાં હોય, પૃથ્વી ઉપર હોય પણ રાખવું ન પડે સ્વાભાવિક હોય. સારપ્ય મનાય જાય એટલે મન ઉદાસ થઈ જાય. સાંભરે પણ નહીં. પાણી પણ દેખીએ તો જ સાંભરે. મનુષ્યને કોઈ પૂજે છે ? છતાંય તમે પૂજો છો તો ઠાકોરજી જ છે ને. પાણીમાં ને ખાવામાં સ્વાભાવિક હેત છે. પદાર્થનો જોગ થાય ને સંકલ્પ થાય ઈ મન. ને જોગ ન હોય ને સંકલ્પ થાય ઈ જીવનો વાંક છે. જીવ સ્વાભાવિક રીતે માયા છે. માયા છે ઈ જ જીવ છે. જડચિત્ પ્રકૃતિ છે. જીવરૂપ તત્ત્વ ચૈતન્ય છે ને બીજા તત્ત્વ જડ છે. તત્ત્વથી જીવને નોખો પાડે તો જ પડે. જીવ ને આત્માનો તફાવત શું ? વિષયનું જીવન છે ઈ જીવ છે. ને વિષયનું જીવન મટી જાય. સુખનો વિષય મટી જાય, વિચાર મટી જાય તો આત્મા કહેવાય. સુખ છે ઈ જીવ છે. સુખને આધારે જીવે છે. ને આત્મા સુખને ઈચ્છતો નથી. સુખને ન ઈચ્છે તો આત્મા. જોવાનું, સાંભળવાનું, ચાખવાનું, સ્પર્શનું ન ઈચ્છે ઈ આત્મા છે. ઈચ્છા થાય તો જીવ છે. સામામાં જીવદશા નથી પણ આપણામાં જીવદશા છે. જો એમ ન હોય તો તમે ભગવાનને ભોળા ઠેરાવો. માટે સામી વસ્તુ અલૌકિક છે. જડ તત્ત્વ આપણા છે ને ચૈતન્ય તત્ત્વ છે ઈ બીજાના છે. ભગવાનનું સુખ આપવું ઈ વિકટ મામલો છે. પણ સ્વામિનારાયણની દયા છે તે આપીએ છીએ. જો ન આપીએ તો કૃતઘ્ની ગણાઈ. સારાનો વિચાર હોય તો ખાતા ખાતા તજી ન શકાય પણ નરસાનો વિચાર હોય તો જ તજી શકાય. દુઃખમાં સુખ દેખવું ઈ વૈરાગનું સ્વરૂપ. વિષયની હારે વેર કરવું ઈ વૈરાગ ને વેર ન કરે તોય બાધ ન કરે તો જ્ઞાનનું સ્વરૂપ છે. આ તો છોકરૂં છે એમ માને તો વેર કરી શકે. કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માનની હારે વેર કરો તો બરાબર પણ ગરીબની હારે વેર કરો મુર્ખાઈ ગણાય. કામ, ક્રોધ, લોભ બહુ પાખરીયા છે માટે એની હારે વેર કરવામાં લાભ છે. ગેરલાભ નથી તો વૈરાગ. જ્ઞાન તો એવું કે એની હારે વેર ન કરે ને મૂકી દ્યે તો જ્ઞાન કહેવાય.

વેર કરીને તો ઘરની પત્નીને પણ મેલી દ્યે. માબાપનો પણ ત્યાગ કરી દ્યે. જ્ઞાન છે એમાં વિષય ખોટા નથી કરવા, પણ ભોગવવા નથી. આસક્તિ વિનાનું ગ્રહણ કરે તો અપચો ન થાય. આસક્તિથી ગ્રહણ કરે તો વૈરાગ નહીં. આસક્તિ રહીત ગ્રહણ કરો તો વૈરાગ. ધામની મૂર્તિ ને મનુષ્ય રૂપ મૂર્તિ એક થઈ હોય તો ફેર ન જણાય પણ બ્રહ્મરંધ્રે રહીને જોવો તો એક થઈ જાય. જીવસત્તા જુવે છે પણ પ્રિયને જુવે છે કે અપ્રિયને જોવે છે. લાભને જોવે છે કે ગેરલાભને જોવે છે. મૃત્યુને જોવે છે કે અમૃત્યુને જોવે છે. ઈ સમજવું જોઈ. જ્ઞાન વસ્તુ જુદી છે. નિષેધ ન કરવો ને ન નડે ઈ મોટી પ્રાપ્તિ છે. ન નડે ઈ કઈ વસ્તુ છે ? આજ્ઞાથી, વૈરાગથી, જ્ઞાનથી, ધર્મથી કાં નિમથી ગ્રહણ કરો ઈ ન નડે. કાં કોકની મરજીથી ગ્રહણ કરો તો બાધ ન કરે. આપણા મનના મનસુબાને આધિન થઈને ગ્રહણ કરીએ તો બાધ કરે. મન તો મેડે ચડે ને ઘડીક હેઠું ઉતરે. મથુરા જાય ને ગોકુળ પણ જાય. મનને મતે વરતે ઈ ચંડાળ જાપડો કહેવાય. જાતિ ચંડાળ ને કર્મ ચંડાળ છે. એમાં નબળા કર્મ કરે ઈ કર્મ ચંડાળ છે. સુખને ભોગવવું ને ન બંધાવું ઈ જબરી પ્રાપ્તિ છે. તો તમે જનક બની ગયા. ઈશ્વરને નથી નડતું, એનો બાપ સમર્થ છે તે જાળવે છે. કારણ કે ગુણનું અભિમાન છે. વેગે ચડીએ તો વૈરાગ ને જ્ઞાન બેય ભેળું થઈ જાય. પૃથ્વીનું મૂળ સ્વરૂપ સ્થૂળભાવ છે. જીવપ્રાણી માત્રના શરીરનું પ્રગટ કરવાપણું, એના શરીરને બતાવી દેવું ઈ સ્થૂળભાવ છે. દેહનો માંહિલો ને બારનો વેવાર ઈ આકાશનું લક્ષણ છે.

## જોઈ જોઈ જોયું મેં જીવમાં, ત્યાગ વહાલો હરિને મનરે

શરીરમાંથી વાયુ નીકળી જાય પણ જીવ ન નીકળે શકે. જાગ્રતમાંથી સ્વપ્નમાં જાવ પણ ઈશ્વરની શક્તિથી જઈ શકાય. પ્રધાન પુરુષના સુખલેશમાં એની સ્થિતિ અવસ્થાના સુખલેશમાં અતિશય લીનપણું ઈ સુષુપ્તિ અવસ્થાનું સુખ છે તો ભગવાનનું સુખ કઈ રીતે કહી શકો. ઈ મારે જોવું છે. તમારી શું સત્તા છે ? બ્રહ્મરંધ્રે જાય તો બ્રહ્મરંધ્રથી જુવો તો ધામની મૂર્તિ ને મનુષ્યરૂપ

મૂર્તિમાં એક રોમનોય ફેર ન જણાય બેય નિર્ગુણ લાગે છે. બ્રહ્મરંધ્રથી સાકારરૂપ જોવું હોય. મનુષ્યરૂપ છે ઈ ને બ્રહ્મરંધ્રનો વિચાર બેય એક થઈ જાય છે. બ્રહ્મરંધ્ર અક્ષરધામનું માયા પર સ્વરૂપ છે ને મનુષ્યરૂપ છે ઈ પણ નિર્ગુણ છે. ઈ બેય સ્વરૂપ એક થઈ જાય તો તમે બ્રહ્મરંધ્રે જઈને જ જોવો છો. બ્રહ્મરંધ્રથી સીધું નથી જોવાતું પણ એની ગતિ શિશુમાર ચક્ર છે. એમાં વચ્ચે ભગવાનના સ્વરૂપને ઠેરાવો તો ધામની મૂર્તિ ને આ મૂર્તિ બેય એક થઈ જાય. છ ચક્રમાં જાણપણું છે. શિશુમાર ચક્ર, મૂલાધાર ચક્ર, મણીપુર ચક્ર, વિશુદ્ધ ચક્ર, આજ્ઞાચક્ર ને પછી બ્રહ્મરંધ્ર છે. પૃથ્વીના મુક્ત છે એને માટે બ્રહ્મરંધ્ર અક્ષરધામ છે. વિરામ માટે બતાવ્યું છે.

પોતે પોતાને નથી જોતો એ જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. નીચમાં અતિશય નીચ છે. માટે તમારૂં સુખ હોય ઈ અમને બતાવો. સુખ વિના આંયા બેસાય નહીં. બેસાય છે ઈ જ સુખ છે પણ સુખને તમે કહી શકતા નથી. એ જ આવરણ છે. પોતે પોતાને જોતો નથી એનું અજ્ઞાન છે. આપણી પાસે કેટલી મૂડી છે ઈ નથી જોતો એજ અજ્ઞાન છે. તમને વેવારનું તો સુજે અમને ન સુજે. પોતે પોતાના સ્વરૂપને જોતો નથી એજ ઘેલામાં અતિશય ઘેલો છે. આ જીવ સ્વપ્ન અને સુષુપ્તિમાં અંતર દૃષ્ટિ કરી જાય છે. પણ ભગવાનના પ્રતાપને વિચારીને નથી જોતો તો એજ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. એજ ઘેલામાં અતિશય ઘેલો છે. વશરામભગતના પ્રતાપને તો જોવો. જેટલી કીડીયું એટલા વિમાન આવ્યા. ભક્તચિંતામણિમાં એક ડોશીને તેડવા એક કરોડ્ય વિમાન આવ્યા. ને પાછા વાળ્યા. કેવડી શક્તિ છે ! સાકારપણાની વાત બહુ સુધી અટપટી છે. વાયુને પ્રાણવાયુ કહે છે. આ શરીરમાંથી પ્રાણવાયુ પહેલો વયો જાય છે.

પછી સ્વામીએ તે જ દિવસે સાંજે વાત કરી જે; હવે આપણે એવું મંડવું, એવું મંડવું, નહીંતર તો કામ ક્રોધાદિક દોષો કાળજા ભરખી જાશે. માટે ભગવાનને સંભારવા. ભગવાનને સંભારે એને સ્વામિનારાયણ સંભારે

છે. મહારાજનું સુખ આપવા માટે ગુણાતીતાનંદસ્વામીને ૨૫ વરસ વધારે રાખ્યા છે ને અમારે પણ મહારાજનું સુખ આપવું પડે છે. મહારાજ સૌરાષ્ટ્રના હરિભક્તોને બદલો ન આપી શકયા તેથી ગુણાતીતાનંદસ્વામીને રાખી ગયા. તેણે બદલો બરાબર વાળ્યો. **॥ ઈતિ શ્રી કિરણ ૬૧૫ ॥**

## ૬૧૬. તેજનું

સંવત્ ૨૦૩૫ના માગશર વદિ-૭ શુક્રવાર તા. ૨૨-૧૨-૧૯૭૮ને દિવસ ગામ શ્રી માણાવદર મધ્યે સહજાનંદ હાઉસીંગ સોસાયટીમાં જીવનભાઈને ઘેર પૂ. સ્વામી પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વિશ્વપ્રકાશદાસ સ્વામી મધ્યનું ૧૩મું વચનામૃત બોલ્યા પછી સ્વામીએ વાત કરી જે; મહારાજે એમ કહ્યું કે; આ વાત મારે દંભે કરીને નથી કરવી ઈ વાત સાધુરૂપની ગુણીયલની છે. આ વાત દિવ્ય સ્વરૂપની છે. મારી વૃત્તિ હૃદયાકાશમાં વરતે છે. એમાં એકલું તેજ વ્યાપી ને રહ્યું છે. ઈ મૂર્તિ દ્વિભૂજ છે. મનુષ્યના જેવી આકૃતિ છે. અલૌકિક રીત છે, જન્મની ને દેહ મૂક્યાની. આ દિવ્યરૂપ છે. આમાં ગુણ અવગુણ જોવાનું તાત્પર્ય નથી. ને ઓલી વસ્તુ ગુણીયલ છે. ભગવાનને ભજતા હોય ઈ ગુણીયલ છે. જેને આત્મા કહીએ, બ્રહ્મ કહીએ, પરબ્રહ્મ કહીએ. આ અગોચર છે. ઈ દિવ્ય સ્વરૂપ છે ને એજ ભગવાન મનુષ્ય સરખા થાય છે. એની જન્મની ને દેહ મૂક્યાની રીતિ અલૌકિક છે. એમ જ્યારે સમજશો ત્યારે અમારી પેઠે વરતાશે ને પંચવિષયમાં ખામી હશે તોપણ ખામી નથી, પણ નિશ્ચયમાં ખામી હશે તો નહીં ભાંગે. આવી વાત શાસ્ત્રમાં તો હોય, પણ સત્પુરુષ પ્રગટ થાય ત્યારે એના મુખ થકી વાત સમજાય. નારદ સનકાદિકની સભામાં પણ આ જ વાત થાય છે. આવી રીતે જેને નિશ્ચય હોય તે જાણીને તો ભૂંડુ કર્મ ન કરે પણ દેશકાળને લઈને ભૂંડુ આચરણ થઈ જાય તો પણ કલ્યાણના મારગમાંથી ઈ દૃઢ આશ્રયવાળો પડે નહીં. પહેલી સંતની વાત સમજાવી

પછી દિવ્ય સ્વરૂપ કહ્યું ને પછે સમજવાનું કહ્યું કે; ઈ વાત સમજાય તો કામક્રોધાદિક દોષ જીત્યામાં પ્રયાસ પડશે નહીં. ભગવાનના ભક્ત છે ઈ કેવી વસ્તુ છે ઈ ખબર નથી. પોતે જેવો હોય એવી કલ્પના કરે. પોતે જો પૃથ્વી ઉપર હોય તો એને પણ પૃથ્વી ઉપર માને. પોતે દિવ્ય હોય તો દિવ્ય માને. આજે મુને અમે વરતે છે એનું શું કારણ છે, કે મારા હ્રદયાકાશમાં મારી ઈંદ્રિયુની વૃત્તિ છે ને એમાં અતિશય તેજ છે. ચોમાસાના વાદળાની પેઠે તે તેજને વિષે મૂર્તિ છે. તે મૂર્તિ ઘનશ્યામ છે પણ તેજે કરીને શ્યામ જણાતી નથી. તેજને વિષે ઈ મૂર્તિ કયારેક હરતી ફરતી જણાય છે. તે મૂર્તિ માતાના ગર્ભમાં આવ્યા મોર દેખતા ને પછી પણ દેખતા ને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા બોલીએ છીએ. પણ સમજાય નહીં. ભગવાન પડદો રાખીને વાત કરે પણ સમજવા ન દ્યે. એવું દિવ્ય સ્વરૂપ છે. ઈ જ ભગવાન આ પૃથ્વી ઉપર રામ, કૃષ્ણાદિક રૂપે આવે ત્યારે સ્ત્રી થકી જન્મ ધરે, કયારેક રાજા થકી, બ્રાહ્મણ થકી અવતાર લ્યે. એમ ભગવાનની જન્મ લીધાની તથા દેહ મૂક્યાની રીત અલૌકિક છે. ઈ ભગવાન જે જગ્યામાં બિરાજતા હોય ઈ જગ્યા નિર્ગુણ, વાહન, વસ્ત્ર, પરિચર્યાના કરનારા સેવક ઈ બધુંય નિર્ગુણ છે. એમ જણાશે ત્યારે અમારી પેઠે કામ ક્રોધાદિક દોષો જીત્યામાં પ્રયાસ નહીં પડે. આ તો સાત જન્મ સુધી સાંભળીએ તો પણ ન સમજાય. અલૌકિક સ્વરૂપ છે. લોકમાં અતર્ક છે ઈ તર્કમાં આવે. એનું શું કરવું ! શાસ્ત્ર વાંચીએ ત્યારે આપણી ખામી દેખાય. એમાંથી સંશયગ્રંથી આળસવી જોઈ, નહીંતર બધાયમાં તો વાતે વાતે ધોખો થાય. તમારી ખામી દેખાય એમાંથી સંશયગ્રંથી નાશ થાવી જોઈ. એનો જેટલો મહિમા, એટલા તમે સમજયા ગણાવ. તપ કરવાનું ન કહે ઈ દેહાભિમાની ને તપ કરવાનું કહે ઈ દેહાભિમાનથી રહીત છે. પણ અલૌકિક મૂર્તિને સમજયો છે કે નહીં ઈ સમજવું. આ તેરની વાત પાછી ચૌદમામાં વાત કરી છે. બહુ મોટી કરી છે. સમજો ઈ સોડયમાં સંઘરી રાખવું પણ ભગવાનના ભક્તથી

બેપરવાઈ ન થાય એટલે પતી ગયું. કાંઈક આશીર્વાદ દેવો હોય ઈ કોક પાસે દેવરાવવો એનું નામ વિશ્વકળા કહેવાય. ભગવાનને દેહરૂપે કહો ત્યારે વૈરાગ તો હોવો જ જોઈ. સ્થૂળ ને વૈરાટ તુલ્ય છે. એને વૈરાટ કહે છે. જે સાધુને સંગે કરીને ભગવાનનો મહિમા જીવમાં ઘરી જાય એનો અવગુણ આવે ઈ પાપે કરીને એને સત્સંગમાં હેત થાતું નથી. પતિવ્રતાના અંગમાં પણ એક હોય ને બીજાને તો સડેલ કુતરા જેવો માને. ઈન્દ્ર જેવો રૂપાળો હોય તો પણ સડેલ કુતરા જેવો માને. જેવા અક્ષરધામમાં છે એવા બધે રહ્યા છે. સુજે એ રીતે રહ્યા હોય પણ પોતે જ રહ્યા છે. આ રીતે ભગવાનનું વ્યાપકપણું છે. યોગ કળાએ કરીને વ્યાપકપણું છે. પણ જીવની પેઠે અરૂપપણે વ્યાપક ન સમજવા. બીજા અવતારનું લક્ષણ હોય ઈ પોતામાં બતાવી શકે, ઈ અવતારીનું લક્ષણ છે. બીજા અવતારે જેવા કામ કર્યા, એવા પોતાના ભક્ત દ્વારા કામ કર્યું. બીજા અવતારે શક્તિ બતાવી એવી ભક્ત દ્વારા સહેજમાં જણાવી દીધી. અક્ષરધામમાં ભગવાન અને ભક્ત પ્રકૃતિએ રહિત છે. તમે પણ એને સંભારો તો પ્રકૃતિએ રહિત થઈ જાવ. આ જગતનો સર્ગ છે. એમાંથી સ્વામિનારાયણ ભગવાનનો અવતાર જુદો પાડવો છે. છે ઉત્પત્તિકાળમાં જ, પણ એનાથી અળગા છે. એટલું જ સાકારપણું છે.ભગવાનને અકળ સમજો છો પણ એને મળેલું પદાર્થ મોક્ષદાતા છે. ને મૂર્તિમાન થઈ જાય ઈ અવતારીનું લક્ષણ છે.

પછી તેજ દિવસે છગનભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૪૫મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; સત્સંગ થયા મોર પણ કાંઈક અંગ હોય. અમે ઘરે હતા ત્યારે દેવમંદિરે દર્શને જવું સારૂં લાગતું. સાધુ સમાગમ કરતા ને વનમાં ગયા ત્યારે એક વસ્ત્ર પણ રાખવું સારૂં ન લાગતું ને સત્સંગમાં આવ્યા પછી અંગ બદલાવ્યું કે સત્સંગના રૂડા વાસ્તે રામાનંદસ્વામી ધામમાં ગયા પછી કાંઈક બીક રહેવા લાગી. આ ઘડી આ ક્ષણમાં મરી જાશું એવું અણવિશ્વાસનું અંગ રહેવા માંડ્યું. કોઈનો દ્રોહ ન કરવો. કોઈને દુઃખ થાય

એમ ન રહેવું. બધાયના દુઃખ લીધા. બધાયને સુખ થાય એમ રહેવા મંડ્યા. મોક્ષ એટલે શું ? મોહનો ક્ષય એનું નામ મોક્ષ.પદાર્થનો ત્યાગ. ઉપાસના એટલે ઉપ આસન સો ઉપાસના. જેનું આસન આપણાથી ચડીયાતું છે એની ઉપાસના કરો. આપણો મત વિશિષ્ટાદ્વૈત છે. બે એમાં એક ન્યુન અને એક અધિક છે. સ્વારથ હોય ઈ શિષ્ય કહેવાય ને સ્વારથ ન હોય ઈ ગુરુ કહેવાય. આ તો એક શબ્દમાં તમને સમજાવવા છે. નહીંતર તો શાસ્ત્ર કરીએ તો તમે જન્માંતરે પણ ન સમજી શકો. વેદાંતિના ગુરુ શંકરાચાર્ય તેણે એમ કહ્યું કે; **"ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ મૂઢ મતે."** એમ એણે ઉપાસના બતાવી છે. આશરો એટલે શરણે ગયો. તમારા ઘરના માણસ તમારે આશરે છે. એટલે શું તમને ભગવાન માને છે ? ઉપાસના એટલે તો સર્વોપરીપણું કહેવાય એમ ફેર છે.

માનસીપૂજા કરવા બેસો ને પંચવિષય આડા ન ફરે તો જન્મમરણની નિવૃત્તિ છે. ઘાટ છે ઈ જ જન્મ મરણ છે. એમ હૃદય પ્રકાશમાં નિષ્કુળાનંદસ્વામીએ ૧૨મા કડવામાં લખ્યુ છે. અંડજ, ઉદ્ભીજ, સ્વદેજ, જરાયુંજ એમાં જન્મ લેવા પડે છે. એનો નિરધાર કર્યો પણ જેટલા સંકલ્પ થાય એટલા છોકરા થાય એવો કોઈએ નિરધાર કર્યો નથી. એને ઓળખે તો જન્મ મરણની નિવૃત્તિ થાય. પ્રાકૃત પ્રલયમાં તો બધાય છે. કામ, ક્રોધ, લોભ ઈ પ્રકૃતિનું કાર્ય છે. ઈ પ્રકૃતિમાં લીન થઈ જાય તો પ્રાકૃત પ્રલય કહેવાય. અજ્ઞાન નાશ થઈ ગયું ને જ્ઞાનપ્રલય થાય તો જ. માટે આત્યંતિક પ્રલય કરવાની જરૂર છે. સામો છે ઈ જ પરલોક છે. આપણા સુખમાંથી બીજાને સુખ આપવું પણ દુઃખ ન આપવું. સ્વામિનારાયણે બધાયનું દુઃખ માગ્યું. આપણા સુખમાં ભાગ દઈ દેવો ઈ કેવડી વાત છે. દુઃખની વાત ન કરવી. દુઃખની વાત કરો ઈ જ હળવી વાત છે. સુખ છે ઈ જીવને બહિર્પ્રાણ છે. એવું સુખ છે ઈ બીજાને શી રીતે આપી શકે ? સુખમાં ભાગ દઈ દેવો ઈ બહુ જબરી વાત છે. ઈ તો સ્વામિનારાયણે બતાવી દીધું. વેવારમાં કળા

શીખો ઈ વાત સારી છે પણ ભજન કરી લેવું ને ઘરના પાસે પણ ભજન કરાવવું. બીજાનું ભલુ થાય ઈ જ આપણું પેલું ભલુ છે. આ સત્સંગમાં બ્રહ્મરૂપ જાણે તો બ્રહ્મરૂપ થાતા જરાય વાર નથી. છેલ્લો જન્મ થઈ જાય. કરવું કાંઈ ન રહે. કૃતાર્થ થઈ જવાય. જે માણસ જેવા ગુણે યુક્ત હોય તેને વિવેકથી બોલાવવો. ભગવદીયનું અપમાન ન કરવું. વૃદ્ધનું અપમાન ન કરવું. આવો વિવેક હાથ આવી જાય તો કામ થઈ જાય. હાથ તો આવી ગયું છે પણ ભગવાનની ઈચ્છાથી જણાતું નથી. ભગવાનના ભક્તની આગળ હાથ જોડાય ગયા તો ન બનવાનું હોય ઈ બની જાય. કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે પણ આવા સાધુને હાથ જોડીએ એટલામાં જ મળી જાય. પોતાને મુખે કરીને પોતાના વખાણ ન કરવા પણ કહ્યા વિના ખબર ન પડે.

પછી તે જ દિવસે સાંજે રમણીકભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, જો એકકળાવચ્છિન્ન જાણી શકે તો જ બુદ્ધિને જીવ કહેવાય. જો એકકળાવચ્છિન્ન ન જાણે તો બુદ્ધિને જીવ ન કહેવાય. જો સંશયગ્રંથી ગળી ગઈ હોય તો પાપ જાય. નિશ્ચય થયો હોય એમાં સંશય થાય એનું જ નામ સંશય છે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૧૬ ॥**

## ૬૧૭. જ્ઞાનીના પંચવિષયનું

સંવત્ ૨૦૩૫ના માગશર વદિ-૮ શનિવાર તા.૨૩-૧૨-૧૯૭૮ને દિવસ સ્વામી ગામશ્રી માણાવદર મધ્યે સહજાનંદ સોસાયટીમાં જીવનભાઈને ઘેર પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વિશ્વપ્રકાશદાસસ્વામી પંચાળાનું ૭મું બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં માયા છે જ નહીં. માયા ન હોય એવું ભગવાનનું સ્વરૂપ છે. પરલોકમાં ભગવાનનું સ્વરૂપ છે. મનુષ્યની સ્થિતિ એ સ્થિતિ છે ઈ આલોકમાં સ્વરૂપ છે. આપણે દુઃખી તો ઈ દુઃખી. આપણે અસમર્થ એમ ઈ પણ અસમર્થ, છતાંય ત્રિકાળમાં માયા છે જ નહીં.

ધામ પોતાનું સ્વરૂપ છે. દિવાન છે ઈ જ રાજા પોતે છે. વજીર છે ઈ પોતે છે. જે સમે જે મુખ્ય હોય ઈ પોતે છે. તેણે કરી ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ એવું ભગવાનનું સ્વરૂપ છે. કપટ જીવમાં, લોકમાં, વેવારમાં કપટમય છે. ઈ રીતે વરતતા હોય તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ જેણે એવું ભગવાનનું સ્વરૂપ છે. પણ મૂઢ જીવ પોતા જેવા જાણે છે. પણ એકાંતિકના વચનામાં વિશ્વાસ લાવીને ઈ ના ઈ ચરણકમળને ભજે તો માયિકભાવ અળગો થાય. નહીંતર માયિક ભાવ અળગો થાય એવો નથી. માયિક ભાવ નાશ પામી જાય. જેમ પોતે જન્મે, બાળક થાય, યુવાન થાય, વૃદ્ધ થાય તેમ ભગવાનને પણ દેખે પણ ભગવાન એવા નથી પણ એકાંતિક સાધુના વચનમાં વિશ્વાસ લાવે તો ઈ ની ઈ ભગવાનની મૂર્તિ સત્ ચિત્ ને આનંદમય દેખે. આ લોકની સ્થિતિ કળ્યામાં નથી આવતી તો ભગવાન કળ્યામાં કેમ આવે ! સાકારપણાની નિષ્ઠા છે ઈ બહુ જબરી વાત છે. આત્યંતિક પ્રલયને અંતે પણ આ ભગવાન ને આ સંત રહે છે. આત્યંતિક પ્રલયમાં પણ પોતાની સ્થિતિ બદલતી નથી તો અત્યારે કેમ બદલાવશે ! માટે ભગવાન તે ભગવાન છે. ને ભક્તને કાયમ આપણા હિત માટે પૃથ્વી ઉપર રાખ્યા છે.

ગુણાતીતાનંદસ્વામીએ કેવડી ધર્મશાળા કરી. બે વરસમાં ધર્મશાળા પુરી કરી. આ બધાય થાંભલાના દર્શન કરે છે પણ સાધુના દર્શન કોઈ કરતું નથી. સાધુના દર્શન કરે તો બેડો પાર થઈ જાય. પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં લીન થઈ જાય. કરવું કાંઈ ન રહે. આ પ્રાપ્તિ તો સૌને પાર છે. અગમ છે પણ સુગમ થઈ ગઈ. આ લોકનો વેવાર સુધારવો છે પણ આ લોકનો વેવાર તો એવો જ છે. કોલસાને દૂધથી ધોવો તોય કાળા જ રહે. એમાં ઐશ્વર્ય છે પણ આપણને બતાવતા નથી. જો બતાવે તો વ્યાપકાનંદસ્વામીની જેમ બંધીખાનું થાય. વ્યાપકાનંદસ્વામી એટલે વ્યાપકાનંદસ્વામી. અલૌકિક સ્થિતિવાળા હતા. એણે ભૂમાપુરુષનો લોક ખાલી કરી દીધો. આ સભામાં

ચાનું કે કુલક્ષણનું પ્રતિપાદન નહીં થાતુ હોય પણ તમારે રાખવું હોય તો પછી અમે શું કહીએ ? સ્વભાવને દેખતા હોય તો પણ ન કહેવાય. શું કરવું ! સાધુ થયા. જો રાજાના જેવી રીત હોય તો એના ઉપર ઝાઝો દંડ થાય. આપણા સાધન વતે આપણું કલ્યાણ નથી. આપણું કલ્યાણ તો બીજાના સાધન વતે છે. આપણી મોટાઈ તો ભક્તની અમીદૃષ્ટિથી જ છે. અમીદૃષ્ટિ આળસી જાય એટલે જમપુરી છે. ને એનું મૃત્યુ જ છે. નાગે પાયે દક્ષિણમાં જાય. એકાંતિકનો પક્ષ લેવો વિકટ મામલો છે. પણ ભગવદીયનો પક્ષ રાખે પણ દેશકાળે તો એકાંતિક બધાયનો બચાવ કરે ને ભગવદીય તો પોતાનું જ રક્ષણ કરે. એકાંતિક તો અનેકનો બચાવ કરે. તે ઉપર ગુણાતીતાનંદસ્વામીની વાત કરી. એકાંતિકની કેટલી તાગાત છે ઈ તો વિચાર કરીએ તો ખબર પડે. ને ભગવદીય તો પોતાની રક્ષા કરે ને બીજા બધાય વિખાય જાય. ને એકાંતિક તો સીધા અક્ષરધામમાં વયા જાય એવા હોય. અક્ષરધામના પતિને સાક્ષાત્ જઈને મેળાપ કરે. બીજા વતે કલ્યાણ કર્યું. સત્સંગના નિયમ પાળ્યા ન હોય ને અંતકાળે જો હરિભગત એની પાસે આવે તો ઈ અક્ષરધામમાં જાય. આવી સત્સંગમાં પ્રણાલિકા ચાલી આવે છે. આપણું કલ્યાણ તો બીજો કરે તો જ થાય. અક્ષરધામનો રસ્તો કોને હાથ આવ્યો છે ? આપણું કલ્યાણ કોઈક કરશે એમ થાય તો અક્ષરધામનો રસ્તો હાથ આવ્યો ગણાય. માંદો થાય ને વૈદ વાલો ન લાગે તો મૃત્યુનો ભય નથી ને વૈદ વાલો લાગે તો મૃત્યુનો ભય છે. છેલ્લો જન્મ કરી લેવો. બહુ ટેમ મોટી આવી છે. આભને ટેકી દ્યે એવા આ સત્સંગમાં અનેક છે. એની છાયામાં રહીએ તો કામ થઈ જાય. અત્યારે તો શેરડીનો વચલો ભાગ છે. ધર્મ, નિમ વિનાના હોય ઈ પીંછડા જેવા છે. એનાથી અક્ષરધામમાં બેસીએ ન શોભાય. અક્ષરધામમાં જાન જોડી છે. તે બધાયને સોંઢવા છે. એમાં સ્વભાવે યુક્ત હોય એને જાણી રાખવા. અક્ષરધામનો મુક્ત હોય એને પણ કહેનારો તો જોઈ. દરરોજ સો માળા ફેરવતો હશે પણ આ સભામાં અરધી કલાક બેસી

જાય તો કામ થઈ જાય. સર્વ કરતા ભગવાનનું ભજન કરવું ઈ શ્રેષ્ઠ છે. જેવો પરોક્ષનો મહિમા છે એવો પ્રત્યક્ષનો નથી. જો એવો મહિમા પ્રત્યક્ષનો થાય તો સર્વ મુદ્દો હાથ આવ્યો ને ગુણાતીતાનંદસ્વામીએ મુદ્દામાંથી મુદ્દો ખેંચ્યો. સાધુ સમાગમ જ છે. મોરે થયા નારદજી એનું માંકડાનું મોઢુ થયું પણ અત્યારે કોનું માંકડાનું મોઢું થયું ? માટે સરખો મહિમા નથી. નિષ્કુળાનંદસ્વામી બની જાવું. રામાનંદસ્વામી તેડવા આવ્યા તોપણ એની સાથે ન ગયા. કેવડી જબરી શક્તિ છે. હાલતા હાલતા સાધુ થઈ ગયા. આપણે તો એમ નક્કી કર્યુ છે કે સ્વર્ગ દેખાડે તોય નથી જોતું નથી. એના કરતા નરક સારૂં છે.

**તરૂણ વેશ્યાવાડો અહોનિશ અખાડો.**

એવું સ્વર્ગ છે. ઈ સુખ ભોગવી પૂન્ય ખૂટે એટલે પાછો આંયા આવે. ઈ કરતા અક્ષરધામ સારૂં છે. જોબન અવસ્થા પાપનો પહાડ છે. એટલે જુવાન દીકરાને વેવાર સોંપી દ્યે. ગરાસીયામાં જુવાન થાય એટલે અફીણ વળગાડી દ્યે. આવા પરુ-પાશના દેહમાં જાણવા ઈચ્છીએ તો કઈ રીતે જણાશે ! ભગવાનના ગુણ, શક્તિ કેટલુંક કહી શકીશું ! આપણે કહેવા સમર્થ નથી. ગુણ ગ્રહણ કરીને અક્ષરધામમાં જાઈ એવી પ્રાપ્તિ થઈ છે. કયાં જાશું ને શું થાશે ? ઈ તો ધણી વિનાનો હોય એને એમ થાય. પણ ધણીવાળાને એમ ન થાય.

મોટા માણસનું અપમાન ન કરવું ઈ સ્વામિનારાયણનો સિદ્ધાંત છે. મોટા માણસનું અપમાન કરીને સુખિયા રહો એવી કોઈએ આશા રાખવી જ નહીં. લોક મોટા માણસને આધિન છે. આપણે જેમ સ્વામિનારાયણને આધિન છીએ એમ. મોટા માણસ પાસે ત્યાગનું પૂંછડુ ન બતાવવું તો ભજનમાં સુખ ન રહે. શાસ્ત્રનો પરસ્પર વિરોધ હોય એનો તોડ કરી શકે એ જ એકાંતિકનું લક્ષણ છે. એકાંતિકનું લક્ષણ હાથ આવે તો કામ થઈ જાય. સ્વામિનારાયણે ધુંધુંબાજ મારગ ચલાવ્યો છે. એમાં બધાય હોય. ભગવાન

જેવા ઐશ્વર્ય આવે તોપણ પ્રથમની જેમ દીન આધિન રહે તો પોતાની સમજણ્ય છુપાવી કહેવાય. તે ઉપર અંબરીષ રાજાની વાત કરી. આલોકમાં અધિકાર આપણો છે ને પરલોકમાં ભગવાનના ભક્તનો અધિકાર છે. અક્ષરધામમાં જાવું છે ઈ વાત એક જુદી છે. આ લોકમાં રહીને પરલોક સાચો કરવો ઈ કેવડી વાત છે ! આ મુડદાલ દેહમાં રહીને પરલોક સાચો કરવો ઈ કેવડી વાત છે !

પછી તે જ દિવસે બપોરે જમ્યા પછી સ્વામીએ વાત કરી જે; આદિપુરુષ નારાયણ એનાથી આ સૃષ્ટિ થઈ. માટે સર્વે નિર્ગુણ છે. એમ અસત્પુરુષ માને છે. ને રામકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિયું છે એમાં શ્રેષ્ઠ હોય એને કહે છે. શ્રેષ્ઠ છે ઈ હું છું. દેવ ને મનુષ્યાદિકની ગતિયું છે એમાં રામકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિયું છે. એને ગ્રહણ કરવું. ઉદ્ધવ, હનુમાન, સુદામા, અક્રુર એવા પાર્ષદ છે એમ ભાવના કરવી. પૂર્વે અવતાર થઈ ગયા એનું ધ્યાન ન કરવું. રામકૃષ્ણાદિક ભગવાન પૂર્વે થઈ ગયા હોય એનું ગ્રહણ ન કરવું. પતિવ્રતાની ટેક રાખવી. એનું ફળ શું છે ? કે સ્વભાવ ઊડી જાય. અવતારમાં ને બીજામાં સરખો ભાવ છે ઈ ઊડી જાય. સત્પુરુષની સમજણ્ય છે.

પછી તે જ દિવસે સાંજે પોતાના ઉતારાના ફળીયામાં ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને પોતાના મુખારવિંદની આગળ સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ભગવાનજીભાઈ સાક્ષાત્ સવિતાનું ૨૧૭મું કિરણ બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે; પંચવિષય એક જીવતા છે ને એક મરેલા છે. એમાં તમે મરેલા પંચવિષયને ભોગવો છે કે જીવતા પંચવિષયને ભોગવો છો ? ભમરો છે ઈ ફૂલને તોડતો નથી ને એમાંથી સુગંધ લ્યે છે ઈ જીવતા પંચવિષય છે. જાણપણામાં રહીને પંચવિષય ભોગવો તો જીવતા છે. જ્ઞાનીના પંચવિષય છે એને જ ગીતામાં શ્રેષ્ઠ કહ્યા છે. એના પંચવિષય જીવતા છે ને આપણા પંચવિષય આપણને

બંધન કરે એવા છે. આપણને ખાડામાં નાખી દ્યે એવા છે. અનીતિ કરીને જમપુરી ઘરમાં પેદા કરીને ભોગવતા હોય ઈ અજ્ઞાનીના પંચવિષય છે. જ્ઞાનીના પંચવિષય છે ઈ ઉદ્ધવજીના છે. ગોપીયુંના છે. કેવા છે તો તુલસીદાસના છે એવા છે.

**જેને મળવે માન્યું કલ્યાણ રે તેને જોવા ઘડીએ ઘડીએ**

ઈ જીવતા પંચવિષય છે.

**ખાતા પીતા જોતા જણાશે રે આશય એના અંતરનો.**

જ્ઞાનીના પંચવિષય પોતાના ગુણને જાણવા ન દેતા હોય ને અજ્ઞાની પોતાના અલ્પ ગુણને પણ જણાવતો હોય માટે ભગવાન સંબંધી વિષય છે ઈ જ આ જીવનું સાચું ધન છે. ભગવાનને સંભારીને ક્રિયા કરીએ તો ભગવાન સંબંધી પંચવિષય છે ને ભગવાનને ભૂલીને કરીએ તો જગત સંબંધી છે.એવા પંચવિષયથી તો જમપુરીમાં દરરોજ ૨૪૭ જોજન ચાલવું પડે, આંયા ઘરેથી બહાર ન નીકળતો હોય ને ત્યાં તો ૨૪૭ જોજન ચાલવું પડે. પાતાળલોક છે ઈ સંયમી છે. અધોગતિ છે ઈ પાતાળ છે. ઊર્ધ્વગતિ છે ઈ સ્વર્ગ છે. એમાં આપણે કયાં જાશું ? જો ભગવાન ને ભગવાનના ભક્ત તેડવા આવે તો શરીર કુણું માખણ જેવું હોય તો ઈ સ્વર્ગમાં જાય ને ઓલ્યા તો નરકમાં જાય. ભગવાનના ભક્તને ભગવાનના પાર્ષદ આવે ને કાં સાધુ આવે તો જીવ જાય ને વિમુખને તો જમથી જીવ નીકળે છે. લાકડા જેવું શરીર થાય તો પાપી સમજી લેવા. કાંઈક રોગ થાય તો પણ દેહ મેલ્યા ટાણે કુણું થઈ જાય. ભગવાનનો ભક્ત આનંદથી દેહ મેલે. ને વિમુખ કામથી, ક્રોધથી, ઉદ્‌વેગથી, ભયથી દેહ મેલે છે. લોકમાં કહે છે કે; ભાભે કોઠો ખંખેર્યો એટલો એને ભય છે. જ્ઞાનીના પંચવિષય જીવતા છે, ઈ જ ભગવાનના છે. જ્ઞાનીએ જાણપણામાં રહીને જે ક્રિયા કરી એનાથી પેદા થયેલું ઈ જ્ઞાનીના પંચવિષય છે. અંબરીષના પંચવિષય આત્મનિવેદી છે. જનકના પંચવિષય નિર્ગુણ છે. ઓલ્યો ભગવાનને જળ,પત્ર, ફળ-ફૂલ ધરીને જમે છે. એમ

એની ક્રિયા નિર્ગુણ છે. ભગવાનને ધરીને જમવું ને એક કોઈને પાઈને પીવું ને કાં સ્વામિનારાયણ કહીને પીવું એમ આત્મનિવેદીપણું છે. સંશયગ્રંથી થાય તો મુવા પડયા. ભગવાનને ધર્યુ નથી એમ સંશય ન રહેવો જોઈ. સ્વામિનારાયણ કહીને પીવો તો ય સંશયગ્રંથી નાશ થાવી જોઈ. ભગવાનને નિવેદ કરીને ધરેલું હોય કે ભક્તને ખવરાવીને ખાધું હોય કે પ્રસાદી હોય ઈ ત્રણેયમાં સંશયગ્રંથી ન થાવી જોઈ. નાસ્તિક હોય ઈ એમ કહે કે ઠાકોરજી નથી જમતા ત્યારે ભક્તે જવાબ આપ્યો કે ભમરો ફૂલમાંથી સુગંધ લ્યે છે પણ કમળ ઓછું નથી થાતું. એમ ભગવાન થાળમાંથી આપણી ભાવના લઈ લ્યે છે. તો ઉપાસક છીએ ને કાં ભગવાનને નિવેદ ધરીને ખાવું તો આત્મનિવેદી કહેવાય. ને કાં જ્ઞાનીના પંચવિષય ભગવાન સંબંધી નિર્ગુણ છે. એટલી વાત કરીને ૨૧૭મું કિરણ ભગવાનજીભાઈ પાસે ફરીથી બોલાવ્યું.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૧૭ ॥**

## ૬૧૮. સ્વભાવ ટાળવાનું

સંવત્ ૨૦૩૫ના માગશર વદિ-૯ રવિવાર ને તા.૨૪-૧૨-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી માણાવદર મધ્યે સહજાનંદ સોસાયટીમાં જીવનભાઈની ઘેર વિરાજમાન હતા ને સંતો અને હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; જેવું આવી વાત સાંભળતા હશો ત્યારે મન નિર્વિષયી થાતું હશે એવું કોઈ સાધને કરીને થાતું નહીં હોય. વાતરૂપી સાંગડી છે ને ભગવાન અને સાધુના મહિમારૂપી દારૂ છે. તો જ મેરૂ જેવડો માન છે ઈ નાશ પામે. સ્વભાવને ટાળ્યાનો નિત્યે અભ્યાસ રાખે તો સ્વભાવ ટળી જાય. સ્વભાવ છે ને સાધુ જ હશે ને ટાળવાની ઈચ્છા કરશે તો સ્વભાવ કયાં સુધી રહી શકશે ? દેહના નીમ કહ્યા છે. એનાથી સ્વભાવ ટળે. ચંચળ છે એણે શાંત થાવું. હું બ્રહ્મ છું, હું આત્મા છું એમ શાંત થવાય. ને શાંત હોય એને ચંચળ કેમ થાવું ? ભગવાનના ભક્તના મહિમાથી, સેવા

ભક્તિથી શાંત હોય ઈ ચંચળ થઈ જાય. ન ટળે એવો સ્વભાવ ટળી જાય. કહેનાર છે એના ઉપર સાંભળનારને હેત થાવું જોઈ. બેસે, ઉઠે, ખાય, પીવે, જે જે ક્રિયા કરે ઈ એની મરજી પ્રમાણે કરે તો વાસના જરૂર ટળી જાય. વૈરાગ નથી તો બૃહદ વૈરાગ ઉત્પન્ન થાય. એક અલૌકિક સુખ ભગવાને આ બ્રહ્માંડમાં ભક્ત સારૂ થઈને નાખી દીધું છે. અમે તો સાધુ સત્સંગીના દુઃખમાં ભાગ લીધો છે. દેહ પણ એના અર્થે રાખ્યો છે. દેહ રાખવાનો અર્થ જ એટલો છે કે ભગવાન અને ભગવાનના ભક્ત કેમ સુખિયા થાય ! કેમ રાજી થાય ! કેમ આ લોકમાં સુખી થાય. આ લોકના પદાર્થથી સુખી થાય એમ નથી. નિત્ય અભ્યાસથી સ્વભાવ ન ટળે એવો છે, છતાંય ટળી જાય. હીરો કોઈ રીતે ન ફૂટે પણ માંકડના લોહીથી ફૂટી જાય. એમ વાસના કોઈ રીતે ટળે એમ નથી પણ મોટા કહે એમ કરે, એને નિર્દોષ જાણે તો વાસના ટળી જાય નહીંતર તો વાસના ટળે એવી નથી. અજન્મા છે. બધેય રહી છે. ભેખમાં રહી, ડાયામાં, પંડિતમાં, જ્ઞાનીમાં, ધ્યાનીમાં બધેય વાસના રહી છે. જ્ઞાનીને એમ કે હું જેવો કોઈ જ્ઞાની નહીં. તપસ્વીને એમ કે હું જેવો કોઈ તપસ્વી નહીં. વાસના ટાળવી છે સહેલી, પણ કળથી ટળે પણ બળથી ન ટળે. વિષય ગ્રહણ કરતી વખતે વિષયનો વિચાર કરવો કે આની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કઈ રીતે છે. એમ વિચાર કરવો. નાશ થાય એમ નથી પણ નાશ થઈ જાય. વાસના અજર છે, અમર છે. ઈ વાસનાને ટાળવા સ્વામિનારાયણનો જન્મ છે. જીવ એટલે જીવ જ છે. જેમ તીલે કરીને ફૂલ વસાય છે. ઈ નોખી ન પડે પણ રોકો તો નોખું પડી જાય. ધ્યાન, વચન ને એનું સ્વરૂપ સમજવામાં આવે. જ્ઞાન થાય, ધ્યાન ધરાય, ભજન થાય તો વાસના ટળે. મનમાં ચિંતવન કરવું ને નેત્રમાં મૂર્તિ રાખવી ને જીભે કરીને ભજન કરવું તો વશ થઈ જાય. નેત્રે દેખાય છે એનું જ ભજન કરવું તો વાસના ટળે. ત્રણેય એક સાથે થાય તો જ મત્સ્યવેધ થાય. અર્જુન બને તો થાય. આંયથી અક્ષરધામમાં કોઈ રીતે, કોઈ હિસાબે જઈ શકીએ એમ

નથી. સ્વામિનારાયણે સહેલું બતાવ્યું. સામાના પંચવિષય નિર્ગુણ, સુખરૂપ જાણો તો તમે પણ નિર્ગુણ ને સુખરૂપ થઈ જાવ પણ કળ હાથ આવવી જોઈ પણ બળથી નહીં કામ આપે. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે ઈ જીવના કલ્યાણ માટે કરે છે. ઈંદ્રિયું, અંતઃકરણ મોક્ષને માટે રચ્યા છે. લોકાંતરમાં જાવા માટે રચ્યા છે. તો લોકાંતરમાં જાય પણ આત્મવિચારથી મોક્ષને મારગે ન હાલે. આત્મા અજર, અમર, મરે નહીં, બળે નહીં, જાય નહીં, આવે નહીં, ચીકણો નહીં, નાત નહીં, જાત નહીં. આવો અખંડ, અજર છે એનું જ્ઞાન થાય તો આત્મારૂપ થાય. **॥ ઈતિ શ્રી કિરણ ૬૧૮ ॥**

## ૬૧૯. આત્મદર્શનનું

સંવત્ ૨૦૩૫ના માગશર વદિ-૧૦ સોમવાર ને તા.૨૫-૧૨-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી માણાવદર મધ્યે સહજાનંદ સોસાયટીમાં જીવનભાઈની ઘેર ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંતો અને હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આત્માનંદસ્વામીનો પ્રશ્ન છે. એમાં આત્માનું વર્ણન કર્યું છે. દેહ, ઈંદ્રિયું, અંતઃકરણ ને દેવતા થકી જીવ કેવી રીતે અળગો છે ? એનું લક્ષણ શું છે ? દેહમાં સુખ દુઃખ થાય છે ઈ જીવને જ થાય છે. માટે નોખા કઈ રીતે છે ? માટે દેહના ભાવ જાણી લેવા. કસ્તુરી લગાડો તો પણ દેહનું તો આવું જ છે. માટે સારૂં કઈ રીતે સમજવું ? દેહભાવ તો અક્ષરધામમાંથી પાછો ટટકાવે છે. ઈંદ્રિયુંની ચપળતા કેવી છે ? પોતપોતાના વિષયમાં ભોળવીને ભાગીદાર કરશે. વિષયમાં જોડી દેશે. ધ્યાનમાં મહિમા સમજે તે ભેળો ભગવદીય બાઈનો પણ મહિમા સમજે, એવી ચપળતા ઈંદ્રિયુની છે. ચાહે તે રૂપે ભોળવીને વિષયમાં ઢસળી જાય છે. મરેલ મકોડો જીવતાને ઢસડી જાય છે. ઈંદ્રિયું મરેલ છે ઈ જીવને વિષયમાં જોડે છે. વિષયની ઉત્પત્તિ ઈંદ્રિયુથી જ છે. એમાંથી નીકળવા કોઈકની સહાયતા જોશે. પછી અંતઃકરણનો સ્વભાવ પ્રમાણ કરવાનો છે. માસ્તરને

એકડો નથી કરવો પણ છોકરાને શીખવવા કરવો પડે. એનું જ નામ પ્રમાણ. જીવ અલ્પજ્ઞ છે, અલ્પ બુદ્ધિ છે ને માસ્તર અંતઃકરણ પ્રમાણ કરવા ભેળો ભળી જાય છે. બાળકને રમાડનારો બાળક જ છે. જેવો બાળકનો સ્વભાવ છે. એવો મનનો ને ઇંદ્રિયુનો સ્વભાવ છે. એનું પ્રમાણ કરવા સારૂ ભેળું ભળવું જોશે. મુક્ત હશે કે ઈશ્વર હશે પણ એમ કરવું પડશે. મનુષ્યમાં અલૌકિક સ્થિતિ છે. ભેળા ભળી હેત કરીને ભગવાનનો પ્રતાપ, ગુણ આપીને અળગા થઈ જાવ તો તમે ખરા કહેવાય. એની ભેળું ભળવું પડશે. એક દિવસ કાને છેતર્યો. નેત્રે છેતર્યો એમ કરો તો બીજાને હેત થાય. આ પ્રમાણનું લક્ષણ છે. ને એમાં પડયો રહેતો નથી. નોખો થઈ જાય છે. આ જીવનું સ્વરૂપ ન્યારૂં છે. દેવતા એટલે પ્રાપ્તિ. વિષય અનાદિકાળથી અનંત દેહ ધરીને પંચવિષયનો ભોગવટો કર્યો છે. સમુદ્ર છે એટલું દૂધ ધાવ્યો છે. પણ વિષયની તૃપ્તિ થઈ નથી. તો હવે કેમ થાશે ! ભગવાનના નામ, ચરિત્ર, ગુણ એમાં શું શક્તિ છે. ખબર પડે તો અહો વાત છે.

પછી તે જ દિવસે બપોર પછી વાત કરી જે આ લોકમાં આવ્યા છીએ પણ એકલું જાવું છે. કોઈ સાથે આવે એમ નથી. પોતાના કરેલા કર્મ ભાતુ બાંધીને ભેળા આવે છે. જીવ કર્મ કરે ઈ સાવ સમજીને કરવું. આપણે કર્મ કર્યું ઈ આપણે જ ભોગવવાનું છે કે બીજા ભાગીદાર છે ? ભજન કરવું. કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવાની વાત છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૧૯ ॥**

## ૬૨૦. પૃથ્વીના મુકતનું

સંવત્ ૨૦૩૫ના માગશર વદિ-૧૧ મંગળવાર તા.૨૬-૧૨-૧૯૭૮ને દિવસ સ્વામી ગામ શ્રી માણાવદર મધ્યે સહજાનંદ સોસાયટીમાં જીવનભાઈની ઘેર ઢોલિયા પર વિરાજમાન હતા ને સંતો અને હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને પ્રશ્ન પૂછ્યો જે; અક્ષરધામના મુક્તની રીત શું છે ? ને પૃથ્વીના મુક્તની રીત શું છે ? તેનો ઉત્તર પોતે જ કર્યો જે; અક્ષરધામના મુક્ત દિવ્ય છે. અગમ છે. અગોચર છે. પૃથ્વીના મુક્ત મનુષ્ય જેવા છે છતાંય દિવ્ય છે એની પાસે જાઈ ત્યારે આપણા દોષ દેખાય એ જ એનું તેજ છે. કુપાત્રના સંગથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. ને સુપાત્રના સંગથી બુદ્ધિ પવિત્ર થાય છે. માટે સુપાત્રનો સંગ કરવો ને કુપાત્રના સંગનો ત્યાગ કરવો. નારદ સનકાદિક જેવા હોય તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય તો દેહાભિમાની હોય એની શી વાત કરવી ? સુંદર સાત માળની હવેલી હોય, કાચના તકતા જડયા હોય. વેશ્યાઓ થૈ થૈકાર કરી રહી હોય એવી સભામાં જે જન જઈને બેસે ત્યારે તેનું અંતઃકરણ બીજી રીતનું થઈ જાય છે. ને ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા ભરાઈને બેઠી હોય, એવી સભામાં જે બેસે એનું અંતઃકરણ બીજી રીતનું થઈ જાય છે. માટે કુસંગને જોગે અંતઃકરણ ભ્રષ્ટ થાય છે ને સત્સંગને જોગે અંતઃકરણ પવિત્ર થાય છે. એની પાછી વૃત્તિવાળાને ખબર પડે છે. માટે કુપાત્રના સંગથી ડરવું ઈ સ્વામિનારાયણનો સિદ્ધાંત છે. મારો આમાં ઈ સિદ્ધાંત શું છે ? અક્ષરધામ છે ઈ અગમ છે. અગોચર છે. દિવ્ય છે ને આ છે ઈ અલ્પ છે છતાંય આની પાસે બેસો તો ભૂલ્ય દેખાય, પાછી વૃત્તિ વળી જાય. તે ઉપર જીંજાવદરની વાત કરી. આંયનો મુક્ત આપણને ન્યાં પુગાડવા સારૂં છે. તમે સાવ સારા થાવ એટલે સ્વામિનારાયણ ભગવાન તમારે માટે તૈયાર છે. બચપણમાં જીભનો સ્વાદીયો હોય નહીં. છોકરાની સોબત ગમે નહીં. શરીરને દમ્યા કરે. આ ત્રણ લક્ષણથી પ્રમાણ કરી આપ્યું. જુવાની અવસ્થામાં સારો હોય ઈ દશ વીશ ગાવની મજલ કરવી, સ્વપ્નમાં વીર્યપાત થાય ઈત્યાદિક દોષ જુવાની અવસ્થાના છે. આ સ્થુળ દેહના દોષ છે. ને મનમાં કામનો, પીધાનો, સુવાનો સંકલ્પ છે ઈ સૂક્ષ્મ દેહના છે. શાસ્ત્રે બધાયની રીતભાત કહી હોય એમાં ભગવાનના ભક્તની લાડીલાની શું રીત છે ઈ મારે જાણવી છે. એને સંગે જ રહેતા હોય

તે ઉપર નારાયણદાસસ્વામીની વાત કરી. મહારાજ ઘરે હતા ત્યારે દેવમંદિરે દર્શને જાવું. સાધુ સમાગમ કરવો તે ગમતું, વનમાં હરણા-પાડા એનાથી પણ ડરતા નહીં ને ચાર ગાઉવાળા પહોળા પાટવાળી નદીમાં શરીર તણાતું મેલી દીધું તો પણ દેહ પડ્યું નહીં. બગ ને હંસ બેય હોય ધોળા પણ બેયનો આકાર જુદો હોય. એમ બેઠકે ઓળખાય, એના સંગથી ઓળખાય.

**કામી બોલે કામે ભરીયું રે, લોભી બોલે લોભ ભરી.**

તમે સાવ સારા થઈ જાવ તો નરસા જ તમારાથી બીવે. આ જ સ્વામિનારાયણનું તેજ છે. લાભમાં લાભ થઈ પડ્યો. આનંદમાં આનંદ થઈ ગયો. સુખનો સમુદ્ર મળી ગયો. હવે આપણે મધ્યના ૬૬ની વાત કરીએ. એમાં છ સદ્‌ગુરુના પ્રશ્ન છે. પહેલા મુક્તાનંદસ્વામીને પૂછ્યું ને છેલ્લે શુકસ્વામીને પૂછ્યું. જેને ભગવાનની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ હોય એને જીવતા શું પ્રાપ્તિ ને મર્યા પછી શું પ્રાપ્તિ ? જીવતા તો દિવસ ને રાત કથાવાર્તા કરે, ધર્મને રાખે ને અધર્મનો ત્યાગ કરે. વૈરાગ થાય ને આત્માનું દર્શન થાય. આવો જે ભક્ત હોય તે દેહને મેલે ત્યારે ભગવાન એને પોતા જેવો જ કરે છે. મારા જન્મ ને કર્મ દિવ્ય છે. કાળ, કર્મ, માયાથી હું રહિત છું. એમ ભક્ત પણ કાળ, કર્મ, માયાથી મુકત થાય ને સ્વતંત્ર થાય . જેમ લક્ષ્મીજી છે, એમ સ્વતંત્ર થાય છે. તમે જો ભગવાનના થયા હો, તો આટલી ક્રિયા તો થાવી જ જોઈ. કથાવાર્તાથી જ રાત્રિ દિવસ વીતે, અધર્મનો ત્યાગ કરે ને ધર્મમાં રહેવાય. માયિક પદાર્થનો ત્યાગ કરે ને ભગવાનમાં પ્રીતિ થાય. એવો ભક્ત દેહને મેલે તો ભગવાનની જેમ ઈ પણ સ્વતંત્ર થાય છે. ગોપાળાનંદસ્વામીના નવ પ્રશ્નો છે. મુક્તાનંદસ્વામીના ૯૨ પ્રશ્ન છે. શરીર શિથિલ વરતે ઈ બહુ સુખદાય છે. ઈ મોટામાં મોટું આસન છે. સારા વિષય ને નરસા વિષય સમાન થઈ જાય ને ઉતરતાથી પણ ઉતરતા થઈ જાય ઈ કયા વિચારથી થાય ? ધર્મે સહિત કિચિંત્ ભગવાનનો સંબંધ છે. આ વિચારથી વિષય સારા નરસા સમાન થઈ જાય છે.

**समलोष्टाश्म कांचनः**

ઈ વિચાર છે. હવે બીજો વિચાર કહે છે. જેમ કોઈ મોટો રાજા હોય ઈ ગરીબ સારું સડકું બંધાવે, પાણીના પરબ બંધાવે. એમ બ્રહ્માદિક દેવ છે. એની સારૂ ભગવાને આ બ્રહ્માંડ રચી આપ્યા તો એના ધામમાં તો એથી અધિક સુખ હશે. આ વિચારથી વિષય ઉતરતા થઈ જાય. પીપરની ટેટી જેવા થઈ જાય. હવે ઉતરતાથી પણ ઉતરતા થઈ જાય. સર્વેના રૂપ, ગુણ, તાગાત જોવી ઈ વિચારથી ઉતરતાથી પણ ઉતરતા થઈ જાય. અમે સ્વાભાવિક રીતે પંચવિષયનું ગ્રહણ કરતા હોય તો ઠીક, પણ લગારેક સારપ્ય મનાય જાય તો મન ઉદાસ થઈ જાય ને એમ થાય કે ઓહોહોહોહો !!! આ સુખ મેલીને ઓ સુખને ક્યારે પામીએ ?

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૦ ॥**

## ૬૨૧. અગમ સુગમ થયાનું

સંવત્ ૨૦૩૫ના પોષ વદિ-૧ પડવો રવિવાર તા.૧૪-૧-૧૯૭૯ ને મકરસંક્રાતિને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે;

**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।**
**निरंजनः परमं साम्यमुपैति बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥**

નહીં પામે નહીં કહી શકું એમ વેદ કહે છે. સાધુ ભગવાનના ભક્ત કહે છે પણ છેવટે તો ન કહી શકે એવા ભગવાન અપાર છે. અગમ છે. પણ આપણા હિતને અરથે સુગમ છે. જોવામાં આવે, સ્પર્શ કરવામાં આવે, સાંભળવામાં આવે સુંઘવામાં આવે એવા ભગવાન છે. પુરુષોત્તમ, અક્ષરધામ, મુક્ત, ચૈતન્યમય પાર્ષદ સહિત આંયા આવ્યા છે. તે આ લોકના

મનુષ્યને ચૈતન્યમય પાર્ષદ ભેળા ભેળવવા માટે આંયા આવ્યા છે. આ જીવ માયારૂપ ગુફામાં સલવાય ગયો છે. તે ઈ જેવા પોતે થાય તો કામ આવે.

**આપણે હાલીએ ડગ તો ભગવાન હાલે સાંઠ્ય,**

**આપણે કોરે કોટ્ય તો ભગવાન લોઢાની લાઠ્ય.**

મોક્ષનું કામ સાવ સેલું છે. વાતની વાતમાં મોક્ષ થઈ જાય. નીચો હાથ કરે તો મોક્ષ થાય. કોઈક ફળની ઈચ્છા રાખીને ભજન ન કરવું પણ ભગવાન રાજી થાય એટલી તો ઈચ્છા રાખવી જ.

**હું ને મારો ઠાકોર, જગત બધું કાણું, પ્રભુ બેઠો પારણે ને હું દોરી તાણું**

એમ કરી રાખવું. મૂર્તિ એટલે અમે જે જે આજ્ઞા કરીએ એમાં ભગવાનની મૂર્તિ આપીએ. વિષયને આપે ઈ એકાંતિક નહીં ને વિષય માગે ઈ ભક્ત નહીં. ઐશ્વર્યમાં જોડે તો ભગવાન નહીં. આ મર્મને તો એક પ્રહલાદ સમજી શકયો. એવા તો સ્વામિનારાયણને ન્યાં ઘણાય છે. લોયાના ૩ મા લખ્યા છે. ને એમાં પોતાનો પણ ભાગ રાખ્યો. રાજબાઈ, લાડુબાઈ, રજપૂત ગલુજી, રામબાઈ, મોટીબાઈ.

સાકાર બ્રહ્મ એટલે શું ? પાંચ જણ મળીને પધરામણી કરાવે છે. સાધુરૂપે સાંખ્યશાસ્ત્ર છે. યોગશાસ્ત્રને ઠેકાણે મંદિરની મૂર્તિયું છે. ધર્મશાસ્ત્રને ઠેકાણે આચાર્ય છે. જો ખંડન કરે તો જ સાધુ કહેવાય. એકાંતિકના વચનમાં વિશ્વાસ લાવીને જ્યારે ભગવાનના ચરણને ભજે તો ઈ ની ઈ ભગવાનની મૂર્તિ પરમ સત્ ચિત્ આનંદમય ભાસે. સૂર્યની આવ્યા ગયાની ગતિને જાણે તો ભગવાનની ગતિ જણાય. સારો નરસો વિચાર જાણે તો થાય. સૂર્ય છે પણ આંખ્ય હોય તો દેખાય. આંખ્ય ને ઠેકાણે મુમુક્ષુ છે ને દર્પણને ઠેકાણે સદ્ગુરુ છે. દર્પણ હોય તો મોઢું દેખાય પણ દર્પણનો વાંક કાઢે તો મોઢું ન દેખાય. માટે ભગવાનના ધામમાં જાવુ છે એવી આંટી પાડી દેવી. એવો સંકલ્પ રાખવો. ભગવાન તો ભગવાન જ છે. ને ભગવાનના ભક્ત ઈ થી

કરોડ્ય ગણા રાજી છે. એટલે ભગવાન આંયા આવે. એનો સંકલ્પ છે એટલે ભગવાન આવે. ભગવાનના ભક્તની પ્રાપ્તિ એજ પરમ કલ્યાણ છે. એ જ પરમપદ છે. ઈ પોતાના અંતરનો સિદ્ધાંત છે. કોકને દેખીને વૃત્તિ પાછી વળે ને કોકને દેખીને વૃત્તિ ચળાયમાન થાય. ડાકલુ વગડે એટલે દેવી આવે. એમ ભગવાનના જંજીરા બોલો તો ભગવાનને આવવું પડે. ચૈતન્યમય દેહ, ભાગવતી દેહ ને બ્રહ્મમય દેહ એમ ત્રણ પ્રકારના દેહ છે. ચૈતન્ય દેહ ઈ જીવ જેવું જ દેહ છે. જીવ ચૈતન્ય છે. સત્તારૂપ છે. અવિનાશી છે. સુખરૂપ છે. આટલા શબ્દમાં રાજી થઈ જાવું જોઈ. ભગવાન મળ્યા, સાધુ મળ્યા, બસ સમજી ગયા.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણા બારની ઓસરીએ ગાદલા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે; ભગવાનનો નિશ્ચય હોય એનો બહુ મોટો આશય હોય

**કોઈ વીંધી આવી કાનને રે કરીને કળછળ,**
**પણ સમજો એના શાનને રે, પહેરાવશે કુંડળ**

આજ્ઞા પળાવવાનો આશય હોય. દેહને અરથે તો કોઈ ક્રિયા કરે જ નહીં. ન પરલોકને માટે કરે એવા જે સત્પુરુષ તેના ગુણ મુમુક્ષુમાં કેમ સમજે તો આવે ? પછી સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૧૭મું ભગવાનજીભાઈ માસ્તર પાસે વંચાવ્યું. આ દેહે કરીને આ વાત કરવાની છે. ને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાત કરવાની છે. ને જે જે વાત કરો તે વાતને વિષે આ વાતનું બીજ લાવજો. કર્મ ઈંદ્રિયને જ્ઞાન જ નથી. એવું માણસ આપણે પાને પડ્યું હોય તો શું થાય ? આ ઈંદ્રિયું અંતઃકરણ એવા જ છે. **ભલા ને ભૂંડા અવની ઉપરે બીજ ન દીસે બારયજી.** સારા નરસા, જોગ ને અજોગ્ય એમ બે પાર્ટી છે. આપણે ક્યાં શોભીએ એમ સમજી લેવું. અક્ષરધામમાં શોભીએ એવા છઈ. સ્વભાવને લઈને અક્ષરધામમાં જાશો કે

વળગણીએ લટકાડીને જાશો ! સ્વભાવને આપણે વળગ્યા છીએ કે સ્વભાવ આપણને વળગ્યા છે. જો આપણે વળગ્યા છઈ તો ઈ ભેળા જ આવવાના છે. જો ઈ વળગ્યા હોય તો તો આપણે ઉનાના શેઠીયાની જેમ કરીએ. એમ સ્વભાવને મેલો તો થાય. કુપાત્ર માણસનો સંગ છોડી દેવો, સુપાત્રનો સંગ કરવો. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. અવતારી છે તો પણ વળગાડે છે કયાં ઈ સમજવાનું છે. જેને પરિપક્વ નિશ્ચય હોય એને જ સિદ્ધિ આડી આવે છે. બીજાને તો સિદ્ધિ દુર્લભ છે.

કાંઈ આશાવાળો હોય એની આગળ માયા આશા કરે છે. ભગવાન મળ્યા ને હવે કુબેરના ધનની આશા કરે છે. સુખમાત્ર આ દુનિયામાં અનેક પ્રકારનું છે પણ બીજા ભક્ત માટે છે. આપણે માટે કાંઈ નથી. સત્પુરુષ સરખી સ્થિતિ ન થાય ત્યાં સુધી સત્પુરુષ ઓળખાય નહીં. સત્પુરુષ તો ત્રણ દેહ ને ત્રણ અવસ્થા તેથી પર હોય એના સરખી સ્થિતિ દેહાભિમાની હોય એની કેમ થાય ? નિઃસ્પૃહી હોય ને વળી અપમાન કરે એવો હોય એનાથી ભગવાનનો ભક્ત ઓળખાય છે. પ્રીતિ થાય ને પછી આત્માને વિષે સ્થિતિ થાય સત્પુરુષનો મહિમા સમજાય ને પરમેશ્વરનું સાક્ષાત્કાર દર્શન થાય. આ તો મહારાજનું બતાવેલું છે. ને ઓલ્યું તો અમે અમારા અનુભવનું કહીએ છીએ. મહારાજ કહે કે અમારો કોઈ વાદ લેશોમાં.

**મારું ગાયું ગાય, ઈ ઝાઝા ખાસડા ખાય,**
**ને સમજી સમજી ગાય, ઈ વહેલા વૈકુંઠ જાય.**

ને અમે પંચવિષયને ભોગવીએ છીએ ઈ તો આસક્તિ વિના બીજાને માટે ભોગવીએ છીએ. અને બીજા તો આસક્તિથી ભોગવે છે. તે અમારા હ્રદયમાં તો નરનારાયણ પ્રગટ બિરાજે છે. ને અમે જે કાંઈ ગ્રહણ કરીએ છીએ તે બીજાના સુખ માટે ગ્રહણ કરીએ છીએ, એમાં જો ખોટું કહેતા હોય તો અમારા ગુરુ જે રામાનંદસ્વામી તેના સમ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૧ ॥**

## ૬૨૨. ખપનું

સંવત્ ૨૦૩૫ના મહા સુદિ-૮ રવિવાર તા.૪-૨-૧૯૭૯ ને દિવસ સ્વામી શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ખપની વાત જુદી છે. બધાય પાંચ પાંચ રૂપિયા આપી દ્યે, પણ આંયા આવવા નવરા નથી. છતાંય નવરા થઈ ગયા છે. માટે બહુ ખપ છે. ખપ વિનાના માનવી છે તેના લાંબા લાંબા કાન છે. ખપ હોય તો ભગવાનના ભક્તના મહિમાની ખબર પડે, નહીંતર તો તમ બી બુટી હમ બી બુટી બુટંબુટા. બુદ્ધિવાળો કોણ ને બુદ્ધિહીન કોણ છે ? પોતાનો અવગુણ દેખે ઈ બુદ્ધિવાળો છે ને સામાનો અવગુણ દેખે ઈ બુદ્ધિ વિનાનો છે. પોતાનો અવગુણ દેખે ઈ કેવડી જબરી મોટયપ છે ! આ વાત તો અમે મુક્તાનંદસ્વામી સારું જ કરી છે. માટે આ વાતમાં ત્રણ અંગ કહ્યા છે. આત્મનિષ્ઠા, પ્રીતિ ને દાસત્વપણું વર્ણવ્યું પણ આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે.

એમાં આ વાત બધાયને સમજાય માટે દયા કરીને કહો. ઉત્તમ,મધ્યમ ને કનિષ્ઠ ત્રણ ભેદ છે. માટે એમાં એક એકમાં ત્રણ ત્રણ ભેદ કહ્યા છે. એમાં દાસનો દાસ થઈને રહે ઈ છતે દેહે ભગવાનનો પાર્ષદ છે. દાસાનુદાસ થાવું આટલું જ આપણું કર્તવ્ય છે. ત્રણ અંગમાં પાછા ત્રણ ત્રણ કહ્યા ઈ નવ થયા. પાછા એકમાંથી ત્રણ કહ્યા એમાંથી એક ભક્ત હોય એની નજરમાં આવ્યો ઈ ભક્ત ઈંડુ ન રહે બચ્ચું થઈ જાય. વૃત્તિદ્વારે, દષ્ટિદ્વારે, પાંખમાં રાખીને ઈંડા સેવે. જે ભક્ત મળ્યો એના સંગ વડે કરીને ગુણ આવ્યો એના ભાગ્ય છે. તે ઉપર ભગવાનદાસ સ્વામીની વાત કરી. માટે વિશ્વાસ આવવો બહુ મોટી વાત છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૨ ॥**

## ૬૨૩. નિશ્ચયના ઉત્તમ લક્ષણનું

સંવત્ ૨૦૩૫ના મહા સુદિ-પુનમ સોમવાર તા.૧૨-૨-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; જેને પરિપક્વ નિશ્ચય હોય એનું થોડાકમાં લક્ષણ કહીએ છીએ. પોતે અત્યંત ત્યાગી હોય ને એને પ્રવૃત્તિ માર્ગની ક્રિયા કરાવીએ તો રાજી થકો કરે પણ મુંજાયને ન કરે. ભગવાનની આજ્ઞાથી કાળા સર્પને પણ જાલે છે. સૃષ્ટિકાળથી બારા છે. આ સભામાં સ્વામિનારાયણ છે, છતાંય સભાથી ન્યારા છે. ભક્તમાં છે છતાંય ભક્તથી ન્યારા છે. ભગવાન બહુ સમર્થ છે. બહુ મોટા છે. ભક્ત તો મોટા છે પણ ભગવાન એથી પણ મોટા છે. સર્પ પોતાની કાચળીને ઉતારીને નોખો પડી જાય તેમ ભગવાન સભામાં છે. ઈ સભાની લેન જુદી છે. ને સ્વામિનારાયણની લેન જુદી છે. અતર્ક છે. તર્કમાં ન આવે. ધાર્યામાં ન આવે. વિચાર્યામાં ન આવે. જોયામાં ન આવે. ચિંતવનમાં ન આવે પણ દીન થઈ જાય તો ભગવાન હાથ આવી જાય. બ્રહ્મા, શંકર ઈ બધાય સગુણ બ્રહ્મ છે ને સ્વામિનારાયણે તો નિર્ગુણ બ્રહ્મ કર્યા છે. પુરુષોત્તમ આવ્યા, અક્ષરધામ આવ્યું ને અક્ષરધામના મુક્ત આવ્યા છે. બીજા ધામના ભગવાન અને બીજા ધામના મુક્ત પણ આવ્યા છે. એમાં કેટલાક ખોટય કાઢવા આવ્યા છે. કેટલાક ભગવાનનું સ્વરૂપ સમજવા આવ્યા છે ને કેટલાક સ્વરૂપ સમજાવવા આવ્યા છે. ગોપાળાનંદસ્વામી આદિક મોટા મુક્ત સ્વરૂપ સમજાવવા આવ્યા છે. બીજા મુક્ત છે ઈ ખામીવાળા છે. એની ખામી ટાળવા સ્વામિનારાયણના ભક્ત આવ્યા છે. અને ખામીવાળાના ભગવાન સ્વરૂપ સમજવા આવ્યા છે.

આ લોક એટલે દુઃખ-આ શરીર, અને સુખ ઈ પરલોક છે. એમાં અનેક પ્રકાર છે. અનેક પ્રકારનું સુખ છે. દેવ, દૈત્ય, અસુર, ભક્ત ઈ

બધાય પરલોકમાં છે. દૈવી છે ઈ મોટાથી દબાય પણ આસુરી છે ઈ નથી દબાતો. ઈ દૈવી અને આસુરી કઈ રીતે છે ? આસુરીએ આંખ્ય સામી આંખ્ય ઠેરાવી પણ પ્રતિકુળ તરીકે આંખ્ય ઠેરાવી છે. સાધને કરીને થવાતું નથી. મોટાની છાયા જેના ઉપર પડે એનું કામ થઈ જાય. દૃષ્ટિ પડે એટલે કામ થઈ જાય. ગમે ત્યાં જાય પણ ભગવાન તો છે જ. કારી.૯મું. ગોપીયુંએ મહિમા સમજ્યો. બળદેવજીને સંગે કરીને વેરબુદ્ધિ આળસી ગઈ. આ ભગવાનના ભક્તની લેન કહી. પ્રત્યક્ષ ભગવાનનો આશ્રિત હોય એનો મહિમા બતાવ્યો. મહિમા તો ભગવાનના ભક્તનો સંગ હોય તો જ સમજી શકે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૨૩ ॥**

## ૬૨૪. સદાય સુખિયા રહેવાનું

સંવત્ ૨૦૩૫ના મહા વદિ-૯ બુધવાર તા.૨૧-૨-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે ઈ સદાય સુખિયો છે. બધાય નિર્ગુણ છે પણ આના જેવો બીજો કોઈ નિર્ગુણ નથી. એને જ નિર્ગુણ સુખ કહેવાય. ભગવાન રાજી થાય તો બુદ્ધિયોગ આપે કાં રૂડા સાધુનો સંગ આપે. બહુ મોટો લાભ થયો છે, કહેવામાં ન આવે, સાંભળવામાં ન આવે. એવો લાભ થયો છે. ભગવાનના ભક્તનો સંગ આપ્યો છે તે કહી ન શકાય. રૂંવાડે રૂંવાડે આપણને જોઈ શકે છે. છતાંય સમર્થ થકા અસમર્થ જણાય છે. કારણ કે આપણે અસમર્થ છઈ એટલે ઈ અસમર્થ દેખાય છે. પ્રતાપે કહેવા મંડીએ તો પ્રતાપનો અંત નથી આવતો. મન વિરામ પામી જાય છે. આપણે એક આંખ્યે જોઈએ છીએ ને ભગવાનના ભક્ત આપણને અનંત આંખે જુવે છે. માણસનો ભય છે ને ભગવાનના ભક્તનો ભય નથી, ઈ કેવડું અજ્ઞાન છે ! માટે ભગવાનના

ભક્તની અનંતગણી મોટાઈ છે. આપણને જાળવે છે તોય સ્વભાવને મૂકી શકતા નથી. સ્વભાવની હારે વેર કરવામાં ઘણો જ લાભ છે. ઘણું જ સુખ છે. વેર સ્વભાવ સાથે, માયા સાથે, પ્રકૃતિ સાથે કરવું. સ્વભાવ સાથે વેર નથી થાતું ઈ ખોટયમાં ખોટય છે. જો પોતાની ભૂલ જણાય તો પૂરણ પ્રાપ્તિનો લાભ મળી ગયો. લાખુ માણસના ભીડામાં રહીએ ને નિર્બંધ રહેવાય. ઓહોહો ! બહુ મોટો લાભ થયો છે. જેવો મહારાજ છતાં આનંદ હતો એવો આનંદ હોય તો ખબર પડે. પોતાની ખોટય દેખાય ને ભગવાનના ભક્તની ખોટય ન દેખાય ઈ બહુ જબરી પ્રાપ્તિ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૪ ॥**

## ૬૨૫. નિર્દોષને ઓળખવાનું

સંવત્ ૨૦૩૫ના મહાવદિ-૧૦ ગુરુવાર તા.૨૨-૨-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સમય સમજવો બહુ કઠણ છે. બધુંય થાય પણ સમય સમજી જાય તો કામ થઈ જાય. સ્વામિનારાયણ હતા ને જેવો સમય હતો એવો સમજે તો કામ થઈ જાય. સાધન કરે પણ સમય સમજયા વિના વૃથા છે. આ ભગવાન છે અને આ ભગવાનના ભક્ત છે, એવું જાણપણું થઈ જાય તો કામ થઈ જાય. સમા સમે રહીએ સાવધાન, સમા વિના અર્થ સરે નહીં. માટે છેલ્લો જન્મ કરવાનો સમય આવ્યો છે. પરલોકમાં પુગાડી દેવા છે. કોઈ જીવની કરણી જોવી નથી. કોઈ જીવનો ઠેરાવ જોવો નથી. ભગવાનના ભક્ત કાંઈ કરતા હોય એનો અવગુણ લ્યે ઈ સમય ખરાબમાં ખરાબ છે. પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં લીન કરી રાખવું. મૂળ વિનાનું ઢોકળું ઢળી પડશે પણ કાંઈ નહીં થાય ને થાવાનું હતું ઈ થઈ ગયું. ટેમ ન સમજી શકયો. કામ ખૂટી ગયા પછી ભજન કરીએ ઈ કોઈને

આશા રાખવી નહીં. લાખ વરસની આવરદાવાળાના કામ ન ખૂટ્યા. દશ હજાર વરસની આવરદાવાળાના કામ ન ખૂટ્યા, તો સો વરસની આવરદાવાળાના કામ કેમ ખૂટશે ! રાફડા થઈ ગયા ને અત્યારે ભગવાનનો એક શબ્દ બોલે તો એકવીશ લાખ અવતારનો છૂટકો થઈ જાય. મનુષ્ય દેહ બહુ જબરૂં છે.

## કલૌ ખલુ નારાયણ પરાયણ

દેવો પણ આ દેહને ઈચ્છે છે. એક નારાયણનું નામ લ્યે તો પતી જાય. નામી સોતું નામ લેવું જોઈ. નામી વિનાનું નામ લ્યે તો ભુંગળામાં ભડાકો. માટે છેલ્લો જન્મ કરી લેવો.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે; સંશયગ્રંથી કઈ રીતે નાશ થાય ? જેની પાસે બેસવાથી સંકલ્પ નાશ થાય એમાં સંશય રહિત થાવું. સુપાત્રનો સંગ કરવો અને કુપાત્રનો ત્યાગ કરવો. આ જાણવું વિકટ મામલો છે. આની પાસે બેસો, ઓની પાસે બેસો. એમાં કયાં બેસવાથી ઘાટ ટળી જાય છે ? શાસ્ત્ર અનેક છે. એમાં કયું શાસ્ત્ર વાંચવાથી ઘાટ ટળી જાય છે ? ઘાટ થયો દેખાય, ખોટ્ય દેખાય, એટલે ખોટ્ય ટળી ગઈ કહેવાય. ઘાટ દેખાણો તો અંતઃકરણ પકડાઈ ગયું કહેવાય. નહીંતર અંતઃકરણ હાથ ન આવે. કુત્સિત વાણી કેનું નામ કહેવાય ને સોજાળી વાણી કેનું નામ કહેવાય ? મા-બાપ, સંબંધી ને દેહ એનું કુત્સિત શબ્દે કરીને ખંડન કરતો હોય તો એને એમાં હેત નથી એમ સાંભળનારાને ખબર પડી જાય. દોષ દેખાણો એટલે ટળી ગયો કહેવાય. આનું નામ તેજ કહેવાય. સૂર્યના જેવું, તારાના જેવું, કે ચંદ્રના જેવું આ તેજ નથી. આપણો દોષ દેખાય ને સામાનો ન દેખાય એટલે આપણા દોષ ટળી ગયા. નિર્વિકાર સમજાય, નિર્દોષ સમજાય, દોષ ટળી ગયા. ગમે તે'દિ પણ આ વાત મનાય તો બંધ બેસે. બીજી રીતે તમે ભક્તને કઈ રીતે સમજો ? જેવો જ્ઞાતિનો, ગામનો, દેશનો, માણસનો નિશ્ચય છે એવો નિશ્ચય થાવો જોઈ. પોતાની ખામી દેખાય ઈ

ઘાટ બંધ થયા ગણાય. દુઃખે કરીને ન તરાય એવી જે મારી ગુણમયી માયા ઈ મને પામે ઈ તરી જાય છે. ત્રણ ગુણનું કાર્ય ભગવાનમાં ન માને, ત્યારે ભગવાનની માયાને તરી ગયો. બ્રહ્મા, વસિષ્ઠ, વિશ્વામિત્ર, પરાશર આ ચારના નામ લખ્યા. માયિક ભાવ હતો પણ ભગવાન ન માને તો મુક્ત કહેવાય. એમ ન કહીએ તો પ્રશ્નનો ઉત્તર જ ન થાય. દેખાણો ઈ જ દોષ ટળી ગયો. ગમે તેવો ભૂંડો સ્વભાવ હોય પણ એક વિચારે કરીને નાશ થઈ જાય. સ્વભાવ હારે શત્રુપણું થાય, દોષાધ્યાન થાય તો ટળી ગયો. ગુણાધ્યાન છે ઈ અજ્ઞાન છે. દોષાધ્યાન છે ઈ જ્ઞાન છે. ખામીમાં ખામી મનાઈ ગઈ એટલે તે પતી ગઈ. દોષમાં દોષ મનાણો એટલે પતી ગયું. ગુણમાં ગુણ મનાણો એટલે પતી ગયો. એટલે અવતારનો નિશ્ચય થઈ ગયો, પણ અવતારીનો નિશ્ચય કઈ રીતે ગણાય ? નિર્દોષ થઈને કલ્યાણ થયું ઈ કેમ ગણાય ? પોતામાં ગુણ દેખાય ઈ અજ્ઞાન છે. પોતાની ખામી સુજે ને બીજામાં નિર્દોષપણું થાય એટલે પૃથ્વી ઉપર છે તો પણ અક્ષરધામમાં છે. પૃથ્વી ઉપર હોય અને રાજીપો હોય તો ધામમાં જ છે. ને ધામમાં હોય ને ભગવાનના ભક્તનો અવગુણ હોય તો ઈ જરૂર હેઠો પડશે. ગુણાધ્યાનવાળો નાદાર છે ને દોષાધ્યાનવાળો શૂરવીર છે. દોષાધ્યાન થાય તો સર્પ કરડે તો પણ ઝેર ન ચડે. અવતારીની એવી તાગાત છે કે અક્ષરધામમાં ન જાવું હોય તો પણ લઈ જાય. ખરેખરો થયો હોય એની પરીક્ષા લેવાય. સિદ્ધિ રહે હાથ જોડ. પરિપક્વ ભક્તને જ સિદ્ધિ મળે છે. આ દેહ દુઃખરૂપ, અશુભ, નાશવંત, અશુદ્ધ છે. એમાં કોઈ'દિ સુખ જ નથી. દુઃખરૂપ જણાય એટલે એનાથી નોખો ગણાય.

અન્વય એટલે શું ? જીવ અન્વય વ્યતિરેક કેમ છે ? દેહના સુખદુઃખને પોતામાં માને તો અન્વય ને નોખો માને તો વ્યતિરેક કહેવાય. ત્રણ ગુણમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ છે. સત્ત્વ ગુણ છે પણ એનું અભિમાન હોય તો શું કહેવાય ? તો જ સત્ત્વગુણ ઘટે. એટલે જ અન્વય કહેવાય. દોષ દેખાય ને

ન માનવો ઈ બહુ જબરી વાત છે. હું તો સો જન્મ થયા ઈ વાતનો વિચાર કરું છું. સ્વપ્નમાં સ્ત્રી આવે તો વીર્યપાત થાય ને સર્પ સ્વપ્નમાં આવે તો ન મરે. ઓલ્યો મરી ગયો ને આ ન મર્યો. પસ્તાવો કરે છે ઈ નોખો છે ને પસ્તાવો નથી કરતો ઈ આસક્તિથી ભોગવે છે, મરી ગયો છે. પાપ કર્યું ન સાંભરે તો પ્રાયશ્ચિત થઈ ગયું કહેવાય, ને પાપ સાંભરે તો પ્રાયશ્ચિત ન થયું કહેવાય. **॥ ઈતિ શ્રી કિરણ ૬૨૫ ॥**

## ૬૨૬. જ્ઞાન વિજ્ઞાનનું

સંવત્ ૨૦૩૫ના ચૈત્ર વદિ-૯ શનિવાર તા.૨૧-૪-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામશ્રી વંથલીથી બપોર પછી છ વાગ્યે ગામ બોડકા થઈને પીપલાણા પધાર્યા. ને સભામંડપમાં વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; છેલ્લો જન્મ કરી લેવો. દેશકાળે ભેળું રહેવાય કે ન રહેવાય પણ અક્ષરધામમાં ભેળું રહેવાય એવા સ્વભાવ કરવા. એટલી વાત કરીને સંધ્યા આરતીના દર્શન કરવા પધાર્યા.

પછી સ્વામીએ વાત કરી જે; નિર્માની છે ઈ નિર્દોષ છે. ને ભગવાનના ભક્ત પાસે નિર્માની નથી ને નિર્દોષ છે તો પણ શા કામનું ? આપણે મરવું નથી. પણ અજ્ઞાનીનું પણ રાખવા સારૂં મરવું પડશે. ત્રણ ગુણથી પર કોઈ નથી. પણ જ્ઞાન છે ઈ ત્રણ ગુણથી પર છે. એના સાર શ્રીહરિ છે. જ્ઞાનથી પણ વિચાર અધિક છે. વિચાર હોય તો પાછું વાળી જુએ. એક તો મહારાજ કુરાજી થાય એવો સ્વભાવ રાખવો નથી ને બીજું નારદ સનકાદિકના મારગમાં રહ્યા છીએ તો આવો અયોગ્ય સ્વભાવ ઘટે નહીં. ઈ વિચાર છે. કોઈ મારી નાખતો હોય એને પગે લાગો તો ન મારી શકે. પણ પગે લાગવા કેમ જાવું ઈ વિચાર કરવો જોઈ. ભગવાન અને સાધુ જીવના અવગુણ સામું જોતા જ નથી. જો જીવના અવગુણ સામું જુવે તો કલ્યાણ કોનું કરે ?

**અનાયાસ ભવ તરે શરણ સદ્ગુરુકે આવે.**

જેણે ગુરુ ગોવિંદનું માતમ લીધું ઈ માયાના પ્રવાહમાં ન વહે. નહીંતર તો મહા મોહ રૂપી માયામાં વળગી જાય.

**સદ્ગુરુ બીન સુખ નાહીં, અવિદ્યા અતિ ઉરસે જાવે.**

**અજા ઉરમેં બેઠી કરત ઉદ્વેગ અનેકા.**

કામ, ક્રોધ, લોભ ઈ બધી માયા છે.

આ લોકમાં રહીને પરલોક સુધારવો, ઈ જબરી વાત છે. આ લોકનું તાન છે એવું પરલોકનું તાન રાખે તો કામ થઈ જાય. આંયા રહેવું નથી એમ નક્કી થઈ જાવું જોઈ. રહેવાનું નથી ને રહેવાનું નક્કી થઈ ગયું છે. આ સત્સંગ બહુ મોટી વાત છે. તે ઉપર દુર્વાસા ને પાંડવોની વાત કરી.

સ્વામિનારાયણના નામ જેવું દુનિયામાં બીજું કોઈ નામ નથી. ઈ નામ લેવામાં આડું શું આવે છે ? જ્યારે જાણપણું હોય ત્યારે વિચાર હાથ આવે ત્યારે નામ લ્યો તો લેવાય. ખરો મુમુક્ષુ લઈ શકે. સ્વાતિનું બીંદૂ સમુદ્રમાં વરસે તે ઠેકીને ગ્રહણ કરે તો સવા લાખનું થાય. વાંસમાં કપુર થાય એમ મુમુક્ષુ હોય એને ભગવાનની વાત બંધ બેસે છે. ચંદ્રમા આકાશમાં છે. માછલું પાણીમાં છે તો એમ માને છે કે આ મારા જેવો ચંદ્ર છે. ચંદ્ર અજવાળું કરે છે. સર્વ ઔષધનું પોષણ ચંદ્રથી થાય છે. જેવા ભગવાન પૃથ્વી પર છે એવા જણાતા નથી.

**अवजानन्ति मां मुढाः मानुषीं तनुमाश्रितम् ॥**

મૂઢ જીવ મને પોતા જેવો જાણે છે. વિચારીને જુવે તો ખબર પડે. જેવા ગોપાળાનંદસ્વામી હતા. મુક્તાનંદસ્વામી હતા એવા તો કોઈએ જાણ્યા નહીં. જેવા હતા એવા નથી, જાણ્યા ને જો જાણ્યા હોય તો કામ થઈ જાય. જેવા પૃથ્વી ઉપર આવે એવા જણાય જાય તો કામ થઈ જાય. સ્વામિનારાયણ ભગવાને સાધન કરવા શ્રેષ્ઠ છે કે સ્વામિનારાયણ ભગવાનને જાણવા શ્રેષ્ઠ

છે ? જેને વધવું હોય એણે બધાયનો ગુણ લેવો. આગળ વધવું, અક્ષરધામમાં જાવું હોય તો ગુણ લેવા ને બીજાને સમજાવવું હોય તો વરતવું પડશે. જીવને સાધન કરવાનો ડોડ બહુ છે. જેવો મને જાણે એવો હું એને કરી દઉં. પછી સાધન કરવું બાકી ન રહે. તો ય ભગવાન વસ્તુ અપાર ને અપાર, અલૌકિક ને અલૌકિક છે. આ સમે જેને દર્શન થયા ને વાત સાંભળે એનો કેટલો મહિમા છે ! જેવા ભગવાનને જાણે, ઐશ્વર્યે જુક્ત જાણે એવો એને કરી દ્યે તો ભગવાનના ઘરમાં અતોલ સુખ હશે. કોઈના ધાર્યામાં ન આવે, વિચાર્યામાં ન આવે, કોઈના જાણ્યામાં ન આવે એવા છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૬ ॥**

## ૬૨૭. કૃપાનું

સંવત્ ૨૦૩૫ના ચૈત્ર વદિ-૧૦ રવિવાર તા.૨૨-૪-૧૯૭૯ ને દિવસ ગામશ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે,

**જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો, લઈ તીર્થ માંહી ફર્યા.**

તે મંગલાચરણ રૂપે આશીર્વાદ આપ્યા છે. શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ ભગવાનની કૃપાનો કોઈ અંત નથી. ભગવાન એટલે ભગવાન. કોઈ જીવના દોષ સામું જોતા નથી. ઈ દાદાખાચર દ્વારે બતાવ્યું. ભટવદર ગામમાં દાદાખાચરના લગન કરતી વખતે બતાવ્યું. નાના મોટા બાઈ-ભાઈ જે હોય તેને અપરાધ ક્ષમા કરીને અક્ષરધામમાં તેડી જાવા ઈ વર દાદાખાચરે માગ્યો ત્યારે રાજી થઈને ઈ વર આપ્યો. આવી દાદાખાચરે ભગવાનના ભક્ત ઉપર કૃપા વરસાવી. એવો ભક્ત હોય ઈ, કે દેહ અને દેહના સંબંધીમાં જેવી પ્રીતિ છે, એવી પ્રીતિ ભગવાનના ભક્તમાં થાય તો ભક્ત કહેવાય પણ આપણામાં ગુણ કયાંથી આવ્યો ઈ જાણવું જોઈ. આવો

અલૌકિક પ્રતાપ છે. ભગવાન જેવી ચીજ બીજાને આપી દેવી ઈ બહુ જબરી પ્રાપ્તિ છે. ચાર અક્ષર ભણ્યો ઈ ભૂલે નહીં. ઉપકાર કર્યો હોય ઈ પાછો ન ભૂલે એવો અલૌકિક પ્રતાપ ભક્ત દ્વારે જણાવ્યો. મહારાજે ભટવદર દાદાખાચર દ્વારા અલૌકિકપણું બતાવ્યું. કાઠીને સત્સંગ થાવો બહુ કઠણ છે તો પણ સ્વામિનારાયણે કરાવ્યો. તે ઉપર દાદાખાચરને પરણાવવા ગયા તેની વાત વિસ્તારથી કરી. પોતે ન પરણ્યા ને એને પરણાવ્યા. આવો અલૌકિક પ્રતાપ ફેલાવનાર સ્વામિનારાયણ સિવાય બીજો કોઈ છે જ નહીં. ઈ અક્ષરધામના અધિકારી હતા. ને આપણને અધિકારી કર્યા છે. માટે અક્ષરધામ આપણે માટે છે. રાજાનો કુંવર ગમે એમ ફરતો ફરે તો પણ રાજનો ધણી છે. એમ આપણે માટે અક્ષરધામ છે. જો આપણે સ્વામિનારાયણના થાઈ તો જ પણ સ્વામિનારાયણના આળસી જાય તો પછી કાંઈ નથી. ..... જય સ્વામિનારાયણ

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૭ ॥**

## ૬૨૮. પીઠવાજાળવાળા કરશનભાઈનું

સંવત્ ૨૦૩૫ના ચૈત્ર વદિ-૧૧ સોમવાર તા.૨૩-૪-૧૯૭૯ ને દિવસ પૂ.સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે ઢોલિયા પર વિરાજમાન હતા ને સંતો અને હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

લાભ બહુ મોટો થયો છે. ભગવાન મળ્યા, સાધુ મળ્યા બસ હવે સમજી રહ્યા. જેટલા સાધન છે ઈ સર્વ આ લોકમાં જ છે. આપણે આ લોકમાં છઈ કે પરલોકમાં છઈ ? ભગવાન મળ્યા, ભગવાન અને મોટા સાધુએ બહુ દાખડા કર્યા છે. બહુ સહન કર્યુ છે. તે ઉપર પીઠવાજાળવાળા કરશનભાઈની વાત કરી. આ પૃથ્વી ઉપર આવીને કોઈએ ખરાબ આશય ન લેવો. કરશનભાઈ જેવા ભગવાનના ભક્તને યાદ કરવા. એના બે દીકરા એક પ્રેમજીભાઈ ને એક ધરમશીભાઈ તેની વાત કરી. ભલા થઈને સેવા થાય તો કરવી પણ અસેવા તો ન જ કરવી. આ સત્સંગમાં અનેક

ઐશ્વર્યવાળા છે, અનેક પ્રતાપી છે. આ લોકના પદાર્થ હશે પણ એને નડવાના નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૮ ॥**

## ૬૨૯. દેશકાળનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ સુદિ-૨ શનિવાર તા. ૨૮-૪-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઓફિસમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ચૈતન્ય તેજનો રાશી છે ને એમાં ભગવાનની મૂર્તિ છે. ત્યાં મન અટકે છે. જ્યાં મન અટકે ત્યાં મનને હાંકવું. ભગવાન અને સાધુ મળ્યા પછી કાંઈ કરવું રહેતું નથી પણ ભજન કરવાનું તો રહે જ છે. મનુષ્ય દેહ છે દેવનેય દુર્લભ છે. ઈ વસ્તુએ કરીને એનું નામ લેવાય છે. ઈ વસ્તુએ કરીને એનું દર્શન થાય છે. એમાં ખોટ્ય થાય ઈ ખોટ્ય ક્યાં બુરાય ! આ જીવને બધુંય જોતા આવડે પણ સમય જોતા ન આવડે. અખંડાનંદસ્વામી, ભાયાત્માનંદસ્વામી, એનો વિચાર, વર્તન, રેણીકેણી એનો પહેરદેશ જેને ગમ્યો એનું કામ થઈ ગયું. આપણને ગમ્યો તો હશે પણ જરા ખામી રહી ગઈ હશે.

**દાસના દુશ્મન હરિ કદી હોય નહીં,**
**જેમ કરશે તેમ કરશે તેમ સુખ થાશે.**

સ્વામિનારાયણ નામનો મંત્ર બહુ બળિયો છે. એનાથી કાળા નાગનું ઝેર ઉતરી જાય, કાળ, કર્મ, માયાનો ભય આળસી જાય. માટે

**અર્થ સાધયામિ કે દેહં પાતયામિ**

આ દેહનું ગમે એમ થાય પણ ભગવાનના ભક્તને સંગે મગન રહેવું. ભગવાન ભલે ત્રીસ વરસ રહ્યા પણ સાધુરૂપે વીસ વરસ રહેશે. આપણને ભીડ પડે ત્યારે ભગવાન ભાગ લ્યે. હિંમત આવે તો ભગવાન

સહાય કરે. મનુષ્ય દેશકાળ આવે તો જ માણસ કહેવાય પણ ચોરને દેશકાળ ન આવે માણસને માણસનો દેશકાળ આવે.

સત્સંગમાં નબળો સ્વભાવ રહી શકતો નથી. દુર્વાસાનો શાપ છે. પહેલું દુઃખ ને પછી સુખ. સત્સંગ કરે તેને પહેલું તો દુઃખ જ આવે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૨૯ ॥**

## ૬૩૦. ગુણને ઢાંકી રાખવાનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ સુદિ-૩ અખાત્રીજ રવિવાર તા.૨૯-૪-૧૯૭૯ ને દિવસ વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાંથી વાજતે ગાજતે ઠાકોરજીને ગુરુકુળમાં પધરાવ્યા ને ચારસોક હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી ને પોતે ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન હતા.

પછી સ્વામીએ વાત કરી જે; આપણે જે બોલીએ, જે કરીએ, જે વિચારીએ એને પરમાત્મા જાણી શકે છે, કે આ ભક્ત આવો છે. જે ભક્ત છે એને આલોકમાં તો ઠીક પણ ઠેઠ પ્રકૃતિપુરુષ થકી લઘુશંકાનો વેવાર દેખાય. ભગવાનનો પ્રતાપ, સુખ સમજાય જાય તો એક શબ્દે સાધનની સમાપ્તિ થઈ જાય. આપણા સ્વભાવને, પ્રકૃતિને નાશ કરવી છે. ગુણ અવગુણનો ત્યાગ કરી દેવો. ગુણ તો સોનાની બેડી છે. ભલે શત્રુપણું છે તો પણ બંધનકારી છે. નિર્ગુણ સુખ છે ઈ જ અલૌકિક સુખ છે. ભગવાન અને મોટા સાધુને આશરે કરીને તો વાદળ જેવા દુઃખ પણ ટળી જાય ને સાધને કરીને તો કુટીકુટીને મરી જાય તો પણ તેનો પાર ન આવે. તે ઉપર ભાયાવદરવાળા કેશુ ભગતની વાત કરી. ગુણ ન કહેવાય પણ અવગુણ કહેવાય. ગુણ કહો તો ઈ બધાય લૂંટી જાવાના છે. પણ જીવનો સ્વભાવ છે કે ગુણને જાહેર કરે ને અવગુણને ઢાંકી રાખે પણ અવગુણને જાહેર કરવો ને ગુણને ઢાંકી રાખવો. એથી અલૌકિક પ્રાપ્તિ થઈ જાય છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૩૦ ॥**

## ૬૩૧. નિશ્ચયનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ સુદિ-૪ સોમવાર તા. ૩૦-૪-૧૯૭૯ દિવસ વંથલી મધ્યે ગુરુકુળમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ઓળખ્યા વિના સેવા કરો ઈ શાસ્ત્રની રીતે કલ્યાણ ગણાય. અજ્ઞાન અવસ્થામાં સંસ્કાર થાય છે. ઢોરને સંસ્કાર થાય છે. ઝાડ ઉપયોગમાં આવે તો એને સંસ્કાર થાય છે. સંસ્કાર બંધાણા વિના પ્રગટ ભગવાન મનાય નહીં. અંતરની આંખ્ય ઉઘડવી જોઈ. ગુણ અવગુણ દેખાય. જોગ અજોગ દેખાય ઈ અંતરની આંખ્ય ઉઘડી ગણાય. જોગ અજોગ દેખાય તો એને ઈંદ્રિયુમાં નિશ્ચય થયો ગણાય. આળસ, નિદ્રાદિક તમોગુણનું કાર્ય, શમદમાદિક સત્ત્વગુણ ઈ બધુંય ભગવાનમાં દેખાય તો પણ સંશય ન થાય ઈ અંતઃકરણમાં નિશ્ચય ગણાય. ગુણાતીત સ્થિતિ જણાવે તો પણ સંશય ન થાય ઈ જીવમાં નિશ્ચય ગણાય. જાળીયામાં જણાવ્યું એમ જણાવે તો ય સંશય ન થાય ઈ જીવમાં નિશ્ચય ગણાય. સત્સંગીનું કલ્યાણ સત્સંગીની રીતે થાય. સાધુનું કલ્યાણ સાધુની રીતે થાય. આચાર્યનું કલ્યાણ આચાર્યની રીતે થાય. દેવમાં વળગ્યા હોય એનું કલ્યાણ દેવની ઈચ્છાથી થાય. ઓળખે ઈ ભગવાનનો આશ્રિત ને ન ઓળખે ઈ જગતનો જીવ છે. ગમે તેમ ખોટ્ય કાઢવી ઈ ભગવાનના હાથમાં છે. સૂર્ય સોંસરો કાઢશે ને શુદ્ધ કરશે. સ્ત્રીની વાસના હશે તો ઐલાવૃતખંડમાં મોકલશે. ને થોડી ઘણી વાસના હોય તો આંયા જ ટાળી નાખશે. રોગ મેલે ને કાં એવો જોગ આપે ને શુદ્ધ કરી મેલે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૩૧ ॥**

## ૬૩૨. નિર્ભય થવાનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ સુદિ-૭ ગુરુવાર તા. ૩-૫-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલીથી પ્રાતઃકાળે મોટરમાં બેસીને ગામ જૂનાગઢ ઓધવજીભાઈને ત્યાં વાસ્તુ કરવા પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર ઉગમણે

મુખારવિંદે વિરાજમાન હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ખબડદાર થઈને ભજન કરજ્યો. નહીંતર સત્સંગમાં તમારો પગ ટકશે નહિ. મારે તો તમે ભગવાનના ભક્ત છો તો કોઈ પ્રકારની કસર રહેવા દેવી નથી. ને આને આ દેહે કરીને શુદ્ધ કરવા છે. એક વાત પાકી થઈ જાવી જોઈ કાં આત્મનિષ્ઠા સિદ્ધ થાવી જોઈ ને કાં ભક્તિનિષ્ઠા સિદ્ધ થાવી જોઈ ને કાં ધર્મનિષ્ઠા સિદ્ધ થાવી જોઈ. મરવાનો ભય લાગે છે કે નથી લાગતો ? મરવાનો ભય ઊડી જાય તો આત્મનિષ્ઠા થઈ કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૩૨ ॥**

## ૬૩૩. પંચવિષય નિર્ગુણથયાનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ સુદિ-૯ શનિવાર તા.૫-૫-૧૯૭૯ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં સભામંડપમાં ઢોલિયા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી ને જેઠાબાપા સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચતા હતા.

પછી સ્વામીએ વાત કરી જે; વિષય તો ઈ ના ઈ છે પણ જાણપણાએ સોતા ભોગવો તો ભગવાન સંબંધી પંચવિષય ગણાય. આ જોગ છે ને આ અજોગ છે એવું જાણપણું હોવું જોઈ. મૃત્યુ દેહમાં છઈ પણ મરવાનો ભય મટી જાય, જો પંચવિષય દિવ્ય થયા હોય તો. નહીંતર તો વાતે વાતે ધોખો થાય. વાતે વાતે ગુણ અવગુણ લીધા કરે. અહો ! અહો !! થાય. આનંદ આનંદ વરતે. સુખના સમુદ્રમાં ઝૂલ્યા કરે તો દિવ્ય થયા છે. પાંચેય પંચવિષય એક થઈ જાય એનું નામ દિવ્ય થયા કહેવાય. આંખ્યમાં રૂપનું જ્ઞાન છે. કાનમાં સાંભળવાનું જ્ઞાન છે. નાસિકામાં સુંઘવાનું જ્ઞાન છે. એમ નોખા નોખા છે પણ જાણપણે સહિત જો ભોગવે

તો પાંચેય એક થઈ ગયા. ભગવાનને સંભારીને પોતાના પ્રારબ્ધ કર્મને અનુસારે ભોગવે તો ભગવાન સંબંધી કહેવાય. આ રૂપ માયાનું છે. આ રૂપ ઈશ્વર કોટિનું છે. આ રૂપ બ્રહ્મનું છે. એમ જાણપણું હોવું જોઈ. શબ્દ સાંભળવાથી ખબર પડી જાવી જોઈ. આ શબ્દ આનો જ છે. અર્થ માત્રનો આશ્રય છે. બોલનારની જાતિને જણાવનારો છે. એવું જાણપણું હોય તો ભગવાન સંબંધી પંચવિષય થઈ ગયા. બધાય રૂપ છે પણ એમાં ભગવાનનું રૂપ અધિક થાવું જોઈ. શબ્દ છે પણ એમાં ભગવાનનો શબ્દ અધિક થાવો જોઈ. એવું જાણપણું હોય તો માયા પર થઈ જાય ને દિવ્ય થઈ જાય. નિર્ભય થઈ જાય તો દિવ્ય થઈ ગયો ગણાય. દુઃખ છે છતાંય સુખ માને તો દિવ્ય થઈ ગયો. ગેરલાભ હોય ને લાભ માને તો દિવ્ય થઈ ગયો. સાવ સુગમ છે. જરાય દાખડો નહીં. જરાય પ્રયાસ નહીં. જેણે આંયા જોગ મેળવ્યો છે ઈ ના ઈ અક્ષરધામમાં જોગ મેળવશે. ખરાબ સંગ થકી દિવ્ય આંખ્યું ન મળે. સારાના સંગથી દિવ્ય આંખ્યું મળે છે. આવું અલૌકિકપણું જીવમાં ખુંતી જાય તો કામ થઈ જાય, પણ કંગાલપણું આળસતું નથી. નિર્ભય થવાતું નથી. નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું

**કંગાલપણું કહેવા ન રહ્યું, દૂર પલાણા દુઃખ**

એવું સુખ છે. લખનારાએ ઝાડવાને નિર્ગુણ લખી નાખ્યા. ઉભરો આવે તો કામ થઈ જાય.

**મળેલના મળેલને બહુ થયું સહેલ.**

એમ નિર્ગુણજીવનદાસસ્વામી કહેતા. તે ઉપર નિર્ગુણજીવનદાસ સ્વામીની વાત વિસ્તારથી કરી. સમજાય તો નિર્ગુણ વસ્તુ સાવ સહેલ છે ને ન સમજાય તો ઊંધે માથે દાખડો કરે, દેશાટન કરે, તીરથ કરવા નીકળે તો પણ ન સમજાય.

આવા ભગવાન કોઈ ’દિ નહીં આવ્યા હોય. પતિતપાવન છે. અધમ ઉદ્ધારણ છે.

## જાકું જગમેં કોઈ નહીં, તાકો તુમ હો મહારાજ

જેના કોઈ નહીં એના ભગવાન છે. ગરીબ નિવાજ કહાવે છે. એની સામે જોઈ રહે એમ ભજન કરવું. નારાયણદાસસ્વામી કહેતા કે ચાર ગાઉ સાધુ હોય ત્યાં સુધી અમે કોઈ દિ ઘરે સુતા નથી. ભગવાનનું દર્શન તે ભગવાન વતે જ થાય છે. ભગવાનનો સ્પર્શ તે ભગવાન વતે જ થાય છે. ભગવાનનો સંબંધ તે ભગવાન વતે જ થાય છે. ધામની મૂર્તિ નિર્ગુણ લાગે છે. માયા પર લાગે છે. તેમ મનુષ્યરૂપ મૂર્તિ નિર્ગુણ ને માયા પર લાગવી જોઈ. **॥ ઈતિ શ્રી કિરણ ૬૩૩ ॥**

## ૬૩૪. અવતાર અવતારીનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ સુદિ-૧૦ રવિવાર તા.૬-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં સભા મંડપમાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; “ આપણે ભક્ત થયા હશું તો ભગવાનને રક્ષા કરવાનું ન કહેવું પડે. નિશ્ચયવાળો ભક્ત છે ઈ ભગવાન સન્મુખ જ છે. ગોરધનભાઈ સમજી લ્યો. એની દૃષ્ટિ સામી ભગવાનની દૃષ્ટિ હોય, મહાત્મ્ય સહિત નિશ્ચયના મહિમાનો કોઈ તાગ ન લઈ શકે. કે આ વસ્તુ કેવડી જબરી છે. ગમે ઈ કરે, ભક્ત કરે તોઈ છે ને ભગવાન કરે તોય ઈ છે. બેય એક જ છે.” ભગવાનના પંચવિષયનું સુખ ઈ છે મહાત્મ્યે સોતું છે. ને વિષયસંબંધી સુખ છે ઈ દુઃખ વિનાનું હોય નહીં. પંચવિષયના સુખનો ત્યાગ કરે ત્યારે ભગવાન સંબંધી સુખ મળે. ને ભગવાન તો ભક્તના સુખને અરથે ગ્રહણ કરે છે. ગુજરાતમાં ગળીના કુંડ હતા. બીજું કાંઈ થાતું નહીં. એને ઠેકાણે બધુંય થાવા માંડ્યું. મહાત્મ્યે સોતો નિશ્ચય બહુ અસાધારણ છે. મહાત્મ્યે સોતા નિશ્ચયમાં કર્મ ન નડે,માયા ન નડે. કર્મગ્રંથી ઉડી ગઈ કહેવાય. રાજાનો કુંવર રાજનો ધણી છે. એમાં કાંઈ સાધન કરવું ન પડે.

એમ આપણે ભગવાનના ભક્ત છીએ તો ભગવાનની ગાદીના ધણી છીએ. અમે પણ ગુણાતીતાનંદસ્વામી અને બાળમુકુંદદાસસ્વામીની ગાદીએ ચડી બેઠા છીએ. પણ એની જેમ મોક્ષ કરવો પડે. આર્તવાનની અરજી સાંભળવી પડે. લાભ તો બહુ જબરો થયો છે પણ બેભાનો જીવ છે. ઉંઘ કેવડી જબરી છે ! એમાં કાંઈ ખબર પડતી નથી. જગતનું સુખ ખોટું છે. દેહનું સુખ પણ ખોટું છે. ભગવાનના ભક્ત ભેળા ગણાઈ એટલે એના જેવા કહેવાય. જેવો મનુષ્ય દેહ હોય, એવો ભગવાનનો અવતાર હોય. જ્યાં જેવું કાર્ય ત્યાં તેવો અવતાર હોય. એથી ઉલટી રીતે સમજશો તો બંધન થાશે. સદાય ભગવાનની આકૃતિ એક સરખી છે. કલ્યાણની રીત એક સરખી છે પણ ભક્તના ભેદથી ભેદ થઈ જાય છે. જેવી શ્વેતદ્વિપમાં સભા છે. વૈકુંઠમાં સભા છે. એવી આ સભા છે. આમ અવતાર જેવા માનવાનું કહે છે તોય નહીં મનાતું હોય. એની સામું જુવે એટલે એના જેવો થઈ ગયો. એને અધિક માને તો તો અલૌકિક કહેવાય.

પછી સ્વામીએ વાત કરી જે; **જે મૂર્તિ જનને ભાવે, તે મૂર્તિ નિજ ધામ પહોંચાવે.**

પણ જો નિઃસ્પૃહી થઈને જનના મનને ભાવે તો ધામ પોંચાવે. પણ આસક્તિથી ભાવે તો ન થાય. નિઃસ્પૃહી થઈને જ ભગવાનનું સ્વરૂપ હાથ આવે છે. નિઃસ્પૃહી થઈને પછી મનને હાંકવું, તો ભગવાનનું સ્વરૂપ હાથ આવે. જડભરત, શુકજી, નારદ, પ્રહલાદ, હનુમાન ઈ બધાય વનમાં રહે છે. તપ કરે છે. અમે એમ વનમાં રહેતા નથી. તપ કરતા નથી પણ ઈ અમને જીવમાં ગમે છે. અમારા જીવનો ઢાળો છે. એમ અવતાર છે. ભગવાનને અરથે યોગ,યજ્ઞ,દાન, પૂણ્ય કરે ઈ સારૂં લાગે. ઈ ભગવાનનો અવતાર છે. નહીંતર તો તપ કરવું જોઈને ઈન્દ્ર પણ ધ્રૂજવા મંડે. એને એમ થાય કે અમારૂં ઈન્દ્રાસન લઈ લેશે. નિઃસ્પૃહી વર્તમાન બહુ જબરૂં છે. કાંઈ ન જોતું હોય તો કાંઈ દુઃખ નથી. ગોપાળાનંદસ્વામી, કૃપાનંદસ્વામી,

સ્વરૂપાનંદસ્વામી ઈ વ્યક્તિ બીજા લોકની હતી. એને કાંઈ ન જોઈ છતાંય આપણા સારું થઈને આ લોકમાં ફર્યા. તે ઉપર કેવળાત્માનંદસ્વામીની વાત કરી. અનુમાનજ્ઞાન સાંખ્યવાળાનું છે. ને આપણે તો સાંખ્ય ને યોગ બેય સિદ્ધ કરીને પ્રત્યક્ષજ્ઞાન થાય છે. અતિશય વૈરાગ ન હોય તો સાંખ્ય મતને અનુસરીને વરતવું તો નિર્લેપ રહેવાય. આ પૃથ્વી ઉપર મહારાજને તપ કરે, યોગ કરે, ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરે છે ઈ ગમે છે. ઈ અવતારનું લક્ષણ છે. ઓલ્યા વનમાં રહે છે ને અમે લાખુ માણસના ભીડામાં રહીએ છીએ તો પણ એવું નિર્લેપ રહેવાય છે. એમ અવતારીપણું ઘટે છે. આ કર્મમાં છે તો પણ કર્મ રહિત છે. આ તો અવતાર ને અવતારી બે નોખા પાડ્યા. ગમે એટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ નિવૃત્તિ માનીએ છીએ. ઓલ્યા નિવૃત્તિ છે એને નિવૃત્તિ માને છે. બ્રહ્માંડ જેટલી પ્રવૃત્તિ કરવી ને ન બંધાય એવા તો એક સહજાનંદ છે. ઉપાધીમાં રહીને નિર્લેપ રહે એમ અવતારીપણું છે. નિઃસ્પૃહી વર્તમાન, નિર્સ્વાદી, નિર્માની વર્તમાન છે ઈ બીજાને નથી ગમતા પણ ભગવાનના ભક્તને જ ગમે છે. ભક્તની ક્રિયા ભગવાનને જ ગમે છે પણ બીજાને નથી ગમતી. એક વસ્તુમાં બીજી વસ્તુ ઘટાડો તો માયિક પદાર્થ થઈ જાય ને અમાયિક વસ્તુ છે એમાં એક વસ્તુમાં બીજી વસ્તુ ન હોય. ભગવાન યોગકળાએ કરીને વ્યાપક છે. યોગકળાએ કરીને ઉર્ધ્વરેતા હોય. ને ઓલ્યો ઈંદ્રિય દ્વારા વીર્ય ન આવે તો જ ઉર્ધ્વરેતા ગણાય પણ એમાં માયા તત્ત્વ ઉડી જાય છે. એક રૂપ થકા અનંત રૂપ ભાસે ઈ યોગકળા બધાયમાં અનુસ્યુત રહ્યા એમ કહો તો અવતાર છે. ભંડારે જાય ને ઉપવાસી છે, ઈ કેમ કહી શકાય ? ઈ વાત સુધી અટપટી છે. સોળહજાર એકસો આઠ થાળને દુર્વાસા જમી ગયા તો પણ સદાય ઉપવાસી છે એમ શાસ્ત્રમાં લખ્યું છે. ઓલ્યા સાધન કરે છે, પોતાને અરથે કરે છે. ને અવતારી છે ઈ પરને અરથે સાધન કરે છે. જન્મ કર્મ જેના દિવ્ય છે. એમ જે જાણે છે ઈ જ ફરીને જન્મને નહીં પામે પણ મને જ પામે છે.

પછી તે જ દિવસે સાંજે સાત વાગે વંથલી ગાયત્રી પરિવાર આયોજીત નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા ને ત્યાં સોફા ઉપર વિરાજમાન થયા હતા તે વિરનગરના ડૉ.અધ્વર્યુએ પ.પૂ.સ્વામીની પૂજા કરી ને પછી પોતાના મુખારવિંદની આગળ સંત હરિભક્તોની સભા બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; ગમે તે કરો અમારે વચનામૃતના ચોપડામાં ગઢડા મધ્યનું ૧૧મું વચનામૃત છે. જે શાસ્ત્ર છે ઈ ધર્મ, અર્થ, કામ પર છે ને ઈ પ્રમાણે આચરણ કરે છે ને એનું ફળ અંતકાળે ઘોરતમ સંસૃતિ છે પણ એના ફળથી દેવલોકમાં જાય તો સુખિયો થાય પણ પુન્યને અંતે પાછો પડે છે. પણ ભગવાનના ભક્ત ઈ ના ઈ સાધન ભગવાનની પ્રસન્નતાને અરથે કરે છે માટે અનેક સુખ છે. પણ જન્મમરણ અળસાવવું ઈ મોટામાં મોટું દુઃખ છે. ઈ ન આળસે તો બકરીની ડોકે આંચળ સમાન છે. ગઢ કર્યા તો ય શું કામના ને રાજા થયો તોય શું કામનું ! **॥ ઈતિ શ્રી કિરણ ૬૩૪ ॥**

## ૬૩૫. નિશ્ચયનું

સંવત્ ૨૦૩૫ ના વૈશાખ વદિ-૬ ગુરુવાર તા.૧૭-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભા મંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; બધા પ્રકારની વિદ્યા શીખે પણ મરી જાવું છે એવી વિદ્યા કોઈ ન શીખે. બ્રહ્મરૂપ થાવું ઈ મરી જાવાનું શીખ્યા ગણાય. જેને માહાત્મ્યે સોતો નિશ્ચય હોય ઈ કેમ ઓળખાય ? તો જે દિવસથી મને ભગવાન મળ્યા તે દિવસથી મારૂં કલ્યાણ થઈ ગયું છે. જે મારા દર્શન કરે એનું પણ કલ્યાણ થઈ જાય તો મારા કલ્યાણમાં શું ફેર છે ! જેને પરિપક્વ નિશ્ચય હોય ઈ જ્યારે બોલે ત્યારે એમ જ બોલે કે મારે બધી પ્રાપ્તિ થઈ ગઈ છે. મારે કાંઈ કરવું રહ્યું નથી. એમ શિવાનંદસ્વામીના પ્રશ્નમાં છે. હવે પરમચૈતન્યનંદસ્વામીનો પ્રશ્ન કહીએ છીએ. પરમ

ચૈતન્યાનંદસ્વામીનો નિશ્ચય બહુ જબરો કહેવાય. પચાસ સાધુને પાછા વાળ્યા. ઈ પણ નિશ્ચયનું અંગ છે. જેને પરિપક્વ નિશ્ચય હોય એને કેવા સંકલ્પ થાય ? મારે ગોલોક, વૈકુંઠ, બ્રહ્મમહોલ એની પ્રાપ્તિ થઈ રહી છે. મારે કાંઈ કરવું રહ્યું નથી. પૂર્વે થઈ ગયા એવા જ આ સત્સંગી અને સાધુ બાયુ-ભાયું બધાય છે ને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી. આવો નિશ્ચય કરવો. એમાં ખપ જાગવો જોઈ. નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના રૂડા વાસ્તે કરવો. પણ કોઈ પ્રકારની ઈચ્છા રાખીને ન કરવો. કારણ કે સત્સંગ કરે તો જે દુઃખ આવવાનું હોય એમાંથી કાંઈક ઓછું થાય છે. પદાર્થની ઈચ્છા રાખીને સત્સંગ ન કરવો પણ પદાર્થની ઈચ્છા છોડીને નિશ્ચય કરવો. મલીન ઈચ્છા ન રાખવી. રજપુત ગલુજી, કુશળકુંવરબાઈ, રાજબાઈ, લાધીબાઈ, દાદોખાચર, માંચોભક્ત, ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત, માનકુવાના મુળજી અને કૃષ્ણજી ઈત્યાદિકની વાત કરી. ત્યાર પછી પોતાની વાત કરી ને સુંદરજી સુતારની વાત કરી. ને પ્રહલાદ પણ નૃસિંહજી પ્રત્યે બોલ્યા કે, મારા ઈંદ્રિયુંના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ. ને પછી પોતાની વાત કરી. ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ ન રહેવાય. પણ રામાનંદસ્વામીની આજ્ઞાથી મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં નવ મહિના સુધી રહ્યા. આવો જે ભક્ત છે એનો દેહ ગમે એમ અપમૃત્યુએ કરીને પડે તો પણ ભગવાનનો ભક્ત છે ઈ ધામમાં જ જાય પણ વચ્ચે કયાંય ઓરો ન રહે, ને વિમુખ હોય ઈ જમપુરીમાં જ જાય. એ બેને જે જાણે છે એને મહાત્મ્યે જ્ઞાને સહિત નિશ્ચય છે. બ્રહ્મરૂપ થયો એને તૃપ્તિ ન થાય. કથાવાર્તાનો ઓડકાર ન આવે ને બીજાને ઓડકાર આવી જાય. સામું જુવે ત્યાં વૃત્તિ પાછી વળી જાય. સુખિયો થઈ જાય. માયા પર થઈ જાય. આપણે આ લોકના છઈ કે પરલોકના છઈ ? જો કથાવાર્તાથી ધરાઈ નહીં તો પરલોકના છઈ. અમીનો ઓડકાર ન આવે. સર્વોપરી સમજે ને પછી ભગવાન ન આવે તો ભગવાનની લાજ જાય.

તેજ દિવસે બપોર પછી પોતાના ઉતારામાં વિરાજમાન થયા હતા ને પછી બાબુભાઇએ સાક્ષાત્ સવિતા વાંચી. પછી સ્વામીએ વાત કરી જે; જેટલી વાર વિષયના સંકલ્પ નાશ થાય એટલીવાર પાટો ગોઠ્યો ગણાય. કથાવારતા કરો એટલીવાર ખાધાનો સંકલ્પ ન થાય તો પાટો ગોઠ્યો ગણાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૩૫ ॥**

## ૬૩૬. પ્રગટ સ્વરુપનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૭ શુક્રવાર તા.૧૮-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનનો મહિમા, મોટયપ, ઐશ્વર્ય, શક્તિ, વિભૂતિ, ગુણ એનું કોઈ વર્ણન કરી શકે નહીં. કળિયુગમાં

**कलौ खलु नारायण परायण**

ત્રણ જુગની પ્રજા કળિયુગમાં જન્મ માગે છે. માટે કળિયુગની પ્રજા અધિક છે. કળિયુગમાં કીર્તનથી જ મોક્ષ થઈ જાય છે. ભગવાનનું સ્વરૂપ છે ઈ સર્ગ છે. એમાં માયા ઘટતી નથી. ત્યાર પછી સ્વામિનારાયણે એથી વિશેષ બતાવ્યું. પોતાનું સ્વરૂપ જે ધામ તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપ કપટ એવું પરમ સત્ય સ્વરૂપ ભગવાનનું સ્વરૂપ છે. પણ જો એકાંતિક સાધુનો વિશ્વાસ લાવે, આસ્તા આવે તો ભગવાનની મૂર્તિ સત્ચિત્ ને આનંદમય ભાસે. ગોડીયાની માયાની પેઠે એમાં મોહ ન થાય. અલૌકિક સ્વરૂપ છે પણ એકાંતિક ભક્તના વચનમાં વિશ્વાસ આવે તો સ્વરૂપાનંદસ્વામીની દૃષ્ટિ થઈ જાય. જે પદાર્થ જોઉં ઈ પદાર્થ આળસી જાય ને મૂર્તિ દેખાય. એના દર્શને કરીને મોક્ષ થાય, એવું અલૌકિક સ્વરૂપ છે પણ જો એકાંતિક ભક્તના વચનમાં વિશ્વાસ લાવી ને ભજે તો ઈ ની ઈ મૂર્તિ સત્ ચિત્ આનંદમય ભાસે.

**पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान् ।**

કોઈ કાર્યને અર્થે, પ્રયોજનને વાસ્તે અવતાર ધારણ કરે એને દાબી ઘે ને પોતે જ વરતે.

જેમ પાણીમાં તેલ નાખે તો તેલ જ દેખાય. એમ પોતાના ગુણ, ઐશ્વર્ય, વિભૂતિ બધુંય દેખાડે. માયાને વિષે આવે તો માયાપણું દાબી ઘે. પ્રકૃતિને વિષે આવે તો પ્રકૃતિપણું દાબી ઘે. સૂર્ય ઉગે ત્યારે તમ છે ઈ દબાવી ઘે છે. તાગો નહીં એટલું તમ છે, એવું તમ છે, એને ટાળીને સૂર્ય જયારે બ્રહ્માંડમાં આવે ત્યારે તમ ને કાઢી મેલે. તેમ ભગવાનની એવડી શક્તિ છે. માટે જેવી મૂર્તિ દીઠી હોય એનું જ ધ્યાન, ઉપાસના ને ભક્તિ કરવી પણ એથી કાંઈ પૃથક્ ન સમજવું. ત્યારબાદ સાકારપણાની નિષ્ઠા બતાવી. આવી જો ઉપાસના થાય તો આંધળા કુવામાંથી નીકળાય. આ દેહ છે ઈ આંધળો કુવો છે. એમાંથી કોઈ'દિ નોખું પડાય એવું નથી. નાશવંત છે, દુઃખરૂપ છે. અશુદ્ધ છે. હાડકા માંસનો પીંડો છે. એમાંથી આંધળા કુવામાંથી નીકળાય એમ નથી. ઈ કુવામાંથી કાઢવા માટે ભગવાને પૃથ્વી ઉપર સર્વોપરી અવતાર લીધો ને કુવામાંથી કાઢયા. ખાધામાં સુખ નથી. મળે તો દુઃખિયો ને ન મળે તો સુખિયો છે. " નારાયણ જેવા તો એક નારાયણ જ છે.

**एकमेवाद्वितीयं ब्रह्म ।**

એના જેવો કોઈ થાતો નથી. આંયા અક્ષરને નારાયણ કહ્યા છે. નારાયણ જેવા જો થવાતું હોય તો અનંત નારાયણ થાય એવી અક્ષરની અદ્ભૂત મોટયપ છે. ને પુરુષોત્તમ એક પુરુષોત્તમ જ છે ઈ તો એનાથી નોખા છે. બીજાને નિષ્પાપ, નિર્દોષ, નિર્લેપ કરી મેલે એવું ભગવાનનું સ્વરૂપ અદ્ભૂત છે. ઈ ધામરૂપ ભગવાનનું સ્વરૂપ છે. એકાંતિકની દૃષ્ટિ છે ઈ જ્ઞાનીની છે." ઈ નું ઈ સ્વરૂપ સત્ ચિત્ ને આનંદમય ભાસે. જયાં જુવે ત્યાં સ્વરૂપાનંદસ્વામીનું સ્વરૂપ જ દેખાય. ઈ સિવાય પૃથ્વી ન દેખાય, જળ

ન દેખાય, વાયુ ન દેખાય. આ સમાધિ તમે પકડી રાખી હોય તો વેદાંતિ આખી પૃથ્વીના ભેળા થાય તો પણ તમારી તુલ્ય ન થાય. બહાર અથવા અંદર ભગવાનની મૂર્તિ સામી દૃષ્ટિ કરવી એનું નામ જ્ઞાનયજ્ઞ કહેવાય. સત્યુગની પ્રજાના બહુ વખાણ કર્યા. ત્રેતાયુગ એથી પણ અધિક છે. દ્વાપર યુગના એથી પણ અધિક છે ને કળિયુગના એથી પણ અધિક છે.

## कलौ खलु नारायण परायण

એમ અધિક છે. ત્રણેય યુગની પ્રજા કળિયુગની પ્રજાને અર્ઘ્ય આપે છે. નારાયણ અવતાર થાય છે ને આશરો કરીએ ને કીર્તન કરીએ તો કામ થઈ જાય. કળિયુગમાં જ્યાં પાણી હોય ઈ અધિક ગણાય. આ તો વાલ્યપનું વેણ છે. ઈ કયાંથી આવ્યુ હશે ? સચોટ ઉપાસના હોય ઈ જ વર્ણન કરી શકે. ગોપીનાથ પુરાણી વર્ણન કરી શકે પણ બીજા ન કરી શકે. આ અજ્ઞાન કાઢયે છૂટકો છે. સત્યુગની પ્રજા બહુ અધિક છે. તે કરતા ત્રેતાયુગની અધિક છે ને તે કરતા દ્વાપરયુગની અધિક છે ને કરતા કળિયુગ અધિક છે ને તે કરતા પ્રત્યક્ષ ભગવાનનો આશ્રિત અધિક છે. સ્વામિનારાયણ તો ઠીક પણ સ્વામિનારાયણનું એક ડાહું હશે તો પણ અધિક છે. બીજા અવતારે રાસ કરાવ્યા ને આણે તોડાવ્યા. ઉપાસનાની લેન તો આમ હાથ આવવી જોઈ. નિત્યાનંદસ્વામીને નોખા કાઢી મેલ્યા તો પણ નિત્યાનંદસ્વામી એક મટીને બે ન થયા. પછી મહારાજે હાર પહેરાવ્યો ને કહ્યું કે આ સાધુ મારૂં રહસ્ય સમજે છે. જન્માંતરે સાત ભાતની સુખડી ખાધી હોય પણ વર્તમાનકાળે ભાખરો રોટલો પણ અધિક છે. એમ પ્રત્યક્ષપણું અધિક છે. જીવમાં પ્રગટનો મહિમા ધરવો બહુ કઠણ છે. પ્રગટ પાણીથી તરસ છીપે ને પ્રગટ ભોજનથી ભૂખ ભાંગે છે.

સારો સંગ મળવો દુર્લભ છે. એક કોઈ'દિ સત્સંગમાંથી જાય એવો ન હોય તોપણ વયો જાય ને એક સત્સંગમાં રહે એવો ન હોય એને પણ રાખી દ્યે. મોટા હોય ઈ રહેવાનું બળ આપે. બહુ મોટો લાભ થયો છે.

ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થાવો બહુ દુર્લભ છે. ભગવાનના સ્વરૂપને સમજી શક્યો તો બસ સમજી રહ્યો. ને ભગવાનના સ્વરૂપને ન સમજ્યો તો અંધારો કુવો ઉલેચ્યા જેવું છે. ઉત્પત્તિકાળ, સ્થિતિકાળ ને પ્રલયકાળ ત્રણેયકાળમાં ભગવાનનું સ્વરૂપ એક સરખું છે. તો અજન્મા છે. જ્ઞાને કરીને ભગવાનની મૂર્તિ સમજાય તો ત્રણેય કાળમાં ભગવાન સદા છે. સાકાર છે, ને સાકાર થકા જગતના કર્તા છે ને સર્વોપરી છે. એટલી વાત નવમા વચનામૃતમાં મુખ્ય છે. યુધિષ્ઠિરને ધર્મનિષ્ઠા હતી ને અર્જુનને સ્વરૂપનિષ્ઠા હતી. અર્જુન થરેરી ગયા પણ ભગવાનના મોઢામાં આખું વિશ્વ દીઠ્યું ત્યારે એને હિંમત આવી ગઈ. શૂરવીર થઈ ગયો. ધર્મરાજા અર્જુન જેવા ન થયા. ધર્મનિષ્ઠામાં કુશળ હતા. નરોવા કુંજરોવા એટલું જ બોલ્યા એમાં અફસોસ થઈ પડ્યો ને અર્જુનને કાંઈ ન થયું. ઉપાસનાની વાત પંચાળાના બીજામાં લખી. ધર્મશાસ્ત્ર, સાંખ્ય શાસ્ત્ર ને યોગ શાસ્ત્ર લખ્યું. પછી એમ કહ્યું કે અમ જેવા પાસેથી શીખે તો જ આવડે. સાંખ્યવાળો કળીયું હાંકે તે બધુંય પાડી નાખે ને યોગવાળો બેલી હાંકે તો ફાંડુ મેલ તો જાય. અષ્ટાંગયોગ યોગવાળા માટે જ છે, પણ સાંખ્યવાળાને કરવાના નથી કહ્યા. યોગવાળો ઉપાસનાનું બળ લઈને છોડી દ્યે એમ છોડી ન દેવા. જીવ, ઈશ્વરના ચોવીસ તત્ત્વ સામાન્ય વિશેષ છે. જીવના ચોવીસ તત્ત્વ પોતાને ય ન કહી શકે ને ઈશ્વરના ચોવીસ તત્ત્વ બીજાને ધારવા સમર્થ છે. આપણો વિશિષ્ટાદ્વૈત મત છે. બે છે એમાં એક અધિક છે ને એક ન્યૂન છે. શાસ્ત્રના બધાય શબ્દ સ્વામિનારાયણના એક લટકામાં સમાય જાય. સ્વામિનારાયણના વર્તનમાં શાસ્ત્ર આવે પણ શાસ્ત્રમાં સ્વામિનારાયણનું વર્તન ન આવે.(છે.૧૩) માટે સ્વામિનારાયણ સર્વોપરી છે.

**एकमेवाद्वितीयं ब्रह्म ।**

એક છે ઈ અનેકરૂપે છે પણ એને દાબીને વરતે છે. એમ અનેક છે. પણ એમાં વ્યાપી જાય એમ નથી. મધ્યનું ૬૪મું. ભગવાનનો મહિમા,

ભગવાનનું સ્વરૂપ સિંહણનું દૂધ છે. ઈ સોનાના સોળવલા વાસણમાં રહે. એમ શુદ્ધ થઈ ગયો હોય, માયાપર થઈ ગયો હોય તો ભગવાનનું સ્વરૂપ ઓળખાય.

પછી સ્વામીએ વાત કરી જે; “ઉપાસનાની વાત આકાશમાં ઉડવા જેવી છે ને ધર્મ પાળવો, વૈરાગ રાખવો, સેવા કરવી ઈ પૃથ્વી ઉપર ચાલવા જેવું છે. એને ઠેસ ન લાગે.”

પછી સ્વામીએ વાત કરી જે; અચળ નિશ્ચય હોય ઈ કેમ ઓળખાય ? ઈ ભક્ત જ્યારે બોલે ત્યારે એમ જ બોલે કે ભગવાન મને મળ્યા ત્યારથી જ મારૂં કલ્યાણ થઈ ગયું છે.આનંદ છે ઈ ભગવાનની વાત છે. આવો સત્સંગ મળ્યો, સાધુ મળ્યા, ભગવાન મળ્યા, મંદિર મળ્યા એના ઢોર પણ અલૌકિક હશે. કુતરૂં ઓળખે પણ માણસ નથી ઓળખતા. મારૂં ધ્યાન કરે એનું પણ કલ્યાણ થાય તો મારા કલ્યાણમાં શો ફેર છે !!

**॥ ઈતિ શ્રી કિરણ ૬૩૬ ॥**

## ૬૩૭. સારામાં દિવ્યભાવનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૮ શનિવાર તા.૧૯-૫-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે સહજાનંદ સ્વામી ગુરુકુળમાં પોતાના સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ભાણજીભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા.

પછી સ્વામીએ વાત કરી જે; બહુ મોટો લાભ થયો છે. બગાસું ખાતા સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો છે. જીવ તો એવો જ છે. જો જીવ સામુ જોવા બેસે તો ભગવાન કલ્યાણ કેનું કરે ? મેવા ખાધા હોય ઈ સાંભરી જાય. ઈ ભગત ને ઈ ટેમ મળશે નહીં. તમે કૃપા કરો તો મળે નહીંતર ન મળે. મળ્યા તે'દિ આપણને ભાન નોતી. હવે ભાન થયું છે કે

આ સત્સંગ અલૌકિક છે. એના જેવું બીજું કાંઈ નથી. એનામાં ખામી નથી. ખામી તો આપણામાં જ છે. એનામાં ખામી દેખાડતા હશે, આપણને મોહ પમાડવા સારૂં. એની ખોટય બતાવે છે. એનામાં ખોટ્ય દેખીએ તો મોહ થયો કહેવાય ને આપણામાં ભૂલ દેખીએ તો એને અલૌકિક જાણ્યા ગણાય. ભરતજીએ એકમાં દયા કરી તો બંધન થયું ને રંતીદેવ રાજાને બંધન ન થયું. આખા સમાજ પર દયા કરો તો બંધન ન થાય પણ એક વ્યક્તિ પર દયા કરો તો બંધન થાય. ભરતજીને કોઈનો સંગ નોતો તોય આ જ્ઞાન ગયું નહીં. ને આપણને ભગવાનના ભક્તનો સંગ છે તોય આ જ્ઞાન ભૂલી જાશું ?! આ દેહ ઉપર અભાવ થાય ઈ પૂર્વ જન્મનું જ્ઞાન છે. જાણપણું હોય એટલી જ વાર ભગવાન સાંભરે છે. કરોડ્યું રૂપિયા એની આગળ કાંઈ ગણત્રીમાં નથી. એવું સ્વામિનારાયણનું નામ છે. છતાંય લેવાતું નથી. એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં વર્તાવીએ તો  પણ લેશમાત્ર ન મુંઝાય તો ઈ ભક્ત અમને ત્રણેય અવસ્થામાં ન સંભારીએ તો પણ સાંભરે છે. જાણપણાથી જ હેત થાય છે. જાણપણા વિના હેત થાતું નથી. જાણપણારૂપી વિચાર હોય તો જ પંચવિષય જેવું હેત થાય છે. આનો જોગ રાખો તો જ જાણપણું રહે છે. અમે સાધુ સત્સંગીના દુઃખમાં ભાગ લીધો છે ને અમારૂં સુખ સાધુ સત્સંગીને અરથે શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યું છે. આ સત્સંગમાં નિર્માની છે ઈ સારો છે. કાંઈ ન જોઈ. શબ્દ ન લાગે. સુખિયો ઈ આત્મસત્તા છે. દુઃખિયો વરતે ઈ દેહ છે. ધારવું અધિક કે સ્મૃતિ અધિક છે ? ધારવું એટલે ભગવાનની મૂર્તિમાં વળગી જાવું ને સ્મૃતિ એટલે મૂર્તિને સંભારવી. સ્મૃતિ તો જાણપણું હોય તો જ થાય ને ધારવું એટલે એને અને આપણને તદાત્મકપણું રહે.

ભૂંડાનો સંગ ઈ છેટી વાત ને સારાનો સંગ ઈ નજીક છે. એટલે ભગવાન સારા દ્વારે છે એમ કહેવાનું છે. સારા દ્વારે ભગવાન હોય પણ નબળા દ્વારે ન હોય. સારા દ્વારે ભગવાનની પ્રાપ્તિ થાય. તુલસીદાસને

હનુમાન દ્વારા રામ મળ્યા એમ મળે. કાલે કહ્યું એવું ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ છે. એવું જેને તદાત્મકપણું થયું, એને જ નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય. લીંબડો તે લીંબડો એમાં કામાદિક વ્યાપે તો પણ સંશય ન થાય. તો એક ઈંદ્રિયનો લક્ષ થયો પણ જો બધાય ટળી જાય ને કાંઈપણ ભ્રાંતિ ન થયા તો બધી ઈંદ્રિયનો લક્ષ થાય. પોતે જ ભગવાન છે, છતાંય સારામાં નથી વળગાડયા ઈ દોરો હાથ નથી આવતો, માટે વચનામૃત ખતમ છે, કોઈ કહી શકે નહીં, કહેનારો પણ અટકી જાય. પુરુષોત્તમ પ્રકાશમાં તો ભગવાનની બધી ક્રિયા કલ્યાણકારી બતાવી છે. આચાર્યને પણ કલ્યાણકારી બતાવ્યા, સાધુને પણ કલ્યાણકારી બતાવ્યા. મૂર્તિઓ પણ કલ્યાણકારી બતાવી છે. સારામાં વળગાડવાનું કહે છે. હું ઝાડમાં વળગાડું તો ઝાડમાં ભગવાન દેખાય. હું પહાડમાં વળગાડું તો પહાડમાં ભગવાન દેખાય. હું સ્થુળમાં વળગાડું તો સ્થુળમાં ભગવાન દેખાય. માટે વચનામૃત અલૌકિક છે. "આ વાતનો નિશ્ચય થાય તો તમે નાના નથી, બહુ મોટા છો." ભેળા થયા, ભેળી ઓળખાણ થઈ જાય ઈ સાચી ઓળખાણ છે. વગર સાધને હેત થઈ જાય ઈ પૂર્વનું હેત છે. આની પાસે બેસાય ને આની પાસે ન બેસાય. આની વાત સંભળાય ને આની વાત ન સંભળાય. ઈ વાત સાધુ પાસેથી શીખે તો બંધ બેસે. કેની વાણી સાંભળવા જેવી છે ને કેની વાણી સાંભળવા જેવી નથી ? કોણ ભગત છે ને કોણ ભગત નથી. કોનું મોઢું જોયા જેવું છે ને કોનું મોઢું જોયા જેવું નથી. ઈ ખબર પડવી જોઈ. પાંચ પગ રોપ્યા એનું નામ એકાંતિક ધર્મ કહેવાય. નિષ્કામ, નિર્લોભ, નિસ્વાર્દ, નિર્માન, નિર્સ્નેહ ઈ પાંચ પગ છે. ભગવાનને વિષે સ્થિતપ્રજ્ઞ થાય તો સમાધિ કહેવાય ને આત્માને વિષે સ્થિતિ થાય તો પણ સમાધિ કહેવાય. પાંચ વર્તમાનમાંથી એક વર્તમાન પાળો તોય તમને એના સ્વાદની ખબર પડે. પછી બીજો સ્વાદ સારો ન લાગે.

પછી તે જ દિવસે સાંજે સભામંડપની ઓસરીએ ઢોલિયા ઉપર

દક્ષિણ મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ને ભગવાનજીભાઈ કારિયાણીનું ૬ઠ્ઠું વચનામૃત બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે; સંત હોય ને સંતને મારગે ચાલે તેનો મત્સર ટળે. સામા સંત હોય ને પોતાને મત્સર ટાળવાની શ્રદ્ધા થાવી જોઈ. કામાદિક થકી રહિત થયા હોય ને સાત્ત્વિક સેવ્યા હોય તેની બુદ્ધિ ભેદાતી નથી. "આ લોક ને પરલોક એટલે શું ? આંખ્ય ઉઘાડીએ તો આ ભગવાન અને આ સાધુ દેખાય ને આંખ્ય મીંચીએ તો ઓ ભગવાન અને ઓ સાધુ દેખાય. સંતોષ ઈ પરલોક ને અસંતોષ ઈ આ લોક છે. આ લોકમાં અક્ષરધામનું સુખ શું ? તો શુભ સંકલ્પ થાય ઈ આ લોકમાં અક્ષરધામનું સુખ છે. મહારાજ સંતને અરથે દેહ રાખે છે ને આપણે આપણા અરથે દેહ રાખીએ છીએ એટલો ફેર છે."

**॥ ઈતિ શ્રી કિરણ ૬૩૭ ॥**

## ૬૩૮. સવિકલ્પ અને નિર્વિકલ્પનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૯ રવિવાર તા.૨૦-૫-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી ગુરુકુલથી શ્રીજી મીલની મોટરમાં બેસીને પ્રાતઃકાળે ગામશ્રી સરદારગઢ પધાર્યા ત્યાં ડૉકટર રતીલાલભાઈને ઘરે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ભાણજીભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા.

પછી સ્વામીએ વાત કરી જે; પંચવિષય ઝાડવામાંથી ઉત્પન્ન થાતા નથી. પૃથ્વીમાંથી, જળમાંથી, આકાશમાંથી ઉત્પન્ન થાતા નથી. પંચવિષય ઈંદ્રિયુંમાંથી જ ઉત્પન્ન થાય છે. દોષાધ્યાન થાવું જોઈ. શત્રુને શત્રુ જાણીએ તો એના સપાટામાં ન આવી શકીએ. સાચા મિત્ર તો ભગવાન અને ભગવાનના ભક્ત જ છે. વિષયનું રૂપ જેવું છે એવું જણાય તો ભોગવાય નહીં. ઝેરને ઝેર જાણ્યા પછી ખવાય નહીં. ભગવાનના લાડીલાનો વિચાર આવી જાય તો કામ થઈ જાય. વિવેક વિનાનો ભૂલો પડેલો છે. જ્ઞાની

ભોગવે ખરો પણ દુ:ખદાયી જાણીને ભોગવે. અનેકરૂપે ભગવાન છે, અનેક સ્વરૂપે છે, અનેક પ્રકારે છે, જો ઈ ઓળખાય જાય તો કામ થઈ જાય ને વળી પાછા એકના એક જ છે. દુ:ખ પડે ત્યારે યાદ કરીએ તો આવે જ. મંદિરે ભેળા થાવું અને ભજન કરવું. અલકમલકની વાતું કરવી છોડી દેવી. ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, કેવળાત્માનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી, આત્માનંદસ્વામી એવા અનેક સાધુ છે. જીવને ઝાઝા લાભની બહુ ઈચ્છા છે. સુખની બહુ ઈચ્છા છે. આનંદની બહુ ઈચ્છા છે. અંત:કરણનો એટલો જ વાંક છે કે ગાફલપણું રહે છે. ઝાઝો વાંક તો પંચ જ્ઞાન ઈંદ્રિયુંનો છે. સંતના વિશ્વાસથી ગ્રહણ કરે તો જ સાકારનિષ્ઠા ગણાય. બહુ મોટો લાભ થયો છે. બહુ મોટું સુખ થયું છે. ઈ સુખમાં આનંદ આવે તો કામ થઈ જાય. સૂર્યથી અંધારૂં ટળે છે પણ જેવું સાધુ વતે ને ભગવાનના ભક્ત વતે અંધારૂ નાશ થાય છે એવું સૂર્યથી નાશ થતું નથી. આ તો સ્વાભાવિક અંધારાને નાશ કરે છે. થાક ઉતરી જાય ઈ આત્મનિષ્ઠા છે. મંદવાડ એક આવરણ ને એક અપમાન આ ચાર વાના આળસી જાય ઈ આત્મનિષ્ઠા છે. અક્ષરધામમાંથી આવીને આંયા આ વસ્તુ આપી ગયા ઈ કેવડી વાત છે ! પ્રકૃતિને તોડીને આપી દીધું. બીજા આપે ઈ તો પ્રકૃતિને અનુસારે આપે છે. દાદાખાચરનું લક્ષણ દયાળુ છે. એણે એમ માગ્યું કે તમારા સત્સંગીનો દોષ ન જોવો ને તમારે અક્ષરધામમાં તેડી જાવો. તમારે તમારા બિરૂદથી તેડી જાવા. ભગવાનને વિષે અલૌકિક બુદ્ધિ ખરી પણ નાના મોટા બધાયમાં એવી અલૌકિક બુદ્ધિ છે. આપણા ભાગમાં આવી ગયા. આપણું કામ થઈ ગયું. અપૂર્ણપણું મટી જાય ઈ બહુ જબરી વાત છે. ખાવાનો ધરવ ન થાય. સાંભળવાનો ધરવ ન થાય. પીવાનો ધરવ ન થાય. ધરવ થાય તો કામ થઈ જાય. આ સમય સાંભરે તો કામ થઈ જાય. પણ આ સમય ભૂલી જાવ તો પૂર્ણકામ ન થવાય. આનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે એવો છે. છતાં પણ ગુણ લ્યે છે એમાં અવગુણ છે કે નથી ? જો અવગુણ લ્યે

તો એમાં અવગુણ જ નથી. એના મોટા ભાગ્ય છે, એમ સમજે તો ઈ ભાગ્યશાળી થઈ જાય. ઝાંપે ચોખા મુકે એવું આવ્યું. દોષ રહિત સમજ્યો એટલે પોતે દોષ રહિત થઈ ગયો. (સારંગ-૧૦) બહાર દષ્ટિવાળાની સમજણ્ય મિથ્યા છે, ને આત્મદષ્ટિવાળાની સમજણ સત્ય છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણમાં રહેલો જીવાત્મા એને સત્તારૂપ માને એને સાધુ કહ્યો ને સારી દષ્ટિવાળો કહ્યો ને એવા સાધુનું દર્શન થયું ત્યારે મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું, એમ માને એને કૃતાર્થપણું મનાય ગયું. સુખનો સરડકો આવ્યો. પૂર્ણકામપણું મનાય ગયું. **"હું ન આવ્યો હોત તો આટલા બધા હરિભક્તના દર્શન ન થાત."** પોતામાં ભલે ખામી હોય પણ આપણું તો કલ્યાણ કરે એવો છે. પણ સવિકલ્પ નિશ્ચય છે પણ નિર્વિકલ્પ નિશ્ચય ન થયો. અવતારનો ભગત થયો. અવતારીનો ભગત ન થયો. બધાય ઘર માંડીને બેઠા તે હું પણ બેઠો છું. એવો નિશ્ચય થયો. દોષ સોતું કલ્યાણ ઈ અવતારનો ભગત છે. અલ્પ આપત્કાળમાં આપત્ ધર્મ ન સ્વીકારવો. મહત્ આપત્કાળમાં આપત્ ધર્મ સ્વીકારવો. ગોપાળાનંદસ્વામી કહે તો હું કરૂં ઈ આશા છોડી દેવી. ગુણાતીતાનંદસ્વામીની જ આજ્ઞા પાળું એવી આશા છોડી દેવી. "મળ્યું ઈ જ ભોજન સાચું પણ આ તો સ્વપ્નના ભોજનની આશા રાખીને બેઠો છે. દોષવાળાનો મહિમા બતાવીએ એટલી અમારામાં ખામી છે પણ આ જીવ દોષમાં અવરાય ગયો છે. એને કાઢવો કઈ રીતે. આવી રીતે નીકળે છે. હિંમત વિનાની વાત કરે ઈ સત્સંગમાં કુસંગ છે. આ વાત હિંમતવાળી છે."

જમ્યા પછી વૃજજીવનદાસસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૭૩મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; ભગવાન સંબંધી સંકલ્પ કરો એટલે જગત સંબંધી સંકલ્પનો ઈતિ આવી જાય. જગત સંબંધી સંકલ્પ નાશ થઈ જાય. આગલો શબ્દ બોલીને પાછલ્યો શબ્દ બોલીએ ત્યાં જ આગલ્યો શબ્દ ભૂલી જવાય એવું આ જગત છે. દોષ ટેમ આવે ત્યારે વારો કાઢયા વિના ન

રહે. પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થાય ને પાછા વારો કાઢે. આ ઉત્પત્તિકાળ છે. એમાં માયાનું જોર છે એટલે વારો કાઢ્યા વિના ન રહે. જેવો છે એવો સત્સંગ જાણ્યામાં આવે તો ટળી જાય. જાણપણું છે એમાં ભજન કરીએ તો જાણપણું બંધાયેલાને છોડી મેલે. પણ ભગવાનની મૂર્તિ ધરાય જાય ને ચોંટી જાય તો નિર્વિકલ્પ સ્થિતિ કહેવાય. પણ બહાર નીકળે ત્યારે નારાયણદાસની જેમ ચાળા ચુંથવા માંડે. સારા પદાર્થ જોઈને ચાળા ચુંથવા મંડી ગયો. ત્રીશ લક્ષણે જુક્ત એવા જે સંત તેનો મન, કર્મ, વચને કરીને સમાગમ કરવો. એમાં કલ્યાણના બધાય સાધન આવી જાય છે.

હવે થોડીક ઉપાસનાની વાત કરીએ. મધ્યનું ૧૪મું. જે સંત ભગવાનના સ્વરૂપને વિષે તદાત્મકપણાને પામે છે તે સમાધિએ કરીને થાય છે કે બીજો કોઈ ઉપાય છે ? જેવી અમે કાલે વાત કરી, એવો જેને નિશ્ચય થયો હોય એનું નામ તદાત્મકપણું કહેવાય. જે સંતને એવું તદાત્મકપણું થાય એને નિર્ગુણ જાણવા, એના સંગ થકી એવું તદાત્મકપણું થાય છે. લીંબડાને વિષે કામ, ક્રોધ વ્યાપે તો પણ સંશય ન થાય એવી આંટી નાખી છે. સ્વરૂપનિષ્ઠા છે, પણ દોષ પણ છે. દોષ વયા જાય તો માયા પર થઈ જાય. બ્રહ્મરૂપ થઈ જાય. લીંબડો તે લીંબડો. પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે તો પણ સંશય ન થાય. એવી જે નિર્વિકલ્પ સમાધિ થાય, એનું નામ નિશ્ચય કહેવાય. એવો જેને નિશ્ચય થયો એના થકી એવું તદાત્મકપણું થાય છે. દોષ આપણે વિષે છે. ભગવાનને વિષે નથી. ભક્તને વિષે નથી. એવો જેને નિશ્ચય થયો એને નિર્ગુણ બ્રહ્મ જાણવા. દર્શન થયું એટલો એક ઈંદ્રિયને લક્ષ થયો પણ સંપૂર્ણ લક્ષ ન થયો. દોષ છે એટલે એક ઈંદ્રિયનો લક્ષ થયો. બ્રહ્મરૂપ ન થયો. જેને નિશ્ચય થયો એના સંગ થકી નિર્ગુણ થયો. ઈ નિવૃત્તિમાર્ગને વિષે પ્રવર્તે કે પ્રવૃતિમાર્ગને વિષે, પણ એને સ્વરૂપના નિશ્ચયે કરીને નિર્ગુણ જાણવા. એને થોડી બુદ્ધિ છે તો પણ ઝાઝી બુદ્ધિ છે ને નિશ્ચયમાં ખામી હોય તો ઝાઝી બુદ્ધિ છે તો પણ થોડી બુદ્ધિ છે. લીંબડો તે લીંબડો જ

થઈ જાય. ભગવાન જ થઈ જાય તો વાંધો ન આવે. નિર્ગુણ થકી નિર્ગુણ થાય ને સાક્ષાત્ સવિતામાં એમ લખ્યું છે કે સગુણ થકી નિર્ગુણ થાય.

મધ્યનું ૧૧મું. શાસ્ત્ર ધર્મ, અર્થ, કામ ને મોક્ષ ઈ ચાર સિદ્ધિનું પ્રતિપાદન કરે છે ને મનુષ્ય એને અરથે સાધન કરે છે. એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ છે. એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે ઈ સગુણ છે. એને દેખનારો છે. એક અર્થને અરથે કરે છે ને એક પ્રસન્નતાને અરથે કરે છે. ઈ બેયને જાણનારો છે એના સંગ થકી સવિકલ્પમાંથી નિર્ગુણમાં જવાય છે. ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. ઈ બુદ્ધિવાળો છે. ઈ મોક્ષને યોગ્ય છે. એમ સગુણમાંથી નિર્ગુણમાં જવાય છે. સર્વ કર્મનો કરનારો છે. એમ સગુણ છે. એને મોક્ષને યોગ્ય કહ્યો છે. આ તો મન વિચારમાં જતું રહે એવું વચનામૃત આવ્યું. મનનું સમાધાન થાય ત્યારે વિચાર પાર પડે. જેને ભગવાનનો સંબંધ છે ઈ નિર્ગુણ છે. ભગવાનના ગુણ અપાર છે.

બપોર પછી વાત કરી જે; કરોડ્ય કામ ઠેલીને પણ ભગવાનને મુખ્ય રાખવા. ભગવાન જીવ સામું જુવે ને કહે છે કે મારી સામું જો, માયા સામું મા જો. માયાની સામું જુવે ત્યાં જ ભરખી જાય. સ્વામિનારાયણનું નાડું પકડયું હોય છતાંય એની સામું જુવે તો ભરખી જાય. સામું જુવે તો ચળાયમાન થયા વિના રહેવાય નહીં. જનકરાજા સુલભા પ્રત્યે બોલ્યા કે તું મારા મનને મોહ પમાડવાનું કરે છે પણ મેં સાંખ્ય ને યોગ સિદ્ધ કર્યા છે. જે વસ્તુ જેવી છે એવી જાણી શકે તેનું નામ જનક.

**વશિષ્ઠ તે વેશ્યા સુત થયા રે, નિમિ જનક જીવથી ગયા રે.**

નિમિ રાજા જનકની ગાદીએ બેઠો માટે જનક કહેવાય. જે વસ્તુ જેવી છે એવી જાણી શકો એનું નામ જ જનક કહેવાય. કેટલાકને વિષે આવી ખોટ્ય છે ને કેટલાકને દેશકાળાદિકે પરાભવ થયો. દેવની અનુલોમવૃત્તિ ને આપણી પ્રતિલોમવૃત્તિ ને ઈશ્વરની લોમવૃત્તિ છે. ઈ માયાને વિષે છે તો પણ બંધન ન થાય ને આપણે તો પ્રતિલોમ કરીએ તો જ રક્ષણ

થાય. "જીવન મુક્ત, કૈવલ્યમુક્ત, વિદેહી મુક્ત" ત્રણ પ્રકારના મુક્ત અને ત્રણ પ્રકારની વૃત્તિ. એમાં કૈવલ્યમુક્ત શ્રેષ્ઠ છે. વિદેહી મુક્ત જનક છે. આપણે જીવનમુક્ત છીએ.

**પાળે વર્તન પંચ, નામ નારાયણ ગાવે, મિથ્યા આશાનો ત્યાગ, સત્સંગનું સારમાં સાર. મોક્ષ આદિ નહીં માગે.**

નિષ્કામ થઈ બ્રહ્મ થઈને ભગવાનનું ભજન કરે. અર્ધ લવ પણ હું દેહ છું એવું મનમાંય ન લાવે. ઈ જીવન મુક્તનું લક્ષણ છે."

પછી સરદારગઢના હરિભક્તોને અભયદાન આપીને મોટરમાં બેસીને સંતમંડળ સહિત ગામ ચુડવા થોભણભાઈ ખેંગારભાઈના નવા મકાનમાં પધાર્યા. ને ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સૌરાષ્ટ્રમાં શ્રીજી મહારાજ ઉઘાડે પગે ફર્યા છે. એટલે સૌરાષ્ટ્ર દેશ અલૌકિક છે ને આંયના હરિભક્તો પણ અલૌકિક છે. સંભારવા જેવા છે. દર્શન કરવા જેવા છે. ધારવા જેવા છે. કરોડ્ય વહાણે કરીને એક મનવાર્ય ભરાય એવી સો કરોડ્ય મનવાર્ય ભરવી છે. એટલા જીવનો મોક્ષ કરવો છે. અમારૂં દર્શન કરે, અમારા સાધુના દર્શન કરે, એને પાણી પાય ને પાણી પીવે એ સર્વેનું કલ્યાણ કરવું છે. એક એક સાધુની પાછળ લાખુ માણસ ફરે એટલા જીવનું કલ્યાણ કરવું. એટલો સત્સંગ કરવો. ધોરાજીમાં લાલ વડ હેઠે મહારાજે આઠમનો ઉત્સવ કર્યો. પરબતભાઈએ સોનેરી વસ્ત્ર મહારાજને પહેરાવ્યા. જાણપણાએ જુક્ત સ્વામિનારાયણ બોલો તો પ્રાયશ્ચિત જઈ જાય. પાપની પાછી સ્મૃતિ ન થાય તો પ્રાયશ્ચિત થઈ ગયું કહેવાય.

**શાંતિ પમાડે તેને સંત કહીએ, તેના દાસના દાસ થઈને રહીએ રે,** સંકલ્પ બંધ થાય ત્યાં કાગભુશંડી કહેવાય.

પછી ચુડવાના હરિભક્તોને અભયદાન આપીને સંતમંડળ સહિત ગામ પીપલાણા પધાર્યા ને ત્યાં સભા મંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; સૌ ભજન કરજ્યો. તમારામાં અને અમારામાં ભજન કરશે એનું સરખું રહેશે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૩૮ ॥**

## ૬૩૯. અવતાર અવતારીના લક્ષણનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૧૦ સોમવાર તા.૨૧-૫-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; "ભજન કરજ્યો. આ ભગવાનના ભક્ત છે. ઈ બ્રહ્મની જ મૂર્તિ છે. એમાં દેહ સિવાયનું હેત કરવું પણ દેહનું, સ્વારથનું હેત ન કરવું. ઈ દ્વારે ભગવાન અક્ષરધામમાંથી આવે છે. અમે તો ઠેઠ અક્ષરધામમાંથી તમારે માટે ભગવાનને કહીએ કે આને સુખિયા કરજ્યો.

**આ પદ ગાશે સાંભળશે તેની પ્રેમાનંદનો સ્વામી લેશે સાર.**

આ કડી યાદ રહી જાય તો પણ કામ થઈ જાય.

**રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણ ભંગુર કાચું.**

ઈ એક કડીથી એક ડોશીનું કામ થઈ ગયું. ભગવાન તેડવા આવ્યા. પછી ભગવાનજીભાઈ માસ્તરે સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૩૩મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; કેટલાક સંગ કરે છે ને કેટલાક પ્રસંગ કરે છે. મણિકા અને દોરો એમ સંગમાં અને પ્રસંગમાં ફેર છે. ભગવાનમાં વૃત્તિ રહે એનું નામ નિર્વિકલ્પ સમાધિ છે. એમ સાક્ષાત્ સવિતામાં છે, પણ પ્રગટનું શાસ્ત્ર છે એટલે મનાતું નથી. પછી માનશે. હવે બોલાતું નથી પણ આ તો તમે વહાલા સગા છો એટલે બોલાય છે. નહીંતર તો આંખ્ય વીંચી જાવામાં

સુખ છે પણ ઉઘાડવામાં સુખ નથી. આંખ્ય વીંચી જાઈ તો આપણા દોષ દેખાય. "બીજે મંદિર કર્યું હોત તો સોનાનું થઈ જાત." જાણપણું છે ઈ પ્રકાશ છે. જાણપણું છે ઈ દરવાજો છે. બંધાયેલાને છોડી મેલે છે. ને અજાણપણું છે ઈ છૂટો છે તો પણ બંધાયેલો છે. જાણપણા કરતા સમાધિવાળો અધિક છે. પણ સમાધિમાંથી બારો નીકળ્યા પછી નારાયણદાસની પેઠે ચાળા ચુંથવા મંડે. "અમે આંયા તમારા સારૂં રહ્યા છીએ. એક વખત ઓઝત નદીમાં તણાણા હતા તો પણ રહ્યા. તમારા સારૂં જ રહ્યા છીએ. આ વાત શાપુરવાળા મકવાણા ગોપાળભાઈને પૂછજ્યો ભજન તો જાણપણું હોય તો જ થાય. સ્મૃતિ એટલે સંભારવા. એને જાતા સંભારવા, આવતા સંભારવા, ખાતા સંભારવા, પીતા સંભારવા એના ચરિત્ર સંભારવા. એની લીલા સંભારવી. જેટલું પેટને અરથે કરે છે એટલું ઠેઠને અરથે કરે એને ધામમાં જાવામાં કાંઈ આડું ન આવે." કાં જોગ ને કાં રોગ. બ્રહ્મરૂપ થાવું એટલે શું ? બ્રહ્મને દેખે ઈ બ્રહ્મ. આ સત્સંગને અલૌકિક જાણે એટલે બ્રહ્મ. ઈ ભગવાનના ખોળામાં બેઠા છે. બ્રહ્મ થાય ને પાછી ભક્તિ કરે તો પરબ્રહ્મ કહેવાય. દાસપણું, વિનય કરવો, પોતાનું માન મૂકી દેવું.

પછી તે જ દિવસે જમ્યા પછી ધર્મશાળામાં વિરાજમાન હતા. પછી સ્વામીએ વાત કરી જે; સાધુ સત્સંગી પોતાની શક્તિ પ્રમાણે કલ્યાણ કરે છે. પદાર્થનો જોગ થાય ને ઘાટ થાય ઈ મનની ખામી છે. ને પદાર્થનો જોગ ન હોય ને ઘાટ થાય ઈ જીવનો વાંક છે. જે વાત જીવને ન ગમતી હોય ઈ મન ન કરી શકે ને જો મન કરે તો જીવ નાદાર કહેવાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આત્મનિષ્ઠા ઈ ચાર હોય પણ વાસના હોય તો એકાંતિક ન કહેવાય. માનતા કરાવે પણ સ્વાર્થ માટે કરે. દેહને નડે છે એટલે નથી ખાવું ઈ આત્મનિષ્ઠા ન કહેવાય. નિર્વાસનિક છે ઈ જ એકાંતિકનો ધર્મ છે. ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરવી એવો એકાંતિકનો ધર્મ નથી. અમને રમણીય પંચવિષય ઈંદ્રિયુંને ગોચર થયા હોય ઈ પાછા ન સાંભરે, સ્વપ્નમાંય

ન આવે. પાછા મનમાં ઉથલો ન કરે. જો પાછા સાંભરે તો વાસના કહેવાય. ભોગવે ત્યારે તો ખાટું ખારૂં જ્ઞાનીને પણ લાગે. પણ ઈ કાંઈ નિર્વાસનિક આળસી જાતા નથી. આ સત્સંગમાં વધે છે ઈ કિંમત છે. પછી ભલે દોષવાળો હોય. ને નિર્દોષ હોય પણ વધતો ન હોય તો કિંમત ન કહેવાય. એટલી વાત કરીને પછી પોઢી ગયા.

પછી તે જ દિવસે બપોર પછી સભામંડપમાં વિરાજમાન થયા ને પછી કેશવપ્રસાદ સ્વામીએ મધ્યનું ૧૩મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; આ વાત અમે દંભે કરીને નથી કરી, માને કરીને નથી કરી. આ તો કોઈકને આ વાત સમજાય જાય તો એનું ઘણું સારૂં થાય. આ વાત મારી નજરે દીઠેલી છે. અનુભવમાં મેં સિદ્ધ કરી છે. આ વાત સત્સંગમાં આવ્યા પછી બાવીસ વરસે કરી છે. સમ ખાવા કેમ પડયા હશે ? હોશિયાર છે, બાજંદા છે એમ કહો તો કાંઈ વાંધો નહીં. પણ ભગવાન કહો તો વાંધો આવે. પંચવિષય મને બાંધવા સમર્થ નથી. એક પંચવિષયમાં મારૂં મન લોભાતું નથી. ઈ અવતાર છે પણ અવતારીની વાત નથી. એકાંતિક છે એને દેહે કરીને મરવું ઈ મરણ નથી. ઈ ધર્મ પૃથ્વી રહેશે ત્યાં સુધી રહેવાનો છે. પણ સંબંધવાળો ધર્મ સ્થાપન કરવો છે. એના સંબંધવાળા માટે થાય છે. એનું રક્ષણ કરવું ઈ અવતાર કહેવાય. એની રક્ષા ન કરવી પડે પણ ઈ જ બીજાની રક્ષા કરે એવા થાય તો અવતારી કહેવાય. એના સંબંધને પામ્યા ઈ બ્રહ્મરૂપ થઈ જાય. અલૌકિક થઈ જાય. પોતાની ખોટય તો ટાળી દ્યે પણ બીજાની ખોટ્ય પણ ટાળી દ્યે. એવી અવતારીની લેન છે. અવતારનું શું લક્ષણ છે ? અને અવતારીનું શું લક્ષણ છે ? અનુભવે કરીને સિદ્ધ કરી છે એટલું વર્તન છે. પંચવિષયમાં ન લોભાય ઈ બધુંય અવતારનું લક્ષણ છે. બીજાના સુખને અર્થે પર્ણકુટિમાં રહે છે ને તપ કરે છે. બ્રહ્મ હોય ને બ્રહ્મનો ભાર ન હોય ઈ બહુ જબરી વાત છે. જેને જન્મ સ્થાનક ન સાંભરતું હોય તો બોલો, ન બોલે એને નરનારાયણ ભગવાનના સમ છે. મારી સર્વ ઈંદ્રિયુની

ક્રિયાને વિષે આત્માનું, ક્ષણ માત્ર વિસ્મરણ થતું નથી. સ્વરૂપાનંદસ્વામી આત્મા પણ સુખ ન થયું. માટે અવતાર અને અવતારીમાં ઘણો ફેર છે. સ્વરૂપાનંદસ્વામીને મહારાજે કહ્યું કે દાદાખાચરનો દરબાર, ઓસરી, ઓરડાને સંભારો તો શાંતિ થાય. પછી શાંતિ થઈ. મારી વાતે કરીને તમે અવળે રસ્તે ચડી જાવ એમાં મારું શું સારું થાય ? એમ મહારાજને પોતાની આત્મનિષ્ઠાનું અભિમાન ન આવ્યું. ગમે એવી સ્ત્રી હોય ને પુરુષનો સહવાસ થાય તો એનો ધર્મ રહે એવી આશા રાખવી નહીં. ગમે એવો ધીરજવાળો હોય તો પણ એના મનની વૃત્તિ એના રૂપમાં તણાયા વિના રહે જ નહીં. સોનું ને સ્ત્રી બેનું બંધન ન થાય ઈ દેવનો પણ દેવ છે. અલૌકિકમાં પણ અલૌકિક છે. સોનું ને સ્ત્રીનું બંધન ન થાય ત્યારે મુક્તદશા કહેવાય. ભગવાન ભજે ઈ વાત અર્તક છે. કોઈના તર્કમાં ન આવે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૩૯ ॥**

## ૬૪૦. મહિમાનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૧૧ મંગળવાર તા.૨૫-૫-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સાધુની ધર્મશાળામાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આપણે ભગવાનને સંભારીએ તો ભગવાન આપણને સંભારે છે. એનું ગમતું મેલાવીને અમારા ગમતામાં વરતાવીએ તો પણ જીવન પર્યંત ન મુંઝાય એવા હરિભક્તની ઉપર એવું હેત છે કે જાગ્રતમાં, સ્વપ્નમાં ને સુષુપ્તિમાં ઈ ભક્તને ન સંભારીએ તો પણ સાંભરે છે. પંચવિષયમાં આપણને સ્વાભાવિક હેત છે. એમ ભગવાનને એવા ભક્ત ઉપર સ્વાભાવિક હેત થાય છે. "ભગવાન આપણે અરથે અક્ષરધામ છોડીને આંયા આવે છે ઈ કેવડી વાત છે ! જીવને કયાં જાવું છે ? ઈ ખબર પડતી નથી. બુદ્ધિ, ડાપણ, ચતુરાઈ, હોંશિયારી ઈ બધુંય આપી

દીધું છતાંય કાંઈ હિસાબ ન લ્યે એવી એની દયા છે. હવે મનને મતે વરતે ઈ ચંડાળ ચોકડી કહેવાય. માટે બહુ મોટો લાભ મળ્યો છે. આજ તો સત્સંગની ભર જુવાની છે. શેરડીના સાંઠાનો વચલો ભાગ છે. તેમાં રસ ઘણો ને સુગમ પણ છે. તપ કરીને સુકાય જાય તો પણ ભગવાન તેડવા ન આવે. ને દુધ સાકર ને ચોખા જમે, સેવાના કરનારા ને રળનારા બીજા હોય પણ સત્સંગનું સારૂં બોલે તો ભગવાન તેડવા આવે.'' ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે. તેમ આ સત્સંગને સમજવો. માટે અલભ્ય લાભ મળી ગયો છે. સુખનો તો કોઈ સીમાડો નથી. ઝાઝા રૂપિયા આપે તો પણ ભગવાન ન ભજાય. ઝાઝા આપે તો શું કરે ? પૈસામાંથી વિષય ઉત્પન્ન થાય છે એટલે વિષયને ભોગવે પણ પ્રેમ શેમાંથી ઉત્પન્ન થાય છે ? પ્રેમ બાગ બગીચે ઉપજતો નથી. જે જન માથું ચરણમાં મેલી દ્યે, આરતવાન થાય એને પ્રેમ ઉત્પન્ન થાય. તે ઉપર ગજની રક્ષા કરી તેની વાત કરી.

**ગરૂડ તજીને પાળા પધાર્યા, ગજ સારૂં મહારાજ**

અપરાધ ક્ષમા કરવાનું તો દાદાખાચરે કહ્યું. ભગવાનનું પદ મળો એ જ ઈચ્છા કરી. એવા સરસ મળ્યા છે. મરીને પામવા છે ઈ દેહ છતાં જ મળ્યા પણ મરીને પામવા એમ નથી. ત્યાગ વૈરાગની વાતું કરવી ઈ તો એક વેવાર છે પણ પાછી વૃત્તિ વાળવાની વાતું કરવી. આટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાન તો બહુ મોટા છે. બહુ સમર્થ છે. બહુ અધિક છે.

**અન્ન જળ તમને દેશે, ઈ અક્ષરધામનો વાસ લેશે.**

મોટું વાણ ભરવું હોય ઈ બધુંય ઓરી દ્યે. છેલ્લે બાકી પાણા, ધૂડ્ય, ગારો ભરવો જોઈ. ભગવાન આ લોકમાં આવ્યા તે આપણે જેમ ખાવું, પીવું છે એમ એને છે. એને જે અન્ન જળ દેશે એનું કામ થઈ જાશે. ''પુરુષોત્તમ પ્રકાશ એટલે પુરુષોત્તમનો પ્રકાશ. બહુ જ અધિક છે, બહુ જ અધિક છે.

બહુ જ અધિક છે. આપણી પાસે એવી જીભ નથી કે કહી શકીએ. તે ઉપર પુરુષોત્તમ પ્રકાશની ઉત્પત્તિની વાત કરી.'' છ હેતુથી આપણે આવ્યા છીએ.ધર્મ-ભક્તિને સુખ આપવા. બીજા અવતાર પ્રસંગમાં આવ્યા એને સંસ્કાર થયા. આ જીવનું મૂળ અજ્ઞાન કાઢવા માટે. અલ્પજ્ઞ જીવ છે ને ભગવાન સર્વજ્ઞ છે. અલૌકિક છે. એને એમ માનતો નથી, જો માને તો અજ્ઞાન ટળી જાય. પંડે એમ કહે છે કે અન્ન જળ દેશે તો કામ થાશે. તો પણ માનતો નથી ઈ કેવડું અજ્ઞાન છે ! કાળનું ભરેલું દુઃખ આ લોકનું છે. ઈ મહારાજ આપણી પાસેથી લઈ લ્યે ઈ કેવડી પ્રાપ્તિ છે ! ગુણાતીતાનંદસ્વામી કહે કે અમારા વખાણ ન કરીએ તો પણ કર્યા છે. અમે તો જે કરીએ તે થાય છતાંય દબાવી રાખ્યું છે. એવા આનંદમાં, એવી સભામાં આપણે છીએ ને જેને ગામમાં ઘરવાનો હુકમ ન હોય એની આગળ આપણે ઉભા રહીએ તો કામ થઈ જાય. સાધુ એટલે સાધુ જ છે. ને ભગવાન એટલે ભગવાન જ છે. ને સત્સંગ એટલે સત્સંગ છે. એના ગુણ, એના વૈભવ ! એની લાવનતા ! એની શું વાત છે ! આપણને તો પરાત્પર મળ્યા છે. આપણી સામું કાળ, કર્મ, માયા, સ્વભાવ ન જોઈ શકે. આપણને પુરુષોત્તમ મળ્યા છે ને વીરો ભગત નથી થાતા ? ઓલી ડોશીને રાજાએ બોલાવી તો એમ બોલવા માંડી કે મને રાજાએ બોલાવી છે. એવી ખુમારી ચડી જાવી જોઈ. આ તો દયા આવી ને આપણને દર્શન થાય છે. આ સભામાં બેસવા મળ્યું. આની ક્રિયા ગમે. આનો સ્વભાવ ગમે. આનો સહવાસ ગમે તો કામ થઈ જાય. આપણને સર્વોપરી ભગવાન મળ્યા છે. સર્વોપરી સત્સંગ મળ્યો છે. કરવું કાંઈ રહ્યું નથી ને ફાટેલ લંગોટીમાંથી મન નીકળતું નથી એવી ખોટ્ય છે. આપણી સન્મુખ આવ્યા ઈ કેવડું સુખ છે. એટલી વાત કરીને શણગાર આરતીના દર્શન કરવા પધાર્યા.

પછી સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી વાત કરી જે; અલૌકિક

રીત કાઢી. અલૌકિક નીમ છે. સાધુને જે અન્ન, જળ,વસ્ત્ર આપે એને ત્રણ તાપ નહીં નડે. એને અલૌકિક નથી જાણતા ઈ અજ્ઞાન છે. પરાત્પર રહ્યા જે પરમાત્મા એની શક્તિ આમાં છે. એનું ઐશ્વર્ય આમાં છે. એનું કામ આ કરી દ્યે છે. આ વાત જણાય તો ભૂંડો ઘાટ ન ઉઠે. આ ત્યાંના છે. આપણો સંદેશો ઈ પુગાડે એવા છે. આપણને પણ અક્ષરધામમાં આ જ પુગાડે એવા છે. નહીંતર તો આડો વંકનાળ છે ને ગોપાળજોગીની જેમ થાય. બ્રહ્મરંધ્રમાં સલવાણા. પછી તો ભગવાન સજાતિય થાય ત્યારે બ્રહ્મરંધ્રમાંથી નીકળાણું. પુરુષોત્તમ પ્રકાશની વાત કથી ન શકાય. મોટું વાણ ભરવું હોય તો શાળ, દાળ, લોહ, પાષાણ બધુંય ભરી દ્યે. સ્વામિનારાયણ ભગવાન આવ્યા ને તાણ ખેંચ રહે છે કારણ કે મન છે પણ કાણ ભંગલું હોય તો તાણ ન કરે. આપણે તો વિવા છે, આનંદ છે. ભગવાન મળ્યા, સાધુ મળ્યા. બસ સમજી રહ્યા. મરીને પામવા છે ઈ દેહ છતાં મળ્યા છે. પણ મરીને પામવા એમ નથી. છતાંય આ લોકમાં માર્ગે ચડાવવા ત્યાગ, વૈરાગની વાતું કરીએ છીએ. ત્યાગ વૈરાગને શું કરવા છે ? સત્સંગ તો ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. હું એનો છું ને ઈ મારા છે. અસત્પુરુષ સત્શાસ્ત્રમાંથી કેવું ગ્રહણ કરે છે ? બધુંય નારાયણ રૂપ છે. એમાં પોતાનું જ મન સંશય કરે તો બ્રહ્મની ભાવના લાવે, આવી મૂર્ખાય છે. સત્પુરુષ કેવી સમજણ્યનું ગ્રહણ કરે છે ? દેવ ને દૈત્યની ગતિયુંમાં રામાકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિ છે. અને વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વિપ અક્ષર સમાન સમજવું. એને પડખે રહ્યા જે સેવક એમાં અક્રૂર, હનુમાનની ભાવના કરવી. એનું સુખ શું ? તો પૂર્વે થયા અવતાર એમાં ને આ મનુષ્યમાં બેયમાં શું તફાવત છે ઈ ખબર પડે. ઈ મિલ્કત સાચવવા જેવી છે. સમભાવ ન થાય. સાદશ્યપણું ન થાય. એટલું જાણપણું હોવું જોઈ. રાજા ને રાજાનો ઉમરાવ એમ છે. પણ તીર ને તીરનો નાખનારો બેય એક જ છે. ભોવાયો ને વેશ એક જ છે. પણ રાજા ને રાજાનો ઉમરાવ મનુષ્યમાં ને પુરુષોત્તમમાં આટલો તફાવત છે પણ પ્રાકૃત ચરિત્ર છે એટલે

ખબર પડતી નથી. જો સમજાય જાય તો કામ થઈ જાય. પોતે તો તરી જાય પણ જાળ કાતરણી માછલું થઈ જાય. અક્ષરધામનો મુક્ત આ લોકમાં આવ્યો હોય ઈ અનેકને લેતો જાય. ને બીજા તો પોતે જ સલવાય જાય. આ લોકમાં અંધારૂં છે. પણ ભક્તની આંખ્ય ઉઘડી ગઈ. એને સાવ અંજવાળું છે. પ્રકાશ થાવો જોઈ. આનંદ થઈ જાવો જોઈ. આ મિલ્કત આપણને મળી છે, એની ખબર આ લોકના માણસને પડી જાય તો જરૂર લૂંટી જાય. માટે સાદશ્યપણું નથી, એટલી ખબર પડે. મેરૂ ને પાણો એટલો બધો ફેર છે. છે મનુષ્ય જેવા પણ આ સભામાં આવીને બેઠા એટલે કોણ સમજી શકે ? સો જનમ સુધી કંઠે કરીએ તો પણ કંઠે ન થાય. ભગવાન કેવા છે ! ભક્ત કેવા છે ! સત્સંગ કેવો છે ! **" જેને દેવ વાંછે ઘણું દલમાં"** એવો સત્સંગ છે. **"સમા વિના તે અરથ સરે નહીં. માન મુકીને મળીએ મહંતને."**

આટલું જ સાધન કરવાનું છે. બીજા સાધન તો બધાય ઠીક છે. રામકૃષ્ણ ભગવાન ને મનુષ્ય એમાં શું તફાવત છે ? એટલી મૂડી અક્ષરધામની છે. ઈ આંયા આપી દીધી છે. અક્ષરધામમાં છે એવા ને એવા આપણા સજાતિય થઈને રહ્યા છે. એમ મનાય તો નામ લેવાય. આંયા આ ફળ આપ્યું છે. અક્ષરધામમાં આવી જ સભા છે. એક મને સૌ સાંભળે છે. કેટલાકને એક શબ્દે જ્ઞાન થાય પણ એક શબ્દની તો જરૂર પડીને ! એમ ગુરુ કરવા ઈ એક શબ્દની જરૂર પડે. ભગવાન હતા તો ય ગુરુ કર્યા. રામાનંદસ્વામીનો આશીર્વાદ લીધો. સૂર્યનો આશીર્વાદ લીધો. શંકરનો આશીર્વાદ લીધો. બધાય સત્સંગીનો આશીર્વાદ લીધો. આશીર્વાદ લીધા વિના કામ-ક્રોધાદિક જીતવાના પ્રયાસ કરે ઈ બધાય ફના છે. બ્રહ્માએ ભાંગી હરિ આજ્ઞા. માટે સવિકલ્પને ધક્કો લાગે. આ લોક એવું છે.

**ઈંદ્રિય જીત અતિ ઉર ધીરજ, માયિક પાશ વિનાશ કિયે,**
**જ્ઞાન પ્રકાશ દિવાકર જેસા.**

ગુણીયલ છે ઈ જ ભગવાન છે.

**શૂર સદા ભ્રમ દૂર અંદેશા, મત્સર માન ગુમાન નહિ નિત**
**દાન અભયપદ દાયક વૈસા, ઈષ્ટ સદા બ્રહ્માનંદ કહે સહજાનંદ ઐસા**

અમારા ગુરુ તો ભગવાન છે. એટલે ભગવાન કહીએ છીએ. સ્વામિનારાયણ એક તત્ત્વમાં બીજું તત્ત્વ ઠેરાવે છે. જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય, ત્યારે ભગવાન અવતારનું ધારણ કરે છે. ભગવાન તો અધર્મનો નાશ કરે પણ એના ભક્ત પણ અધર્મનો નાશ કરે છે. એકાંતિક ધર્મ જડભરતનો, શુકદેવજીનો, નારદનો, પ્રહલાદનો અંબરીષનો છે. ટાઢ તડકો સહન કરે છે. એકાંતિકને દેહે કરીને મરવું ઈ મરણ નથી. એને ધર્મમાંથી પડી જવાય ઈ જ મરણ છે. ભુખ,તરસ,ટાઢ, તડકો સહન કરે છે, ઈ અમને ગમે છે. અમારા જીવનો ઢાળો છે. એનું નામ ભગવાનના સંબંધવાળો ધર્મ છે. ઈ ધર્મમાં ખલેલ પુગે, ઈ ધર્મના સ્થાપન માટે ભગવાનનો અવતાર છે. એને અરથે કર્મ કરીએ તો પણ અકર્મ છે. એને અરથે પ્રવૃત્તિ કરીએ તો પણ નિવૃત્તિ છે. ને એને અરથે વસ્તીમાં રહીએ છીએ તો પણ વનમાં જ છીએ.

ઉત્પત્તિકાળ, સ્થિતિકાળ, પ્રલયકાળ ત્રણ કાળ છે, પણ જ્ઞાને કરીને એક થઈ જાય. ત્રણેય કાળમાં સદાય છે. એકરૂપે છે. કર્તા છે, કારણ છે ને ઈ જ સર્વોપરિ છે.

**ગુરુરાજ દીનબંધુ, સબસાર દયાસિંધુ,**
**પુરણ પ્રતાપ આપ, પાપ સબ પીસ હે**
**પ્રાણી કે પ્રાણ સદા દેત નિત્ય મોક્ષદાન,**
**જિન્હુ કે આશરે રહે, લક્ષણ બત્રીસ હૈ.**

નિર્દોષ સમજીએ એટલે સાધન બધાય આવી ગયા.

**કોઈ દેત ગૌદાન, કોઈ દેત ગજદાન, જીન દિયો હરિનામ દાન,**
**ગુરુ જેસો કોન ઉદાર હૈ.**

વનસ્પતિના પાંદડા, મેઘના બુંદ ગણાય એવા નથી. તેમ ગુરુના ગુણ કોઈ ગણી શકે એમ નથી. ગટરનું પાણી ગંગામાં ભળી જાય તો પવિત્ર થઈ જાય. બ્રહ્માનંદસ્વામીને અરધી કલાકમાં સાધુ કરી દીધા ઈ કેવડા કહેવાય ? એના વાક્ય લાગે. ભગવાન સંબંધી પંચવિષય જાણપણા સહિત ભોગવો તો જ કહેવાય. કાને સાંભળો પણ જાણપણામાં રહીને સાંભળો તો ભગવાન સંબંધી પંચવિષય ગણાય. સમજીને બોલે ઈ પંડિત કહેવાય. સમજ્યા વિના બોલે ઈ મૂરખ કહેવાય. પંડિત બોલે તો સારૂં ને મૂરખ ન બોલે તો સારૂં. વિષયમાં વિવેક બતાવ્યો એટલે વિષય ઉડી ગયા. પરણીને ભોગવે તો વિષય ન કહેવાય.

“મહારાજે પાંચ તત્ત્વ કહ્યા ને રામાનુજાચાર્યે ત્રણ તત્ત્વ કહ્યા. જીવ, માયાના નિયંતા ઈશ્વર કહ્યા. સ્વામિનારાયણે બ્રહ્મથી પર પરબ્રહ્મ કહ્યા. બહુ બુદ્ધિ વાપરી. એની છાયામાં ન દબાણા એનો મત લીધો પણ એના ઠેરાવમાં ન લેવાણા. ગોપીએ એમ કહ્યું કે અમે મરશું ત્યારે અમારા હાડકા પણ કૃષ્ણ કૃષ્ણ જ કરવાના છે. સુધન્વા ભારે ભગત હતો તો પણ અર્જુનની હારે ન ગણાય. ગોત્ર ગર્દન કર્યું. લોહીની નદી હાંકી તો પણ દયાળુ લખ્યા. ને ધર્મરાજાએ લીલું પાંદડું પણ તોડ્યું નો’તું તો પણ અર્જુન સાથે ન ગણાય.”

બપોર પછી નાનુભાઈએ મધ્યનું ૫૦મું વચનામૃત વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; નદીયું જેમ સમુદ્રમાં લીન થઈ જાય છે. નદી, પતંગ, શૂરો ઈ બધાય જેમ પોતપોતાના વિષયમાં સંલગ્ન છે. એમ અમે ભગવાનના સ્વરૂપમાં સંલગ્ન છીએ. મોટા મોટા પરમહંસ ને મોટી મોટી સાંખ્યયોગી બાયું એના અંતરની સામુ જોઈ તો કાંઈક જગતની કોરનો લોચો જણાય છે. પછી અમે અમારા અંતર સામુ જોયું. એમાં જગત કોરનો લોચો લેશમાત્ર જણાતો નથી. ભક્ત ક્યાં રહ્યા છે ને પુરુષોત્તમ ક્યાં રહ્યા છે. અક્ષરરૂપ તેજ છે એને વિષે પ્રીતિ કરી રાખી છે. ભગવાન નો’તા

મળ્યા તે'દિ પણ કાળ, કર્મ, માયા આપણને રોકી શક્યા નથી, તો હવે કેમ રોકી શકે ? મનને સંકલ્પનું દુઃખ થાય. સંકલ્પ પાછો વળે એટલે દુઃખ થાય. સુખ દુઃખ બેયનો નાશ થાય ઈ આત્મનિષ્ઠાનું સ્વરૂપ થયું. સુખે કરીને સુખિયો ન થાય અને દુઃખે કરીને દુઃખીયો ન થાય. દુઃખ આવે કે આપત્કાળ આવે ત્યારે ખબર પડે. સુરાખાચરના ઘોડા આંખ્યુ વીંચીને ખાધા કરે પણ કાંકરો આવે ત્યારે આંખ્યું ઉઘડી જાય. એમ દેશકાળ આવે ત્યારે ખબર પડે કે ભાઈ કેવા છે ! બોલે છે ઈ સાચું છે કે ખોટુ છે ઈ દેશકાળે ખબર પડે. આ સત્સંગ ઓળખાણો એના બહુ મોટા પુન્ય છે. એની પ્રાપ્તિ બહુ મોટી છે. એને બહુ મોટું સુખ પ્રાપ્ત થયું છે. તાવ આવે ત્યારે ખાવ તો સ્વાદ ન આવે, ઈ ભાવ વિનાનું થઈ ગયું. તેમ આ સત્સંગમાં અવગુણ રૂપી જ્વર આવે તો સત્સંગ ખાટો થઈ જાય. માટે અવગુણ ન આવવા દેવો. કોઈક એકની હારે જીવ બાંધવો, તો કામ થઈ જાય. આપણે કોકના થાઈ તો ઈ આપણો થાય. આપણે વેંત નમીએ તો ઈ હાથ નમે. ઠામ ખખડે ને પાછા ભેળા થઈ જાય તો કામ થઈ જાય. કળિયુગના ધર્મમાં શાપ ન દ્યે એનો શાપ લાગે. જ્યાં જેવું કાર્ય ત્યાં તેવું રૂપ ધારણ કરે છે. ભક્તને ધાર્યુ ન થાય ઈ અક્ષરધામ છે ને વિમુખને ધાર્યુ થાય ઈ અક્ષરધામ છે. ધાર્યુ ન થાય એટલે પાછી વૃત્તિ વળી જાય.

**માન મૂકી મળીએ મહંતને, સમા વિના તે અર્થ સરે નહીં.**
**રહીએ સમે સમે સાવધાન, સમજવું સાનમાં**

એવી અંતરની વાત છે.

**જેના અંતરમાં અવિનાશ, વાસ કરી વસિયા;**
**તેણે કામ ક્રોધ પામ્યા નાશ, લોભ ને મોહ ગયા**
**એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા;**
**જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્યતા.**

એમ નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે. અત્યારે ભગવાન પુરુષોત્તમ સહજાનંદસ્વામી સર્વ અવતારના અવતારી છે. એનું લટકું જોયું હોય તો ખબર પડે. એની શક્તિ જોઈ હોય તો ખબર પડે. એનું ઐશ્વર્ય જોયું હોય તો ખબર પડે. અત્યારે સાધન કાંઈ થાતું નથી. સાધન કોઈ કરી શકતા નથી. ને ભગવાન પણ એવા જ છે.

**તું હાલે ડગ; તો હું હાલું હાથ; તું કોરે કાટ; તો હું લોઢાની લાઠ**

એમ શરણે થાવું જોઈ. **॥ ઈતિ શ્રી કિરણ ૬૪૦ ॥**

## ૬૪૧. અવતાર અવતારીના ભેદનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૧૨ બુધવાર તા.૨૩-૫-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પાટોત્સવને દિવસ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આ દુનિયામાં બધાયને કેટલાક વરસ થયા હશે, એમાં પોતાનો દોષ સુજે છે કે નથી સુજતો ? પોતાનો દોષ સુજે ઈ બુદ્ધિવાળો છે. સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગના માણસ સારૂ નથી આવ્યા. કળિયુગના માણસ સારૂં આવ્યા છે. એમાં પોતાની ભૂલ્ય ભાળે એવા કેટલા છે ? ઈ મારે જોવું છે. મોક્ષની બુદ્ધિ કયે ઠેકાણે ઉભી રહે છે ? પોતાનો અવગુણ સુજે ઈ મોક્ષની બુદ્ધિ છે. પોતાની પોણોશેર બુદ્ધિ કરે ને બીજાની સવાશેર બુદ્ધિ કરે ઈ બુદ્ધિવાળો છે. આ સત્સંગ દર્પણ સમાન છે. એમાં મોઢું દેખાય જ. મોઢું જે દોષ દર્પણને ફોડી નાખે ઈ કેવા કહેવાય ! મોક્ષના કામમાં આવે એટલી જ બુદ્ધિ છે. બીજી તો રાજાના કામદાર જેવી બુદ્ધિ છે. સ્થુળ બુદ્ધિવાળાનું કલ્યાણ કર્યું છે પણ સૂક્ષ્મ બુદ્ધિવાળાનું કલ્યાણ કર્યું નથી. સ્થુળ બુદ્ધિવાળાને સમજાય જાય ઈ મૂર્તિમાન વાત છે. આ વાત છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં છે. એનો વિચાર કરવો.

પછી તે જ દિવસે બપોર પછી વાત કરી જે, જ્યારે મનુષ્યદેહ પ્રાપ્ત થાય ત્યારે ભગવાન અને સંત જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય જ એમ સ્વામિનારાયણ હાથ પછાડીને કહે છે. બ્રહ્માનંદસ્વામીને અરધી કલાકમાં સાધુ કરી દીધા. એવી તો આભને ટેકી દ્યે એવી બાઈયું હતી ! એવો આ સત્સંગ છે. બાકી તારી ચુંદડી એમ કહ્યું તો ચુંદડી બળી ગઈ, એવા રાજબાઈ હતા. જ્યારે ભરતખંડને વિષે અવતાર આવે ત્યારે ભગવાન અને સાધુ જરૂર હોય. એટલું તો સમજવું જ , તમારો સ્વભાવ ટળી જાય તો અવતારી કહેવાય ને પોતાનો સ્વભાવ ન ટળે ને આશરો છે તો અવતારનો આશરો છે. અવતારીનો ભગત હોય એમાં દોષ હોય જ નહીં. દુઃખે કરીને પણ ન તરાય એવી મારી ગુણમયી માયા ઈ મને પામે ઈ તરી જાય. વસિષ્ઠ, પરાશર, વિશ્વામિત્ર એમાં બડવાલ હતો. દુષ્ટજન પોતાને ગાળ દ્યે ને મારે તો સહન કરવું પણ એને સામી ગાળ્ય ન દેવી ને મારવો નહીં ને એનું ભૂંડુ થાય એવો સંકલ્પ પણ ન કરવો. એના વચનમાં રહ્યા ને રેઢા ખેતરમાં કામ કર્યું તો પણ સ્વામિનારાયણે એની મજુરી આપી. સ્વામિનારાયણનો આશરો જબરી વાત છે. ઉત્પત્તિકાળમાં છો કે પ્રલયકાળમાં છો ? મોક્ષકાળમાં હો તો વાંધો નહીં. રામ, કૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ ઈ ચાર નિર્ગુણ છે ને છ સગુણ છે. સ્વભાવે યુક્ત હો તો ઉત્પત્તિકાળમાં ગણાય ને સ્વભાવે રહિત હો તો મોક્ષકાળમાં ગણાય. દોષ દેખો એટલે દોષ નથી. મૂકી દેવો છે એટલે દોષ દેખ્યો. એટલે તમે નોખા છો. દોષ દેખ્યો એટલે દોષ ટળી ગયો. એક પાસે આપણો દોષ દેખાય ને એક પાસે દોષ ન દેખાય. દોષ દેખાય ત્યાં વળગવાનું કહ્યું પણ જાળે ઝાંખરે ન વળગવું. આપણો દોષ દેખાય એટલે ઘાટ ટળી ગયો. એમ ન માનો તો સમજણ્યમાં ફેર છે. દેખે છે એટલે ન્યારો છે. એમ સમજે તો સમજાય ગયું. દોષ છે ઈ તો દોષ જ છે. પણ દોષને દેખ્યો એટલે ન્યારા થઈ ગયા, બંધન ન કરે. તમે બીજાનું કલ્યાણ કરી શકો ત્યારે દોષ ટળી ગયો કહેવાય. ભગવાનના સંબંધને પામ્યા

ત્યાં ઈ દોષ થકી રહિત થઈ જાય એવો અવતારીનો અલૌકિક પ્રતાપ છે. જોયામાં ન આવે, સાંભળવામાં ન આવે એવો અલૌકિક પ્રતાપ છે. કળિયુગનો ભક્ત શાપ ન દ્યે તો પણ શાપ લાગે ઈ અવતારીનો ભગત છે. એકની સામું જોઈ ત્યાં જ સંતોષ થઈ જાય, કરોડય જન્મના પાપ બળી જાય. જયાં જયાં શાસ્ત્રમાં અધ્યાત્મ વાત આવે છે ત્યાં ભ્રમી જવાય છે, પણ કોઈને સમજાતી નથી. સૂર્યનું ધ્યાન કરવું. ચંદ્રનું ધ્યાન કરવું પછી આકાશમાં છે એવા હ્દયાકાશમાં દેખાય પછી આત્મા દેખાય પછી એમાં પરમાત્મા દેખાય. પછી વાસનાલીંગ શરીર રેંટના ફાળકાની પેઠે ફરતું જણાય. આવું વાસનાલીંગ શરીર છે. પ્રાણાયામ કરતો હોય એને જ અષ્ટાંગયોગ સિદ્ધ થાય છે કે વગર પ્રાણાયમે પણ સિદ્ધ થાય છે ? એનો અભ્યાસ કરે તો સિદ્ધ થાય. ગોપાળજોગીએ અષ્ટાંગયોગ સિદ્ધ કરેલો પણ સલવાય ગયો. મહારાજ એક વરસ શિષ્ય થઈને રહ્યા. અવતારીની પરીક્ષા કોઈ દિ લેવાય જ નહીં. માપ નથી, માપ હોય તો અવતારી ન ઘટે. જ્ઞાનની વાતુ વર્તનમાં લઈ જાવ તો કેમ કરવું ? સત્યુગનો ધર્મ, દ્વાપરનો ધર્મ, ત્રેતાનો ધર્મ નથી લખ્યો પણ કળિયુગનો ધર્મ લખ્યો છે. અવતારીના થયા તો ઠેરાવ બદલવો જોઈ. ઠેરાવ કર્યો ઈ પ્રમાણે વરતતા નથી. ને ઈ કાયદો બદલાવતા નથી. માટે આ વાત સમજણ્યની છે. હું આ વાત અંતઃકરણની કરુ છું. આ સત્સંગ અલૌકિક છે. લૌકિકનો અંશ નથી. સાવ કુંદન છે, જરાય બડવાલ નથી. શાસ્ત્રમાં અધ્યાત્મ વાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી. ને ભ્રમી જવાય છે. વટપત્રશાયી ભગવાન, અન્વય સ્વરૂપમાં વ્યતિરેક સ્વરૂપ બતાવ્યું. નિર્ગુણ છે એમાં સગુણ સ્વરૂપ બતાવ્યું. અહો ! થાય ત્યારે અધ્યાત્મ વાત સમજાણી ગણાય. પુરુષોત્તમને આ ધારી રહ્યો છે ત્યારે તમારૂં હ્દય ફરી જાય, ત્યારે શક્તિ ફરી જાય. નિર્ગુણ છ પ્રકારનું છે. પદાર્થમાં સૂક્ષ્મ, એનો કર્તા, એનો પાશ ન લાગે, ન્યારો ને પ્રકાશે યુક્ત ને અતિશય ઐશ્વર્યે યુક્ત ઈ નિર્ગુણ છે. ને સગુણ સ્વરૂપ તો નિર્ગુણમાં જ દેખાવું જોઈએ. એનું ફળ

શું ? તો એને કાળ, કર્મ, માયા બંધન ન કરે ને આઠો પહોર અંતરમાં અહો ! અહો ! વર્ત્યા કરે. ટીંબીના અમરા ભગત જોઈ લેવા.

આટલી વાત કરીને પછી સંતમંડળ સહિત મોટરમાં બેસીને ગામ બોડકા પધાર્યા ને ત્યાં મંદિરમાં ગાદલા ઉપર વિરાજમાન થયા હતા ને હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે, ખબડદાર થઈને ભજન કરજ્યો. છેલ્લો જન્મ કરી લેવો. પછી મોટરમાં બેસીને બોડકાથી ચાલ્યા પછી ગામ બહાર નીકળીને સ્વામીએ વાત કરી જે; ગાયના શીંગડા ઉપર રાયનો દાણો ટકે એટલીવાર ભગવાનમાં મન રહે તોપણ કલ્યાણ થાય. એમ આટલી વાર તો બધાયને ભગવાનમાં વૃત્તિ રહી તો એટલું કલ્યાણ થયું કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૧ ॥**

## ૬૪૨. આશીર્વાદ પત્રનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૧૩ ગુરુવાર તા.૨૪-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ઢોલિયા પર સ્વામી વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સર્વોપરી ક્યારે માન્યા ગણાય ? સ્વભાવને નાશ કરે, સ્વભાવનો નાબુદ કરે તો સ્વામિનારાયણ ગણાય. અગમ હતા ઈ સુગમ થયા છે. અગોચર હતા ઈ ગોચર થયા છે. મરીને પામવા હતા ઈ દેહ છતાં જ મળ્યા છે. ત્યાગ વૈરાગની કેટલીક વાતું કરીને બોલ્યા જે, ત્યાગ, વૈરાગને શું કરવા છે ! ઈ તો મારગે ચડાવવા વાતુ કરીએ છીએ. રહસ્ય એટલે કોઈ ના જ ના પાડી શકે ને સિદ્ધાંત એટલે પેટીના રૂપિયા ખીસામાં પડી જાવા જોઈ. રહસ્ય સમજવું ઈ મોટામાં મોટું સાધન છે. શાસ્ત્ર માત્રનું રહસ્ય મધ્યના ૫૯મા વચનામૃતમાં કહ્યું. ચારવેદ, ઈતિહાસ, પુરાણ એ સર્વેમાં એજ સાર છે. ભગવાન અને સંત એ જ કલ્યાણકારી છે. એની પ્રાપ્તિ થઈ એજ પરમ કલ્યાણ છે. એમાં જેવું સ્ત્રી

પુત્રમાં હેત છે એવું હેત રાખવું. સંબંધી તો કુપાત્ર છે તો પણ એનો અવગુણ આવતો નથી. પણ ભગવાનના ભક્ત તો રૂડે ગુણે યુક્ત હોય તો પણ એમાં હેત થાતું નથી. એને તો આ જન્મમાં નવો આદર છે. અટાણનું હેત છે ને પૂર્વ જન્મનું તો હેમરાજ શાહ કહેવાય. આફવડુ હેત થાય ઈ પૂર્વનું. ને પંચવિષયમાં સ્વભાવિક હેત છે એવું ભગવાન અને ભગવાનના ભક્તમાં થાય ઈ રહસ્ય છે. પંચમ સ્કંધના રહસ્યમાં પ્રાયશ્ચિત બતાવે છે. ખંડખંડ પ્રત્યે ભગવાનની મૂર્તિ છે. ને સાધારણ આજ્ઞા લોપે તો દંડ થાય ને મોટો આજ્ઞા લોપે તો પોતાની સ્થિતિ થકી પડી જાય. ઈ દશમનું રહસ્ય છે. બોલ્યા પછી કિંમત થાય તો રહસ્ય નથી સમજાણું. મારો સંગ કરે એની આગળ હું ભગવાનની વાત ન કરૂં તો મારૂં જ્ઞાન શું કામનું ? પ્રશ્ન પૂછવો ને પ્રશ્નનો અંત લેવો જોઈ. એનું ફળ સ્થિતિ ને પ્રલય. ઈ ત્રણેય વાત સમજાવી જોઈ. હેતુ, સ્વરૂપ ને ફળ ઈ ત્રણેય હોય. આત્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, ભક્તિ,વૈરાગ એનું હેતું, સ્વરૂપ અને ફળ ત્રણેય સમજવું. વાત સાંભળવી ઈ હેતુ છે. નીમ રહે ઈ સ્વરૂપ છે. સંતોષ થઈ જાય. દુઃખમાં સુખ થાય ઈ ફળ છે. દેખવું, સ્થિતિને પામ્યો ને એકે ફળને પ્રાપ્ત કર્યું. સ્થિતિને પામ્યો એટલે બ્રહ્મરૂપ થઈ ગયો ને સંતોષ થઈ ગયો ઈ ફળ છે. કરવું કાંઈ ન રહ્યું. એટલે જગત સંબંધી કરવું કાંઈ રહ્યું નથી. ભગવાન સંબંધી કામ કરવું બાકી છે. આવી જુક્તિ ન શીખે તો બ્રહ્મકુદાળ ગણાય. અક્ષરધામનો દરવાજો સમજવો બહુ વિકટ મામલો છે. દિવસ ને રાત્રીની વચ્ચે શું છે ? આ લોક ને પરલોકની વચ્ચે શું છે ? જાણપણું. દિવ્ય છે માયા છે ને અમાયા છે એની વચ્ચે જાણપણું છે. રવિવારની સભાનો હેતુ, સ્વરૂપ ને ફળ શું ? પંદર દિવસ સુધી કેફ વરતે. એનાથી નીમ ટકી રહે ઈ ફળ છે ને ભેળા થઈને બેસવું ઈ સ્વરૂપ છે. સ્વામિનારાયણને ઘરે ભેળા થાય ને બીજેથી બડીયા ઉડે. ધર્મ છે, નીમ છે ઈ જ સ્વરૂપ છે. ફળ તો પાછી વૃત્તિ વાળો તો સુખ સુખને સુખ વરતે. કોઈને આપણું ખરાબ ન થાય એવું આપણું વરતન

થઈ જાવું જોઈ. પછી મેરામણ ભાયા સુતરેજવાળા અક્ષરનિવાસી થયા તેના કુટુંબને તેના આશીર્વાદ આપવા એક પત્ર લખાવ્યો.

સ્વસ્ત શ્રી સુતરેજ મહા શુભ સ્થાને ઉત્તમોત્તમ હરિના લાડીલા ને ભગવાનના ભકતનો પક્ષ રાખનારા, એવા શુભ ગુણે જુક્ત ભાઈ શ્રી મેરામણ ભાયાભાઈ પ્રત્યે.

અત્રે વંથલી ગુરુકુળ મુકામેથી જોગીસ્વામીના શુભાશીર્વાદ સાથ જય સ્વામિનારાયણ વાંચવા.

ભીમજીભાઈ તથા રણમલભાઈ પ્રત્યે લખવાનું કે, બાપુજી છેવટ અમારા થઈને અમારી સન્મુખ ઉભા રહીને છેડો સુધારીને પરલોકની પ્રાપ્તિ મેળવી છે. માટે એને કોઈ આ લોકના સ્વભાવની વાત કરે, તે વાત દારૂનો ઢગલો સો મણનો હોય ને અગ્નિ મેલે તો ઠેકાણે થઈ જાય. તેમ તેનું પાપ ઠેકાણે થઈ ગયું ને પુણ્યશાળી થઈ ગયા પણ આપણે આ લોકમાં પુરેપુરી ખોટય છે. ઈ હોત તો એનાથી કેટલાય કામ થાત. તમે અમારા છો ને અમે તમારા છ્ઈ. ને વળતો કાગળ હ્રદયપૂર્વક લખશો. અમારા હ્રદયપૂર્વક અમે લખીએ છીએ.

**તા. ૨૪-૫-૧૯૭૯**

તે જ દિવસે બપોર પછી સ્વામીએ મુંબઈ નિવાસી શંકરભાઈ બેચરભાઈ-ખંભાતવાળા ઉપર પત્ર લખાવ્યો જે, સ્વસ્ત શ્રી મુંબઈ મધ્યે પ્રગટ પુરુષોત્તમના ઉપાસક પરમ ભગવદીય, પરમ બુદ્ધિશાળી, પરમ વિવેકી, સંત-દેવ સેવા કરનાર, સત્ અસત્નો વિવેક વિચાર હાથ આવે એવી અનેક શુભ ઉપમા લાયક ભાઈ શ્રી શંકરભાઈ બેચરભાઈ-ખંભાતવાળા પ્રત્યે મું. મુંબઈ

એતાન શ્રી સોરઠ વંથલી- ગુરુકુલથી લિ.જોગીસ્વામી પીપલાણાવાળાના ઘણા આશીર્વાદ સાથ જય સ્વામિનારાયણ વાંચશો.

બીજું લખવાનું જે; આપના તરફથી ત્રિભોવનભાઈએ તમારા સમાચાર ઘણી હકીકતથી આપ્યા. તેથી અમો ઘણા ઉદાસ છીએ. કારણ કે મહારાજે લખ્યું જે; ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે તો જે ચંડાળ અને વિમુખ હોય તેને દુઃખ ન થાય. કેમ કે રામાનંદસ્વામીએ દેહ મેલ્યો સત્સંગી માત્ર રોવા લાગ્યા. ત્યારે રઘુનાથદાસને જરાય શોક થયો નહીં. હસતો જાય ને બીજાની આગળ વાત કરતો જાય. તેમ આ લોકમાં સત્સંગનું મૂળ શું કહેવાય ? તો ભગવાનના ભક્તને દુઃખે કરીને દુઃખિયો થાય તે. માટે નિઃશંક રહેજ્યો. તમારે કરવું કાંઈ નથી. જેણે કર્યું એને પસ્તાવું પડશે. માટે સત્સંગ શું છે ઈ સમજી લેવું. આ લોકનું સુખ તો આવે જાય ખરૂં પણ પરલોકનું સુખ નજરમાં પડી જાય તો આ લોકમાંથી દુઃખનો અંત આવી જાય એમ સમજી લેવું. માટે આપણે કથા વારતા કરીએ છીએ, સંત સમાગમ કરીએ છીએ. તેથી કરીને આ લોકનો અંત આવ્યો છે કે નહીં તે સમજી લેવું. પદાર્થ નાશવંત છે. પદાર્થ નાશ પામે ત્યારે તેનો શોક ન થાય એ અંત આવ્યો કહેવાય. આપણા બાપ કોણ ? આપણું કુટુંબ કોણ ? આપણે સ્વામિનારાયણ ભગવાનના છીએ.

આપણા ઉપર સ્વામિનારાયણ ભગવાનના બેઉ હાથ છે. માટે દુઃખને દરિયે વસવું નહીં. એટલે ભજન કરવું. ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, મોટા મોટા હરિભક્ત, મોટી મોટી બાયું, પરમાત્મા સહજાનંદસ્વામીને યાદ કરવા એટલે દુઃખની નિવૃત્તિ થઈ જાય. દેહને સુખ દુઃખ તો આ લોકમાં આવ્યા કરે, પણ પરમાત્મા અને આત્મા બે અજર અમર છે. એને સુખેય નથી ને દુઃખેય નથી. અજન્મા છે. જન્મ પામે ઈ મરે. માટે આપણે તો કોઈક લોકાંતરમાંથી આવ્યા હશું. માયાતીતાનંદ બ્રહ્મચારી જેવાના જેના ઉપર હાથ છે. એને વાદળ જેવું દુઃખ આવે તોય શું ! માટે દુઃખ મોકલ્યું એને ખબર હશે. દાસના દુશ્મન હરિ કદી હોય નહીં. માટે ભજન કરવું. પાછી વૃત્તિ વાળવી. આપણી ગતિને ઈશ્વર કોટિ સમજી નહીં

શકે. માટે અમે તો તમોને અહોનીશ યાદ કરીએ છીએ. એ જ અહીંથી સર્વે સંત હરિભક્તોના ઘણા હેતપૂર્વક જય સ્વામિનારાયણ વાંચવા.

લિ.

જોગીસ્વામી ધર્મપ્રસાદદાસના

શુભાશીર્વાદ

હ. શાસ્ત્રી બાલકૃષ્ણદાસ

તા.ક. પ.ભ.શ્રી શંકરભાઈ પ્રત્યે

લિ. પ.પૂ. જોગીસ્વામીના શિષ્ય બાલકૃષ્ણદાસના ઘણા હેતપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

બીજુ આ કાગળ સ્વામીએ પોતે લખાવ્યો છે ને મેં લખ્યો છે. તેના ઉપર વિચાર કરતા મને એમ લાગે છે કે; સ્વામી તમારા ઉપર ખૂબ રાજી છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીશ્રીએ પત્ર લખાવ્યો.

સ્વસ્ત શ્રી મુંબઈ મધ્યે પ્રગટ પુરુષોત્તમના આશ્રિત, પરમ ભગવદીય, પરમ બુદ્ધિશાળી, પરમ વિવેકી, સંત દેવ સેવા કરનાર ને પરમાત્મા પાસે રહેનાર. કારણ કે પરમાત્માની પાસે કોણ કહેવાય ? જેને દુ:ખમાં ભગવાન સાંભરે એવી અનેક શુભ ઉપમા લાયક ભાઈ હરિભાઈ તથા પિતાશ્રી તથા ભાઈ પ્રત્યે.

મું. સોરઠ વંથલી-ગુરુકુલથી લિ. જોગીસ્વામી. તમારા આ લોક પરલોકના સાચા સ્નેહી. તેના શુભાશીર્વાદ સાથ જય સ્વામિનારાયણ વાંચશો.

બીજું લખવાનું કે; આપ આંયા આવી બે દિવસ રહ્યા તેથી અક્ષર અગમ છે, છતાંય સુગમ થઈ ગયું હતું. પુરુષોત્તમ સર્વોપરી છે. તે વગર સંભાર્યા યાદ આવતા હોય. એવું સુખ મૂકીને આ લોકના એઠવાડીયાના હાંડલા જેવા પંચવિષયના સુખ એમાં જે અવરાણા તે આ લોકમાં માયાના ભાનમાં આવી ગયા. માટે માયાના ભાનમાં આવ્યો ઈ મુવો. માટે માયા તો

વિચિત્ર છે ને માયાના સ્નેહી એના છોકરા પારસી કરીને ગમે એટલી આપણી પાસે મિલ્કત હશે તે લઈ જાશે. માટે આપણે સોનાને ઠેકાણે સહજાનંદસ્વામીના ઉપાસી છીએ.

ભગવાન તો આ લોકનું દેવામાં તૈયાર જ છે. પણ લેનારમાં જ ખામી છે. માટે આપણા ગજા પ્રમાણે આપણને ઈશ્વરે આપ્યું છે. નિર્ભય રહેવું. માટે ભજન સ્મરણ કરતા થકા દિવસ ને રાત્રી વિતવી જોઈ. અગમ સુખ તો સુગમ થઈ જાય માટે તમારા ભેળા ભગવાન છે, મોટા સાધુ છે. બીજા ભેળા નથી. એકલા હોય એ લુંટાય. આપણે જોડીયા છીએ.

એજ.

સ્વસ્ત શ્રી મુંબઈ મહાશુભ સ્થાને ઉત્તમોત્તમ, પરમ ભગવદી, પરમ વિવેકી, પરમ સાર અસારને જાણનારા એવા ભાઈ તુલસીદાસ મગનભાઈ તથા રમેશભાઈ.

સોરઠ-વંથલી ગુરુકુલથી લિ.જોગીસ્વામી તથા સમસ્ત સંતમંડળના જય સ્વામિનારાયણ વાંચશો.

બીજુ આપણે સત્સંગના, સત્સંગ આપણો. પણ આપણે આ લોકમાં છઈ કે પરલોકમાં છઈ એ વાતનો વિચાર કરવો. આ લોકમાં જો દુઃખ જ હોય તો આ લોકના કહેવાઈ ને આ લોકમાં સુખ જ હોય તો પરલોકના કહેવાય. આ દુનિયામાં દીકરામાં સુખ દેખે ને એનાથી સુખ નથી થાતું તો આ લોકમાં જ છીએ ને આ લોકમાં વગર દીકરે સુખિયા હોય ઈ પરલોકમાં કહેવાય. માટે એવા સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત અસંખ્ય આપણને મળ્યા છે. એનો સમાગમ કર્યો છે.

"માટે શીદને રહીએ કંગાલ રે સંતો" માટે આ દિવસ સુધી દુઃખ હતુ પણ હવે ગયું. હવે તો અખંડ ભગવાન, અખંડ ભગવાનના ભક્ત, અખંડ અક્ષર મુક્ત ઈ ભેળા આપણે ભજન કરીએ છીએ એમ સમજીને

ભજન કરી લેવું. બીજા તો આ લોકમાં ભજનમાંથી ભૂલાવે એવા છે. આમ સમજીને ભજન કરવું.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૨ ॥**

## ૬૪૩. પ્રત્યક્ષપણાનું

સંવત્ ૨૦૩૫ના વૈશાખ વદિ-૩૦ અમાસ શુક્રવાર તા.૨૫-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે સભામંડપની ઓસરીમાં ઢોલિયા ઉપર સ્નાન કર્યા પેલા વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; મુંબઈના સમાચાર એક'દિમાં ત્રણવાર આવે નહીંતર તો ત્રણ જન્મ વિતિ જાય તોપણ અહીંયા મુંબઈના સમાચાર ન મળે. એવી બુદ્ધિ માણસમાંછે તો અક્ષરધામનો મુક્ત કેવો હશે ! કાંઈ ન જોઈ ઈ અક્ષરધામનો મુક્ત કહેવાય. પછી તમારા સામુ કોઈ ન જોઈ શકે. ભગવાનનો એક વાત સમજાય જાય તો કામ થઈ જાય. ભગવાન કયાં છે ? ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. ભગવાન જેવા છે એવા સમજીએ તો કાંઈ કરવું બાકી ન રહે. જેવા છે એવા સમજીએ છીએ પણ કયારે આ લોક આડું આવે, કયારેક આ લોકનું સુખ આડું આવે, કયારેક આ લોકના માણસ આડા આવે છે.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થયો ઈ બહુ જબરૂં સુખ છે. પર્વતભાઈ કેવડા ! એક અવતારને જોવાની ઈચ્છા કરી ત્યાં ચોવીશ અવતાર આવ્યા. કણબી કુળમાં કારણરૂપ એમ નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું. ઈ બેઠા છે ને આપણે સામા બેઠા છીએ. ઈ વાત કરે છે ને આપણે સાંભળીએ છીએ. ઈ સમો મનાઈ જાવો જોઈ. અક્ષરધામનું સુખ, પ્રાપ્તિ ઈ જુદી છે. અક્ષરધામના મુક્ત અલૌકિક છે. વિષયની ગતિ આ લોકમાં છે ન્યાં વિષયનું ભજન છે. સાંખ્યવાળાને અનુભવનું જ્ઞાન છે ઈ કરતા તો ઓલ્યું જબરૂં છે. ત્રણ અવસ્થા, એની

ઉપર ચોથી અવસ્થાનું જ્ઞાન. ત્રણ અવસ્થાનું જ્ઞાન કરે ઈ અલૌકિક છે. ઈ સાંખ્યવાળાનું જ્ઞાન છે. એને મતે ઈ જ ભગવાન છે. તુર્યપદ, દષ્ટા, બ્રહ્મ, અંતર્યામી, પરમાત્મા કહે છે. તો સાક્ષાત્ જ્ઞાન કેવું હશે ? મધ્યનું ૧૪મું ભગવાનના સ્વરૂપને વિષે જે સંત તદાત્મકપણાને પામ્યો ઈ સાક્ષાત્ જ્ઞાન. જોયા ઈ સાક્ષાત્ જ્ઞાન. પછી બુદ્ધિ છે કે નહીં એનો વિચાર ન કરવો. દોષ ન ટળ્યા હોય તો ય વિચાર ન કરવો. આ લીંબડો જાણ્યો પછી ભ્રાંતિ ન થાય. દોષ ટળ્યા છે કે નથી ટળ્યા ઈ તો એક અવતારીનું અલૌકિકપણું છે, તો અવતારી કેવા હશે ! સર્વોપરી છે. અલૌકિક છે. અગમ છે. દોષથી રહિત થયા પછી કલ્યાણ કર્યું કે દોષ છે ને કલ્યાણ કર્યુ ? દોષ છે તોય નથી એમ કહી દીધું, તો આ અવતારીમાં તો દોષ જ નથી. લીંબડાને વિષે ભ્રાંતિ ન હોવી જોઈ. સંદેહ ન હોવો જોઈ. કર્મગ્રંથી, ઈચ્છાગ્રંથી, સંશયગ્રંથી એમાં ન હોવી જોઈ એવા સ્વામિનારાયણ છે. એવો જેને નિર્વિકલ્પ નિશ્ચય થયો હોય એના સંગ થકી એવો નિર્વિકલ્પ નિશ્ચય થાય છે. ન્યાં કોઈ સાધન પુગતા નથી. સૂર્ય, ચંદ્ર, વિધિ કોઈ પુગતા નથી. પણ જેને થયો હોય એના સંગથી એવો નિશ્ચય થાય છે. પછી ભલે ઈ પ્રવૃતિમાર્ગમાં હતા તો પણ એને ભગવાનના સ્વરૂપના નિશ્ચયે કરીને નિર્ગુણ જ જાણતા. પછી ભલે બુદ્ધિ થોડી હોય કે ઝાઝી હોય તો પણ ઝાઝી બુદ્ધિવાળા જાણવા એવું પ્રમાણ કરી દીધું. એવી અલૌકિક વાત કયાંય નથી કરી. જેમ અલૌકિક અવતાર છે એમ અલૌકિક રીત છે. અલૌકિક દર્શન, અલૌકિક દષ્ટિ, તો એના ભક્ત, એના ભગવાન એને સમાધિથી કોઈ ન જોઈ શકે. પણ મુક્તાનંદસ્વામી જેવાની દષ્ટિથી જોઈ શકે. બાળકના હાથમાં હીરો આવી ગયો, એની કિંમત નથી. તે ચાખે છે. ઊડાડે છે ને સુંઘે છે પણ સ્વાદ આવતો નથી એટલે કિંમત થાતી નથી. જેમ ઝવેરીથી જ હીરાની કિંમત થાય એમ.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૩ ॥**

## ૬૪૪. વિશ્વકળાનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૧ પડવા શનિવાર તા.૨૬-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; વિશ્વકળાની લેન સમજવી જોઈ. દિવ્ય વિશ્વકળા છે ઈ અક્ષરધામના દિવ્ય મુક્તની કળા છે. ને આલોકના મુક્તની કળા જુદી છે. પોતાના ગુણ ન જાણવા દ્યે પણ પોતાના અવગુણ જાણવા દ્યે ઈ વિશ્વકળા છે. આની પાસે બેસીએ ને પોતાનો અવગુણ સુજે ઈ વિશ્વકળા છે. ઈ દિવ્ય છે.

નારાયણ કવચની લેન સમજવી જોઈ. જે વખતે જે દુઃખ આવે તેને માટે ભગવાને અવતાર ધારણ કર્યા. ઈ અવતારને સંભારવો. મહારાજે રાધાવાવે પલાણ નાખ્યું. અધર્મ સર્ગ જીવુબા લાડુબાએ જીત્યો. કામને સચ્ચિદાનંદસ્વામીએ જીત્યો. ક્રોધને મુક્તાનંદસ્વામીએ જીત્યો. પણ સાવ મારી ન નાખ્યા, આ વિશ્વકળા છે. એક દિવ્ય વિશ્વકળા હોય ને એક માયિક વિશ્વકળા હોય. આ દુનિયામાં હોંશિયાર હોય એને આવડતી હોય, ઈ માયિક વિશ્વકળા છે. પોતાના અવગુણ ઢાંકી રાખે છે. ને દિવ્ય વિશ્વકળા છે ઈ પોતાના ગુણને ઢાંકી રાખે છે. ને ઓલી માયિક વિશ્વકળા છાપાની રીતથી છે.

ઐશ્વર્યે કરીને નિશ્ચય કર્યો હોય એને આ વાત ન સમજાય. મનુષ્યભાવથી નિશ્ચય કર્યો હોય એને આ વાત સમજાય. વ્યાસ ભગવાને બધાય ભગવાનના વખાણ કર્યા. વરાહ ભગવાનના વખાણ કર્યા. પણ પોતે કાળા હતા ને શરીર ગંધાતુ હતુ ઈ કોઈએ ન કહ્યું એવી વિશ્વકળા છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૪ ॥**

## ૬૪૫. કળીયુગના ધર્મનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૨ રવિવાર તા.૨૭-૫-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલમાં સભામંડપમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, વ્યાસજીએ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત ભજન કરવું ઈ શ્રેષ્ઠ છે. ને મહારાજે સામું જોવું ઈ લખ્યું ને ગુણાતીતાનંદસ્વામીએ એમ લખ્યું કે, સાધુ સમાગમ સર્વનો સાર છે. જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે, એવી પ્રત્યક્ષને વિષે થાય તો સર્વ અર્થ દેહ છતા પ્રાપ્ત થઈ જાય. નાણું જેટલું છે એટલું સાધુ પાસે જ આવે પણ ભગવાનને અરથે ભેળું કરવું ઈ બહુ જબરી વાત છે. હું લાંબી ચાળવાળું કડીયુ પેરીને વંથલીમાં આવેલો ને અત્યારે પણ વંથલીમાં આવ્યો છું. એમાં કેટલો ફેર છે ? આ છેલ્લી લીલા છે. એમાં ભાગ્યશાળી હશે એનું કામ થાશે.

**આપ પાપ સબ પીછ હૈ..........** તે બોલ્યા. એવા ગુરુરાજ મળ્યા ત્યારે અમે કૃતાર્થ થઈ ગયા. ભગવાન બધાયના છે, પણ જેટલો જે ભક્તિ કરે એટલા એના થાય. આપણે ભગવાનને સંભારીએ તો ભગવાન આપણને સંભારે. આપણે ભગત થાઈ તો ઈ ભગવાન થાય. આપણી કેવડી ખામી છે ?ભગવાન પાસે બેસાશે કે નહીં બેસાય ? મોટા સાધુ પાસે બેસાશે કે નહીં બેસાય ? એનો વિચાર કરવો. દ્રોહ ન કરવો એટલે જે માણસ જેવા છે એવો જ કહેવો. દુર્લભનું દુર્લભપણું કેમ જણાય ? એક એનાથી થયા હોય, એક એણે જેને સેવ્યા હોય ને એક એનું પોતાનું વર્તન જોવું. જમાનો હોય એમ વર્તતો હોય પણ માંહી તો નિષ્કામી હોય. ફાટી દૃષ્ટિથી ચાલતો હોય પણ નિષ્કામી હોય. જોબનપગીને સ્વામિનારાયણ મળ્યા તો સુધરી ગયો. એની જગ્યામાં મંદિર કર્યું. ને સ્વામિનારાયણની મૂર્તિ જોબનપગીને હાંકોટે પધરાવાય ગઈ. આ શાસ્ત્ર અલૌકિક છે.

કોઈના જાણ્યામાં ન આવે. કોઈના સમજ્યામાં ન આવે. આ શાસ્ત્રમાં ઈંદ્રિયોનો વેવાર કહ્યો નથી પણ અંતઃકરણનો વેવાર કહ્યો છે. સત્યુગમાં બધાયના સંકલ્પ સત્ય થાતા, કલ્પવૃક્ષ ઘરે ઘરે હતા. ઈ સમાનો ધર્મ કયો હોય ! ને આજ કળિયુગનો સમો છે. આજ ધર્મ કયો હોય ઈ સમજો તો આ શાસ્ત્ર સમજાય. સત્યુગમાં સંકલ્પ કરે તો દીકરો થાતો ને કળિયુગમાં તો અંગસંગ કરે તો પ્રાપ્ત થાય. ને આ કળિયુગમાં તો આ મનુષ્ય પ્રમાણે ધર્મ કહ્યા હોય, ઈ સમજો તો સાક્ષાત્ સવિતા સમજાય. ભીડામાં ન રહી શકો તો નિશ્ચયમાં અતિ ખામી છે. આ ગોપ ગોપીયું ય કાંઈ ન્યુન નથી. એના વચન હૈયામાં સારા લાગતા નથી તો નિશ્ચય નથી. આ ધ્યાન, ભજન, માનસીપૂજા કરે છે ઈ નથી સારા લાગતા. માનસીપૂજા, ભજન સ્મરણ ન કરતા હોય ઈ સારા લાગે. કુકડી પેલી કે ઈંડુ પેલું ? ચિત્ત પેલું કે મન પેલું ? જગત ચિત્તમાંથી ઉત્પન્ન થયું છે. ચિત્તનો વાસ જગતમાં જ છે. સ્વામિનારાયણનો થયો હોય એને જમ તેડવા ન આવે પણ જો એની ક્રિયા ન ગમે તો આવે. એના સ્વભાવ ન ગમે તો જમ તેડવા આવે. તમે આંયા આવો તો તમારા સ્વભાવનો નાશ કરીએ છીએ.

પૂર્વે કરેલા કર્મ ઈ કર્મ પરિપક્વ થઈને જીવ સાથે એકરસ થઈ જાય એને સ્વભાવ કહેવાય, વાસના કહેવાય. ફૂલ ને સુંગધ ભેળા ભળી ગયા છે. એમ જીવ ભેળા સ્વભાવ ભળી ગયા છે. ફૂલમાંથી ભમરો જ ગંધને ગ્રહણ કરી શકે છે. ગંધ વિષય નિર્માની છે. બધાય ફૂલનો સુગંધ એક સરખો આવે તો સિદ્ધદશા કહેવાય. ને બધાય ફૂલનો સુગંધ જુદો જુદો આવે તો વિષય કહેવાય. જેવું છે એવું યથાર્થ જાણો એટલે ઈ પદાર્થ ભોગવાય નહીં. દેહ જડ, દુઃખરૂપ છે. અશુદ્ધ છે. નાશવંત છે. અજર અમર નથી. આ ચાર પ્રકારે દેહનું રૂપ લખ્યું છે. આમ ચાર પ્રકારે જોવો તો દેહનો અવગુણ આવે. છેવટે ઉકરડે આસન કરાવે એવું છે. એવું જણાય તો પ્રપંચ ન થાય. માબાપ હારે વેર ન થાય. ભાઈ હારે વેર ન થાય. પંચવિષયને

નોખા પાડવા હોય તો ભમરો પાડે. વચનામૃતમાં તો બધી વાત હોય પણ એમાંથી પોતે સમજે એટલી કામની.

છેલ્લાનું ૨૦મું વચનામૃત. વસ્તુતાએ સ્વભાવ તે શું છે ? જીવે પૂર્વ જન્મને વિષે કરેલા કર્મ, ઈ કર્મ એકરસ થઈને જીવની સાથે એકરસ થઈ ગયા છે. એનું નામ સ્વભાવ કહેવાય. પ્રકૃતિ કહેવાય. સ્વભાવને ઓળખે એટલે સ્વભાવ છે કે નહી ? સ્વભાવને ઓળખ્યો એટલે ભેળા છો કે નોખા છો ? સ્વભાવને દેખો એટલે એનાથી નોખા છો. કર્મગ્રંથીથી અળગા થાવ તો થાય. કર્મ જીવ ભેળા ભળીને એકરસ થઈ ગયા. એને પ્રકૃતિ, વાસના ને સ્વભાવ કહેવાય. સત્ત્વ, રજ અને તમ ત્રણેય બ્રહ્માંડ જેવડા છે. ઈ ક્રિયમાણમાંથી ઉત્પન્ન થાય છે.(સારં-૯) જ્યાં સુધી ગુણમાં વર્તે ત્યાં સુધી એનો એક ઠેરાવ ન રહે, એક સ્થિતિ ન રહે. ગુણની ઉત્પતિ કયાંથી છે ? ગુણની ઉત્પત્તિનું મૂળ કારણ ક્રિયમાણ છે. સત્ત્વગુણમાં રહીને કર્મ કરેલા હોય તો એનો મુખ્ય ગુણ સત્ત્વગુણ હોય. અને રજોગુણમાં રહીને કર્મ કર્યા હોય તો એનો મુખ્ય ગુણ રજોગુણ હોય. ને તમોગુણમાં રહીને કર્મ કર્યા હોય તો એનો મુખ્ય ગુણ તમોગુણ હોય. "વચનામૃતની વાત તો સમજે ઈ જ સમજે. શુકસ્વામીએ કહ્યું કે, મેં આ ચોપડો લખ્યો છે પણ હું સમજ્યો આજ. બીજા અવતાર જેવા કહો તો દ્રોહ કર્યો કહેવાય ઈ વાત શુકસ્વામીએ કહ્યું કે મને આજ સમજાણી. બીજા અવતાર જેવા સ્વામિનારાયણ નથી. સ્વામિનારાયણના ભગત પણ નથી. સ્વામિનારાયણનું લુગડું ય બીજા અવતાર જેવું નથી. આપણે સ્વામિનારાયણની ઈચ્છાથી બધા ભેળા છઈ."

ન દીઠ્યું હોય, ન સાંભળ્યું હોય એની ઈચ્છા ઈ વાસના. કોઈ'દિ ભોગવ્યું નથી, દીઠ્યું નથી. એની ઈચ્છા વરતે એનું નામ વાસના. જેનું કોઈ સરૂ ન લઈ શકે. કોઈ અંત ન લઈ શકે એવી વાસના છે. માટે વાસનાનો કોઈ અંત ન લઈ શકે. એનો અંત લઈ લેવો ઈ વાસનાને ટાળીને બ્રહ્મરૂપ થઈને અક્ષરધામમાં જાવું છે. વાસના ટાળ્યા વિના ત્યાં કોઈની સિદ્ધાઈ નહીં

હાલે. વાસનાનો અંત શું ? તો વાસ બેસી જાય એનું નામ વાસના. મન જગતની વાસનાએ કરીને વસાઈ ગયું છે. શુભ ગુણ છે ઈ વાસનાને ટાળવાનો ઉપાય છે. વાસના રહિત થઈ જાય. ખાવ ને વાસના થકી રહિત થઈ જાય ને ખાવ ને વાસના ઊભી થાય. સાક્ષાત્‌ સવિતામાં લખ્યું છે કે, આસક્તિ રહિત ખાવ તો અપચો ન થાય. આસક્તિથી ખાવ તો અપચો થાય. આસક્તિ રહિત ખાય તો પ્રમાદ ન કહેવાય. વાસના એવડી જબરી છે. જીવ ભેળી છે. કોઈ રીતે અળગી થાય એમ નથી. વાસનાલીંગ દેહ છે. જીવ ભેળી ભળી ગઈ છે. બ્રહ્મરૂપ થઈ, સત્તારૂપ થઈ ભગવાન સન્મુખ રહો એટલે વાસના નાશ પામે. જાણપણામાં રહીને ભોગવો તો વાસના નાશ પામે. વચનામૃત શબ્દો બહુ પાર છે. આ બ્રહ્માંડની પાર છે. ઓલ્યા બ્રહ્માંડમાં છે. દુઃખરૂપ જે દેહ ઈ રૂપે વર્તો, તો આ લોકમાં છો ને દેહથી પર વર્તો તો ઓલ્યા લોકમાં છો. ઓલ્યો લોક અનેક પ્રકારનો છે. એનુ માપ ન બંધાય, ઈ ઉપાસનાની વાત છે. મંદિરમાં કેટલાક વેવાર કરે એવા હોય, કેટલાક ઢોર ચારે એવા હોય. એમાં મોક્ષભાગી હોય એને મળવું. મોક્ષભાગી હાથ આવે તો કામ થઈ જાય. પણ આ જીવને મોક્ષભાગીમાં ન થાય પણ સજાતિયમાં હેત થાય. સજાતિય તોછડે વચને બોલાવે તોય સારૂં લાગે ને આ ‘ભાઈ’ કહીને બોલાવે તોય સારૂં ન લાગે. આપણાથી મોટા હોય એનાથી આપણે દબાઈ, એને સાચી વાત ગળે ન ઉતરે. જો સજાતિય હોય તો મેળ ખાય. સ્વભાવ છાનુમુનો બેઠો છે. ઈ કયારે પ્રગટ થાય ને સજાતિય થાય ત્યારે પોતાનું માથું બહાર કાઢે. સ્વભાવને ઓળખો તો ખબર પડે કે સ્વભાવ કેવો છે ! સ્વભાવ તમારામાં છે ને અમારામાં નથી એમ ન સમજવું. અઢાર ગાડામાંથી દસ ગાડા અમારામાં, ભેખમાં આવી ને આઠ ગાડા તમારામાં આવી. તમે તો ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, શુકસ્વામીને યાદ કરો તો કામ થઈ જાય. સત્સંગીના સમાધિનિષ્ઠ છોકરા સામું જોઈ તો મહારાજની દયાથી અવતારથી અનંતગણું

ઐશ્વર્ય દેખાય છે. કાલ ધારેલું હોય ઈ આજ કરી લેવું. આજ કરવાનું હોય ઈ આ ઘડી કરી લેવું. મૂળ વિનાનું ઢોકળું છે તે ઢળી પડશે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૫ ॥**

## ૬૪૬. સ્વભાવને ટાળવાનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૩ સોમવાર તા.૨૮-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, પોતે ભગવાન થાય પણ ભગવાનના સ્વરૂપનું ચિંતવન થાવું બહું કઠણ છે. આત્મનિષ્ઠા થાય તો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થાય છે ને કાં ભગવાનના ભક્તનો સંગ થાય તો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થાય. આપણા સ્વભાવને ભગવાન અને ભગવાનના ભક્ત જાણે એટલે આપણા સ્વભાવ ગયા. ભલેને આપણે હીણા થઈ જાઈ પણ આપણા સ્વભાવ તો વયા જાય. કારણ કે એને ખબર પડ્યા પછી એને ઉપાધી રહે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૬ ॥**

## ૬૪૭. અવતાર અવતારીના લક્ષણનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૪ મંગળવાર તા.૨૯-૫-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈ બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ભગવાન જેને વિષે આવે તે પણું દબાવીને પોતે જ સ્વયં રહે છે. સાકારપણાની નિષ્ઠા બહુ જબરી. એક વસ્તુમાં બીજી વસ્તુ હોય તો માયિક ગણાય ને જુદી કહો તો અમાયિક ગણાય. પૃથ્વી આદિક ચારેયનો આધાર આકાશ છે. વિભાગ કરવાપણું એ રીતે આધાર છે. આકાશમાં રહેવાપણું એ રીતે આધાર છે. ભૂતપ્રાણી

માત્રના દેહનો માંહિલો વેવાર અને બહારનો વેવાર એનું કારણપણું છે.

**पुरुषेणत्म भुतेन वीर्यमाधत्त वीर्यवान ।**

પહેલા અવતારનું લક્ષણ કર્યું. અવતારના લક્ષણમાં પોતાનું લક્ષણ આવી ગયું. ધામ દ્વારે માયાનો સર્ગ ટાળ્યો. એકાંતિકના વચનમાં વિશ્વાસ લાવીને ભગવાનના ચરણ કમળને ભજે તો ઈ ની ઈ ભગવાનની મૂર્તિ સત્ ચિત્ ને આનંદમય ભાસે. પહેલા શુષ્ક મન હોય ને પછી અહો થઈ જાય. એકરૂપ થકા અનંત સ્વરૂપ ભાસે ઈ અક્ષરનું સ્વરૂપ કીધું, પણ ધામ દ્વારે છે. એને પરમ સત્ય સ્વરૂપ કીધું છે. તે સિવાય તો ઉર્ધ્વરેતા બ્રહ્મચારી હોય તો પણ એનું કલ્યાણ થાવું કઠણ છે. માટે સાકાર બ્રહ્મની ઉપાસના થાવી બહુ કઠણ છે. દિવ્ય સ્વરૂપ સેવામાં છે ને મનુષ્ય સ્વરૂપ અનંત જીવને બ્રહ્મમોલમાં મોકલે છે. જેના દર્શન ન થાય, શબ્દ ન સંભળાય, સ્પર્શ ન થઈ શકે. ધારવામાં ન આવે, સ્પર્શમાં ન આવે, વિચારમાં ન આવે તે દિવ્ય સ્વરૂપ છે. ને ધારવામાં આવે, ચાખવામાં આવે, સાંભળવામાં આવે, સ્પર્શમાં આવે તે મનુષ્ય સ્વરૂપ છે.

ત્રણ દેહ ને ત્રણ અવસ્થા એથી પર પોતાના સ્વરૂપને માને, ને જેવી પ્રગટ પ્રમાણ ભગવાનની મૂર્તિ છે એને અતિશય પ્રકાશે યુક્ત ભાસે. આ ભગવાન અને આ સાધુ આત્યંતિક પ્રલય થાય ત્યારે પણ રહે છે. પણ મરી જાય એવા નથી. એની પાસે બેપરવાઈ ન રહેવું, તો સાકાર છે. ને આપણે ને એને શું સાંધો છે એમ માને તો નિરાકાર થઈ ગયા. રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદસ્વામી જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી દેશકાળ સારા રહ્યા. અખોદડવાળા બ્રાહ્મણનો ન્યાય ન કર્યો, એવા દુઃખ હતા. તેથી મહારાજ પાસે અરજી કરી છે કે રઘુવીરજી જેવા આચાર્ય અને ગય જેવો રાજા થાય. ત્યાર પછી વિહારીલાલજી મહારાજ અને બ્રિટીશ થઈ ગયા. પૃથ્વી ઉપર છે ને માણસ જેવા છે પણ મોક્ષ તો કરે જ. આપણી મોટાઈ ભગવાને આપી છે, ઈ કેમ જણાય ? આપણું સુખ લઈ લેવા ઈચ્છે તે લઈ

શકે કે ન લઈ શકે ? જો ભગવાને આપેલું હોય તો કોઈ ન લઈ શકે. જો આપણું મેળવેલું હોય તો લઈ શકે.

આ લોકનું સુખ તો ક્ષણિક છે. સ્વાદનું સુખ જીભના ટેરવા ઉપર જ છે, પછી સુખ નથી. આ દેહ તો નાશવંત છે, તુચ્છ છે, દુઃખરૂપ છે. છેલ્લીવારે પણ દુઃખ જ આપશે. મોટાથી દબાય છે ઈ દોષવાળો છે તોપણ દૈવી છે. ને ઓલ્યો નિર્દોષ છે પણ મોટાની આગળ દબાતો નથી તો આસુરી છે. “ વાત કરતા હોય ઈ સમજતા હોય ને વાત સાંભળનારો સમજતો ન હોય તોપણ સાંભળનારામાં એના ગુણ આવી જાય. એવી અલૌકિક વ્યક્તિઓ આ પૃથ્વી ઉપર સ્વામિનારાયણ મેલી ગયા છે. આંયા દુઃખમાં ભાગ લ્યે ઈ જ ભગવાન કહેવાય. ઈ જ દ્વારે ભગવાન કામ કરે છે. ઈ જ દ્વારે મોક્ષની ગતિ ઉઘાડી રાખે છે. એમ ન હોય તો પુરુષોત્તમ પ્રકાશમાં સાધુમાં અંતર્યામીપણું શા માટે કહ્યું ! શું કામે આચાર્યને મોક્ષદાતા કીધા ! ને ગૃહસ્થને વેદાંત શાસ્ત્ર તરીકે રાખ્યા છે ! પણ સ્થિતિ ન થઈ હોય તો બગડી જાય. તો ખાડામાં પગ પડી જાય. આ લોકના માણસ બધાય સફડફીયા છે. ઘડીક પ્રિય કહે ને ઘડીક અપ્રિય કહે. ઘડીક ઠીક કહે, ઘડીક અઠીક કહે, ઘડીક સારું કહે, ઘડીક નરસું કહે. એવા આ લોકના માનવી છે.”

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, આત્મા અને પરમાત્માની વાત કરતા કરતા દેહ મેલવો ઈ જ ઐશ્વર્ય છે. આત્મા અને પરમાત્માનું સાક્ષાત્ દર્શન કરતા કરતા દેહ મેલવો ઈ ભગવાનના ભક્તને જ થાય. એમ ૭૭મા વચનામૃતમાં લખ્યું છે. મરેલ સર્પ દેખાય એનો પણ ભય લાગે ઈ બાધિતાનુંવૃત્તિ છે. ભગવાનના ભક્તની વિશ્વકળા શું છે ? ઈ સમજવી જોઈ. કામને નિત્યાનંદસ્વામીએ જીત્યો. અધર્મ સર્ગને જીવુબા લાડુબાએ જીત્યો. એમ બીજાએ કર્યુ એમ બતાવે પણ પોતે કર્યું એમ ન કહે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૭ ॥**

## ૬૪૮. મોક્ષકાળ અને સૃષ્ટિકાળનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૬ શુક્રવાર તા.૧-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ભાણજીભાઈએ સાક્ષાત્ સવિતાનું ૫૪મું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; સારંગપુરનું ૧૪મું પ્રમાદ ને મોહ બે ભગવાનની માયા છે તે સ્થૂળ ને સૂક્ષ્મ બેય ભેળા જ રહે છે, નોખા પાડો તો આત્મારૂપ કહેવાય. સ્થૂળ દેહમાં વરતવું ત્યારે સૂક્ષ્મ દેહના ઘાટ વિસારી દેવા ને સૂક્ષ્મ દેહમાં વરતવું ત્યારે સ્થુળ દેહના ઘાટ વિસારી દેવા.

**त्यज धर्ममधर्मं च उभे सत्यानृते त्यज ।**

ધર્મનો ત્યાગ કરી દે ને અધર્મનો પણ ત્યાગ કરી દે. ને વિચારનો પણ ત્યાગ કરી દે. વિચારે કરીને ધર્મનો ત્યાગ કરવાનું કહ્યું છે પણ દેહે કરીને ધર્મનો ત્યાગ કરવાનું કહ્યું નથી. વાંકમાં આવે ત્યારે તજી દેવો બંધ ન બેસે. કારણ કે માણસ તો ખોટ્યને પાત્ર છે. ક્યારેક તો સુષુપ્તિમાં અતિશય સુખ થાય છે ક્યારેક ઉદ્વેગ મટતો નથી. કારણ કે રજોગુણ ને તમોગુણના વેગ આવે છે. સ્થૂળ દેહનો વિક્ષેપ સ્થૂળમાં રાખવો. સૂક્ષ્મનો વિક્ષેપ સૂક્ષ્મમાં રાખવો. કારણનો વિક્ષેપ કારણમાં રાખવો. ભગવાનની ઈચ્છા, જીવની ઈચ્છા, માયાની ઈચ્છા ત્રણેય ભેળા થઈ જાય. સ્થૂળ સૂક્ષ્મ ભેળા છે ઈ જ માયા. નોખું પડે એટલે માયા આળસી ગઈ. કારણ દેહ છે ઈ માયા છે. રાગ છે ઈ જ માયા છે. ભૂંડો દેશકાળ, ભૂંડી ક્રિયા એનો ત્યાગ કરીને રૂડો દેશ, રૂડો કાળ, રૂડી ક્રિયા એનો સંગ રાખે તો દેશકાળ એને નડે નહીં. તે ઉપર રવજી શેઠની વાત કરી.

આ જીવ પોતાની જ તાગાત બતાવે છે પણ ઈશ્વરની તાગાત જ કામ આવે છે. ઈશ્વરની તાગાત અનુકુળ હોય તો દેશકાળ સારો આવે.

અનુકુળ ન હોય તો દેશકાળ વિપરીત થયા વિના રહે જ નહીં. અલભ્ય લાભ મળી ગયો છે. આત્યંતિક મુક્તિને પામ્યા છઈ. આજ તો સત્સંગની ભર જુવાની છે. શેરડીના સાંઠાનો વચલો ભાગ છે. કામ ક્રોધાદિક દોષ છે ઈ તો ખીલ અને ધાધર જેવા છે. મોટા દૃષ્ટિ કરે તો આ ઘડી ટળી જાય. એમાં મોટાનો અવગુણ છે ઈ તો ક્ષયરોગ જેવો છે. બીજા નિમ ધરાવી ને વર્તમાન ધરાવે ત્યારે કલ્યાણ થાય અને સ્વરૂપાનંદસ્વામીને દર્શને કરીને કલ્યાણ થાય. ક્યાંય મનુષ્ય જ દીઠ્યા નહીં. કેની આગળ વાત કરવી ! આ લોકના મનુષ્ય આગળ અલૌકિક વાત કરે ઈ સાધારણ જીવ કેમ લઈ શકે !

**તાજી તીક્ષણ ધાર, અડતામાં અળગું કરે,**
**ત્યાં લેશ ન રહે સંસાર, વજ લાગ્યા કોઈ વીરના.**

જેને જમ તેડવા આવે એની હારે હેત હોય તો જમ તેડવા આવે.

પછી બપોરે જમ્યા પછી લક્ષ્મીદાસ ભગતે સાક્ષાત્ સવિતાનું કિરણ ૫૧મું વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; એક વાત સમજી લેવી. જે વસ્તુ જેનું કારણ હોય ને તેને વિષે રહી હોય. એમ ભગવાન બધાથી મોટા છે, તો બધામાં રહ્યા છે. યોગકળાએ કરીને વ્યાપકપણું હોય ઈ સમર્થ હોય, પૃથક હોય, કલ્યાણકારી હોય, અવાંતર ન આવે ને ઓલ્યું સ્વરૂપ અવાંતર આવી જાય. શુદ્રબ્રહ્મા થકી સૃષ્ટિ થઈ, ઈ પાદ્મકલ્પમાં ઘટે. વૈરાટ થકી અવતાર થાય છે પણ ઈ વાત સમજ્યામાં નથી આવતી. વાસુદેવથી અવતાર છે પણ તે તે પુરુષના પુત્ર છે એમ મૂર્તિમાન કહી દીધા. બીજે ખાલી આંટો દેવા જાવ તો નકામો જાય ને આંયા ખાલી આંટો દેવા આવો તોય અનંત જન્મનું કામ થઈ જાય. સ્વામીની વાતુમાં ચાર પ્રકારના ત્યાગ છે. જણસ વેચાતી હોય તો લ્યે ને એક આસને બેઠા આવે તો લ્યે ને એક આસને આવે તોપણ ન લ્યે. દેહના સુખનો ત્યાગ કરે એને કાંઈ ન જોઈ. મોટા પાસે

નિષ્પાપ થયો એને ધરાર અક્ષરધામમાં લઈ જાય. શાસ્ત્રે પ્રાકૃત ચરિત્રને જ દિવ્ય કહ્યા છે. ને દિવ્ય છે એને પ્રાકૃત કહ્યા છે. ઈ અસુરની બુદ્ધિ છે. ભગવાનના ભક્તના દાસનો દાસ થઈને રહે એને કાંઈ કરવું રહ્યું નથી. એ તો છતે દેહે ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે. નથી સમજતા તોય સાંભળે છે ઈ વિશ્વાસનું લક્ષણ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૪૮ ॥**

## ૬૪૯. પ્રત્યક્ષ પણાનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૭ શનિવાર તા.૧-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભા મંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, આ લોકમાં કોઈ પદાર્થ ન જોઈ એનું નામ સત્યુગ છે. આ લોકમાં વિક્ષેપ બહુ થઈ ગયો છે. નિર્વાસનિક છે ઈ જ સ્વામિનારાયણને સારા લાગે છે. બ્રહ્માદિક દેવની અનુલોમવૃત્તિ છે ને આપણી પ્રતિલોમવૃત્તિ છે. ઈશ્વરની લોમવૃત્તિ છે. ઈશ્વરનો નાશ ન થાય, જીવનો નાશ થાય. ચાર પ્રકારના પ્રલયની વાત ખગોળ ભૂગોળના વચનામૃતમાં છે. એક પ્રથમના ૧૨માં છે. મનનું ધાર્યુ ન થાય ઈ નિત્યપ્રલય છે. દેવને અને રાજાને મનનું ધાર્યુ થાય. આ ક્રિયા મૂકીને આ ક્રિયા કરવી ઈ નિમિત્ત પ્રલય છે. વૈરાટના દેહનો પ્રલય છે પણ એનો બાપ સમર્થ છે તે જાળવે છે. ઈ પ્રાકૃત પ્રલય છે. ધર્મવાળાને દેશકાળ આવે ત્યારે બીજો કોઈ પ્રમાણ કરે કે આ નિર્દોષ છે ત્યારે એનો દેશકાળ નાશ થયો ગણાય. બધાય વિરોધી થાય તોય રૂંવાડુંય ન ફરકે ત્યારે આપણા પક્ષમાં ભગવાન હોય એમ સમજી લેવું. બધાય વિરોધ થયા પણ રક્ષાનો કરનારો તો ભગવાન છે. સૂક્ષ્મ દેહ મહિમાથી જીતાય છે. સામો બોલે છે એનો મહિમા જાણીએ તો કામ આવે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર, ચંદ્રાદિકને જો એવી સ્થિતિ નો'તિ થઈ તો દેશકાળે કરીને પરાભવને પામ્યા. ભગવાન ભજી લ્યે તો કામ થઈ જાય. સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો છે પણ પંચવિષય પૂર્વના લેણીયાત છે. બહુ હેરાન કરે છે. રાહુ ને કેતુ છે એને આ જીવ સંભારે છે. ભગત ગમે એવો હોય પણ ભગતનો મહિમા ભગવાનને છે. ખટ્કર્મ તો હોય, પણ ઈ ખટ્કર્મને ભગવાન ગણતા નથી. ભગવાનના ભક્તના મોઢા જોઈ, તો સાકર જેવો સ્વાદ આવે છે. બધુંય દેખાય પણ ભગવાનના ભક્તના મોઢા કયાંથી દેખાય ! સ્વાભાવિક પ્રકૃતિ થાય તો એનાથી ભગવાન અળગા ન હોય. એના વેણમાં ભગવાનના વેણ હોય, એના નેણમાં નેણ હોય. **"જેમ હીરો હીરા વડે વેધીયો તેમ થયો સહેજે સમાવ"** એમ થઈ જાય. આંયા એકબીજાનો મહિમા કહે ઈ અક્ષરધામ. ને એકબીજાના દોષ કહે ઈ જમપુરી કહેવાય. મનધાર્યુ ન થાય ઈ ભક્તને અક્ષરધામ છે, ને વિમુખને મનધાર્યુ થાય ઈ જ અક્ષરધામ છે. આપણે પરલોકના સબડકા લેવા ને ઓલ્યા આ લોકના સબડકા લ્યે છે.

પછી લક્ષ્મીદાસ ભગત ચોસઠપદી બોલ્યા, તેને સાંભળીને વાત કરી જે, આ ત્યાગીને સારું લાગે પણ રાગીને સારું ન લાગે. સાંભળીએ તો એમ લાગે કે એની ભેળા જ છીએ. ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી એની સભામાં આ વાત હોય, બીજે ન હોય. ન્યાં જ ભગવાન હોય, બીજે ન હોય. યાદ રહે એવી આલોકની વાત સારી લાગે પણ આવી વાત સારી ન લાગે.

પછી તે જ દિવસે સાંજે સભામંડપની ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે, જગતકર્તા ઈશ્વર ભગવાનને ઓળખતા નથી. તેમ અત્યારે જે ધર્મવાળો હોય એને ભગવાન ઓળખતા નથી. પંચવિષયને તજીને વરતે ઈ કલ્યાણદાતા છે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૪૯ ॥**

## ૬૫૦. નિશ્ચય કરવાની રીતનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૮ રવિવાર તા.૩-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળમાં ગુરુકુલમાં સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, " વિશ્વકળાથી મોટયપ સમજો તો સમજી ગણાય. ઐશ્વર્યે કરીને તો ઘૂડ્ય ફાકવા જેવી વાત છે. ઐશ્વર્યે કરીને ભગવાનપણું સમજો તો તમારી સમજણ્યમાં ફાંકા છે. પૈસાના ઢગલામાં બહુ દુઃખ જ છે. એમાં તો સરપ જ થાવું પડે. માટે ભગવાન રોટલા આપી ઘે તો ઘણુંય છે. ભગવાનના ભક્તને લોકાંતર કોઈ રોકી શકે નહી. ભગવાનના ભક્તને ઢેઢ ભંગીયાથી મરાય નહીં. ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહીં. ભગવાનના ભક્ત નારદમુનિનું મોઢું કાળું થઈ ગયુ પણ રાજાને ઠપકો આપ્યો એટલી તો વિશ્વકળા છે. વિમુખ જીવનું કોઈ રીતે કલ્યાણ ન થાય. ભગવાનના ભક્તની તો અવળી ગતિ થાય જ નહીં. હું તો અનાદિ મુક્ત છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત થયો નથી. ઐશ્વર્ય જોવાનો ડોડ મૂકી દેવો ને વિશ્વકળા જોવી. બાલમુકુંદદાસસ્વામી બહુ કળાવાળા હતા."

બપોર પછી કૃપાએ કરીને બચુભાઈને પ્રશ્ન પૂછ્યો જે, અવતારનું લક્ષણ શું છે ? વરતાલનું ૫મું દુઃખે કરીને ન તરાય એવી જે મારી ગુણમયી માયા તે મુને પામે ઈ તરી જાય છે. મારે તો ઈ સમજવું છે કે અવતાર કોને કહેવો ? શ્રીકૃષ્ણ જેવો કોઈ અવતાર નહીં.

રામ જેવો કોઈ ધર્મવાળો નહીં. એટલી વાત કરીને પછી વરતાલનું ૫મુ વચનામૃત વંચાવ્યું. પછી વાત કરી જે દુઃખ એટલે ગમે એટલો ત્યાગ રાખો, વૈરાગ રાખો, આત્મનિષ્ઠા રાખો તોપણ નકામું છે. રજોગુણ, તમોગુણ વરતતા હોય ત્યાં સુધી એની એક સ્થિતિ રહે નહીં. ભગવાનમાં તો ઈ ગુણ

હોય પણ ન સમજતો હોય. રજોગુણના દશ ઈંદ્રિયું, બુદ્ધિ ને પ્રાણ હતા. તમોગુણના પંચભૂત ને માત્રા ઈ ભગવાનમાં હોય તો પણ નથી એમ સમજી જાય તો સમજનારો માયાને ટપી ગયો. ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં માયા છે જ નહીં. નિર્લેપ છે. અસંગી છે. નિર્વિકાર છે. ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ એવું ભગવાનનું સ્વરૂપ છે. એકાંતિકના વચનમાં વિશ્વાસ લાવીને ચરણકમળને ભજે તો ઈ ની ઈ મૂર્તિ સત્ ચિત્ આનંદમય ભાસે. ૫૧માં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, પ્રધાનપુરુષ ઈ બધાયની દૃષ્ટિ છે. એમાં હીરે કરીને હીરો વેધાય. પુરુષોત્તમની દૃષ્ટિથી પુરુષોત્તમ દેખાય. ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં ઉત્પત્તિકાળ, પ્રલયકાળ ને સ્થિતિકાળ ત્રણેયકાળમાં માયા છે જ નહીં. ઉત્પત્તિકાળમાં જનમ્યા એમ ન માને. સ્થિતિકાળમાં મોટા થયા એમ ન માને. પ્રલયકાળમાં મરી ગયા એમ ન માને. તે ઉપર શ્રીકૃષ્ણભગવાન અંતર્ધાન થયા તેની વાત કરી.

ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં માયા છે જ નહીં, ઈ તો લીળા છે, પણ નાશ થઈ ગયા એમ ન કહે, માટે માયા છે જ નહીં. એવું ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે. અવધિબારૂં છે. સત્વગુણનું કાર્ય, રજોગુણનું કાર્ય, તમોગુણનું કાર્ય ભગવાનના સ્વરૂપમાં છે તોપણ નથી એમ માને. એવા ભક્ત બ્રહ્માદિક દેવ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, પરાશર એવા ભક્ત નિર્લેપ થયા નથી. વસિષ્ઠ તે સારામાં સારા પણ લોભી લખ્યા. તે ઉપર વસિષ્ઠની વાત વિસ્તારથી કરી.

**'વસિષ્ઠ તે વેશ્યા સુત થયા રે, નિમિ જનક જીવથી ગયા રે.'**

બેયને સામસામા શાપ થયા.

भूमिरापोडलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

એ જડ પ્રકૃતિ ને એને વિષે વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ છે ઈ બેયના આધારરૂપ પ્રત્યક્ષ ભગવાન છે. ને પોતાના કાર્ય સોતી રહી છે તોપણ એમાં નથી. એમ મનાય તો બંધ બેસે. આમ લોયાના ૭માં વાત છે. દુનિયા આખી સૂર્યને ભગવાન કહે છે. નારાયણ કહે છે પણ કોઈનું કલ્યાણ થાતું નથી. પણ ભગવાન ને સાધુ માણસ જેવા હોય એનાથી જ કલ્યાણ થાય છે. કાંઈક વિશેષ પ્રતાપને ઈચ્છે તો વાંધો આવે છે. વિશેષ ઈચ્છો તો પરચો ઈચ્છયો ગણાય. મનુષ્યપણામાં મનુષ્યનો જ નિશ્ચય હોય. એક ચોવીશ તત્ત્વ ભગવાનમાં છે. એક ચોવીશ તત્ત્વ ભગવાનમાં નથી. તત્ત્વે રહિત સમજે ઈ પણ પાપી છે ને તત્ત્વે સહિત સમજે ઈ પણ પાપી છે. માટે ભગવાન તે ભગવાન. એમાં ભાગ ત્યાગનો માગ જ નથી. દેહ બુદ્ધિ છે ત્યાં સુધી આપણા દેહનો ભાવ એમાં દેખાય. આપણા ગુણનોય ત્યાગ કરવો ને એના ગુણનોય પણ ત્યાગ કરવો, તો ભગવાનપણાનો નિશ્ચય થાય છે. ભગવાનનો પ્રતાપ અલૌકિક છે પણ લૌકિકમાં છે ને લૌકિકમાં ન કહો તો ઐશ્વર્યે કરીને નિશ્ચય છે ઈ જ ખોટો છે. સૂર્યને નારાયણ કહે છે. અગ્નિને નારાયણ કહે છે પણ, ઈ નારાયણથી કોઈનું કલ્યાણ ન થાય. ભગવાન મનુષ્યભાવે છે એમાં દિવ્યભાવ આવે ઈ જ અલૌકિકપણું છે.

ભક્તને કયું અક્ષરધામ છે ? મન ધાર્યું ન થાય તે અક્ષરધામ અને વિમુખને મન ધાર્યુ થાય ઈ જ અક્ષરધામ છે. આપણા તત્ત્વ ખતમ થાય તો ભગવાનના તત્ત્વ અલૌકિક જણાય. ને આપણા તત્ત્વ ખતમ ન થાય ત્યાં સુધી ભગવાનના તત્ત્વ અલૌકિક ન જણાય. સવિકલ્પ નિશ્ચયમાં તત્ત્વનું પ્રતિપાદન છે. ને નિર્વિકલ્પમાં પ્રતિપાદન નથી, અમાયિક છે ને સવિકલ્પમાં માયિક છે. તત્ત્વવાળા ભગવાનને જાણે છે. સાંખ્યશાસ્ત્ર પ્રતિપાદન કરો તો બંધ બેસે. અનુમાને કરીને જ્ઞાન છે. સાક્ષાત્ જ્ઞાનથી ભગવાનપણાનો નિશ્ચય થાય તો બરાબર. ને સાંખ્યથી સમજવામાં પરિછિન્ન દોષ છે. અળગા રહે છે. મનુષ્યભાવે સાક્ષાત્ છે પણ એમાંથી મનુષ્યભાવ મટી જાય તો બંધ

બેસે. ભગવાન સજાતિય છે પણ નિશ્ચય કરનારાને તો મનુષ્યભાવ ઊડી જાવો જોઈ. તો આપણા થાય, પરિછિન્ન થાય ને સાકાર સમજે તો મનુષ્ય જેવા સમજે ને નિરાકાર સમજે તો બીજા માયિક આકાર જેવા સમજે. તેથી કહે છે કે ત્યાં ગુરુનું કામ પડે છે. સ્વરૂપાનંદસ્વામીને પણ એક શબ્દની જરૂર પડી. સ્વામિનારાયણે પણ કેટલા ગુરુ કર્યા ! સૂર્યનારાયણ પાસેથી આશીર્વાદ માગ્યો. પછી શંકર પાસેથી આશીર્વાદ માગ્યો પછી રામાનંદસ્વામી પાસેથી આશીર્વાદ માગ્યો ને પછી તમારા બધાય પાસેથી આશીર્વાદ માગ્યો. બધાય સત્સંગીનું દુઃખ માગી લીધું. ગુરુ પરંપરા જાણવી. આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન એના પરોક્ષરૂપ અને પ્રત્યક્ષરૂપ જાણવા. આદિ આચાર્ય વ્યાસજી તે જેવા નિંબાર્ક ન કહેવાય, વલ્લભાચાર્ય ન કહેવાય, મધ્વાચાર્ય ન કહેવાય. પણ વ્યાસજીને લઈને તેની મોટાઈ છે. તેને બધાને ભગવાન કહ્યા છે. મત્સ્ય, કચ્છ, વરાહ, રામકૃષ્ણ ઈ બધાય પરોક્ષ ને વ્યાસજીથી પ્રત્યક્ષ કહેવાય. ભગવાનના અવતાર થાય ઈ બધાય એનું કુળ કહેવાય. પણ પાણીમાં હોય ત્યાં સુધી જ વહાણ તારે. તેમ ધર્મ પાળીએ ને તમને પળાવીએ તો જ કામનું નહીંતર, બકરીની ડોકે આંચળ જેવું છે. ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થાવો સુધી અટપટી વાત છે. સમજતા ન આવડે તો બહુ દખધોખો થાય. વાત જો હૃદયમાં ઉતરી જાય તો અગોચર છે ઈ ગોચર થઈ જાય. અળગા છે ઈ નજીક થઈ જાય. મરી ગયા પછી કલ્યાણ માન્યું છે એટલું સમજણમાં ફાંકુ છે. મરી ગયા પછી કલ્યાણ થાય એમાં કોણ માને ? સાનમેં શ્યામ બતાવે પણ સાક્ષાત્ ન બતાવે. ભાગવતના દ્વિતિય સ્કંધમાં સાકારબ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે પણ ભક્તિહિન હોય એને નિરાકાર સમજાય. મધ્યના ૧૩માં પણ ભક્તિહિન હોય એને નિરાકાર સમજાય. સાકાર બ્રહ્મના શબ્દ હાથ ન આવે પણ નિરાકાર બ્રહ્મના શબ્દ હાથ આવે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૦ ॥**

## ૬૫૧. દૃષ્ટા - દૃશ્યનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૯ સોમવાર તા.૪-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ગોલોકને મધ્યે અક્ષરધામ તે કઈ રીતે ? શરીરનો ગુણ જુદો છે. શરીરને રાખનારનો ગુણ જુદો કહ્યો. પણ શરીરને રાખનારો શરીરથી નોખો પડી જાય તો સુખ થાય. મુવાળા, દાંત, નખ છે ઈ નોખા પડે એટલે અશુદ્ધ થઈ જાય. વાસના જીવ સાથે જડાઈ ગયેલી છે. ઈ નોખી સમજાતી નથી એટલું જ અજ્ઞાન છે. સૂક્ષ્મ વસ્તુને કાઢવી હોય તો સૂક્ષ્મ થાવું પડે ભગવાનને. સ્થૂળ વસ્તુને કાઢવી હોય તો સ્થૂળ થાવું પડે. અસુરને કાઢવા હોય તો ભગવાનને એ રીતે થાવું પડે. અક્ષરધામ અવાંતર આવી ગયું કે નોખું છે ? મકાનનો કરનારો મોટો છે કે મકાન મોટું છે ? મકાનનો કરનારો મકાનમાં જ બેઠો છે. દેહના ગુણ દેહની માલીપા રહ્યા છે પણ એથી બારા નીકળે તો એની ગંધ મંડે આવવા, એનો અભાવ મંડે આવવા. મુવાળાનું સુખ કેટલું છે ? હાથ ફેરવાય એટલું સુખ છે. આ શરીરની અંદર માલ છે ઈ માથાના મુવાળા જેવો છે પણ બહાર નીકળે તો એની ખબર પડે. માલીપા હોય ત્યાં સુધી ખબર પડતી નથી. એનું કારણ કે શરીરમાં પ્રીતિ છે, હેત છે. દૃશ્ય સામી દૃષ્ટાની-આત્માની નજર છે એટલે દુઃખરૂપ નથી જણાતું પણ એની સામેથી નજર આળસી જાય તો આ સત્સંગ સામી નજર થાય તો કામ થઈ જાય. સુખ દ્યે એવા છે પણ સુખ ભોગવવાની તેવડ જોશે. કોઈ પૈસા દ્યે પણ સાચવવાની તેવડ જોઈ. સારા લુગડા દ્યે પણ ડાઘ ન પડવા દેવો ઈ પોતાની શક્તિ જોઈ. આ દેહ દેનારે દીધું છે પણ એમાં ડાઘ ન લાગવા દેવો ઈ પોતાની શક્તિ જોઈ. પોતાની ખામી કાઢવી જોઈ. દેનારાનો પાડ માનવો જોઈ. દેનારો કોણ છે ઈ સમજવું જોઈ. જેનું કર્યું

થાય ઈ તો કાંઈ જાણતા નથી. વચમાંથી કેટલાક મનસુબા કરે છે. ભગવાન અને સાધુએ આ જોગ આપ્યો. જોગ આપનારની અલૌકિક દૃષ્ટિ નથી સમજતા, એની દૃષ્ટિ ગૌણ કરી નાખી છે. પણ એની દૃષ્ટિ અલૌકિક રાખો તો સમજણ્ય ગણાય. એનો પ્રતાપ જણાવે તો તો એને ભૂત ઠેરાવો. માટે ભગવાન અકળ છે. વિભૂતિ અવતાર છે. ભગવાન અને સાધુ મોટા છે તો પણ વિભૂતિ અવતારને માનવો પડે. સમજણ્યમાં બહુ ફાંકા છે. સમજણ જાણવા મંડે તો ભીંત સોંસરવું સુજવા મંડે. થાંભલા સોંસરવું સુજવા મંડે. આ દેહના ગુણ દેહની અંદર સારા. દેહના સ્વભાવ બહારા નીકળે તો કોઈ ન માને. દેહના સ્વભાવ અને ગુણ ભેળા જ રહ્યા છે. તોપણ ગુણને માને પણ અવગુણને ન માને. દેહમાં જે છે ઈ બધુંય અશુદ્ધ જ છે એમ માનીએ છીએ પણ ગુણ છે ને અવગુણ છે. ભજન થાય છે ઈ ગુણ છે. સાધુના દર્શન થાય છે, મંદિરમાં બેઠા છઈ એવા ગુણ છે નહીંતર મડાને મંદિરમાં કોઈ ન રહેવા દ્યે. કારણ કે માંહીથી હંસલો-શ્વાસ ગયો. માટે દેહનો સ્વભાવ દેહ ભેળો કરી રાખવો. આ સત્સંગ અમૂલ્ય છે, આનંદકારી છે પણ પંડમાં પ્રાણ હોય ત્યાં સુધી જ. પણ પ્રાણ એટલે જીવન ધર્મ છે. ઈ હોય ત્યાં સુધી બીજાને સારા લાગીએ. ધર્મ ન હોય તો સારા ન લાગે. આ જીવને સંકલ્પનો રોગ છે. ભોગવ્યું ઈ સાંભરે ઈ જ દુઃખ છે. પણ ભોગવ્યા પછી ન સાંભરે તો દુઃખ નથી. જડ ચૈતન્યનો વિભાગ પાડવો. સુખ દુઃખને નોખા પાડવા. લાભ ગેરલાભને નોખા પાડવા ઈ મનન કહેવાય. સામાનું દુઃખ આવવા માંડે તો શું કહેવાય ? સામાનું દુઃખ ન આવે તો શું કહેવાય ? જો સામાનું દુઃખ આવે તો પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં અદૃશ્ય થયું કહેવાય. ભગવાન તો સદાય છે ને સાકાર છે ને સાકાર થકા જ જગતના કર્તા છે. પણ નિરાકાર નથી ને જો શાસ્ત્રને ખોટા સમજે તો પોતે સાડા સાત દાણ (વખત) ખોટો છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૧ ॥**

## ૬૫૨. સંકલ્પ બંધ કરવાની કળાનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૧૦ મંગળવાર તા.૫-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી જેઠાબાપાએ પ્રશ્ન પૂછ્યો જે; સંકલ્પ બંધ થતા નથી એનું કારણ શું ? પછી સ્વામીએ વાત કરી જે; અવતારના ભગતને સાંખ્યનું જોર છે એટલે દોષને ખોટા કરી નાખે છે. ને સાંખ્યનું જ્ઞાન નથી તો યોગનું જ્ઞાન છે. ઈ પરિછિન્ન નામનો દોષ છે. જો જોગ થાય તો દોષ ઉત્પન્ન થાય. ગોરધનભાઈ અને પરબતભાઈ આપણી પેઠે જ વરતતા તોય છોકરા થયા. અવતારીના ભગતમાં કળા છે. ઈ કળાથી નિર્દોષ છે. મોટા પાસેથી ઈંદ્રિયું અંતઃકરણને જીતવાની જુક્તિ બતાવે એનાથી નિર્દોષ થાય. અક્ષરનો ભગત છે એને તરતા આવડે. અક્ષર છે ઈ અવતારીનો ભગત છે. પુરુષોત્તમ જેવો જ નિર્લેપ છે. એને પુરુષોત્તમે કળા શીખવી દીધી છે. અવતારીનો ભગત ગુદાથી પાણી પીવે ને ગુદાથી કાઢી નાખે. એક ભાવ સહિત ગ્રહણ કરે છે ને એક અભાવથી ગ્રહણ કરે છે. સાંખ્ય સિદ્ધ કરે પણ ખોટું કરે ને આ સાંખ્ય સિદ્ધ કરે પણ રૂચિ રહિત થઈને સાંખ્ય સિદ્ધ કરે. ઓલ્યો પરિછિન્નપણું જાણે છે. સાંખ્યમાં અનુમાન જ્ઞાન દોષ છે. યોગમાં સાક્ષાત્ જ્ઞાન છે. અભાવથી સાંખ્ય સિદ્ધ કરી છે. સાંખ્ય બે પ્રકારની છે. એક ભોગવે છે ને ખોટું માને છે ને એક મહિમાએ સહિત ગ્રહણ કરે છે એવી જુક્તિ છે. એકને દોષ મેલવાની તાગાત નથી, ઈ અવતારનો ભગત છે. ઓલ્યાને દોષ મેલવાની તાગાત છે. સાંખ્ય ને યોગ બેય સિદ્ધ થઈ ગયા. આ તો દોરડું બાંધી લઈએ એવું સેલું છે. અભાવ સોતું નિર્લેપ છે. નિર્દોષ છે ને ઓલ્યો ભગવાનને પ્રતાપે કરીને નિર્દોષ છે પણ દોષવાળો છે. આતો મોટા પંડિત હોય, યોગેશ્વર હોય તોપણ ન આવડે. ઓલ્યો છોકરું છે ને માબાપ દોષને ગણતા નથી. અવતારીનો ભગત ગણે છે પણ પોતા જેવા થાય તો અક્ષર

જેવો થાય. એકને તરતા આવડે છે. એકને તરતા આવડતું નથી. એક સત્પુરુષના શબ્દ છે ને એક અસત્પુરુષના શબ્દ છે. આ તારી મા, આ તારો બાપ, આ તારી કાકી એમાં મોહ થાતો નથી. શરમ છે, આ લોકની લોકલાજ છે. ને ઓલ્યાને જુક્તિ આવડી છે. તે નિઃસ્પૃહી થઈ ગયો. સત્પુરુષ મળ્યા છે.

**कामादिभिर्विहिना ये सात्वताः क्षीणवासनाः ।**

કામાદિક દોષ થકી રહિત થયો હોય, સાત્ત્વિક સેવ્યા હોય, એની વાસના કુંઠિત થાય. સંત હોય ને સંતને મારગે ચાલે એનો મત્સર ટળે છે. નિર્મત્સરને સંત કહ્યા. ભાગવત સંત કહ્યા છે. સામા નિર્મત્સર હોય ને પોતાને ઈ માર્ગે ચાલવાની શ્રદ્ધા થાય એનો મત્સર ટળી જાય છે. અવતારનો ભગત શ્રદ્ધા વિનાનો છે ને ઓલ્યો શ્રદ્ધાવાળો છે. અભાવ નથી થયો ઈ જુક્તિ નથી આવડી. એક પોતાના પ્રયત્ને આવ્યો ને એક અવતારની ને અવતારીની જુક્તિ આવડી. અવતારની લેનમાં કડીયો હોય ઈ કડીયો કરી દ્યે. પણ જન્મ મરણ તો ઊભું જ છે. જન્મ મરણથી રહિત થાય જો અવતારીનો ભગત થાય તો જ. શ્રી ગુરુચરણરતાનંદસ્વામી જ્યારે ધ્યાન કરતા ત્યારે જે વિષય ઉપર હેત હતું ઈ વિષય જે લોકમાં છે ઈ લોકમાં ઈ ભક્તને મૂકે ને કાળને પણ આજ્ઞા કરી દ્યે કે ઈ ભક્તના ભોગનું ખંડન કરીશ મા. આ લોકમાં એમ જ છે. સાધારણ માણસ આજ્ઞા લોપે તો દંડ થાય ને ઓલ્યો સ્થિતિ થકી પડી જાય, આબરૂહીન થાય. એટલો ફેર છે. ભગવાનની કળા એવી છે કે ઈર્ષ્યાએ રહિત, શ્રદ્ધાએ સહિત ભગવાનનો આશરો કરે તો નિર્દોષ થાય. ફેંસલામાં અવતાર અવતારીના લક્ષણ કહ્યા છે. અવતારનો ભગત ઈર્ષ્યાએ સહિત ને શ્રદ્ધાએ રહિત હોય ને અવતારીનો ભગત ઈર્ષ્યાએ રહિત ને શ્રદ્ધાએ સહિત હોય. યોગવાળાને પરિછિન્નપણે દોષ રહ્યો છે તો ભગવાનને અંતર્યામી નથી સમજતો. સામા ઉભા છે એમ નથી સમજતો. ને અવતારીના ભગતમાં ઈર્ષ્યાએ રહિત ને શ્રદ્ધાએ સહિત

ભગતને જાણ્યો એટલે એને એવો કરી દીધો. કાળ, કર્મ, માયાથી રહિત કરી દીધો ને સ્વતંત્ર કરી દીધો. એવી એની તાગાત છે. ને આ અવતારના ભગતની તાગાત નથી. અવતારીની વાત સમજણ્ય થયા પછીની છે. સાધુનો સમાગમ થયો પછી તરતા આવડવાની જુક્તિ આવડી. ઉપાસનાની વાત તો કયારેક જ નીકળે. ગમે તેવો આંટુકદાર હોય એને પણ વાયુ ફગાવી દ્યે. ગમે તેવો તરીયો હોય એને પણ ભમરી બુડાડી દ્યે. તેમ ગમે તેવો સાંખ્યવાળો ને યોગવાળો હોય એને પણ સ્ત્રીરૂપી ભમરી બુડાડી દ્યે. આમાં ભગવાન પદ પણ ઉડાડી દીધું. ઉપાસનાનું બળ છે પણ અવતારનો ભગત કયો ને અવતારીનો ભગત કયો ઈ વિગત નથી પાડતા. સેવકનું ન્યૂન અધિકપણું અવતાર અને અવતારી જ સમજી શકે. શ્રદ્ધા સહિત ને શ્રદ્ધા રહિત છે. ઈર્ષ્યા રહિત ને ઈર્ષ્યા સહિત છે. ભગવાન એના બરોબરીયા થાય તો અક્ષરરૂપ કરી દ્યે. ધર્મ પાળે તો સુખિયો વરતે. વૈરાગ રાખે તો નિઃસ્પૃહી વરતે પણ સર્વોપરી સમજવું ઈ અળગું રહ્યું. નિઃસ્પૃહી થકો ગ્રહણ કરે ને એક આસક્તિથી ગ્રહણ કરે છે. આસક્તિએ સહિત હોય ને ભક્તિ કરતો હોય તો ઈ કેની ભક્તિ કરે છે ?

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૨ ॥**

## ૬૫૩. મહારાજના અંગનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૧૧ એકાદશી બુધવાર તા.૬-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આ લોકના વેવારમાં પ્રીતિવાળો અધિક છે. ને પરલોકના વેવારમાં અમને અમારી કોરનું ઠીક ભાસે છે. ઉદ્ધવજીને જ્ઞાની કહ્યા છે. માટે અમને અમારી કોરનું ઠીક ભાસે છે. ને પછી ગોપાળાનંદસ્વામી આદિક ભગવાનને વિષે પ્રીતિવાળા ભક્ત સાંભર્યા.

પ્રીતિ છે ઈ ભગવાનને નજીક કરે છે. ઈન્દ્ર જેવો રૂપાળો હોય તો પણ ભગવાનને મૂકીને એને વિષે મોહ ન પામે, એવી પ્રીતિ છે. ભગવાનને કોઈ ઠેકાણે સગુણ કહે છે ને કોઈક ઠેકાણે નિર્ગુણ કહે છે. નિર્ગુણ કહે છે ત્યારે વાસુદેવ નારાયણ, શ્રીકૃષ્ણનારાયણ, નરનારાયણ અને લક્ષ્મીનારાયણને કહે છે. ને સગુણ કરીને કહે છે ત્યારે અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણને કહે છે. ઈ ના ઈ ભગવાન છે પણ બધાય ભગવાનના ભક્તમાં છે. તે શ્રીકૃષ્ણનારાયણ તરીકે છે કે લક્ષ્મીનારાયણ તરીકે છે કે નરનારાયણ તરીકે છે. ને અનિરૂદ્ધ તરીકે છે. સંકર્ષણ તરીકે છે. જેવા ગુણ હોય એના જેવા માનવા પણ તરછોડવા નહીં. શ્રીકૃષ્ણ નારાયણ તરીકે થયા તોય આપણા સારું થયા. લક્ષ્મીનારાયણ તરીકે થયા તોય આપણા સારું થયા.

**भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।**

એ આઠ પ્રકારની જડ પ્રકૃતિ ને એને વિષે વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ ઈ બેયના આધાર પ્રત્યક્ષ ભગવાન છે. મોક્ષની ઈચ્છાવાળાને કાંઈ વાંધો નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૩ ॥**

## ૬૫૪. પાછીવૃત્તિનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૧૨ ગુરુવાર તા.૭-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; પૃથ્વીથી દશગણું જળ છે એટલે કેવી રીતે ? પૃથ્વીનું બિંદુ કરો તો જ બીજા તત્ત્વનું પ્રમાણ થઈ શકે. પૃથ્વી તત્ત્વથી જ અગ્નિ રોકાય છે. જળ તત્ત્વ પિંડીકરણ કરે છે. વાયુ તત્ત્વ સર્વ ઈંદ્રિયુંને પોષણ કરે છે. એની આકૃતિ લીલી છે. અગ્નિની આકૃતિ રક્ત

છે. પૃથ્વીની આકૃતિ માકડી છે. આકાશની આકૃતિ શ્યામવર્ણ છે. અહંકારની આકૃતિ કેવી છે ? ત્રિગુણાત્મક છે. એને વિષે શાંતપણું છે. ઘોરપણું છે. વિમુઢપણું છે. જે ઉત્પતિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા છે, પાંચભૂતનો કર્તા છે. આકૃતિ, શક્તિ, ઠેરાવ, રૂપ, ગુણ, તાગાત બધાયને જુદું જુદું સમજો તો બરાબર કહેવાય. ઉત્પત્તિનું કારણ છે. પૃથ્વી તત્ત્વ હોય તો સ્ટેશન થઈ શકે. અંતઃકરણ ચાર છે પણ એક જ ગણાય. લોમવૃત્તિ હોય તો ચાર થાય ને પાછીવૃત્તિ વાળે તો એક જ થાય. નેત્રે કરીને જોયામાં આવે એવું રૂપ નથી. કાને કરીને સાંભળવામાં આવે એવો શબ્દ નથી. નાસિકાએ કરીને સુંઘવામાં આવે એવો ગંધ નથી. કર્મ ઈંદ્રિયને અને જ્ઞાન ઈંદ્રિયને અન્યોન્ય સંબંધ છે. આ લોકમાં આવીને પરલોક સુધારવો ઈ બહુ જબરી વાત છે હો. ઈ બહુ બુદ્ધિશાળી છે. આ લોકમાંથી જાવું છે, ઈ વાત સાવ સાચી છે. આ લોકમાં આપણું કાંઈ નથી. કોઈ આપણું નથી. કાળના મોઢામાં છે. સર્પના મોઢામાં દેડકો છે. આ લોકના સુખમાં જીવ આધિન થઈ ગયો છે. ભગવાન જેવા ભગવાન મળ્યા છે. કાનથી કથામૃત પીએ તો અમર થઈ જાય. કાળ, કર્મ, માયાનો ત્રાસ મટી જાય. વૈભવ મોહનો ઢગલાને ન બતાવો તો સારૂં કહેવાય. એમાં આપણા જીવને બેહાલ થાવું પડશે. એને અરથે ન કરવાના કામ કરશે. ચૌદ લોકના સુખ કાગવિષ્ટા તુલ્ય જાણવા. પાછી વૃત્તિ વાળવી. ભજન કરી લેવું. અલૌકિક સુખ પ્રાપ્ત થયું છે.

**॥ ઇતિ શ્રી કિરણ ૬૫૪ ॥**

## ૬૫૫. શ્રીજી મહારાજની રુચિનું

સંવત્ ૨૦૩૫ના જેઠ સુદિ-૧૩ શુક્રવાર તા. ૮-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; મહારાજને નબળામાં નબળી ચીજ ગમે છે. કોઈ કામી સ્ત્રી હોય ને કામી પુરુષ હોય એને જોઈને એમ થાય કે

આવું હેત આપણે ભગવાનમાં હોય તો ઠીક. ઋષભદેવજી સૌથી વિશેષ ગમે. મુખમાં પાણો રાખ્યો, દેહ દાવાનળમાં બળી ગયો. એવી રીતે ગુણાતીત સ્થિતિમાં વરત્યા. શંકરાચાર્ય એમ ગમે છે કે; ગણપતિના સ્તોત્ર કર્યા. શિવના સ્તોત્ર કર્યા ને એમ કહ્યું થોડા ચોમાસાવાળાએ ઝાઝા ચોમાસાવાળાને વંદન કરવું. બીજા રામાનુજાચાર્ય ગમે છે. ક્ષર અક્ષરથી પર પુરુષોત્તમ સર્વના કારણ છે. અંતર્યામિ છે. મૂર્તિ અધિક છે કે પુજારી અધિક છે ? દેવનું દૈવત પૂજારીના હાથમાં છે, એવો એનો સિદ્ધાંત છે, માટે એ અમને ગમે છે. સાધુ તીર્થ કરે, દેવ પધરાવે, સાધુ કરે અને શાસ્ત્ર કરે.

વિદ્યાર્થીઓ યોગાસનો કરતા હતા તેને જોઈને વાત કરી જે, આ બધાય પઢવા તૈયાર થઈ ગયા છે. જેવો પઢાવનારો હશે એવા પઢશે અને અક્ષરધામની ઓલીપા વયા જાશે. શીર્ષાસનમાં પહેલો નંબર આવ્યો તેને આશીર્વાદ આપ્યા કે આતો બધાયથી ચડીયાતા થાશે.

મહારાજ કહે છે કે અમને વિવેક બહુ ગમે છે. બાઈ માણસ અમને ન ગમે પણ પોતાનું અંગ ઢાંકીને વરતે તો ગમે. છાતી, નાભિ, સાથળ એને ઢાંકી વરતે તો બહુ ગમે છે. અક્ષરધામનો મુક્ત મોટામાં મોટો છે પણ આંયા હલકામાં હલકો થાય તો અક્ષરધામનો મુક્ત કહેવાય. તે ઉપર આદરેજમાં મુક્તાનંદસ્વામીની પૂજા થઈ તેની વાત કરીને મહારાજે નીચે બેસીને ખયાખત્રીને જવાબ આપ્યા તેની વાત કરી. નિર્માની થયો, નીચો થયો એટલો મોટો. મોટયપ છે ઈ નમવા માટે છે. નમ્યો ઈ ગમ્યો. દુઃખ સહન કર્યું ઈ ગમ્યો. બદરીકાશ્રમના મુક્ત તપ કરે છે, તો ઈ ગમે છે. શ્વેતદ્વિપના મુક્ત નિરન્ન છે તો ગમે છે. વૈકુંઠના મુક્ત ધર્મવાળા છે તો ગમે છે. ગોલોકના મુક્ત કેફે કરીને ગાય છે. દેહભાન ભૂલી જાય છે તો ગમે છે. એથી પણ પૃથ્વી ઉપર મુક્ત છે ઈ વિશેષ ગમે છે. મુક્તાનંદસ્વામીના અને પ્રેમાનંદસ્વામીના કીર્તન ન્યાં ગવાય છે. માટે આંયનું સુખ ન્યાં આવશે પણ ન્યાનું સુખ આંયા નહીં આવે. ગોલોકનું સુખ અતિશય ગમે છે પણ ઈ

કરતાય વિશેષ આ પૃથ્વીને વિષે મુક્તાનંદ અને બ્રહ્માનંદ એના કીર્તન કરેલા છે ઈ ગમે છે. પૃથ્વીના મુક્ત બહુ જબરા છે, સમર્થ છે. બહુ સ્વતંત્ર છે. બીજા તો પરતંત્ર છે.

છેલ્લાનું ૩૧મું. **"હરિ મેરે હાલરકી લકરી પકરી સો પકરી."** આ કીર્તન બહુ સારૂં ગાયું. આવી રીતે પ્રેમ હોય ઈ બહુ ગમે. આ જગતના પદાર્થને વિષે વૈરાગ થાય ને ભગવાનના સ્વરૂપને વિષે અતિશય લુબ્ધ થાય. આ બે ગતિને પામ્યો એને કેવડો કહ્યો ! ધામની મૂર્તિ ને મનુષ્ય મૂર્તિ બેય સરખી છે. અધિક સાદશ્યપણું છે. માટે પૃથ્વીને વિષે રહ્યા ઈ ભલે વિશ્વકળાને પામેલા હોય તોપણ અધિક છે. દિવાને કહ્યું કે, હું જ્યારે વાંકમાં આવું ત્યારે મારો ન્યાય ઢેઢ પાસે કરાવવો. આવો અક્ષરનો મુક્ત હોય, વિશ્વમાં આવી રીતની કળાએ યુક્ત હોય. સ્વામિનારાયણે બીજાને મોટા કર્યા. સાધુને મુક્તાનંદસ્વામીને મોટા કર્યા પણ પોતે મોટા ન થયા. હું કેવળી નથી પણ સાધુ કેવળી છે એમ કહ્યું. શિથિલ કેને કહ્યો ? ઘડીક નીમ રાખે ને ઘડીક મૂકી દ્યે. એવી રીતે જે વરતે ઈ ન ગમે. નીમ રાખ્યું, મરે પણ ન મૂકે ઈ ગમે. આપણા ભેળા રહીને સવાયા દોઢા વરત્યા છે. તો પણ આપણને મોટા કર્યા છે પણ પોતે મોટા ન થાય. પૂજનારાને મોટો કર્યો પણ પોતે મોટા ન થયા. ભૂજમાં અઢાર જણાને કાગળ લખ્યો. તે વાત વિસ્તારથી કરી. આવી અલૌકિક રીતભાત પૃથ્વી ઉપર પ્રવર્તાવી ગયા છે. જગતમાં ક્યાંય હોય કે ન હોય એવી રીત પ્રગટાવી છે. મહાપુરુષદાસ સ્વામી કહેતા કે,

**મુખ રામ પગ ધ્યાન, કોઈ કીસીકા સગા નહીં.**
**દેખ્યા ન હોય તો દેખ લે મેરા ભાઈ. બદરીકાશ્રમકા સીકા**

મહારાજ એટલા બધા વિચક્ષણ બુદ્ધિવાળા હતા કે તમે દંડવત્ કરો તો ઈ મને કરીને આઠગણા દંડવત્ કરી લ્યે.

મધ્યના ૨૧માં ત્રણ પ્રકાર છે. સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત ભગવાનનો આશરો કરવો. સ્વામિનારાયણે એમ ગોત્યું કે જેવા પરોક્ષ છે એવા આ જ

છે. ગુણાતીતાનંદસ્વામીએ એમ લખ્યું કે, સર્વનું કારણ સાધુ સમાગમ જ છે. આ લોકમાં સુખ મનાય તો માયાનું સુખ છે. ને આત્મા મનાય, એથી નોખુ મનાય તો કામ થઈ જાય. સુખ છે ઈ દુઃખ મનાય તો આત્મા થઈ જાય. સત્સંગને બ્રહ્મરૂપ માને તો પણ આત્મનિષ્ઠા છે ઈ મધ્યનું ૫૧મું છે. આ લોક કલેશરૂપ છે. દુઃખરૂપ છે. નાશવંત છે. અસાર છે, એમ મનાય તો આત્મનિષ્ઠા છે. ત્રીસ લક્ષણ શીખવા ઈ પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું ને ત્રીસ લક્ષણવાળા સાધુમાં જોડાઈ જાવું ઈ ફળીયામાં ઘોડો ફેરવવા જેવું છે. માંદા સાધુની સેવા કરવી, આત્મારૂપે વરતવું, વાતુ કરવી ને ધ્યાન કરવું એમાં વાતું કરવી અધિક છે. તે દિવસથી સોપો પડતો જ નથી. વાતુથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. વાતે કરીને દાર દઈએ છીએ. નિશ્ચયરૂપી દારૂ છે ને મહિમારૂપ અગ્નિ મેલીએ છીએ. તે બસે બસે ગાડા પાણા કાઢીએ છીએ. આટલું જ તમારે સમજવાનું છે કે, ભગવાન જ્યાં ફર્યા. જે ચરિત્ર કર્યા. જેનું જમ્યા ઈ બધુંય અલૌકિક છે. એવા જ આ અલૌકિક મનાય જાય તો કામ થઈ જાય. રામાનંદસ્વામીનું અનુમાન જ્ઞાન સાચું છે. સ્વપ્નમાં હોય ઈ સવારે પ્રાપ્ત થાય તો અનુમાન હતું ઈ સાક્ષાત્કાર થઈ ગયું કહેવાય. દોષિત છે પણ મોટા આગળ દબાય છે ઈ વધતો જાય છે. ઈ અક્ષરધામમાં જાવાનો છે. નિર્દોષ છે પણ મોટા આગળ દબાતો નથી ઈ અસુર છે. મોટા કોને કહેવાય ? ભગવાન એમ કહે છે કે, મને ઓળખે ઈ મારાથી મોટો છે. લક્ષ્મીજી છે ઈ ભગવાનની રાણી છે. ઈ શા માટે લાજ કાઢે છે ? કારણ કે ભગવાનથી ભગત મોટો છે એટલે લાજ કાઢવી પડે છે. અંતઃકરણના દોષ વિચારે કરીને ટાળવા. સ્થૂળ દેહના દોષ તપે કરીને, દુઃખ સહન કરવાથી ટાળવા. સ્થૂળદેહમાં ઉન્મત્તતા જણાય તો વિશ પચીસ ગાવની મજલ કરવી. ફાટી દૃષ્ટિએ કરીને ચાલતો હોય પણ માંહી મહાનિષ્કામી હોય ને એક તો નીચી દૃષ્ટિ રાખીને ચાલતો હોય પણ કામી હોય. માટે મોટા કહે એમ કરે ઈ યુક્તિ બતાવી. તો નિર્દોષ થવાય.

ઊર્ધ્વરેતા કેમ કહેવાય ? પ્ર.૭૩મું. બ્રહ્મચારી મહારાજને એમ કહે છે કે શ્રીજી મહારાજને કોઈ પારકું નથી, કોઈ પોતાનું નથી. એમ ભગવાનને આકાશ સરખા નિર્લેપ જાણે છે. તો બ્રહ્મચારીમાં કોઈ પ્રકારનો દોષ નથી. આમાં ઈંદ્રિયું દ્વારે વીર્ય આવે તો ય ઊર્ધ્વરેતા કહેવાય. આ યોગકળાએ કરીને ઊર્ધ્વરેતાપણું છે. એક નીમે કરીને ઊર્ધ્વરેતાપણું છે. એટલે ગૃહસ્થને વિષય કહેવાય જ નહીં, વિશિષ્ટાદ્વૈત મત છે. એમાં મોટો કોણ ને નાનો કોણ છે ? જે વિનય કરે, ભક્તિ કરે, નીચો થાય ઈ મોટો છે. સેવક થયો ઈ મોટો છે. મેળાપ ભક્તથી જ થાય છે. પરબારો મેળાપ થાતો નથી. બ્રહ્મરૂપ થયો એટલે પુરુષોત્તમનો મેળાપ થયો પણ અવતારથી ન થાય. દોષ દેખ્યો એટલે દોષ ટળી ગયો. ઈ અવતારનું લક્ષણ છે. સ્વામિનારાયણીયા છઈ તો પણ રામની ને કૃષ્ણની ઉપાસના થઈ જાય. તો પણ વૈકુંઠમાં ન જાવ. તોપણ ગોલોકમાં ન જાવ. સ્વામિનારાયણને શ્રીકૃષ્ણ જેવા જાણો તો ગોલોકમાં જવાય ને સ્વામિનારાયણને રામ જેવા જાણે તો વૈકુંઠમાં જવાય. રાજી કરવાનું જબરૂં સાધન કયું ? પ્રથમ તો મોટા પાસે નિષ્કપટ ભાવે વરતે ને દોષનો ત્યાગ કરે, સંતનો ગુલામ થઈને રહે, અંતરમાં માન ટળે ભાવે રહે. મોટા પુરુષને અતિશે નિર્દોષ સમજે તો નિર્દોષ થઈ જાય. નિષ્કામી સમજે તો નિષ્કામ થઈ જાય. નિઃસ્વાદી સમજે તો નિઃસ્વાદી થઈ જાય. ને પાકો હરિભગત થાય. ઈ પાકા હરિભક્તનું લક્ષણ શું ? તો સુખદાયી વસ્તુમાં અભાવ વરતે. બીજાને સારામાં રૂચિ થાય ને આને નરસા વિષયમાં રૂચિ થાય.

જાણપણું મોટું છે કે બીજી ઈંદ્રિયું મોટીયું છે ? સ્વામિનારાયણ નામ જેવો બીજો મંત્ર નથી. પણ જાણપણું હોય તો જ નામ લેવાય. ઈ જાણપણું આપનારા એકાંતિક છે. જાણપણું જો સદ્ગુરુએ ન આપ્યું હોય તો નામ ન લેવાય. મોટું હોય ઈ સૂક્ષ્મ હોય, સ્વતંત્ર હોય ઈ પરતંત્ર હોય, સમર્થ હોય ઈ અસમર્થ હોય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૫ ॥**

## ૬૫૬. દોષ ટાળવાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ સુદિ-૨ મંગળવાર તા.૨૬-૬-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં પોતાના ઉતારામાં સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન હતા. પછી કેશવપ્રસાદદાસસ્વામી ૭૪મું કિરણ બોલ્યા.

પછી સ્વામીએ વાત કરી જે; કુરાનમાં લખે છે કે, ગુનેગાર છું એમ કહે એટલે ગુનેગાર નથી. સરકારમાં પણ એવો ઠેરાવ છે કે, ગુનેગાર છું એમ કહે એટલે છોડી મેલે. કુરુક્ષેત્રમાં કૌરવોએ પાંડવોએ યુદ્ધ કર્યું. જીતે તો રાજ મળે ને મરે તો સ્વર્ગ મળે. માટે નૈમિષારણ્ય ક્ષેત્રમાં દોષ દેખાય છે ઈ ટાળવાનો ઉપાય છે. કુરુક્ષેત્રમાં દોષ દેખાય છે. ધર્મયુદ્ધ છે ન્યાં કુરુક્ષેત્ર છે. ન્યાં દોષ દેખાય છે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી સભામંડપમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને પછી સ્વામીએ વાત કરી જે, આ સત્સંગનો મહિમા બહુ છે. ઓ...હો..હો..હો ! આ વાત તો આજ સમજાણી. આ તો ને તમારી બધાયની આગળ વાત કરી ત્યારે આ વાત સમજાણી. દોષ દેખાય છે ઈ સત્સંગમાં જ દેખાય છે પણ બીજે દોષ દેખાતો નથી. બીજે તો દોષને ઢાંકી રાખે છે. દોષ દેખાય ઈ જ દોષને ટાળવાનું મુળીયું છે. શાસ્ત્ર દોષનું ખંડન કરે. દોષ દેખાડે પણ ટાળવાનું ન કહે, પણ દેખાડ્યો એટલે ટળવાનો જ છે. શત્રુ જાણે તો ટળી જાય. મિત્ર જાણ્યો છે એની સાથે છેડાછેડી બાંધી છે. દોષની હારે ભાઈ બંધાઈ કરી છે એટલે દોષ ન ટળે. પણ આ સત્સંગમાં મેદાનમાં મેલી દેવો, એટલે દોષ ટળી જાય. જ્યાં દેખાય ન્યાં જ જપ, તપ, તીર્થ, વ્રત, દાન, પૂજા, ધ્યાન આદિક સુકૃત ન્યાં જ કરવું ને કલ્યાણને પણ ન્યાં જ ઈચ્છવું. ઈ આપણો દોષ જાણે એવા નથી પણ જો જાણી જાય તો આપણે સુખિયા થઈ જાઈ. મને તો આ વાત ગળે ઉતરી ગઈ. મિત્ર સારો કે શત્રુ સારો ? શત્રુ જ દોષ કાઢે છે. મિત્ર દોષ કાઢતો નથી. શત્રુ આપણો

દોષ પ્રકાશ કરે એટલે દોષ ભાગી જાય. તે ઉપર ગોપાળાનંદસ્વામીએ એક જણાનું પાપ લીધું તેની વાત કરી જે, આ સત્સંગ છે ઈ ગુણીયલ છે. એના અવગુણ ન રહે. જો અવગુણ રહે તો ગુણીયલ નથી. સત્સંગમાં દોષ બહુ દેખાય, બહુ ઘાટ થાય પણ દોષ સત્સંગમાં ટળવાનો છે. બીજે ટળવાનું સાધન નથી. જે પોતાનો દોષ જાહેર કરે ઈ જ દોષ વિનાનો છે. ઉપવાસ કરે ઈ નિર્દોષ છે કે નથી કરતો ઈ નિર્દોષ છે ? ઉપવાસ કરે ઈ નિર્દોષ છે પણ ઉપવાસ નથી કરતો ઈ નિર્દોષ નથી. ઈ દોષ ટાળવાનો જબરો ઉપાય છે. દોષ દેખાય છે પણ એની હારે ભાઈબંધાઈ કરી છે. જો મેદાનમાં મેલી દ્યે તો ચોર છે એટલે ભાગી જાશે. પંચવિષય જગત સંબંધી છે પણ મેદાનમાં મેલો દ્યો, ખંડન કરો એટલે ભગવાન સંબંધી પંચવિષય થઈ ગયા. ખંડન કર્યું દેહનું અને સ્વભાવનું એટલે ઈ નિર્દોષ થઈ ગયો. નિષ્પાપ થઈ ગયો. નિર્વિકાર થઈ ગયો. નિર્લેપ થઈ ગયો. દોષથી અળગો થઈ ગયો. આસક્તિ છે એટલે દોષ દેખાતો નથી. બુગદો દેહમાં છે ત્યાં ગંધાતો નથી પણ બહાર કાઢયા પછી ગંધાય છે. એટલી દેહમાં આસક્તિ છે. બીજાનો દોષ કાઢવો કઠણ છે પણ પોતાનો દોષ કાઢવો કઠણ નથી. બીજાનો દોષ કાઢવામાં શાસ્ત્રમાં બાધ આવે છે. વિમુખ છે ઈ પણ એમ સમજે છે કે પારેવાને જાર નાખે તો પુણ્ય થાય. માટે આપણું કલેવર છે ઈ જ ખરાબ છે. દશ્ય એટલે દેહ, એનો ચલાવનારો દૃષ્ટા છે. એના આત્માપણે ભગવાન રહ્યા હોય. સાધુનો સમાગમ કરીએ ત્યારે આપણો દોષ દેખાય. વિમુખ પંચવિષયને ભોગવે તોપણ દોષ દેખતા નથી. એમ સાધુ અલૌકિક છે. સર્વાત્મા અને સર્વે આત્મા, ઈશ્વર અને જીવ. પ્રત્યક્ષ ભગવાન છે ઈ બેયના દૃષ્ટા છે. બેયથી અધિક છે. ઈ બધાય તત્ત્વ એમાં રહ્યા છે. એટલે ઓળખાતા નથી. આ સાધુ એટલે સારા લાગતા નથી. આને બોલતા આવડે છે ને આને નથી આવડતું. આને દોષ છે ને આને નથી, એવા ગોટા વાળે છે. પણ એમાં શું થયું ? ગોટા તો ગલુડીયા પણ વાળે છે. કોઈ નિર્દોષ નથી. નિર્દોષ એક

પરમાત્મા છે. એને દેશકાળ પરાજય ન કરે. બાકી તો ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામીને પણ પરાજય કરે. ભક્ત હોય એને પરાજય થાય પણ ભગવાન હોય ઈ પરાજય ન થાય.

**મન મારૂં મથુરા, ચિત્ત દ્વારીકા,**

**હૈડામાં શાળગ્રામ, ચાલો સખી ગોદાવરી.**

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૬ ॥**

## ૬૫૭. ઉપાસનાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ સુદિ-૬ શનિવાર તા.૩૦-૬-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ પ્રાણાયામ કરીને વાત કરી જે, શ્વાસ લઈને સમાવી દેવો. એક નાસિકાને દબાવીને એક નાસિકાથી શ્વાસ લઈને સમાવી દેવો એનું નામ પ્રાણાયામ કહેવાય. પીંડને અને બ્રહ્માંડને એકતા છે. નાની ઘડીયાળ અને મોટી ઘડીયાળ એમ છે. ઈંદ્રિયું છે ઈ દિશાયું છે. ઈ જીતાય એટલે સામો માણસ શા માટે આવ્યો છે ઈ ખબર પડી જાય. સૂર્ય, ચંદ્ર જેવા આકાશમાં છે એવા જ પીંડમાં છે. સુખ છે ઈ ચંદ્ર છે, દુઃખ છે ઈ સૂર્ય છે. પીંડમાંય રહ્યું છે ને બ્રહ્માંડમાંય રહ્યું છે. સિદ્ધ થયા પછી એને ઉલટ કરવા. બેય જુદા જુદા નળમાં હાલે છે. એને નાભિએ રોકતા આવડે તો ઉલટ થઈ જાય. ત્યાર પછી સૂર્ય ચંદ્ર એની પર દયા કરે. આનંદ ઘન વરસાવે પછી અગમ છે ઈ સુગમ થઈ જાય. સુખ દુઃખ સહન કરવાની શક્તિ આવે. પછી જીવને દેખે પછી એમાં રહ્યા ક્ષેત્રજ્ઞ પરમાત્મા એને પણ દેખે ને પછી કારણ શરીર-વાસનાલીંગ શરીર દેખાય. જેમ મળે તેમ વિશેષ તૃષ્ણા થાય. એવું કારણ શરીર છે. વડકા નાખે છે. હ્દાકાશમાં ફરતું ફરે છે. પછી પ્રગટ

ભગવાનનો જોગ થાય. પ્રગટ સંત મળે, પ્રગટ ભક્ત મળે, પ્રગટ ભક્તિ કરે તો શાંતિ થઈ જાય. થઈ ગયા ઈ પરોક્ષ કહેવાય. એના ચરિત્રો જે ઋષિ થઈ ગયા. રાજાઓ થઈ ગયા એના ચરિત્રો વિચારવા ઈ પરોક્ષ છે ને અત્યારે હાલ છે એના ગુણ વિચારો તો ખબર પડે. ભગવાન બહુ જબરા છે. બહુ સમર્થ છે. પરથી પર અક્ષર એનાથી પણ પર છે. અદ્વૈત અખંડ છે. બધાયની ભેગા છે ને બધાયથી નોખા પણ છે.

જળ પૃથ્વીથી ચોસઠગણું ઊંચુ છે. તેથી અનંતગણું તેજ, વાયુ, આકાશ છે. તેથી પણ પર પરમાત્મા છે. ઈ જ પ્રગટ મળ્યા.

**દિવ્ય અરૂ માનુષ્ય એકરૂપ કરીકે દૃઢ ચિન્હા,**
**અલખ લખ્યા સાક્ષાત્ ભઈ યહ વાત નવીના.**

ન લખાય એવું લખી નાખ્યું, ઈ કેવડી વાત છે ! ન્યાં આપણી બુદ્ધિ મૂકી દેવી જોઈ. એનાથી આપણે નીચા થાઈ તો દુનિયામાં આપણી કિંમત થાય. શ્વાસને સમાવે એટલા ઘાટ સમી જાય. વાસનાલીંગ શરીર ક્યારે ટળે ? આત્મા દેખાય ને એમાં પરમાત્મા દેખાય ને ભક્તનો આત્મા દેખાય તોપણ પ્રત્યક્ષ ભગવાનને અધિક માને તો વાસનાલીંગ દેખે. ગર્ભ સહિત કરે તો કામ થઈ જાય. સ્મૃતિ ન હોય તો ગર્ભ રહિત કહેવાય. જેને રાજી કરવા ઈચ્છું છું, ઈ આ, એમ થાય તો કામ થઈ જાય. લોજમાં છાણ મેળવ્યું. ત્રણ ચાર ગામ ફરીને ભીક્ષા માગે. અડાયા છાણા વીણે. એવી ક્રિયા લોજમાં કરી. બાજરો પલાળી રાખ્યો હોય ને સવારે બધાય સંતોને આપે ને વળી એમ બોલતા જાય કે ભગવાન કેવા દયાળુ છે ! ભગવાનની માયાને કોઈ ન કહી શકે. સંકલ્પ રહિત ભગવાનનું સુખ છે. ઉત્થાને રહિત ભગવાનનું સુખ છે. એને તમે કહી કેમ શકો ! વરસાદથી આખી પૃથ્વી દેખાતી બંધ થઈ જાશે, એટલી વનસ્પતિ થઈ પડશે. એટલી બધી પ્રવૃત્તિ વધી જાય છે. નાભિ ચક્રથી પાન અને અપાન વાયુની ગાંઠ્ય પડે છે. ન્યાંથી શ્વાસ બદલાય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ ચાર ગુણ છે. બે ભ્રમર મધ્યે આજ્ઞાચક્ર છે.

છ ચક્ર કલેવરમાં છે ને સાતમું ચક્ર માથામાં છે. ન્યાં જાવ તો આખા બ્રહ્માંડને તમે દેખી શકો, એવા ગોપાળજોગી હતા. તોપણ પ્રગટ ભગવાન મળ્યા તો જ મોક્ષ થયો. ગિરિ હતી તે વૈકુંઠ સમાન થઈ ગઈ. માટે લાભ બહુ જબરો છે. સુખ બહુ જબરૂં થઈ ગયું છે. એક ઘડી સ્થિરવૃત્તિ થાય તોપણ કોટિ જન્મના પાપ ખલાસ થઈ જાય, એવો અલભ્ય લાભ મળ્યો છે. આત્યંતિક મુક્તિને પામ્યા છીએ. શેરડીના સાંઠાનો વચલો ભાગ છે પણ ઉંઘમાં જાય છે. વિષયમાં આસક્તિ છે ઈ ઉંઘ છે. રાગ છે કે નથી ઈ જાણવું જોઈ. એક શાક ઉપર બીજુ શાક પીરસાય ગયું તો મોટો જંગ જાગ્યો ઈ રાગ કહેવાય. એવો મોહ છે. અંધારૂં છે. આ જીવ એવો છે કે જેનું કર્યું થાય છે એની હારે વેર કરે છે. નાસિકામાં શ્વાસ છે ઈ પાન છે ને આખા શરીરમાં છે ઈ અપાન છે. એની આંટી નાભિચક્રે પડે છે. પાન, અપાન, વ્યાન, ઉદાન, કર્ક, ધનંજય એવા દશ પ્રાણ છે. ધનંજય પ્રાણ છે ઈ કાયામાંથી જીવ નીકળ્યા પછી રહે છે.

**પાપનો મોટલો પ્રાણીયાને સોંપી પછી પોથારે પરબારૂં.**

આપણને મળ્યા છે ઈ મૂકે એવા નથી, એવું એને આવડે છે. આજનું જ્ઞાન સાંભળીને જાય છે એને શ્વેતદ્વિપ ને એની આની કોરના કોઈ પુગતા નથી. આખી પૃથ્વીના માણસ તમને પુગે એમ નથી. જે ઠેકાણે મનનું ધાર્યું ન થાય ઈ ઠેકાણે ભગવાનનું સુખ છે.

જમ્યા પછી લક્ષ્મીદાસ ભગતે કિરણ ૭૧મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, "સાધુ થઈ જાશે પણ સર્વોપરીપણું સમજવું બાકી રહી જાશે. ધર્મ વૈરાગની કેટલીક વાતું કરીને બોલ્યા જે, ધર્મને શું કરવા છે ! માટે સર્વોપરીપણું સમજવું ઈ તો સમાગમથી જ થાય છે. નિર્વાસિનીકપણું થાય તોપણ સર્વોપરીપણું સમજવું બાકી રહી જાય છે. સ્વામિનારાયણીયો થાય પણ અવગુણ ટળે તો સ્વામિનારાયણીયો થાય. સ્વામિનારાયણનો પ્રતાપ છે તે બધાય અલૌકિક જણાય છે. સાધુ થાય પણ ઉપાસનાની લટક આવવી

ઈ કઠણ છે. ઉપાસનાની લટક કેવી છે ? નિર્ભય થઈ જાય. જન્મ, મૃત્યુ ને સાધન કરવાનો ભય મટી જાય. સાધન થાય પણ એનું મુખ્યપણું ન થાય. પણ ઉપાસનાનું મુખ્યપણું રહે છે.'' આજ્ઞામાં સાધન આવી ગયા. ઉપાસનામાં આશરો આવી ગયો. ને ત્રીજું ભગવદીય સાથે સુહૃદયપણું રાખવું. કથા કરે, આખી પૃથ્વીના માણસને ભેગા કરે ને બધાયને જમાડે પણ એક ભગવદીયને જમાડે એની બરોબર ન થાય. એકાંતિકને ઓળખે ત્યારપછી સર્વોપરીપણું સમજવું. પછી એકાંતિકની જ ક્રિયા બ્રહ્મરૂપ થાવા માટે છે. ધામરૂપ પોતાનું સ્વરૂપ, તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ એવું ભગવાનનું સ્વરૂપ છે. ભગવદીય અણોહરો રહે, આધીન રહે. થોડો થોડો થઈને રહે. ઈ ગુણથી એકાંતિક અળગો રહે કારણ કે એને કોઈની બીક નથી. કારણ કે એને કાંઈ જોતુ નથી. ને ભગવદીયને તો મળે તો ગ્રહણ કરે છે. પંક્તિમાં લાડવા ખાય તોય નિર્સ્વાદી છે ને એકાંતિક ખાય છે તો પણ નથી ખાતો ને ભગવદીય નથી ખાતા તોય ખાય છે. નિર્વાસિનીક થયો ઈ એકાંતિક થયો. ''તીરને પણ વાયુ ફગાવી દ્યે. ગમે એવો તરીયો હોય તોપણ ભમરી બુડાડી દ્યે. ગમે એવો સાંખ્યવાળો હોય, યોગવાળો હોય તોપણ દેશકાળાદિક આઠ ભૂંડા થાય તો તેને પણ ઉડાડી દ્યે છે. માટે સાંખ્ય ને યોગ કરતા પણ સર્વોપરીપણું અધિક છે. વ્યાસજીએ ભગવાનનો આશરો કરવો એવું સાર કાઢયું ને સ્વામિનારાયણે એમ કહ્યું જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે એવી પ્રત્યક્ષને વિષે કરવી. ને ગુણાતીતાનંદસ્વામીએ એમ લખ્યું કે સાધુ સમાગમ કરવો. સર્વોપરીપણું સમજવું એની લેન હાથ આવે જ નહીં.'' ભગવાનને વિષે પ્રીતિવાળા ઈ બધાય સાંભરી આવ્યા. ઈન્દ્ર જેવો રૂપાળો હોય તોપણ ડગમગાટ ન થાય. એવી પ્રીતિવાળા ગોપાળાનંદસ્વામી સાંભરી આવ્યા તો પણ અમને અમારી કોરનું ઠીક ભાસે છે. નિર્વિકલ્પપણે એટલે પાછી વૃત્તિ, સત્ત્વગુણ મુખ્ય જોઈ ને પછી નારાયણના ચરણારવિંદમાં નિમગ્ન રહેવો જોઈ તો કામાદિક

પરાભવ ન કરે. તુચ્છ જેવો જીવ હોય તોપણ એનો નાશ ન કરી શકે. નહીંતર ગમે એવો મોટો હોય એને પણ પરાભવ થાય. ગમે તેવો ધીરજવાન હોય તોપણ એની વૃત્તિ રૂપને વિષે તણાયા વિના ન રહે. એવી લાલ બત્તી કરી છે. દશ્ય સામુ દૃષ્ટા જોઈ રહે પછી પ્રકૃતિ પુરુષ થકી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે એને સત્ય માને એને લીલીબત્તી બતાવી છે. એને ચાલવાની રજા આપી છે. કળિયુગનો ધર્મ મેલે તો કામ આવે. સોનું ને સ્ત્રી બંધનકારી છે. માયાથી પર આવ્યો હોય એને બંધન ન થાય. એક વસ્તુના બે ધણી થાય ઈ વસ્તુને ન ઈચ્છે એને માટે લીલી બત્તી કરી છે. જેવું રૂપ બંધનકારી છે એવું સુવર્ણ બંધનકારી છે. માટે જે માયાથી પર આવેલો હોય એને બંધન ન કરે બીજાને તો જરૂર બંધન કરે. આ અવતારનું લક્ષણ કરી દીધું. ભગવાનની વાત છે. અવતારની વાત છે. શુદ્ધ ચૈતન્ય બ્રહ્મને દેખી શકે એટલે એને સત્ય માને. માટે અવતારની વાત છે. ને અવતારીની વાત તો એને પોતાનું સ્વરૂપ માને તો બંધ બેસે. ત્રણ વખત રૂપ કહ્યું ને ત્રણ વખત સુવર્ણ કહ્યું. એમ છ શબ્દ કહ્યા. ઉતરતા ગયા ને પછી ચડતા ગયા. તમે ચડતામાં છો કે ઉતરતામાં છો ? પ્રકૃતિ ને પ્રકૃતિથી ઓરૂં જે શુદ્ધ ચૈતન્ય તેને અસત્ય જાણે, નાશવંત જાણે એને સોનું ને સ્ત્રી બંધન ન કરે બીજાને તો જરૂર બંધન કરે છે. માટે જેવું બંધનકારી સુવર્ણ છે એવું જ બંધનકારી રૂપ છે. કોક દિવસ તો વિચાર કરો. જનકે એમ કહ્યું કે, મિથિલાનગરીમાં મારૂં કાંઈ બળતું નથી. એમ હું પ્રવૃત્તિમાં રહ્યો થકો વિદેહી છું. એવો હોય એને પણ ક્ષોભ થઈ આવે પણ જાજીવાર ટકે નહીં ને ક્ષોભ ન થાય તો રાજમાં ટકે નહીં. બહુ જબરો છે તો અવતારનો ભગત પણ અવતારીનો ભગત નથી. ઉત્પત્તિકાળ અને મોક્ષકાળ, એમાં ઉત્પત્તિકાળમાં આવે તોપણ એને ઉત્પત્તિકાળમાં બંધન ન થાય ને અવતારના કાળમાં આવ્યો ને બંધન છે. ને કદાચ હોય તોપણ અન્વયમાં વ્યતિરેક સ્વરૂપ કહી દીધું. સુખ દુઃખનો ભોક્તા જીવ છે. એનાથી ભગવાન અળગા છે. પદાર્થ ભોગવે છે પણ પદાર્થથી અળગા છે.

પદાર્થમાં હોય ને પદાર્થથી અળગા હોય ઈ સર્વોપરીપણું કહેવાય. નીમથી અળગું રહેવાય, આજ્ઞાથી અળગું રહેવાય ને કોઈક શત્રુ હોય તોપણ અળગું રહેવાય.

પછી સ્વામીએ વાત કરી જે, બધુંય થાય પણ જ્ઞાનસ્વરૂપી વિચાર હોય તો જ ભજન થાય. જ્ઞાનસ્વરૂપી વિચાર આઘો પાછો થયા કરે છે એટલે અખંડ ભજન થાતું નથી. વિચાર સ્થિર નથી થાતો તો પૂર્વસંસ્કારમાં કાંઈક ખામી હશે. નિશ્ચય તો કરીએ ત્યારે બ્રહ્માંડ પર વયા જાઈ ને પછી તો આ લોકની ગોદડીમાં પડી જવાય. આ લોકમાં સહન કરવું પડશે. સહન કર્યા વિના છૂટકો નથી. મનુષ્યદેહ છે ત્યાં સુધી સહન કરવું પડશે. મનુષ્ય દેહ પતી ગયા પછી સુખ સુખના ઢગલા છે. ભગવાનના ભક્ત ભેળો જન્મ ઈ બહુ મોટી પ્રાપ્તિ છે. દૂર દેશમાં જન્મ થયો હોત તો હેરાન થઈ જાત. છગનભાઈ અમેરીકામાં રહીને આપણા થઈ ગયા તો એના આપણા કરતા બલિષ્ટ સંસ્કાર હશે. ગમે એવું પદાર્થ મળે તોપણ સંકલ્પ ન થાય ઈ કેવડી વાત છે ! ને પદાર્થ ન મળે તો દુઃખિયો થાય તો ઈ કેવડું ડીંડવાણું છે. ભણ્યા છઈ તો વિદ્યાને લેખે લગાડવી. આ લોકના સુખમાં વેડફી નાખવી. આ લોકનું સુખ તો ધૂડ્ય ફાકવી ને માંહી કાંટા છે. કુતરાની જેમ લોટ ખાવો ને ભસવું બેય ભેળા નહીં થાય. પણ

**સંસારમાં સરસો રહે ને મન મારે પાસે,**
**સંસાર તેને લોપે નહીં તે જાણ્ય મારો દાસ.**

એમ કરે તો થાય. ત્યજ ધર્મમધર્મંચ ધર્મનો ત્યાગ કર, અધર્મનો ત્યાગ કર ને વિચારે કરીને ધર્મનો અને અધર્મનો ત્યાગ કર્યો, એ વિચારનો પણ ત્યાગ કરી દે. અધર્મનો ધર્મથી ત્યાગ કરી દે. સ્વરૂપમાં રહેવું ત્યારે વિચારનો પણ ત્યાગ કરી દેવો. ભગવાનના સ્વરૂપમાં પ્રેમમગ્ન થઈ જાવું. પ્રેમ છે ઈ જ ભક્તિ છે. ભક્તિ છે ઈ સુખદાયી છે. ભગવાનના સ્વરૂપમાં મહિમા સમજીને હેત કરવું ઈ તો બીજી જ રીતનું છે. પોતાનું કોઈ અપમાન

કરે, માંદો થાય ને સેવા ન થાય તોપણ અવગુણ ન લ્યે. બીજાને વર્તમાનમાં ફેર પડે તો પસ્તાવો થાય ને એને ખોટો ઘાટ થાય તોય પસ્તાવો થાય. આવા સાધુ મળ્યા, આવું મંદિર મળ્યું, આવો સત્સંગ મળ્યો. હવે ખોટા ઘાટ કેમ થાતા હશે ! જન્મ ધરીને આ ભક્ત ભેળા રહીએ. કાંઈ નિમિત્ત કરીને પણ જન્મ લેવો છે. સોનાની લંકા લુંટાતી હોય ને કમભાગીયો સુતો હોય ઈ ખોટ્ય કે'દિ ભાંગશે ? જેને ચટકી લાગે એને વૈરાગ ઉત્પન્ન થાય. તે ઉપર માનભાની વાત કરી. પૂર્વ સંસ્કાર બલિષ્ટ હોય એને લોહી તપે પણ બીજાને ન તપે. સત્શાસ્ત્ર અને સત્પુરુષ એના વચનને સાંભળીને ચટકી લાગે એને વૈરાગ ઉત્પન્ન થાય છે. પણ ભોવાયા જોવે એવા અભાગીયાને વૈરાગ ઉત્પન્ન ન થાય. ભારે કીર્તન આવ્યું.

**ધર્મને લાલે મુને હેતે બોલાવી, ધામ ધામના વાસી પણ સાથે આવ્યા.**

**ગુરુરાજ દિનબંધુ, સબસાર દયાસિંધુ આપ પાપ સબ પીછ હૈ.**

આ સાધુના મહિમાની છે. હવે સ્વામિનારાયણના મહિમાની કરીએ. ઈંદ્રિયજીત.... આવા સહજાનંદ છે. હજાર લાખું બ્રહ્માંડ આખાનો વેવાર કરવો ને ન બંધાય એવા એક સહજાનંદ છે. ઈંદ્રિય જીતેલી છે. ધીરજની સીમા છે. તે ઉપર બ્રહ્માની વાત કરી. **"શૂર સદા ભ્રમ દૂર અંદેસા"**

અંધારાને ઉખેડવા શૂરવીર છે. માયિક પાશ વિનાશ કર્યો છે.

**શુદ્ધ જ્ઞાન પ્રકાશ દિવાકર જેસા, મત્સર માન ગુમાન નહીં**

**નીત દાન અભદપદ દાયક જેસા,**

**ઈષ્ટ સદા બ્રહ્માનંદ કહે સહજાનંદ ઐસા.**

બ્રહ્માનંદસ્વામીને અરધી કલાકમાં જ્ઞાન થઈ ગયું. એટલે કામી ઘોડા ઉપર હાથ મેલ્યો તો ઘોડો નિષ્કામી થઈ ગયો. પછી ભૂમાનંદસ્વામીની વાત કરી. ચટકી લાગે એને વૈરાગ ઉત્પન્ન થાય. ધ્રુવજીને ચટકી લાગી. માટે જેને ચટકી ન લાગે ઈ તો ભોફીંડુ કહેવાય. ઈ તો પડ્યા પડ્યા વળ

ખાતા હોય. આપણા માટે આવું ધન મેલી ગયા છે. આ ધન તો કરોડ્યું રૂપિયા ઘો તોપણ ન મળે. સહજાનંદ કાંઈ આ થાંભલા જેવા ન હોય. સહજાનંદ એટલે સહજાનંદ છે.

નવાગામવાળા પંચાણભાઈને વાત કરી જે, નોકરી કરો પણ ભેળી ભગવાનની નોકરી કરવી. ભગવાન જીવના સંગાથી છે.

**તાજી તીક્ષણ ધાર અડતામાં અળગું કરે,**
**જ્યાં લેશ ન રહે સંસાર, વજ લાગ્યા કોઈ વીરના.**

હથિયાર કેનું કામ કરે ? બ્રહ્મવેત્તાનું હથિયાર કામ કરે. ચારણ ભાટનું હથિયાર કામ ન કરે. ઈ તો મોઢા મોઢ વખાણ કરે. ખૂબ ખંડન કરે એનું હથિયાર કામ કરે. વિષયનું ખંડન કરતા હોય એના શબ્દ લાગે. વિષયમાં બેહાલ વરતતા હોય એમાં શું હોય ! કુતરા કારતક મહિનામાં કામને આધિન થાય છે.

**કારતીક મેં કુત્તા સબે તજત નિંદ અરૂ પ્યાસ**

માણસને બારે માસ કારતક મહિનો છે. ભક્તિ વિનાનો મનુષ્ય છે એને બારે માસ કારતક મહિનો છે. દેશકાળમાં બુદ્ધિ મારી જાય, રક્ષા ભગવાન કરે. પણ દેશકાળ સારા હોય તોપણ બુદ્ધિ મારી જાય એની રક્ષા ભગવાન ન કરે. એને એ જીવનો જ વાંક છે ને ઓલ્યાને મનનો વાંક છે. કોઈ પ્રકારનું વ્યસન ન હોય ઈ તો બહુ જબરો કહેવાય. જેને ભગવાનનું અને સંતનું અખંડ માહાત્મ્ય હોય ઈ કેમ ઓળખાય ? એનો મનનો અભિપ્રાય ને દેહનો આચાર કેવો હોય ? એક ભગવાનને વિષે મોટાઈ હોય, બીજા કોઈનો ભાર ન પડે. ધર્મ, જ્ઞાન, વૈરાગ ને ભક્તિ ઈ દેહનો આચાર છે. એની વાણી સારી લાગે. એનો સ્વભાવ સારો લાગે ને ઓલ્યાને તો બરોબરીયા સારા લાગે, નહીંતર બરોબરીયા તો ગાળ્યે બેસાડે ને ગાળ્યે ઉઠાડે એવા હોય. સંત અસંતને નોખા સમજો એટલે ભગવાનનું પ્રધાનપણું

થઈ ગયું. બધાયને સરખા ન કહે તો ભગવાનનું પ્રધાનપણું છે. પાંચેય આંગળીયું પણ સરખી નથી. બધાય સાધુ સરખા કહે એને વિમખુ જાણવો. મહાપાપણી જે પૂતના તેનું કલ્યાણ માતા જસોદા બરોબર કર્યું ઈ ભગવાનનું પ્રધાનપણું છે. મારકુટ થાતી હોય ઈ કાળનું પ્રધાનપણું છે ને એકાંતિકના કર્મને કાળ નાશ ન કરી શકે. ભગવાનના ભક્ત સારા ભેગા થાય ત્યારે સત્યુગ કહેવાય. આટલા બધા બેઠા છે છતાંય અવાજ કરતા નથી ઈ ભગવાનનું પ્રધાનપણું છે. આપણી સભાને સરકાર પણ ઓળખે છે. આ સભામાં સરકાર છુપી પોલીસ રાખતી નથી. જીવમાં નિશ્ચય હોય તે કેમ જણાય ? ઋષભદેવ ભગવાન ઉત્પન્ન થકા વિચર્યા. મુખમાં પાણો રાખ્યો. એવી ગુણાતીત સ્થિતિ ભગવાનમાં જણાય તો પણ સંશય ન થાય, ઈ જીવમાં નિશ્ચય ગણાય. ભગવાન અને સંત ગમે એટલા માંદા હોય ને દુઃખ થાતું હોય તોપણ ધામમાં જાવાનો સંકલ્પ ન કરવો. ઈ પણ ભગવાનનું પ્રધાનપણું છે.

## સાનમેં શ્યામ બતાવે, દેહ ઈંદ્રિય મન પ્રાણ

એવા સદ્ગુરુ મળ્યા વિના ધામમાં કોણ પુગાડે ? મન નિવૃત્તિ પર થાય તો વાત ખજીને પડે. નહીંતર વાત ખજીને ન પડે. હું જાડી બુદ્ધિનો માણસ હતો પણ તમારા બધાયના દર્શન થયા ન્યાંથી જીણી બુદ્ધિ થઈ ગઈ. ભૂલાય એનું નામ નિર્ગુણ સુખ છે. માયિક સુખ છે ઈ ભૂલાય જાય છે. અનંત કોટિ સૂર્ય ચંદ્ર તે સરખું ભગવાનનું અક્ષરધામ છે. એમાં જાય, આંખ્ય વીંચીને ઉઘાડે એટલીવાર સુખ ભોગવે તોય પણ એમ થાય કે મેં અનંત કોટિ કલ્પ સુધી સુખ ભોગવ્યું છે. આ દેહ જડ છે. દેહ ને જગતના પદાર્થ બેય ભેળા થઈ જાય એટલે માયાનું સુખ છે. ઈ ભૂલાય જાય એવું છે. દાળ ને ચોખા ભેગા થાય એટલે ખીચડી થઈ જાય. બાપડાને સુખ હાથ નથી આવ્યું તે ફાંફા મારે છે. સ્વપ્નમાં સાધુ દેખાય તો અહો થઈ પડે. ને આ પ્રત્યક્ષ દેખાય એમાં અહોપણું થાતું નથી, ઈ કેવડું અજ્ઞાન છે. સ્વપ્નમાં

દેખાણા ઈ સાચા છે, જો આ પ્રત્યક્ષ સાચા થાય તો જ. ચારેય ભૂત પૃથ્વીને આધારે છે. કારણ કે પૃથ્વીનું પ્રમાણ લ્યો તો જ ચારભૂત સાબિત થાય. પીંડીકરણ કરવું ઈ જળનું લક્ષણ. તેજનું લક્ષણ રોકવાપણું છે. વાયુનું લક્ષણ ત્રણ ભૂત ને આકાશ એને પંચવિષય પહોંચાડવાપણું છે. એના ઉપર છે, ન્યાંથી ઉપરનાની સત્તા આવી. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ ઈ ઈશ્વરકોટિના શરીરના તત્ત્વ છે. અહંકારનું લક્ષણ ત્રિગુણાત્મક છે. ભૂત પ્રાણી માત્રની ઉત્પત્તિનું ક્ષેત્ર છે. ચિત્ત પંચભૂતમાં છે. પંચભૂત ચિત્તમાં રહ્યા છે. બેય નોખા કરો તો સમાધિ થાય. ચિત્તને નિરોધે પ્રાણનો નિરોધ થાય. દશ ઈંદ્રિયું અંતઃકરણ એનું પોષણ કરવાપણું મનનું લક્ષણ છે. બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પ્રાણ હાથ ઈ બધાયમાં વ્યાપીને રહી છે ઈ જીવનું જાણપણું બુદ્ધિ વતે છે. પણ જેનો જીવ બળને પામ્યો હોય એને એમ છે.

યોગેશ્વરદાસ સ્વામીના ઓરડામાં કોઈ દિવસ સભા ન આળસતી. એ સોરઠના ભગવાન કહેવાતા. સાધારણ અને એકાંતિકને જુદા ગણે તો એકાંતિકપણું હાથ આવે. સાધારણ સત્સંગમાં માંડ માંડ આવરદા પુરી કરે ને એકાંતિક તો અનંતનું કરે. એકાંતિકમાં કાંઈ અવગુણ ન હોય પણ એમાં જોડાયેલા હોય એનો અવગુણ એકાંતિકમાં દેખાય છે. બ્રહ્મરૂપ થાવું બહુ મોટી વાત છે. બ્રહ્મરૂપ થયો એને પરબ્રહ્મની ભક્તિનો હક્ક થયો.

છેલ્લાનું ર૬મું. ઈંદ્રિયું અંતઃકરણને દાબીને વરતે, ને એનાથી દબાય નહીં. એવા ગુણે જુક્ત સાધુ હોય એની સેવા સાધુએ કરવી. ને એવે ગુણે જુક્ત બાઈ હોય એની સેવા બાયુએ કરવી. ગુણ ઓળખવા બહુ કઠણ છે. ગુણ ઓળખે તો અવગુણ ન આવે પણ ગુણ ન ઓળખે તો અવગુણ આવે. પંચવર્તમાને જુક્ત એવા જે સંત તેને અને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય. એના વચનમાં વિશ્વાસ એનું જ નામ ભક્તિ છે ને એનું જ નામ નિશ્ચય છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૭ ॥**

## ૬૫૮. સગુણ નિર્ગુણપણાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ સુદિ-૭ રવિવાર તા.૧-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આપણો સ્વભાવ ગમે છે એમ ભગવાનના ભક્તનો સ્વભાવ ગમે ઈ સ્વભાવમાં શ્રેષ્ઠ ગણાય. નાડી શોધનની ક્રિયામાં રેચક કરી શકો ઈ શ્રેષ્ઠ ગણાય. જમણી નાસિકાએ પાણી લ્યો તો ગુદાએ નીકળી જાય ને ડાબી નાસિકાએ પાણી પીવો તો પરબારૂં શિશ્નુએ નીકળી જાય. સ્વભાવ જીતવો એમાં મુખ્ય સાધન શું છે ? જેવો આપણો સ્વભાવ ગમે છે, એવો સામાનો સ્વભાવ ગમવો જોઈ. બીજાના દોષ દેખાય છે એમ આપણો દોષ દેખાવો જોઈ. અસંખ્યાત છાંટા પડે ત્યારે રેલો થાય, એવા અસંખ્યાત રેલા થાય તો ખળકો થાય, ને હજારૂં ને લાખો ખળકા થાય તો એક નદી થાય. એવી હજારૂં ને લાખુ નદી સમુદ્રમાં મળે છે. સમુદ્રમાં પુગે એટલે સાવ સ્થિર થઈ જાય. કાંઈપણ સમુદ્રમાં ન જાય. એક રજ હોય તેના કોટાન કોટિ કટકા કરીએ એમાં પણ આકાશ છે. નોખું પડે એટલે આકાશ કહેવાય. ભગવાન કપાય એવા નથી. બળે એવા નથી. સુકાય એવા નથી. સડે એવા નથી. બધાય સુકાય જાય પણ ઈ ન સુકાય. ભગવાન બધાયમાં રહ્યા છે પણ અનુસ્યુત છે. પોતાને સ્વરૂપે રહ્યા છે. વિશ્વરૂપ એક પદાર્થમાં દેખાડ્યું. પોતાના મુખમાં આખું વિશ્વ દેખાડયું. ઈ ની ઈ મૂર્તિ સત્ ચિત્ આનંદમય ભાસે. આપણને મનુષ્ય લાગે છે પણ એમાં ભગવાન આવ્યે છુટકો. ડાકલુ વગાડે એનાથી દેવી આવે છે તો ભગવાન નહીં આવે ? સગુણ નિર્ગુણપણું શું છે ? પદાર્થમાં રહ્યા છે. મોટા થકી મોટું કહેવું ઈ સગુણ છે. પદાર્થમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મની રીતે છે. કારણમાં કારણની રીતે છે. ઈ ના ઈ ભગવાન વિશ્વરૂપ કહેવા હોય પણ ઈ ના ઈ પદાર્થમાં છે

પણ વિશ્વરૂપ કહેવાય. ઈ ની ઈ મૂર્તિ સત્ ચિત્ આનંદમય ભાસે. કારણ ભલેને હોય પણ કાર્ય થઈ જાય. નિર્ગુણમાં છે ઈ સગુણમાં ઘટી જાય. ભગવાનનું જ્ઞાન છે એમાં અક્કલ કામ નથી કરતી. કૃપા તો છે, પણ કૃપા લેવી જોઈને ? હાથ નાના છે એમાં શું લઈ શકે ? દેનારો તો દ્યે એમ છે પણ લેનારો ન હોય તો શું લઈ શકે ? આસનમાં શ્રેષ્ઠ સિદ્ધાસન છે. નાડી શોધનની ક્રિયામાં રેચક શ્રેષ્ઠ છે. મહારાજ બે પ્રકારની બસ્તી શીખ્યા હતા. ગુદાએ પાણી ખેંચવું ને પાછું કાઢવું. શિશ્નુથી પાણી ખેંચવું ને કાઢવું. અલ્પ છે એમાં મોટું દેખાવું ઈ એનું કારણ છે. એનું કર્તા છે. એક પ્રવાહ થાય એટલે તીવ્ર વેગ કહેવાય. ને સમાધિ કહેવાય. વીસ કોસનો પ્રવાહ ભેળો થયો, એને કોઈ રોકી ન શકે. આકાશનું રૂપ કેવું છે ? એક રજ છે એના કોટાન કોટિ કટકા કરીએ તોપણ એમાં આકાશ છે. ઝાડને બાળો, કાપો પણ આકાશ ન કપાય, ન બળે. એમ ભગવાન બધાયમાં રહ્યા છે પણ ઈ ઓછા અધિકા થાય એમ નથી. જે વસ્તુ છે ઈ વસ્તુની રીતે એમાં રહ્યા છે. લાંબા કાષ્ટમાં લાંબો અગ્નિ ને ટુંકામાં ટુંકો અગ્નિ છે. જે વસ્તુ જેવી છે. એમાં એમ રહ્યા ઈ કારણ કહ્યા છે. પદાર્થમાં પદાર્થની રીતે છે. કામીમાં કામીની રીતે છે. લોભીમાં લોભીની રીતે રહ્યા છે. ઈ જ આ જગતનો કર્તા છે. કામી હોય ઈ કામી કરે, ક્રોધી હોય ઈ ક્રોધી કરે. સ્વાદી હોય ઈ સ્વાદી કરે. ભયવાળો હોય ઈ ભયવાળો કરે. આ તો અન્વય વ્યતિરેકની વાત બરાબર સમજો તો ખબર પડે. અન્વય કેમ જાણવા ને વ્યતિરેક કેમ જાણવા ? અક્ષરધામમાં છે ને અરધા આત્મામાં છે એમ નથી. બદ્ધમાં ને મુક્તમાં અન્વય છે છતાં પણ બદ્ધપણું ને મુક્તપણું અડતું નથી. સૂર્ય ચંદ્ર ને દેવતા એનું પ્રેરક છે પણ માયિક પદાર્થનું પ્રેરક નથી. ઈ અસુરનું લક્ષણ લખ્યું છે. અધ્યાત્મ વાત બહુ ગહન છે. કોઈને સમજયામાં આવતી નથી. સત્સંગિજીવનમાં આ વાત ચતુર્વ્યૂહ રૂપે કરી છે. હથિયાર ફરે એવું નિર્ગુણ સગુણપણું ઘટે છે. પડખે અર્જુન હોય તો નરનારાયણ જાણવા. લક્ષ્મીજી

પડખે હોય તો લક્ષ્મીનારાયણ જાણવા. એક વસ્તુને અનંતરૂપે કરી દેવી ઈ બુદ્ધિનો વિકાસ કહેવાય. બુદ્ધિનો સંકોચ હોય ઈ થી જાડી થઈ જાય. આવડતું હોય ઈ ભૂલી જવાય. ઈંદ્રિયુંને ક્રિયાને બ્રહ્માંડ સંગાથે એકતા છે. હાથના અંતને પામે ત્યારે ઈન્દ્રને પામે છે. એમ જે ઈંદ્રિયના અંતને પામે ઈ એના દેવને પામે છે. વિશાલ દૃષ્ટિ થાય. મલકમાં ન મળે એવી ચીજ મગાવીને ખાતો હોય. ભગવાન સ્થૂળમાં સ્થૂળની રીતે રહ્યા હોય ને સૂક્ષ્મમાં સૂક્ષ્મની રીતે રહ્યા હોય. જે પદાર્થ જેવું હોય તેમાં તેવી રીતે રહ્યા હોય. સગુણ નિર્ગુણમાં ગોથા ખાય. અન્વય વ્યતિરેક જુદું ને સગુણ નિર્ગુણ જુદું છે. આ દેહમાં જીવ ભેળો છે કે નોખો છે ? સુખ દુઃખનો ભોક્તા ઈ અન્વય છે. ને રહિત છે ઈ વ્યતિરેક છે. સાકાર નિરાકાર કેમ કહેવાય ? સાકાર થકા ભગવાન જગતના કર્તા છે પણ નિરાકારથી કાંઈ થાતું નથી. પણ સાકાર છે. આપણા જેવા જ છે. ભગવાન સદાય મનુષ્યાકૃતિ જ છે. જેમ બીજા આકારને માયિક જાણે એમ ભગવાનના આકારને પણ માયિક જાણે ઈ નિરાકાર છે. પૃથ્વી પચાસ કરોડ છે એનું માપ કરી દ્યે. જંબુદ્વિપ એક લાખ જોજન છે. એની ફરતો સમુદ્ર એક લાખ જોજન છે. ભગવાન બધાયમાં રહ્યા છે. પણ કોઈનો સ્વભાવ ભગવાનને ન અડે એવા સ્વતંત્ર છે. પરથી પર છે. અગમ છે. અકળ છે. ઈ સુગમ થઈ ગયા. દૃષ્ટિમાં આવી ગયા.

પછી રવિવારની સભામાં સ્વામીએ વાત કરી જે, વચનામૃત છે ઈ જેવું કોઈ શાસ્ત્ર નથી. આની કોર સાંભળીએ ને આની કોર ભૂલી જાય એવી જબરજસ્ત વાત છે. કારિયાણીનું ૧૨મું. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણ દેહ. વૈરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત છે. ઓલ્યા જીવના છે, આ ઈશ્વરના છે. જાગૃત અવસ્થા છે. સ્થૂળદેહ છે. યથાર્થ જ્ઞાન છે. ઈ વાત પાકી ન થાય. ને રજોગુણમાં અયથાર્થ જ્ઞાન છે. એમાં સાંભળે છે ઈ પાકી થઈ જાય છે. સૂક્ષ્મદેહમાં અયથાર્થ જ્ઞાનમાં પાકી થઈ જાય છે. ઈ વાત શું હશે એવું અલૌકિક પ્રશ્ન છે. આસ્તિકભાવ થાવો જોઈ. નાસ્તિકભાવ અળગો થાવો

જોઈ. આપણે કરીએ તો થાય. ભગવાન શું કરે, માયા શું કરે, ઈશ્વર શું કરે, કર્મ શું કરે, એમ માને છે. આસ્તિકભાવ ને વિશ્વાસ સહિત સાંભળે તો વાત રજોગુણમાં પણ પાકી થાય. એવું બીજું કોઈ મોટું સાધન નથી. તમે માળા ફેરવતા હશો, ધ્યાન કરતા હશો ત્યારે તમારૂં મન સ્થિર નથી થાતું એવું વાત સાંભળતા હશો ત્યારે મન સ્થિર થાય છે. માટે આસ્તિક બુદ્ધિ રાખીને ભગવાનને શરણે થાવું ઈ જેવું આ દુનિયામાં બીજું કોઈ સાધન નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૮ ॥**

## ૬૫૯. ઉપદેશનું - જ્ઞાન વિજ્ઞાનનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ સુદિ-૮ મંગળવાર તા.૩-૭-૧૯૭૯ ને દિવસ સ્વામીશ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, આ જગતના જીવ આંધળા છે. એને ભગવાનની શું ખબર પડે ? કઈ રીતે ભગવાનને જોવાય છે ? કઈ રીતે ભગવાનનો સ્પર્શ કરાય છે ? કઈ રીતે ભગવાનનો શબ્દ સંભળાય છે ? ઈ આ લોકના જીવને ખબર નથી. રાજબાઈએ એના પિતાશ્રીને કહ્યું કે આ મૂર્તિ મૂક્યા જેવી નથી. આ સમે જેને સત્સંગમાં જન્મ આવ્યો એના પુન્યનો પાર નથી. બહુ જન્મના પુન્ય હોય ત્યારે આ લાભ મળ્યો છે. સાચા ભાવથી હાથ જોડવા. થાય એટલો વિનય કરવો. થાય એટલી સેવા કરવી. પણ વાણિયાની પેઠે ન કરવું. ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું કે આંખ્ય ઉઘાડે તો આ સાધુ અને આ ભગવાન દેખાય. આંખ્ય વીંચે ત્યાં ઓ ભગવાન અને ઓ સાધુ દેખાય. એમ કરી રાખવું. સાધુના અને હરિભક્તોના કેટલા નામ છે. ઈ બધાય આપણા પાપનો નાશ કરે એવા છે. ગુણાતીતાનંદસ્વામીએ દુઃખને ઠેલી રાખ્યું હતું. ત્યાર પછી બાલમુકુંદદાસસ્વામીએ દુઃખને ઠેલી રાખ્યું હતું ને અત્યારે પણ ભગવાનના ભક્ત ઘણા છે તેણે દુઃખને ઠેલી રાખ્યું છે. તે આપણને સુખિયા રાખે છે. આ લોકના સુખમાં બેહાલ ન

થાવું. ભગવાનના ભક્તના રસ્તે હાલે છે પણ ખપેડી વળગી હોય એનું કરે ત્યાં આવરદા વીતી જાય. જતનબાઈને એક કરોડ વિમાન તેડવા આવ્યા. કાંઈ ન આવડે તો ભગવાનને સંભારવા. ભક્તને સંભારવા, ગામને સંભારવા, એના નામને સંભારવા. આવો અલૌકિક લાભ મળ્યો ને કાગડા ઉડાડે તો શું કરવું ! આ ભગવાન અને આ સાધુ કોટિ કલ્પે મળવા દુર્લભ છે. વિષ્ટાનું નામ લ્યે છે તો આનું નામ લેવામાં શું વાંધો છે ! ઈ વસ્તુનો જ્યાં સુધી અભાવ નથી થયો ત્યાં સુધી કાંઈ નથી. ગાળ્યે બેસાડે ને ગાળ્યે ઉઠાડે તોય એનો અભાવ નથી. આ જીવે એમ માન્યું છે કે સ્ત્રી પાછી નહીં મળે. સૂરજમુખી ફૂલ પાછા ન મળે. નારદજીએ પણ એમ કીધું કે ચંદ્રમાં પણ ડાઘ ને આમાં જરાય ડાઘ નથી. એને માટે થઈને શાપ આપ્યો કે તમને સ્ત્રીનો વિયોગ થાશે.

મનુષ્ય દેહ ધારણ કર્યો તો મનુષ્ય જેવા હોય. આ ભગવાનના ભક્ત મનુષ્ય જ છે. એમાં જો દિવ્યભાવ આવી જાય તો કામ થઈ જાય. છેલ્લો જન્મ થઈ જાય. કરવું કાંઈ ન રહે. ભગવાનના ભક્ત દુઃખ ભોગવીને પણ બીજાનું કલ્યાણ કરી જાય. સંકલ્પ બંધ થઈ જાય, છેલ્લો જન્મ થઈ જાય. પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં કુટેવ મટી જાય એટલે પ્રાકૃત પ્રલય થઈ ગયો. આ દેહનો અંત નિમિત્ત પ્રલય. મનનું ધાર્યુ ન થાય ઈ નિત્ય પ્રલય છે. ઈ બધાયનું જ્ઞાન થયું. ઈ જ્ઞાનપ્રલય છે. ઈ પાછો આંયા ગોથા ખાવા ન આવે. આ તો હેરાનગતિનો પાયો છે. દુઃખ કોઈ'દિ મટે જ નહિ. ભગવાન સાક્ષાત્કાર થઈ ગયા હોય તો જરાય સંભાર્યા જેવા નથી. વગર સંભાર્યા સાંભરશે. એને માટે તપ કરવું પડે એમ નથી.

**સો સો માથા જાતા રે સોંઘા છોગાળા,**
**એક શિરકે વાસ્તે ક્યું ડરત ગમારા.**

એની સભા ગમી જાય તો કામ થઈ જાય. એનો સ્વભાવ ગમી જાય તો કામ થઈ જાય. એની ક્રિયા ગમી જાય તો કામ થઈ જાય.

નિર્ગુણજીવનદાસસ્વામી એક જણની પાસે વાત કરે તોય એમ કરે ને ઝાઝા આગળ વાત કરે તો પણ એમ જ કરે. કરોડ્ય કલ્પે આ વાત હાથ આવી છે. આ લોકમાં ભગવાનના ભક્તને રાજી કરવા મોકલ્યા છે. દેશ પરદેશમાં જાત્રા કરવા કે વિષય ભોગવવા મોકલ્યા નથી. પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો હોય, ભક્તિ કરતો હોય તોપણ પોતાને પરિપૂર્ણ ન માને એના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી. નથી ઈચ્છતો એને ભગવાન બલાત્કારથી બતાવે છે. પ્રકૃતિ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એને સત્ય માને ને એને પોતાનું સ્વરૂપ માને તો એને સોનું અને સ્ત્રી બંધન ન કરે. એકને ભગવાન સામી નજર છે ને એકને વૈરાગ સામી નજર છે. તુચ્છ માનવું ઈ વૈરાગ, અસત્ય માનવું ઈ વૈરાગ. ભગવાન કામ, ક્રોધ, લોભ, સ્વભાવથી અળગા છે. એમાં છે છતાંય બંધાતા નથી. પ્રકૃતિ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ ઈ જ્ઞાન છે. આની કોર જોયું ઈ વૈરાગ છે. જો એમાં ભગવાન દેખાય તો વિજ્ઞાન કહેવાય. દોષ થકી રહિત થઈ જાય. કલેશ છે પણ મને કરીને નોખો પડી જાય છે પછી અળગો થઈ જાય છે. પ્રકૃતિ પુરુષથી ઓરૂં જોયું એમાં અસત્યને બદલે, નાશવંતને બદલે, તુચ્છને બદલે ભગવાનને જોયા હોય તો બરાબર ગણાય. સુખદુઃખમાં લેવાય તો અક્ષરની ઉપાસના થાય ને સુખ દુઃખમાં ન લેવાય તો તો પોતે જ અક્ષરરૂપ થાય તો જ પુરુષોત્તમની ઉપાસના થાય. કુતરૂં પાડોશમાં બહુ જોર કરે. એમ આ લોક માયાનો છે એટલે એમાં માયા બહુ જોર કરે. ભગવાનનું પ્રધાનપણું છે, જો મોટા સાધુ હોય તો જ. મહિમા જીવમાં પેસે તો અહો લાગે. મહિમા ન પેસે ત્યાં સુધી ખટપટવાળું દેખાય. આજ્ઞા પાળે તો સંતનું સ્વરૂપ ગુણીયલ છે ને દેશકાળ અસ્થિર છે એમાં સ્થિર રહે તો ભગવાન કહેવાય. અવતારીના ભગત આ લોકમાં છે તોપણ કજીયો ન થાય ને ઓલ્યા તો એના ધામમાં હોય તોપણ કજીયો થાય. સંશયગ્રંથી ઉડી જાય તો કજીયો ન થાય. સંશય થાય તો એમ કહે કે મોટા થઈને ત્રણ વખત પત્તર પલાળે છે. કૃપા જેના પર

થઈ હોય એને પાછળની ક્રિયા જોવાની ન હોય. અગાઉથી જ જોવાય ગઈ હોય. સ્વામિનારાયણ ભગવાને સૂર્ય પાસેથી કૃપા મેળવી. શંકર પાસે કૃપા મેળવી. રામાનંદસ્વામી પાસે કૃપા મેળવી. પછી તમારી બધાયની પાસે કૃપા મેળવી. કૃપા સાધને કરીને થઈ કે કોઈ બીજાએ કૃપા કરીને રક્ષા થઈ છે. ખબર પણ ન પડે. રક્ષા જાઈ જાય. ઈ કૃપાથી રક્ષા થઈ હોય. સાકારનિષ્ઠાવાળો અવતારીનો ભગત છે. ને બીજા અવતારના ભગત છે. મહિમામાં વિષયનું ખંડન કરવું ઈ બહુ કઠણ છે. ભગવાનની આપણા ઉપર વિશેષ કૃપા હોય તો દોષ આપણને ઠેબું મારે તો સત્સંગની ગરજ રહે ને દીન આધીન રહેવાય.

**જેવા સંત શિરોમણિ, તેવા હરિ સો શિરમોડ,**

**નિષ્કુળાનંદ નિહાળતા ન જડે બેની જોડ.**

સ્વભાવને દેખે એને દિવસ પણ છે ને રાત્રિ પણ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૫૯ ॥**

## ૬૬૦. જાણપણાનું

સંવત્ ૨૦૩૫ના અષાડ સુદિ-૯ બુધવાર તા.૪-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી લક્ષ્મીદાસ ભગતે સાક્ષાત્ સવિતા નું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; મુક્તને પરાભવ થાતો નથી એમ જે માને તેની સમજણયમાં ફાંકા છે. ગોપાળાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી પણ ઉતરતા જેવા રહે કે ન રહે. આ પૃથ્વીમાં દેશકાળની પ્રવૃત્તિના કારણ પુરુષ જ છે. ભગવાનનો અવતાર હોય તો દેશકાળ સારા થાય. પ્રવૃત્તિ ધર્મના આચાર્ય વર્ણાશ્રમ ધર્મનું રક્ષણ કરે છે. ને ભગવાનનો અવતાર છે ઈ એકાંતિક ધર્મનું રક્ષણ કરે છે. ભગવાનના ભક્તનો મહિમા સમજીએ છીએ

પણ એમાં દોષ છે ઈ જાણી રાખવા ને આપણામાં ન આવવા દેવા. જાણપણું છે ઈ પ્રકાશ છે. આપણે કોણ છીએ. આપણાથી આમ થાય નહીં. આપણાથી આમ બોલાય નહીં. આપણાથી આમ ખવાય નહીં. એમ જાણપણું હોવું જોઈ. સ્વતંત્ર થકો પંચવિષયનું ગ્રહણ કરે ઈ જ્ઞાની કહેવાય. પરાધીન થકો પંચવિષયનું ગ્રહણ કરે ઈ અજ્ઞાની કહેવાય. જ્ઞાનીને થાળ ધર્યો ઈ નિર્ગુણ કહેવાય. અજ્ઞાનીને થાળ ધરો તો સગુણ કહેવાય.

પછી તે જ દિવસે સાંજે શયન ટાણે પીપલાણાવાળા વિદ્યાર્થી પુરુષોત્તમભાઈને કૃપા કરીને પ્રશ્ન પૂછ્યો જે; સ્વરૂપનિષ્ઠા એટલે શું ? માબાપનો જેવો નિશ્ચય છે એમ સ્વામિનારાયણ છે ઈ જ આપણો બાપ છે. બીજો કોઈ બાપ નથી. વિષય પરાભવ પમાડે તો પણ અક્ષર માનવું. બ્રાહ્મણને ઘરે જન્મ, માટે બ્રાહ્મણ. એમ વિશ્વાસથી નક્કી થઈ ગયું. જેમ વિશ્વાસથી માબાપ નક્કી થઈ ગયા છે એમ વિશ્વાસથી હોય તો બંધ બેસે. ભગવાન મળ્યા માટે અક્ષર આપણે છીએ. ટીકર રહેતા હોય એને ટીકરનું પાદર સારું લાગે. સ્વામિનારાયણ ભગવાન છે ઈ ખબર નોતી પણ એના ભક્તે કીધું એટલે માની લેવું. વર્ણ અને આશ્રમનું માન લઈને ફરે છે, એનામાં સાધુપણું આવતું નથી. એવો સાધુ હું છું કે મારે વર્ણનું ને આશ્રમનું લેશમાત્ર માન નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૦ ॥**

## ૬૬૧. ઉપદેશનું

સંવત્ ૨૦૩૫ના અષાડ સુદિ-૧૦ ગુરુવાર તા.૫-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; જેવું પિંડમાં એવું હોય બ્રહ્માંડમાં. આ લોકમાં જે બળિયો હોય ઈ કામ કરી જાશે. ભગવાન ન ભૂલે ઈ બળિયો. ભગવાનને સંભારવા ઈ આપણા સુખને અરથે છે. આપણા આનંદને અરથે

છે. આ લોકમાં ભાગવાની બારી છે. સુખનું ઠેકાણું છે. નિર્દોષ કરતા દોષ હોય ને વધતો જાય ઈ સારો છે. કામક્રોધાદિક દોષ તો ખીલ ને ધાધર જેવા છે. ભગવાન મળ્યા ને સંત મળ્યા ન્યાંથી સમાપ્તિ થઈ ગઈ.

**વ્રત ટેક જો ટાળશો તો ભોગવશો સૌ સૌતણું,**
**તમને જે મળ્યા છે ઈ પાર્ય છે અક્ષરથી.**

ગમે એટલું તપ કરે, વ્રત કરે, દાન કરે, પુન્ય કરે તોપણ છેડો ન દેખાય એટલું જ અજ્ઞાન છે. દિવસે ભૂલો પડ્યો ઈ તો રાતમાં ભૂલો પડવાનો જ છે. ગેરલાભમાં લાભ મનાય ગયો. દુઃખમાં સુખ મનાય ગયું. સુખમાં દુઃખ મનાય તો જ્ઞાની. દુઃખમાં સુખ મનાય તો વૈરાગવાળો દુઃખિયો જ હોય. ગમે એટલો વૈરાગ હોય, ગમે એમ હોય પણ રાજીપો ન મેળવે. મનને ધાર્યુ ગમે એટલું કરો તોપણ ઓછું છે. ને બીજાની આજ્ઞાથી થોડું કરવું તોપણ ઝાઝું છે. બીજાની આજ્ઞાથી કરીએ તો ચિંતા એની માથે છે. કરોડ્યું જન્મ થયા ધાર્યું કર્યું છે. તો આ જન્મમાં ધાર્યું ન થાય તો ભક્તને અક્ષરધામ છે ને વિમુખને ધાર્યુ થાય ઈ અક્ષરધામ છે. રઘુનાથદાસે ધાર્યુ કરવા સારું થઈને મોઢા આગળ વિઘ્ન કર્યું. પછી સત્સંગથી વિમુખ થયો. સમાજથી નોખો પડ્યો. આજ્ઞામાં જુક્તિ કરે ઈ મધ્યમ ભક્ત કહેવાય. મધ્યા ગોપી કહેવાય. પ્રૌઢા ગોપી સરસ કહેવાય. ને ત્રીજી મુગ્ધા ગોપી કહેવાય. હેત આવે ત્યારે વાતને વિચારવી ન પડે. હેત ન આવે ત્યારે વાત વિચારે તો મન આવે. જેને પરિપક્વ નિશ્ચય હોય તે એમ જાણે કે જે દિવસથી મને ભગવાન મળ્યા છે તે દિવસથી મારું કલ્યાણ થઈ રહ્યું છે. મારૂં વચન માને તેનું પણ કલ્યાણ થઈ ગયું છે. તે જ્યારે બોલે ત્યારે એમ જ બોલે.

પછી સાંજે સ્વામીએ વાત કરી જે; જેને ધાર્યું ન થાય ઈ ભક્ત. એને ઈ અક્ષરધામ ને વિમુખ જીવને ધાર્યું થાય ઈ અક્ષરધામ છે. સામા બેઠા છો, સેવક થઈને બેઠા છો. અમે સેવક થાઈ તો મોક્ષ થઈ જાય પણ સેવક ન થાઈ

તો મોક્ષ ન થાય. પણ કર્યું હોય એનું ફળ મળે છે. તમે કરેલું નથી એને અમે કરેલું સમજીએ છીએ, ને અમે કરેલું છે એને અમે કર્યા વિનાનું સમજીએ છીએ. તો ભગવાનની વાત થાય નહીંતર તો જગતની વાત થાય. વખાણ કરો ઈ જગતની વાત છે. બાપ મોટો કે દીકરો મોટો ? નાનો થાતા આવડ્યું ઈ અક્ષરધામમાં ગયો. મોટો થયો ઈ આ લોકમાં રહી ગયો. જો નાના થાવ તો અક્ષરધામમાં પુગી જાવ. ભલે પાટ ઉપર બેસાડ્યા પણ નાના થાય તો અક્ષરધામમાં જવાય.

**જ્યારે પોતામાં ગુણ ગણ્યો કહે હું પણ કાંઈક કામનો રે**
**ત્યારે મળ્યો માયાને લાગ ખરો કરવા ખુવારને રે.**

સ્વામીએ ગુરુ ચેલાની વાત કરી. બાપ દીકરો, સાસુ વહુ, ગુરુ ચેલો એમ લખ્યું છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૧ ॥**

## ૬૬૨. પૃથ્વીના મુકતને ઓળખવાનું

સંવત ૨૦૩૫ના અષાડ સુદિ - ૧૧ને શુક્રવારે તા. ૬-૭-૧૯૭૯ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપના ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભકતોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, નિશ્ચયવાળાની મોટ્યપ આવી છે. ઈ ભકત ભગવાનને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં ન સંભારે તો પણ સાંભરે છે. આ સત્સંગમાં કોઈનો સ્વભાવ ટકે એમ નથી. પાણાવાળી ભોં ને પગે છાણ વળગ્યું ઈ રેવાનું નથી. પૃથ્વીના મુકતને ઓળખે એની લેન શું છે ? જેની પાસે બેસીએ ને પોતાનો દોષ દેખાય ઈ પૃથ્વીનો મુકત છે. આપણી વૃત્તિ પાછી વળે ત્યારે દોષ દેખાય. પ્રથમનુ ૧૮મું. ચાર વેદ, પુરાણ, ઈતિહાસ તેને ભણવે કરીને કે એના અર્થને જાણવે કરીને મુકત ન થાય.

મુક્ત તો અમે કહીએ તેમ કરે તો જ થાય. ભ્રષ્ટ જીવને સુપાત્ર જીવ, કુપાત્ર જીવના હાથનું અન્ન, જળ, પુષ્પ ગ્રહણ કરો તો બુદ્ધિ મલિન થાય ને સુપાત્રના હાથનું ગ્રહણ કરો તો બુદ્ધિ પવિત્ર થઈ જાય. આતો વિશ્વકળાની વાત કરી.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૨ ॥**

## ૬૬૩. સંબંધવાળા ધર્મનું અને ઉપાસનાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ સુદિ-૧૨ શનિવાર તા.૭-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, નિર્વાસનીક એકાંતિક ધર્મ છે. ભગવાનના સંબંધવાળો ધર્મ નોખો પાડ્યો. ધર્મ પાળે છે. વનમાં રહે છે. ટાઢ, તડકો, ભૂખ, તરસ, વરસાદ સહન કરે છે. એને જોઈને ભગવાનના ભક્ત રાજી થાય છે. ઈ સંબંધવાળો ધર્મ છે. એને અરથે ભગવાન અવતારનું ધારણ કરે છે, સબંધવાળા ધર્મનું સ્થાપન કરે છે. સંબંધવાળાને દુ:ખ આવે તો ભગવાન સહન કરી શકે. ગજને પાણીમાંથી ઉગાર્યો. ભગવાન યાદ કર્યા ને અર્ધું નામ ઉચ્ચાર્યુ તોપણ ભગવાન વૈકુંઠમાંથી પગપાળા આવ્યા. ભગવાનને સંભારતા હોય ભગવાનના ભક્ત, ઈ સંબંધવાળો ધર્મ છે. એને અર્થે તપ, વ્રત, દાન, યજ્ઞ કરવું ઈ એકાંતિક ધર્મ બરાબર થઈ જાય. એના જેટલી તાગાત છે. વનમાં રહે છે એમ શહેરમાં રહે છે. તોપણ એવો છે. ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન નથી કરતા તોપણ સહન કરે છે એના જેવા છે. જેવી એકાંતિક ધર્મમાં તાગાત છે એવી સંબંધવાળા ધર્મમાં તાગાત છે. જેમ ઓલ્યો કર્તા થકા અકર્તા છે. તેમ આ પણ કર્તા થકા અકર્તા છે. જેમ ઓલ્યો નિર્દોષ છે. તેમ આ ધર્મ પણ નિર્લેપ છે. ભગવાને અર્જુન પાસે ધર્મનો ત્યાગ કરાવ્યો પણ બીજા કોઈ પાસે ત્યાગ કરાવ્યો નથી. વિશ્વાસુ છે ઈ એકાંતિક ધર્મની બરોબર છે. રામચંદ્રજી ભગવાને કહ્યું કે; જેમ માતા

બાળકની રક્ષા કરે તેમ મારે દૃઢ વિશ્વાસે રહે તેની હું રક્ષા કરૂં છું. સાધારણ ધર્મ તો સમય પ્રમાણે રાખે ને એકાંતિક ધર્મ તો નિર્વાસિનીક છે, કાંઈ ન જોઈ. એને દેહે કરીને મરવું ઈ મરણ નથી. એને ધર્મમાંથી પડી જવાય ઈ મરણ છે. એનો સ્વભાવ ગમે, એની ક્રિયા ગમે, એને આધિન થઈ જવાય. ઈ સંબંધવાળો ધર્મ છે. કાંઈ ન જોઈ, ભગવાન જ જોઈ ઈ એકાંતિક ધર્મ છે. બધુંય જોઈ પણ આની ક્રિયા ગમે તો એની બરોબર છે. એની બેઠક ગમે, જાવું આવવું ગમે, સ્વભાવ ગમે, ક્રિયા ગમે એવો સંબંધવાળો ધર્મ છે. એકાંતિક ધર્મ નાશ થાતો નથી. ઈ અનાદિ છે. પણ સંબંધવાળાને દુઃખ આવે, એની રક્ષા કરવા માટે ભગવાન અવતાર ધારણ કરે છે. સત્ત્વગુણ હૃદયમાં વરતતો હોય. આ બધાય સત્ત્વગુણમય દેખાય ને રજોગુણ હોય ત્યારે આ બધાયને રજોગુણમય દેખો ને આત્મારૂપ થાવ તો ભક્ત દેખો ને બ્રહ્મરૂપ થાવ તો પરબ્રહ્મ દેખાય.

સાક્ષાત્ સવિતામાં કળિયુગનો ધર્મ કરી દીધો. સૂક્ષ્મદેહમાં માન્યતામાં વિશેષ ધર્મ કહ્યો છે. દોષે જુક્ત હોય ઈ મોટાથી દબાય, પણ નિર્દોષ હોય ને મોટાથી ન દબાય તો ઈ અસુરની પંક્તિમાં છે. ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું કે અમે કહીએ તો જ મહારાજ તેડવા આવે. જ્યાં દબાવું ઘટે ન્યાં દબાણો, જ્યાં માન મેલવું ઘટે ન્યાં માન મેલ્યું. ન્યાયાધીશનો દશ આના હક્ક છે, ગુનેગારને છોડી મૂકવામાં, પુરાવાનો છ આના હક્ક છે. હું ગુનેગાર છું એમ કહે તો છોડી મેલે. આવો સમય આ પૃથ્વી ઉપર ક્યારેય નથી આવ્યો. કારણ કે નિર્ભય થકા વાત થાય છે. નહિતર નિર્ભય થઈને વાત ન થાય. વચનમાં વિશ્વાસ આવી જાય ને વરતવાની હિમત આવે તો સ્વભાવ મેલાય જાય. શ્રદ્ધા થઈ એટલે સ્વભાવ ગયો.

બપોર પછી સ્વામીએ વાત કરી જે, આનંદ છે એટલું જ ભગવાનનું સુખ છે. ભગવાને બહુ મોટી મહેરબાની કરી છે. પોતાની ક્રિયામાં સુખ મેલી દીધું. પોતાના ઉપયોગમાં આવેલ પદાર્થ માત્ર એમાં સુખ મેલી દીધું.

જેને અતિશય અવિવેક હોય એને ભગવાનમાં પ્રીતિ ન થાય. પણ વિવેક હોય એને ભગવાનમાં પ્રીતિ કેમ થાતી નથી ? કારણ કે તાણી તાણીને વિષય ભોગવ્યા છે. તેથી તાણી તાણીને કથા-વારતા કરે, તાણી તાણીને ભજન કરે તો અવિવેક ટળી જાય ને ભગવાનમાં પ્રીતિ થાય. વિષયમાં આસક્તિ છે ઈ જ સુષુપ્તિ છે. ભલે જાગતો હોય, ભલે લાખ માણસમાં બેઠો હોય પણ વિષયમાં આસક્તિ છે ઈ જ સુષુપ્તિ અવસ્થા છે. પ્રતિલોમવૃત્તિ બહુ જબરી છે. (લોયાનું ૧૩) ગમે એવો હોય એને પણ પરાજય થાય. નારાયણના ચરણારવિંદમાં નિમગ્ન રહે તેને પરાજય ન થાય. તુચ્છ જેવો હોય, અલ્પ હોય, અકિંચન હોય, એને પણ પરાજય ન થાય ને બ્રહ્મા જેવો સમર્થ હોય એને પણ ન થાય. નહીંતર મોટાને પણ પરાજય થાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ ઈ ઈશ્વરની વૃત્તિ છે. એનું બંધન થાતું નથી છતાંય એને એનું માન છે. ઈ બંધન છે. પણ એનો બાપ સમર્થ છે. તે એને જાળવે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ ઈ એના પરમાત્મા છે. ધર્મ છે ઈ ધર્મ કહેવાય ને ધર્મ પાળતો હોય તેને વિષે પ્રીતિ ઈ એટલા પુરતી સ્વરૂપનિષ્ઠા કહેવાય. આનંદ છે ઈ પરલોક છે. સુખ ઈ આલોક છે. ઓલ્યા લોકમાં અનેક પ્રકાર છે. દેવ-દૈત્ય, ધર્મ-અધર્મ, જ્ઞાન-અજ્ઞાન આત્મનિષ્ઠા ઈ બધુંય પરલોકમાં છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એના સ્વામી વૈરાટ, એનું ધામ અક્ષર. જે થકી મોટું તે સૂક્ષ્મ હોય, કારણ હોય ને એને વિષે રહ્યું હોય. એકબીજામાં પરોવાયેલા છે. એક વસ્તુમાં બીજી વસ્તુ સામી જાય છે કે નથી સામતી ? જીવમાં ભગવાન રહ્યા હોય એટલે મોટા છે. પ્રધાન ને પુરુષ એના સ્વામી પુરુષોત્તમ ભગવાન જેના એક એક રોમમાં અનંત બ્રહ્માંડ અણુંની પેઠે રહ્યા છે. વૈરાટની મૂર્તિ અતિશય મોટી છે. માટે નજરમાં આવતી નથી. જે પદાર્થ છે એમાં મોટું પદાર્થ હોય ઈ એમાં રહ્યું હોય, કારણ હોય, કર્તા હોય ને પછી સ્થૂળમાં લાવ્યા. જેમ જીણા મચ્છર હોય તે મધ્યે કીડી, મધ્યે સાપ, મધ્યે પાડો, મધ્યે હાથી, મધ્યે ગીરનાર, મધ્યે લોકાલોક તેમ ગોલોક મધ્યે

અક્ષરધામ છે. આ સ્થૂળભાવે કીધું ને ઓલ્યું સૂક્ષ્મ ભાવે કીધું. અક્ષરધામ અત્યંત મોટું છે. જેની સંકોચ વિકાસ અવસ્થા થાતી નથી. સદાય એકરૂપે છે. હવે મુક્તની રીત કહે છે. ભગવાનના ભક્ત અત્યંત મોટા છે. જેના એક એક રોમમાં સૂર્યનો પ્રકાશ છે. અનુક્રમે કરીને રહ્યા છે કે કેમ રહ્યા છે? અનુક્રમનો કોઈ મેળ નથી. હું તમારામાં જોડાવ તો હું તમારામાં પ્રવેશ કરી ગયો. પણ ભગવાનને એમ નથી. એકરૂપ થકા અનંતરૂપ છે પણ અંતર્યામીપણે વ્યાપક નથી. એમાં તો માયિક પદાર્થનો સંબંધ છે.

પુરુષોત્તમનો નિશ્ચય પુરુષોત્તમ વતે જ થાય. ઈ ભગવાનના અનન્ય ભક્ત હોય ઈ જ એને વળગાડી શકે. ઈ ભગવાનનું સ્વરૂપ કહેવાય. ભગવાન વિના બીજા વતે નિશ્ચય કહી દ્યો તો બાધ આવે છે. પ્રકૃતિ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એને સત્ય માને ત્યારે ભક્ત થયો. ત્યારે એને સોનું ને સ્ત્રી બંધન ન કરે. નહીંતર તો માયા બહુ ખરાબ છે. એની સામું જુવો ત્યાં જ તમે ચોંટી જાવ. એવી તમારામાં શક્તિ છે. પણ એકાંતિક થકી જ્ઞાન લ્યો તો ભગવાન વિના બીજામાં ન ચોંટવા દ્યે. એના વતે જ્ઞાન, એના વતે જોવું, એના વતે સાંભળવું. કામક્રોધાદિકને નિર્દય થકા દંડ દ્યો તો ભાગી જાય. એને વિષે દોષાધ્યાન થાય તો ઈ વિચારથી દોષમાત્ર ટળી જાય. સ્ત્રી સ્વપ્નમાં આવે તોય વીર્યપાત થઈ જાય એટલે ગુણાધ્યાન છે એટલે દોષ લાગ્યો. પણ સ્વપ્નમાં સર્પ આવે ને કરડે તો ઝેર ચડતું નથી. એ દોષાધ્યાન છે. એમાં દુઃખ જ છે. ઈ વૈરાગ્યનું રૂપ છે. જે પદાર્થ જેવું છે એવું જાણી લીધું તો ઈ પદાર્થ બંધન ન કરે. ઈ વસ્તુની કિંમત થઈ ગઈ. ઈ જ્ઞાનનું સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપી વિચાર છે. ને કિંમત થઈ ગઈ છે. એવા જે ભગવાન તે કૃપા કરીને જીવના કલ્યાણને અરથે મનુષ્યાકારે થાય છે. અનુક્રમનો કાંઈ મેળ નથી. તળાવમાં ડુબકી મારે ઈ સ્વતંત્ર છે. ભગવાનને અનુક્રમનો મેળ છે. મુક્તમાં જ પહેલા આવે છે ને આંયા પછી આવે એવો મેળ નથી. કુવાસના છે ઈ પ્રકૃતિ છે. આના વિના મારે હાલે જ નહીં ઈ પ્રકૃતિ છે. મારે જોયા

વિના હાલે નહીં, સાંભળ્યા વિના હાલે નહીં. કર્મ પરિપક્વ અવસ્થાને પામીને જીવ સાથે મળીને રહ્યા ત્યારે એને પ્રકૃતિ કહેવાય. ઈંદ્રિયુંમાં ને અંતઃકરણમાં પણ આવી જાય તો પ્રકૃતિ કહેવાય. ઈંદ્રિયુંમાં મંદવેગ છે. અંતઃકરણમાં મધ્યમ વેગ છે. જીવમાં તીવ્ર વેગ છે. જીવમાં ભગવાન ગરી ગયા કે જીવ ભગવાનમાં ગરી ગયો ? ભગવાન મોટા છે, કારણ છે પણ સાક્ષાત્ નથી. સાક્ષાત્ તો મૂર્તિમાન થકા વ્યાપક છે.

(લોયાનું ૧૫) હું તમારી સમીપે જ રહ્યો છું. માનસી પૂજાનો વેપાર અમે કરતા નથી. એમ ગોપીયુંએ કહ્યું છે. એકબીજામાં એકબીજા આવે તો અનુસ્યુત આવે. જ્યાં ભગવાન કહ્યા હશે ત્યાં એકરૂપ થકા અનંતરૂપે છે. યોગકળાએ કરીને વ્યાપક છે. ભગવાનને અન્વય વ્યતિરેક કેમ જાણવા ? જીવ સુખ દુઃખ ભેળો ભળેલો હોય તો અન્વય હોય ને સુખદુઃખ થકી ન્યારો હોય તો વ્યતિરેક કહેવાય. ઈ અધ્યાત્મ, અધિભૂત, અધિદેવ ઈ ત્રણના આધાર ઈશ્વર છે. એના દેહ, ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ છે. આ એનું સ્વરૂપ છે. એના શરીર છે એટલે લોમપણે રહેતો હોય માયા એને બાધ ન કરે. ધર્મ પાળે થડકો ન લાગે. પાછી વૃત્તિ હોય ને નારાયણના ચરણારવિંદમાં નિમગ્ન હો તો બાધ ન કરે. વૈરાગ, આત્મનિષ્ઠા ને માહાત્મ્યે સહિત ભક્તિ ઈ ત્રણ ચરણારવિંદ છે. જ્ઞાન તો બહુ જીણી દૃષ્ટિથી ગ્રહણ થાય છે. કૃપાથી દેશકાળ ન લાગે. નહીંતર સમજણ્ય હોય તોપણ દેશકાળ લાગે. હોંશ વળતી નથી. ધરવ થાતો નથી. હવે તો સાધુ સત્સંગીને મારી પાસે રાખીને વાતુ જ કરવી છે. એમ કહીને બોલ્યા જે, **ચેતનવાળા ચેતજો કહત હું હાથ બજાઈ.** મૃત્યુનો ભય બાદ કરતા અમે બતાવી શકશું. બીજા નહીં બતાવી શકે. મૃત્યુ થકી રહિત થયો હોય ઈ જ મૃત્યુનો ભય અળસાવી શકે. નિશ્ચયવાળાનું થોડાકમાં લક્ષણ કહ્યું છે. દિવસ અને રાત્રી ભેળા કરી દીધા ને કથા-વાર્તા ભેળા કરી દીધા. સ્વભાવ છે એનાથી કથાવારતા ન થાય. છતાંય કથાવારતા કરે છે તો સ્વભાવ નથી. એવો ભક્ત છે એનો મહિમા

સ્વામિનારાયણે કહ્યો છે. જેની જે પ્રકૃતિ હોય તેના ઉપર અમે વારંવાર કઠણ વચનના ડંખ માર્યા હોય ઈ ભક્ત જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિમાં ન સંભારીએ તો પણ સાંભરે છે. ઉત્તમ નિશ્ચયવાળો, મધ્યમ નિશ્ચયવાળો ને આને કનિષ્ઠ નિશ્ચયવાળો છે. કથા વારતા ન થઈ શકે, ન માનો તો કાંઈ નહીં છતાંય કહી દઉં. આપણે દોષવાળા હોઈ તો નિર્દોષ પાસે ન બેસી શકાય. છતાંય બેસી શકે. એનો મહિમા કહી દીધો. નિશ્ચયની આવી તાગાત છે. આપણો બાપ સમર્થ છે, તે આપણને જાળવશે પણ જો ઉપાસનાની લેન ચોખ્ખી સમજાશે તો જ. ઈશ્વરને ગુણીયલ લખ્યા છે. ઈશ્વરને ગુણનું અભિમાન છે. ઈ સુષુપ્તિ છે. આપણો નિશ્ચય કોઈક કરે તો ભલે પણ આપણને એનો નિશ્ચય ન થઈ જાવો જોઈ.

માંદાની સેવા કરવી, આત્મારૂપે વરતવું, ધ્યાન કરવું ને વાતો કરવી. ઈ ચારમાં વાતુ કરવી ઈ જ અધિક છે. તે દિવસથી વાતુ કરવા મંડી છે. જેથી બ્રહ્મરૂપ થઈ જાય છે. શબ્દ ભેદી માયાને ભેદી શકે પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ, આત્મનિષ્ઠા માયાને ન ભેદી શકે. એમાં પણ ભગવાન પુરુષોત્તમનો શબ્દ છે ઈ શબ્દ જુદો છે. તપ કરે, દાન કરે, યજ્ઞ કરે, બધુંય કરે પણ સર્વોપરી ન સમજે. દેહ છે ઈ દુઃખરૂપ છે ને બીજાનું દેહ સુખરૂપ છે. એમાં અનેક પ્રકાર છે. પરલોકમાં અનેક વસ્તુ છે. સુખ છે ઈ પરલોક છે. સુખ વિષયનુંય હોય, વૈરાગનુંય હોય, આત્મનિષ્ઠાનુંય હોય એમાં સર્વોપરિપણું શું આવ્યું ! એમાં ગુણ હોય એટલા લઈ લેવા. મંદિરમાં મોટેરા ચાર પાંચ હોય એમાં કોઈને રજ હોય, કોઈને તમ હોય, એમાં મોક્ષભાગી હોય એને મળવું તો સુખિયા થઈ જવાય. આ દેહ દુઃખરૂપ છે. અવિવેક છે. પણ વિવેક છે તો સુખરૂપ છે. ઈ પરલોક છે. એમ સર્વોપરિપણું હાથ આવે તો બંધ બેસે. સામાનું શરીર પરલોક છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ લ્યો તો. અજ્ઞાની પણ પારેવાને જાર નાખે છે. ગાયને ખડ નાખે છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૩ ॥**

## ૬૬૪. ઉપદેશનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ સુદિ-૧૫ પુનમ સોમવાર તા.૯-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ભગવાનનું જ્ઞાન થાવું કાંઈ સહેલી વાત નથી. ભગવાનના સ્વરૂપનો લેશમાત્ર હોય તો મોટા ભય થકી રક્ષા કરે છે. સ્વરૂપનિષ્ઠા થઈ હોય ઈ બીજા અનેકને સાચવી લ્યે છે. સાકારપણાની નિષ્ઠા થઈ એને દૂરપણું ન રહે. ભગવાન અળગા ન રહે. અક્ષરધામ પાસે આવી જાય. મે વરસવાનો થાય એટલે ડુંગરો ઢુંકડો આવી જાય તો વરસાદ થાય. સ્થાનભ્રષ્ટ થાય ઈ ભાન ભૂલી જાય. ને સાકારનિષ્ઠાવાળો સ્થાનભ્રષ્ટ થાય તો ભાન ન ભૂલી જાય. ઋષભદેવ ભગવાને મુખમાં પાણો રાખ્યો. ખાવાની આસક્તિ બતાવી. ઈ જાણપણું ન ગયું. આપણને આ સત્સંગ મળ્યો છે એમ મનાઈ ગયું છે. અળસાવું ન જોઈ. અકળ છે, અદ્‌ભૂત છે. ગમે એમ કરે પણ મોક્ષ કર્યે છૂટકો કરે એવી એનામાં કળા છે.

**નરતન ધરી જાકું નહીં સંત અસંત પીછાણ, એનું નહીં કોટિ જન્મે કલ્યાણ.**

આપણા સ્વભાવ મેલાવે ઈ કલ્યાણ છે. આપણા સ્વભાવની પાછળ પડ્યા છે. નરસાને શા માટે રાખવો ! ભગવાનને નથી ગમતો, એકાંતિક સાધુને નથી ગમતો ઈ શા માટે રાખવો ? ઈ તો આપણને કુવામાં નાખશે. પુરુષ માત્ર જે કાંઈ સારા લુગડા પેરે ઈ બાયુને દેખાડે ન્યાંથી પાછો વળે ઈ કલ્યાણ કહેવાય.

બાવાએ કહ્યું કે સ્વામિનારાયણ તમે બહું ભુંડું કર્યું. બાયુભાયુની સભા નોખી કરી છે ઈ ભુંડું કર્યું. મહારાજ કહે હું અક્ષરધામમાંથી આવ્યો છું. તે સુગાળવો છું. સ્વામિનારાયણ સંપ્રદાયમાં કહેવું સાંભળવું આળસી

ગયું છે. ન્યાં તમે આંધળી ભેંસની પેઠે વળગ્યા છો. ન્યાં તમારૂં કલ્યાણ કઈ રીતે થાશે ! પોતાનું નથી કરતો ઈ બીજાનું શું કરશે ? અમે અમારી લેનમાં નથી રહેતા તો અમારા સાધુ શું લેનમાં રહેશે ! માટે **અર્થ સાધયામિ કે દેહ પાતયામિ** આટલી વાત સાંભળી તે યાદ રાખજો તો કામ આવશે. અમારો તો સ્વભાવ છે તે કહીએ છીએ.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૪ ॥**

## ૬૬૫. કામ નાશ કરવાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ વદિ-૧ મંગળવાર તા.૧૦-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, વેદાંતિ ભગવાનને જીવ, ઈશ્વરરૂપે કહે છે. ને આપણે કઈ રીતે કહીએ છીએ ? કામ છે ઈ સ્થૂળ દેહમાં છે. તે સાત ધાતુ માંહિલો છે. ને જો ધાતુ માંહિલો હોય તો સાત ધાતુ ભેળો નાશ થઈ જાવો જોઈ. માટે વીર્ય છે ઈ સૂક્ષ્મ દેહમાં રહ્યું છે પણ સ્થુળમાં નથી. માટે સમજી વિચારીને સ્વભાવનો નાશ કરો તો થાય. પણ મુર્ખાઈથી સમજ્યા વિના નાશ ન થાય. સ્થૂળ દેહમાં કામનો સંકલ્પ આવે ત્યારે શિશ્નુ ઈંદ્રિયમાં પવન ભરાય એને હઠાવવો કેમ ? જાણપણાથી હઠી જાય. અંજવાળુ પ્રકાશ છે. એમાં બહુ મોટી તાકાત છે. એને પૂર્વ સંસ્કાર કહે છે. ઈ જાણપણું છે. સૂક્ષ્મ દેહ ભેળું રહ્યું છે ને વીર્ય પણ સૂક્ષ્મદેહ ભેળું છે ને કારણદેહ પણ સૂક્ષ્મમાં છે. જાણપણું છે ઈ કોણે તમને આપ્યું છે ? એને સંસ્કાર કહે છે. ઈ સંસ્કાર આવે ત્યારે કામનો નાશ થઈ જાય. પૂર્વ સંસ્કાર બલિષ્ટ છે. એનો એક વિચાર થાય તો કામનો નાશ થઈ જાય. ઈ કરતા પરમાત્મા બહુ જબરા છે. ન્યાં યોગશાસ્ત્ર બતાવે છે. માણસ દેખાય ઈ પૂર્વ સંસ્કાર કરતા બલિષ્ટ છે. પૂર્વ સંસ્કાર બલિષ્ટ થાય ને પાછું વરતનમાં મેલે તો ને મેદાનમાં

મેલે તો કામનો નાશ થાય. માટે વીર્ય છે ઈ આકાશમાં છે. સૂક્ષ્મમાં છે. તો કામનો નાશ થાય. માટે વીર્ય શિશ્નુ દ્વારે ન આવે ઈ ઊર્ધ્વરેતા ગણાય. ને બીજી રીતે તો બ્રહ્મચારી મહારાજને નિર્લેપ જાણે છે તો બ્રહ્મચારી આકાશ સરખા નિર્લેપ છે. ને એમાં કોઈ વાતની ખોટય નથી. ઓલ્યું ભયથી, જાણપણાથી ગયું ને આ તો બીજાને નિર્દોષ સમજવાથી યોગશાસ્ત્રને મતે ભગવાન કહ્યા એનાથી રાજા સુધી પુગ્યા. આકાશ અક્ષરને ઠેકાણે છે. શબ્દને ઠેકાણે ભગવાન છે. પક્ષીને ઠેકાણે મહાવિષ્ણુને કહ્યા ને વિજળીને ઠેકાણે મુક્ત છે. ભગવાન શબ્દને ઠેકાણે છે. શબ્દ મૂર્તિમાન થઈ જાય તો કામ થઈ જાય. શબ્દ સ્થૂળ હોય તો જ પકડાય. કયા શબ્દથી કામ પાછો હઠે છે ને કયા શબ્દથી અંધારૂ સાબિત થઈ જાય છે ? પાજીપલાનો શબ્દ આવે એટલે ધોળે દિવસે અંધારૂં થઈ જાય. કોઈ પ્રકારનું ભાન ન હોય. મોહ છે ઈ અંધારૂં છે. ઈ વિચાર છે ઈ પણ અંધારૂં છે. બ્રહ્માંડનું કારખાનું ને પીંડનું કારખાનું બેય એક જ છે. એમાં ભગવાન અને મોટા સાધુ ઓળખી જાય કે આ મુક્ત છે ને આ આ લોકનો છે. ઈંદ્રિયમાં હવા ભરાય ત્યારે રૂંવાડે રૂંવાડે હવા ભરાય. આકૃતિ ફરી જાય. કાન, નાક, જીભ એમાં પણ ફેરફાર થઈ જાય. પણ તે સમે વિચાર આવીને ઉભો રહે તો સત્પુરુષનો આપેલો છે ઈ યાદ આવી જાય તો કામ પાછો હઠી જાય. તે સિવાય તો ઓગણપચાસ વાયુની આગળ આંકડાના તુરની જેમ ઉડી જાય. પણ સત્પુરુષનો આપેલો વિચાર છે ઈ ટકે છે. માટે સૂક્ષ્મદેહની વાત જાણવી કઠણ છે. સ્થૂળદેહની વાત તો બધાય જાણે છે, દેખે છે. ઈ બીજો નથી. એમ ભગવાન કહે છે. આકાશમાં ગાજવીજ થાય છે. ગાજવીજ છે ઈ ભગવાન છે. પોલકાર છે ઈ અક્ષર રહ્યા છે. ને સ્થૂળમાં જાણપણું છે ઈ અક્ષરધામનો દરવાજો છે. એનાથી અક્ષરધામમાં જવાય પણ તે સિવાય અક્ષરધામમાં ન જવાય. જાણપણા વિના મોહરૂપ ગપટ અંધારૂ એને ઓળંગો એટલે ઓલ્યા શબ્દ છે ઈ ભગવાન છે. આકાશ અનેક પ્રકારે થાય તો શબ્દ પણ અનેક પ્રકારે થાય. વીજળીને

ઠેકાણે મુક્ત છે. પક્ષીને ઠેકાણે વિષ્ણુ છે. ઈશ્વર છે ઈ સ્વભાવને મેલીને કાંઈ કરતા નથી. જીવ સાથે મળીને એકરસ થાય ઈ સ્વભાવ છે. વાસના છે. પ્રકૃતિ છે. લાકડું છે ઈ સૂક્ષ્મ છે ને એનું બીજ છે ઈ કારણ શરીર છે. એમ સ્વભાવ છે ઈ કારણ શરીર છે. વાસરૂપે બેસી ગયો છે. ભમરો થાય તો નોખું પાડતા આવડે. એમ ભગવાન રૂપ અનેક પ્રકાર છે. એમાં ભગવાનને ગોતી લેવા જોઈ. યોગશાસ્ત્રવાળાએ ભગવાન કહ્યા. એમાં માણસને દેખો તોય કામ નાશ થઈ જાય. એવડી લાજ છે. અનેક પ્રકારના આકાશ છે. એમાં પુરુષોત્તમ અનેક પ્રકારે થાય છે. બહુ લાભ થઈ ગયો છે. તમારાથી આંખનું મટકુ ભરાય એટલીવાર ભગવાન છેટા નથી ને છેટા મનાય છે એટલું અજ્ઞાન છે. એક વિચાર કરો એટલામાં જ સ્વભાવનો નાશ થઈ જાય. ભગવાનના સ્વરૂપની સામે વૃત્તિ કરવી ઈ જ્ઞાનયજ્ઞ છે. પુરુષોત્તમનો સંકલ્પ થાય ને તમે વીજળીને ઠેકાણે હો તો સ્વભાવ લય થઈ જાય. આ વાત તમારા ધાર્યા વિચાર્યાથી બહાર છે. એટલે લાખવારે પણ ન સમજાય. ધર્મ પાળે, પુન્ય કરે એથી સ્વર્ગની પ્રાપ્તિ થાય. રજોગુણથી મનુષ્યલોકની પ્રાપ્તિ થાય. સ્વર્ગમાં ગયા એને ભગવાનનું સામિપ્ય થયું કે રજોગુણવાળાને ભગવાનનું સામિપ્યપણું થયું ? રજોગુણમાં દેશકાળાદિક આઠ છે. એટલે એમાં સત્પુરુષનો જોગ થઈ જાય તો કામ થઈ જાય. ને પૂર્વ સંસ્કાર બલિષ્ટ કરી દ્યે. જે પદાર્થ જેવું છે એવું જાણે, જુવે તોય ન બંધાય. સ્થૂળ દેહથી કામ બાળવો હોય તો સૂક્ષ્મમાં જેવા આ સાધુ અહો લાગે છે એમ સ્થૂળમાં પણ આ સાધુ અહો લાગે તો કામ બળી જાય. કામ વ્યાપે ત્યારે પશુ જેવો થઈ જાય. કોઈ પ્રકારનું ભાન ન રહે. જ્ઞાની હોય, આત્મનિષ્ઠાવાળો પણ કામીનો તો કોઈ કાળે વિશ્વાસ જ નથી. એનું ગમતું મેલાવીને અમારા ગમતામાં વરતાવીએ ઈ ભક્ત જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં ન સંભારીએ તો પણ સાંભરે છે. ને એનો જ વિશ્વાસ છે. ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માની ઈ ચારની સાથે અમારે બને નહીં. ને કામીનો તો કોઈકાળે વિશ્વાસ જ નથી.

ભગવાનના ભક્તનો મહિમા જાણીએ તો એની આગળ માન ન રહે. ભગવાનના ભક્ત ભેળું મરવું છે. બીજે કયાંય મરવું નથી.

**II ઈતિ શ્રી કિરણ ૬૬૫ II**

## ૬૬૬. નિશ્ચયથી કામ ટાળવાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ વદિ-૨ બુધવાર તા.૧૧-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, માણસને જ્યારે કામ વ્યાપે ત્યારે આકૃતિ બદલાય જાય છે. પછી સત્પુરુષનો આપેલો વિચાર છે એને વિચારે ત્યારે કામ ક્ષીણ થઈ જાય. સત્પુરુષનો આપેલો વિચાર છે. એનાથી પણ યોગશાસ્ત્રમાં કહેલા ભગવાન બળવાન છે. સાંખ્ય સિદ્ધ થયા પછી યોગનો ઉપદેશ ગ્રહણ કરવો. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ, આત્મનિષ્ઠા હોય ને વળી પાછી ઉપાસના હોય તો ગર્ભ સહિત કહેવાય, સ્મૃતિએ સહિત આસન કરે તો. ને સ્મૃતિ વિના આસન કરે તો ગર્ભ રહિત કહેવાય. પણ એનો સ્વભાવ ગમે, એની ક્રિયા ગમે, એનો ઠેરાવ ગમે, એનું હાલવું ચાલવું ગમે. એમ ભગવાનના ભક્તનું ગમે તો કામ આવે. ભગવાનના ભક્તને વિષે આટલો ભાવ થાય, એની પ્રવૃત્તિ ગમે. ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિ કરે છે એટલે નિવૃત્તિ માર્ગવાળો છે. એને ભગવાનના સંબંધવાળો ધર્મ કહેવાય. સાધનથી પાછો વળે પણ ઉપાસનાથી તો અક્ષરધામમાં પુગી જાય. આપણો વાસ અક્ષરધામમાં છે કે પૃથ્વી ઉપર છે ? પૃથ્વી સિદ્ધાંત છે. પૃથ્વી મધ્યબિંદુ લ્યો તોજ કામ આવે. પરિચર્યાના કરનારા સેવક, જગ્યા, વસ્ત્ર, અલંકાર નિર્ગુણ છે. એમાં પરિચર્યાના કરનારા સેવક છે ઈ જુદી વાત છે. એક નિર્ગુણથી નિર્ગુણ થવાય છે ને એક નિર્ગુણથી સંસ્કાર થાય છે. આ વાત તો અગમ છે. ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થાય એને અમે તદાત્મકપણું કહીએ છીએ. લીંબડો એકવાર જાણ્યો પછી કામાદિક વ્યાપે તોપણ લીંબડો

આળસી જાવો ન જોઈ. દોષ છે ને નિશ્ચય છે પણ સંસ્કાર થાય એટલો નિશ્ચય છે. તીર્થ કરે તો સંસ્કાર થાય પણ પરિચર્યાના કરનારનો નિશ્ચય થયો ને નિર્ગુણ થયો તો એનાથી બીજો નિર્ગુણ થાય છે. જેમ ભગવાનને દોષ નડતા નથી એમ એને પણ દોષ ન નડે. ઈ નિર્ગુણ થકી નિર્ગુણ થયો. ને ઓલ્યો નિર્ગુણ થાય પણ ઈંદ્રિયુંનો નિરોધ ન થાય ને ઓલ્યાને ઈંદ્રિયુનો નિરોધ નથી તો પણ નિરોધ થઈ ગયો કહેવાય. નિર્વિકલ્પ સમાધિવાળા બે પ્રકારના છે. પ્રવૃત્તિમાર્ગવાળા જનક, સપ્તર્ષિ ને નિવૃત્તિમાર્ગવાળા નારદ, સનકાદિક, જડભરત પણ ભગવાનના સ્વરૂપને આધારે નિર્ગુણ કહેવાય. નિવૃત્તિવાળા અનેકને નિર્ગુણ કરી શકે. પણ પ્રવૃત્તિવાળા નિર્ગુણ ન કરી શકે. રાજાનો કુંવર ગમે એમ ફરતો ફરે પણ રાજનો ધણી છે. એમ ગૃહસ્થનું કલ્યાણ છે. અક્ષરધામના વાસી તમે થાવાના છો. અક્ષરનું સુખ તમારૂં છે, નિર્વિકલ્પપણે નિશ્ચય કર્યો હોય તો જ. આ સાધુ છે નિવૃત્તિવાળા, પણ પ્રવૃત્તિ કરે છે તો આની સાથે ઈ આવી ન શકે.

વરતાલનું ૧૭મું વચનામૃત. ચૈતન્ય હોય ને પાછો સામો ચૈતન્ય મળે તો નિર્ગુણ થઈ જાય. ઈંદ્રિયું થકી વિષયની ઉત્પત્તિ છે. મન જીત્યું તેણે આખું જગત જીત્યું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ ઈ જેજે વિષયમાં ચોટે ન્યાંથી ઈંદ્રિયું પાછા હઠે. અંતઃકરણ જો ઉદાસ થઈ જાય તો જ ઈંદ્રિયું પાછા હઠે. ભગવાનના સ્વરૂપને વિષે ઈ સ્થિતિ થાય ઈ નિર્વિકલ્પ કહેવાય. ને ભગવાનના સ્વરૂપને વિષે સ્થિતિ ન થાય ઈ સવિકલ્પ કહેવાય. પછી લક્ષ્મીદાસ ભગતને વાત કરી જે જેની પાસે આપણો દોષ દેખાણો, એમાં સંશય ન થાય એટલે સંશયગ્રંથી નાશ થઈ ગઈ.

જમ્યા પછી સ્વામીએ વાત કરી જે, વાસના રહિત હોય એને એકાંતિક કહેવાય. વાસના ભલે હોય પણ ભગવાનમાં પ્રીતિ હોય તો ધન્ય છે. સમુદ્ર હોય તોય ગોઠણ સામુ પાણી થઈ જાય. એમ પંચવિષય એવા થઈ જાય તો બંધ બેસે. ભક્ત થયા પછી ભગવાનના સ્વરૂપનું વર્ણન કરો

તો બંધ બેસે. ભક્ત નથી થયો એની આગળ તો નાડા છોડી કરવા જેવું છે. પાડા આગળ જંતર વગાડ્યા જેવું છે. નિશ્ચયની વાત સુધી અટપટી છે. ઈ એની સાથે જીવ બંધાણો હોય એટલું જ ખબર પડે. જ્ઞાન શીખવું , માનસીપૂજા શીખવી, વૈરાગ શીખવો, ધર્મ શીખવો પણ દેહ હું નહીં એમ ન થાય. માટે દેહ તે હું નહીં એમ આઠોપોર ભજન કરવું. અંબરીષ રાજા નિર્ગુણ હતા. ઠાકોરને ધર્યા વિના કાંઈ ખાતા નહીં. તેની ક્રિયા નિર્ગુણ, તે હેતુ માટે આત્મનિવેદી ભક્તને નિર્ગુણ કહ્યા છે. અંબરીષ બહુ ભારે, પણ જનકનું એક રૂંવાડુંય ન થાય. મિથિલાનગરી બળે છે એમાં મારૂં કાંઈ બળતુ નથી એવી સમજણ્ય જનકની હતી. પદાર્થમાં રસ નોખો ન થાય. ફૂલમાંથી સુગંધ નોખી ન પડે. જગતમાંથી ભક્તને નોખા પાડવા ઈ એક ખૂબી છે. છે નોખા પણ આપણા સુખને અરથે જગત ભેળા છે. એમ સમજે તો ઈ મમત્વ કરે કે વેવાર કરે તો એમાં ગુણ આવે. અક્ષરધામનો મુક્ત હોય તોપણ વેવારમાં મારૂં તારૂં કરે જ. કૃપાનંદસ્વામીની સ્થિતિ કેવડી જબરી ! ઈ તો ગંગાજળ જેવા, કૃપાનંદસ્વામીનો ઠેરાવ એવો કે સ્વપ્નનો ઉપવાસ ન પડે ને પડે તો દેહ પડી જાય. ગોપાળાનંદસ્વામી તો દરિયા જેવા. ગુણાતીતાનંદસ્વામી તો, ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ જેણે એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ છે.

શરીરને બહુ સાંચવ્યુ પણ તોય ધાર્યું ન કર્યું. ખૂબ ખવરાવ્યું, પીવરાવ્યું તોપણ ધાર્યું ન કર્યું. એવું કૃતદની આ શરીર છે. કોઈક ભગવાનના ભક્ત સાચી વાત કરે તો એનો અવગુણ લ્યે પણ શરીરનો અવગુણ ન લ્યે. આત્યંતિક પ્રલય થાય ત્યારે આ ભગવાન અને સંત રહે છે, એનું નામ સાકાર બ્રહ્મની ઉપાસના કહેવાય. બધુંય પ્રલય થઈ જાય પણ આ નાશ થાતા નથી. એનું નામ આત્યંતિક કલ્યાણ કહેવાય. એને પામીને સિદ્ધદશાને પામ્યો હોય તેની સર્વ ઈંદ્રિયુંની ક્રિયાને વિષે કેવી દશા વરતતી હોય ? તો જ્યાં વૃત્તિ જાય ત્યાં મૂર્તિ દેખાય. સ્વરૂપાનંદસ્વામીની દશાએ દશા થઈ

જાય. આમાં કાંઈ દાખડો નથી પણ મનાતું નથી ઈ જ દાખડો છે. માનવામાં અજ્ઞાન, પાપકર્મ, સ્વભાવ આડો ફરે છે. પોતાનું ડાપણ, ચતુરાઈ અને હોંશિયારી આડી ફરે છે. પણ એને ડાટો દઈ દેવો, વારે વારે જે વાત કરતો હોઉં ઈ વાત તમે ન સમજ્યા હો એટલે કરવી પડે. ગોપાળાનંદસ્વામી ભેળા રહ્યા, મહારાજ ભેળા રહી ગયા તોપણ ખામી રહી ગઈ તો આંયા આવવું પડે એવો આ જોગ છે. પૃથ્વી તત્ત્વથી જ દેહ દૃષ્ટિમાં આવે છે. ભેળું કરીને ખાધું પણ નોખું નોખું કરીને નાડીએ ચડાવી દેવું ઈ વિભાગ કરવાપણું પૃથ્વીનું લક્ષણ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૬ ॥**

## ૬૬૭. નિર્વિકલ્પ નિશ્ચયમાં જવાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ વદિ-૩ ગુરુવાર તા.૧૨-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, આજ જે સંસ્કાર થાય તે સત્પુરુષને જોગે ને આગળ જે સંસ્કાર થયા ઈ પણ સત્પુરુષને જોગે ને હવે જે સંસ્કાર થાશે તે પણ સત્પુરુષને જોગે થાય છે. અલૌકિક બુદ્ધિ એનાથી થાય છે. બ્રહ્મરૂપ એનાથી થવાય છે. માયા પર ગતિ એનાથી થાય છે. એમાં અલૌકિકપણું મનાતું નથી એને અતિશય મંદ બુદ્ધિવાળો જાણવો. જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે, એવી સત્પુરુષને વિષે થાતી નથી. મરીને જેને પામવા છે ઈ દેહ છતાં જ મળ્યા છે. જાડી બુદ્ધિવાળો સમજી જાય ને જીણી બુદ્ધિવાળા રહી જાય, એનું નામ મૂર્તિમાન વાત છે. જીણી બુદ્ધિવાળો અવિશ્વાસી છે. ને જાડી બુદ્ધિવાળાને વિશ્વાસ મુખ્ય છે. કુશાગ્ર બુદ્ધિવાળો ન સમજી શકે, સ્થૂળ બુદ્ધિવાળો સમજી જાય. અંતરની વાત જાણવી એનું નામ જીણી વાત કહેવાય.

**કોઈ કહે હરિ હો ગયા, કોઈ કહે હોવનહાર;**
**મુક્ત પ્રગટકી પ્રીછ બીન, ભટકત સબ સંસાર.**

ગોપાળાનંદસ્વામી બહુ જબરા થઈ ગયા ને ગુણાતીતાનંદસ્વામી બહુ જબરા થઈ ગયા. નિષ્કુળાનંદસ્વામી તો કુળ તજીને નિષ્કુળ થયા તેનું કુળ અવિનાશ. સ્વરૂપાનંદસ્વામી, અદ્ભૂતાનંદસ્વામી, કૈવલ્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી,નિર્ગુણાનંદસ્વામી ઈ બધાય કેવા કેવા થઈ ગયા ! એના નામનો પાર નથી. તેમ હરિભક્તોના નામનો પણ પાર નથી. નામ લેવું પણ ગુણ ને લક્ષણ ને શક્તિને જાણીને નામ લેવું. કાલનો આવેલો હોય પણ સૌથી સવાયો હોય ને સો જન્મ થયા હોય તોપણ ઢીલો પોચો હોય. મુક્ત પ્રગટ કહ્યા, સાધન પ્રગટ કહ્યા, વાસના પણ પ્રગટ છે. બધી ચીજ પ્રગટ છે. પરોક્ષ મનાય છે એટલી જ ગાફલાઈ છે. તેથી પછી પસ્તાવું પડશે. ગોપાળાનંદસ્વામી જેવા, ગુણાતીતાનંદસ્વામી જેવા ને સ્વરૂપાનંદસ્વામી જેવા એની ભેળા રહ્યા ને ખામી રહી ગઈ ઈ ખામી કયાં ભાંગશે ? ગોપાળાનંદસ્વામી બ્રહ્મરૂપ, ગુણાતીતાનંદસ્વામી બ્રહ્મરૂપ, નિષ્કુળાનંદસ્વામી તો કુળ તજીને નિષ્કુળ થયા. અદ્ભૂતાનંદસ્વામીએ અદ્ભૂત કામ કર્યું. માયરેથી ચાલી નીકળ્યા.

સવિકલ્પના સંગે કરીને નિર્વિકલ્પમાં વાસ થાય છે ઈ કઈ રીતે ! ઈ સમજવો. એક અર્થને અરથે કરે છે ને એક રાજી કરવા કરે છે. એક ધર્મ, અર્થ, કામને માટે કરે છે. ઈ સ્વર્ગમાં જાય છે. ને એક પ્રસન્નતાને અરથે કરે છે ઈ બેને દેખનારો ઈ જ સવિકલ્પ છે. ઈ દેખે છે ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિવાળો છે. સર્વ કર્મનો કરનારો છે. છતાંય મોક્ષને યોગ્ય છે. પરચો ઈચ્છીએ તો તો અસુરની પંક્તિમાં ભળી જાય. મન ધાર્યું થાય ઈ અસુર કહેવાય. મોટાનો મહિમા ન સમજાય ત્યાં સુધી આત્માને વિષે સ્થિતિ ન થાય, ને સ્થિતિ થયા વિના મહિમા ન સમજાય. સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં કેમ જાવ છો ઈ અમને સાબિત કરી દ્યો. તદાત્મકપણું થાય તેનું કારણ શું

છે ? કાલે અમે વાત કરી એવો જેને નિશ્ચય થયો હોય એને તદાત્મકપણું કહેવાય. ભગવાન જે જગ્યામાં બિરાજતા હોય ઈ જગ્યા નિર્ગુણ, સેવક, ખાનપાનાદિક બધુંય નિર્ગુણ છે. એમાં કઈ ચીજને તદાત્મકપણું થાય છે ? ચૈતન્ય છે ઈ નિર્ગુણ છે ઈ જુદું છે. અગીયારમાં બતાવ્યો ઈ જડ છે. બધી વાતે પુરો છે. બુદ્ધિમાન છે. છતાંય મોક્ષને યોગ્ય છે. એને ઓળખે એટલે નિર્વિકલ્પમાં જાવાનો વાસ થઈ ગયો. એને ન ઓળખે ત્યાં સુધી નિર્વિકલ્પમાં જાવા ન મળે. સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં જવાય છે. ઓળખાણ્ય થાવી બહુ કઠણ છે. સવિકલ્પ સ્થિતિવાળો હોય ને એણે ભક્તની ઓળખાણ કરી હોય એનાથી નિર્વિકલ્પમાં જવાય છે. સવિકલ્પવાળો છે પણ પ્રસન્નતાને અરથે ક્રિયા કરે છે, એના સંબંધવાળો છે, એને ઓળખે છે. ધર્મ, અર્થ, કામને અરથે કરે છે, સ્વર્ગમાં ગયો છે એને પણ ઓળખે છે.ઈ ઓળખનારો સવિકલ્પ છે, દુનિયાની બુદ્ધિથી અળગો નથી, જગતના વેવારથી અળગો નથી, છતાંય મોક્ષને યોગ્ય છે. પણ અમે તો એમ કહીએ છીએ કે એના સંગ થકી નિર્વિકલ્પમાં જવાય છે. નહીંતર તો એમ કહે કે ગુણીને સંગે ક્યાંથી નિર્ગુણ થાય ?

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૭ ॥**

## ૬૬૮. ઉપાસનાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ વદિ-૯ રવિવાર તા.૧૫-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં પોતાના ઉતારામાં ઢોલિયા ઉપર પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન થયા હતા અને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ભગવાન તે ભગવાન જ છે ને ભક્ત તે ભક્ત જ છે. એના સુખનો અંત નથી. અગાધ સુખ છે. ઈ સુખ આવે તો અમર થઈ જાય. આપણે ચિંતામણિ છઈ તો સામી વસ્તુ બહુ અલૌકિક છે. બહુ અદ્ભૂત છે. અંતરમાં સત્યુગ હોય તો બહાર સત્યુગ જ છે. અંતરમાં કળિયુગ હોય તો બહાર કળિયુગ જ છે. માબાપનો, સગાસંબંધીનો ત્યાગ

કરીને આંયા આવ્યા છે ને ભજન કરે છે ને ભક્તમાં રહે છે. જે ચિંતવો તે થાય એવો લાભ થયો છે, તોપણ મન શુષ્ક મટતું નથી. ભીખારી મટતો નથી. અધુરીયો મટતો નથી. માટે જેવું આ સમે સુખ છે ને લાભ છે. એવો ક્યારેય મળ્યો નથી. ને મળશે પણ નહીં. માટે આત્યંતિક કલ્યાણને પામ્યા છીએ. આજ તો સત્સંગની ભર જુવાની છે. શેરડીના સાંઠાનો વચલો ભાગ છે. રસ ઘણો છે. આપણે તો કોઈ લોકાંતરમાંથી આવ્યા હશું. આ જીવ આ લોકના સુખ સામું જુવે છે. આ લોકનું સુખ તો જેને જેટલું જોઈ તેટલું આપી દેશે. સારો સંકલ્પ કરો તો કળિયુગમાં સત્યુગ થઈ જાય. અંતરમાં કળિયુગ હોય તો બહાર ભલેને ગોપાળાનંદસ્વામી હોય, ગુણાતીતાનંદસ્વામી હોય તો ઈ પણ ભીખારી લાગે. બીજા તો અલૌકિક છે. આનંદરૂપ છે. અક્ષરધામના અધિકારી છે. ને આપણને અક્ષરધામના અધિકારી કરે છે. એટલી વાત કરીને પછી સ્નાન કરવા પધાર્યા.

પછી સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે, ભગવાનના ભક્તને બુદ્ધિ વિનાના ભગવાને જ કરી દીધા છે પણ ઈ બુદ્ધિ વિનાના નથી. દેહને દંડ દેવા આ રસ્તે ચડયા છે. આટલું જ્ઞાન આપણને આજ થયું. બુદ્ધિ વિનાના છે પણ બહુ સ્વતંત્ર છે. બહુ સમર્થ છે. બહુ અલૌકિક છે. સૌની હારે ભજન કરવું. સૌની હારે ઉઠવું. સૌની હારે બેસવું. એમ સૌની હારે કરવું બહુ કઠણ છે. જ્યાં મનોમય ચક્રની ધારા બુંઠી થાય, ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. (સા.૧લું) મનને કેમ જીતવું ? પંચવિષય ઈંદ્રિયુંથી જ છે. ઈંદ્રિયુંમાં જ એનો વાસ છે. મન ઈંદ્રિયુંથી નોખું પડે તો જીત્યું કહેવાય. સ્પર્શ ત્વચાનો જ ગુણ છે. રૂપ નેત્રનો જ ગુણ છે. ચાખવું જીભનો જ ગુણ છે. મનન કરવું ઈ મનનો જ ગુણ છે. ચિંતવન કરવું ઈ ચિત્તનો જ ગુણ છે. બેભાનો કરે ઈ ગુણ શિશ્નનો જ છે. કોઈ પ્રકારનું ભાન ન રહે. શરીરની આકૃતિ ફેરવી નાખે. પગના દેવ વિષ્ણુ છે. હાથના દેવ

ઈન્દ્ર છે. વાણીના દેવ અગ્નિ છે. ઈ પ્રમાણે એના ગુણ હોય. ભાગવતમાં બહુ ગહન વાત છે. મોટા સાધુ જનની છે. બાળકને રોગ થયો હોય એને દવા પાઈને એને સાજો કરે. એવા મોટા સાધુ છે. જ્યાં મનોમય ચક્રની ધારા બુંઠી થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. ભગવાન સંબંધી લડાઈ કરવી છે. એમાં કોઈ વાતે ખોટ ન જાય. જીતે તોય સારૂં થાય ને હારે તોય સારૂં થાય. કૌરવોએ કુરુક્ષેત્રમાં લડવાનું નક્કી કર્યું. જીતે એને રાજ્ય મળે ને હારે એને સ્વર્ગ મળે. શાસ્ત્રની વાત બહુ ગહન છે. ઈ તો આપણને સુખિયા કરે છે.

સવિકલ્પ નિશ્ચય કેનો કહેવાય ? ભગવાનને વિષે દોષ દેખે છે એને સવિકલ્પ કહેવાય. ને ભગવાનને વિષે ગુણ દેખે છે એને નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય. એક કામ ને અર્થને અરથે કરે છે. ને એક ભગવાનની પ્રસન્નતાને અરથે કરે છે. બેયના સાધન સરખા છે. બેયને શાસ્ત્રનો જ આધાર છે. એક રાજી કરવા કરે છે, એક ધર્મ, અર્થ, કામને અરથે કરે છે, તો ઈ સવિકલ્પમાં વયો ગયો. એને બેને જે જાણે છે એને સવિકલ્પ નિશ્ચય કહેવાય. કામી હોય તેથી કામી કર્યા. લોભી હોય તેથી લોભી કર્યા, દંભી હોય તેથી દંભી કર્યા. સ્નેહી હોય તેથી સ્નેહી કર્યા. ઈ અવતારનું લક્ષણ છે. નિર્ગુણ છે ઈ ચાર છે, ઈ નિર્વિકલ્પ છે. ધર્મ, જ્ઞાન, ભક્તિ, આત્મનિષ્ઠાવાળા છે. ને છ સગુણ સ્વરૂપ છે. ઈ સવિકલ્પ નિશ્ચયમાં છે. ગૃહસ્થ કેવી રીતે નિર્વિકલ્પમાં છે ? અક્ષરનું સુખ કેમ છે ? રાજાનો કુંવર ફરતો ફરે તોપણ રાજનો ધણી છે. એમ તમારૂં ગૃહસ્થનું કલ્યાણ છે. એમ નિર્વિકલ્પ છે. છે છે ને છે. નથી નથી ને નથી. એક નથી ને છે. ને એક છે અને નથી. એમ ચાર જણ છે. એક રાજા, એક ભિખારી, એક જોગી ને એક શેઠ એમ ચાર છે. ભીખારીને નથી નથી નથી એમ છે. રાજાને છે છે ને છે. શેઠને છે ને નથી. ભીખારીને નથી પણ છે. એમ તમને આજ નથી પણ હુંડીના રૂપિયા તરીકે છે. નિર્વિકલ્પ નિશ્ચય થયો, તો કાંઈ નથી છતાંય છે. ને સવિકલ્પ નિશ્ચય હોય તો, છે તોય પણ નથી. રાત ને દિવસ ભેળા થાય ખરા. સુખ અને દુઃખ ભેળા થાય

ખરા. માટે સવિકલ્પમાંથી જ નિર્વિકલ્પમાં જવાય છે. ઈ પ્રણાલિકા તો સ્વામિનારાયણને જ બાંધતા આવડે. જ્ઞાનપ્રલય બહુ જબરો છે. જે પદાર્થ જેવું છે એવું રહેવા દેવું. એનું ખંડન ન કરે તોય બંધન ન કરે તો જ્ઞાન કહેવાય. ખંડન કરે તો બંધન ન થાય ઈ વૈરાગનું લક્ષણ છે ને દેહનો અંત ઈ પ્રાકૃત પ્રલય છે. કુટેવનો નાશ થાવો જોઈ. તો પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિને વિષે લીન થઈ જાય છે. કુટેવ એટલે સમય. જે સમયે જે સાંભરતું હોય ઈ સાંભર્યા વિના રહે નહિ. ટેમે સાંભરે પણ ઝાઝી વાર ટકે નહીં. અજ્ઞાનીની પેઠે ક્ષોભ થઈ આવે પણ ઝાઝીવાર ટકે નહીં ઈ જ્ઞાની કહેવાય. ને ઓલ્યો મરે ત્યાં સુધી ભૂલે નહીં. હરખ-શોક મટી ગયો એટલે જ્ઞાનપ્રલય થઈ ગયો. ચાર પ્રકારના પ્રલય નોખા પાડો તો ખબર પડે. ક્ષણક્ષણમાં નાશ ઈ નિત્ય પ્રલય છે. જીવની ઉપાધી છે, ને ઈશ્વરની ઉપાધી છે ઈ નિમિત્ત પ્રલય છે. એક કામ મૂકીને બીજું કરવું ઈ નિમિત્ત પ્રલય છે. ઈચ્છા મટી જાય ઈ પ્રાકૃત પ્રલય છે. કામ છે પણ કામની ઈચ્છા નથી તો જ્ઞાન પ્રલય ઘટે. પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં અદશ્ય થઈ ગયું. પદાર્થ એવું ને એવું રહે પણ બંધન ન રહે. સુખમાં દુઃખ દેખવું, ઈ જ્ઞાનનું લક્ષણ છે. ને દુઃખમાં સુખ દેખવું ઈ વૈરાગનું લક્ષણ છે. સારા લુગડા ઉપર પ્રીતિ ન થાય પણ નરસા લુગડા પર પ્રીતિ થાય ઈ વૈરાગનું સ્વરૂપ છે. બધી ક્રિયામાં એનું રૂપ જાણી લ્યો તો કોઈ ભરમાવે તોય તમે ભરમાવ નહીં. કુટેવમાંથી ઈચ્છા મટી જાય એટલે કયો પ્રલય કહેવાય ? નિત્યપ્રલય, નિમિત્ત પ્રલય અને પ્રાકૃત પ્રલય ને ચોથો જ્ઞાન પ્રલય છે. વાસના છે પણ વાસના ક્ષીણ થઈ ગઈ. એક જીવની ઉપાધી ને એક ઈશ્વરની ઉપાધી. આ પ્રકૃતિની ઉપાધી ને જ્ઞાનની ઉપાધી કહેવાતી નથી. બપોર ટાણું થાય એટલે ભૂખ ન લાગે તોય ખાવાનું સાંભરે પણ અંદરથી ઈચ્છા નથી તો વાસના ન કહેવાય. સ્વભાવ ઉપરથી, બોલવા ઉપરથી, કર્તવ્ય ઉપરથી ખબર પડી જાવી જોઈ. નિત્ત પ્રલયમાં ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ. જીવનો સ્વભાવ, જીવની ઉપાધી. નિત્ત પ્રલયમાં ગમે એટલો

ધર્મ, જ્ઞાન, વૈરાગ, આત્મનિષ્ઠા હોય તોય પણ કંગાલપણું ન જાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ, આત્મનિષ્ઠા હોય પણ એનું અભિમાન હોય એનું નામ ઈશ્વરની ઉપાધી છે. ગુણ અભિમાની દેવતા. પછી પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં અદશ્ય થઈ જાય, કુટેવની ઈચ્છા મટી જાય તો જ પદાર્થ બાધ ન કરે તો જ્ઞાનપ્રલય સાચો કહેવાય. જનકનું દૃષ્ટાંત દીધું. ન્યાં આ વાત કરી છે. અજ્ઞાનીની પેઠે રાજાને પણ ક્ષોભ થાય પણ ઝાઝીવાર ટકે નહીં. ખાવાનો વિચાર ખાવા ટાણે કરો તો ખાવાની ઈચ્છા મટી જાય. અમે ખાતા ખાતા મૂકી દઈએ એટલે પછી ન સાંભરે. પાછુ ખાવાનું આવે ત્યાં સુધી પાછું ન સાંભરે. સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં કઈ રીતે જવાય ઈ આજ અમે શીખવ્યું છે.

મધ્યનું ૧૧મું. શાસ્ત્ર માત્ર ધર્મ, અર્થ, કામ, મોક્ષ પર છે. એને અરથે વ્રત,દાન, પુન્ય કરે છે. એને સાંભળનારા પણ એને અરથે કરે છે. એમાં બે પ્રકારના ભક્ત છે. એક અર્થને અરથે કરે છે ઈ સ્વર્ગમાં જાય છે. એક પ્રસન્નતાને અરથે કરે છે. ઈ મોક્ષને યોગ્ય છે ઈ બેને જાણે છે એને અમે ત્રીજો સવિકલ્પ નિશ્ચયવાળો કહીએ છીએ. સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે. સર્વ કર્મનો કરનારો છે. છતાંય મોક્ષને યોગ્ય છે.

અક્ષરધામમાં કેમ સુખ છે ? રાજાનો કુંવર ગમે તેમ ફરતો ફરે પણ રાજનો ધણી છે. તમે ગમે એમ આલોકમાં હડસેલા ખાવ પણ અક્ષરધામમાં પુગવાના છો. એમ તમારૂં કલ્યાણ થાય. સ્વામિનારાયણીયા છે ઈ અક્ષરધામમાં જનારા છે. હવે ઈ જ વાત વૃત્તાંતમાં મેલી વિશેષ મંત્રનો અધિકાર આચાર્યને છે. ને સામાન્ય મંત્રનો અધિકાર અમને છે. ગમે તેવો એકાંતિક છે એની રૂચિને સાધારણ જીવ જાણી શકતો નથી. એકાંતિક તો એકાંતિક છે પણ એકાંતિકની સાથે પ્રીતિ થાય તો એને જાણે છે. ન્યાંથી સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં પ્રવેશ થાય છે. શુકદેવજીને સ્ત્રી પુરુષનું ભાન નોતું તોપણ જનકને ગુરુ કરવાનું કહ્યું.

પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિને વિષે લીન થઈ ગયું. એનું નામ ઈચ્છા શક્તિ

નાશ થઈ કહેવાય. કુટેવ પડી છે. ઈ વિના હાલે નહીં, પણ એની ઈચ્છા મટી જાય તો જ્ઞાની અજ્ઞાનીનો વિભાગ પાડ્યો ઈ સાચું થઈ જાય. ઉપાસનાની વાતમાં તો ભગવાન અને સંત બે જ કામ કરે. ભગવાનનું પોતાનું કામ તો સંત જ કરી શકે. રાજાની સહી દિવાન જ કરી શકે ને કાં રાજા કરી શકે. સ્વભાવ દેખો તોય અવગુણ ન આવે, તોય કામ થઈ જાય. દેહ, કુટુંબી, સ્ત્રી, પુત્રનો અવગુણ નથી આવતો ને એને અરથે દેહ ખતમ કરી નાખે છે ને આ સંત તો ભગવાનનું કામ કરે છે. એટલો વિચાર કરો.

બપોર પછી ઠાકોરજી જાગ્યા પછી વિદ્યાર્થીઓ, **જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.**

તે કીર્તન બોલ્યા તેને સાંભળીને સ્વામીએ વાત કરી જે, તમારૂં કીર્તન સાંભળશે એનો મોક્ષ થાશે, તો તમારા મોક્ષમાં શું ખામી હોય ? ભજન કરવું ઈ જોગ વિના ન થાય. ધ્યાન કરવું હોય ઈ એકલા જ થાય ને કથા વારતા જોગ હોય તો જ થાય. કાં જોગ ને કાં રોગ તો જ ખોટ્ય નીકળે. ત્રણ અંગમાંથી એક અંગ કરીને મરવું ઈ ઠીક છે. ત્રણ અંગ જેમાં હોય ને કાં એક એકમાં ત્રણ ત્રણ છે. ને પછી નવ નવ છે. એમાં જોડાય જાય ને ત્રણ અંગ થયા પછી મરવું ઈ ઠીક છે. આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે. તો સુગમ થાય એમ કહો. ઈ ત્રણમાંથી ત્રણ ત્રણ ભેદ કહ્યા. એના દાસનો દાસ થઈને રહે તો છતે દેહે ભગવાનના પાર્ષદ છે.

ભગવાનના પ્રતાપ વતે કલ્યાણ થાય પણ પોતાના સાધન વતે કલ્યાણ ન થાય. ધન, ધામ, કુટુંબ પરિવાર ભગવાનને અરથે કરી રાખવા સેવામાં, તો છતે દેહે ભગવાનનો પાર્ષદ થઈ ચૂક્યો છે. આ સત્સંગનો પ્રતાપ બહુ જબરો છે પણ ભાડ ભુંજીયા હોય એને શું ખબર પડે ?

**વ્હાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીએ રે.**

તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા પછી કાંયે ય જાણવું બાકી રહેતું નથી. મોટ્યપ જાણવી. બ્રહ્મા, વિષ્ણુ, શંકર ઈ બધાય વૈરાટમાંથી થયા છે.

એના સ્વામી વૈરાટ છે. જેમ કોઈ રાજા હોય એના સેવકને પણ સાત સાત માળની ભોં રેવાની હોય તો એનું ધામ જે અક્ષર એનો મહિમા કેમ ગણાય ! તો એના સ્વામીનો મહિમા કેમ ગણાય !! હવે સૂક્ષ્મથી લ્યે છે. જે થકી જે મોટું હોય તે સૂક્ષ્મ હોય, તેમાં રહ્યું હોય. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મહતત્ત્વ, અહંકાર, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ, અક્ષર, અક્ષરાતીત પુરુષોત્તમ તે મોટા છે. માયિક તત્ત્વ એકમાં બીજા સમાયેલા હશે. પણ પુરુષોત્તમ સમાયેલા નથી. પુરુષોત્તમ ચ્યવીને જીવ ઈશ્વરરૂપે થાતા નથી. પંડે મૂર્તિમાન રહ્યા છે પણ અવાંતર આવતા નથી. માયિક તત્ત્વ અવાંતર આવે છે. હવે સ્થૂળમાં કહે છે. જીણા મચ્છર, કીડી, સમળા, પાડો, ગીરનાર પર્વત, મેરૂ, લોકાલોક પર્વત તેમ ગોલોક મધ્યે અક્ષરધામ છે. પણ અવાંતર નથી. ન્યાં પ્રધાન પુરુષને લીધા છે. વૈરાટ સ્વરૂપ બહુ મોટું છે. બ્રહ્માની નાભિમાંથી નાળ થયું. એમાં સો વરસ સુધી હાલ્યા તોપણ અંત ન આવ્યો તો એનું ધામ જે અક્ષર તથા તેના પુરુષોત્તમ એનો અંત કોણ લઈ શકે ? હવે બીજી વાર મુક્તમાં ઘટાડી દીધું. ભગવાનના ભક્ત છે તેના એક એક રૂંવાડાને વિષે અનંત કોટિ સૂર્યનો પ્રકાશ છે. અક્ષરધામના મુક્તને વિષે એવા જે ભગવાન તેનું પૃથ્વીમાં આવવું તે આવી રીતે આવે છે કે બીજી રીતે આવે છે એનો કોઈ મેળ નથી. એની ઈચ્છા આવે ન્યાં નીકળે. અક્ષરમાં આવ્યા. મુક્તમાં આવ્યા. મહાપુરુષમાં આવ્યા. પ્રકૃતિપુરુષમાં આવ્યા. એમ કાંઈ મેળ નથી. ઈ તો પરબારા આપણા પાસે આવીને ઉભા રહે છે. પછી લક્ષણ કહ્યા છે. પૃથ્વીને વિષે અલૌકિક લક્ષણ હોય. મનુષ્ય થાય તેમ ભગવાન છે ઈ મનુષ્ય નથી ને મનુષ્ય થાય. પોતે અત્યંત ત્યાગી હોય ને તે પાસે ગમે તેવી પ્રવૃત્તિ માર્ગની ક્રિયા કરાવીએ પણ રાજી થકો કરે. એમાં દોષ હોય ને કરોડ્ય ઉપાય કરે તો પણ ખામી ભાંગે નહીં. ભગવાન અને મોટા સાધુ આપણા અંતર્યામી છે. તેમ આપણે એના અંતર્યામિ થઈ જાઈ તો દોષ ટળે. એની રુચિ સમજવી ઈ અંતર્યામિ કહેવાય. ત્યારે આપણો

સ્વભાવ જાય ને ત્રીજું લક્ષણ તો પોતામાં સ્વભાવ હોય તે કરોડ્યું ઉપાય કરે તોપણ ન ટળે તોપણ કથાવાર્તા, સંતસમાગમ કર્યા વિના ન રહી શકે. આ તો દિવસ ને રાત ભેળી કરી દીધી. આ તો નિશ્ચયવાળાના લક્ષણ કહ્યા છે. આ છેલ્લા લક્ષણવાળાનો મહિમા કહે છે. જેની ઉપર અમે વારંવાર કઠણ વચનના ડંખ માર્યા હોય ને ન કચવાણો હોય તો ઈ ભક્ત સંભાર્યા વિના સંભારે. સ્વભાવવાળો હોય પણ કથાવારતા કરવાની પ્રેકટીસ પડી હોય એનો મહિમા કહે છે. અક્ષરને પોતાનું સ્વરૂપ કહ્યું છે ઈ વાત તો મેલી દીધી. અક્ષરને વિષે અન્વય વ્યતિરેકપણું ન કહેવાય. ઈ તો સદાય એક જ રૂપે છે. ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું જે માયાના સર્ગરૂપી કપટ જેણે એવું પરમ સત્ય સ્વરૂપ છે. અન્વય વ્યતિરેકપણું એમ નથી. આ જીવ ઈશ્વરમાં રહ્યા છે પણ માયિકમાં નથી. ને પુરુષોત્તમ તો કોઈમાં નથી. ભગવાન દૈવી જીવમાં છે પણ આસુરીમાં ન હોય. બદ્ધ જીવમાં રહ્યા છે પણ ભગવાનનું અન્વય વ્યતિરેકપણું સમજવું ગહન છે. આપણે બેય સો જન્મ ધરીએ ત્યારે સમજાય એવું છે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૬૮ ॥**

## ૬૬૯. મહિમાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ વદિ-૮ સોમવાર તા.૧૬-૭-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં સભામંડપમાં વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, રાજાનો કુંવર ન જાણી શકે કે મારો બાપ રાજા છે. એમ આપણે પણ ભગવાન અને ભગવાનના ભક્તનો મહિમા ન જાણી શકીએ. બીજાને સમજાવવાનું તાન છે એટલું પોતાને સમજવાનું તાન હોય તો કામ થઈ જાય. બીજાને નિર્લેપ સમજવા, નિર્દોષ સમજવા ઈ કઠણ છે. જોયામાં આવે એવા નથી. જાણ્યામાં આવે એવા નથી. સ્પર્શ કર્યામાં આવે એવા નથી. પણ સ્પર્શ થઈ જાય, જોયામાં આવી જાય. અમાપ છે પણ માપ થઈ જાય. અગમ છે પણ સુગમ થઈ જાય.

બીજાનું દેહ અલૌકિક છે ને પોતાનું દેહ લૌકિક છે. એવું તો ભગવાન અને ભગવાનના ભક્તને જ આવડે. સત્સંગ છે ઈ પરલોક છે. જેનાથી ભગવાન ઓળખાણા, જેનાથી ભગવાન મળ્યા ઈ સત્સંગ છે. જેના જોવાથી ભગવાન જોયા, જેના મળવાથી ભગવાન મળ્યા. જેના સ્પર્શથી ભગવાનનો સ્પર્શ થયો. આંયા ખોટ્ય રહી જાશે તો ક્યાં ટળશે ? શ્વેતદ્વિપ, બદરીકાશ્રમ છે ખરા પણ આ જેવા એકેય નથી. એવું આ સ્થાન અધિક છે. મરવા પડ્યો હોય, ઢીંકે શ્વાસ લેતો હોય પણ માન ન મેલે. બધાયમાં સવાયો દેખાય એવું માન છે. આપણને કેટલા જન્મનું હેત હશે ત્યારે આંયા ભેગા થયા હશું !

**॥ ઈતિ શ્રી કિરણ ૬૬૯ ॥**

## ૬૭૦. અક્ષરધામમાં જવાનું

સંવત્ ૨૦૩૫ના અષાઢ વદિ-૯ મંગળવાર તા.૧૭-૭-૧૯૭૯ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, આપણે અક્ષરધામમાં ભગવાન તેડવા આવશે તો જાશું ? કે બીજા કોઈ તેડવા આવશે તો જાશું ? કે આપણી ઈચ્છાથી અક્ષરધામમાં જાશું ? વધતા હોઈ તો આપણી ઈચ્છાથી અક્ષરધામમાં જાશું. ઘટતા હોય ને અક્ષરધામમાં જવાય ઈ બીજાની ઈચ્છાથી જવાય. વધતો ન હોય ને ઘટતો પણ ન હોય તો ભગવાનની ઈચ્છાથી અક્ષરધામમાં જાય છે.

વરતાલનું ૭મું વચનામૃત. આસુરી દૈવી થાય કે ન થાય ? જો સારો હોય એવામાં દેહ પડે તો અનેક જન્મે દૈવી થાય. અનંતવાર ગુણ આવે ને અનંતવાર અવગુણ આવે. સત્સંગ છે ઈ બ્રહ્મ છે. આંયા કર્મક્ષેત્ર ગણાય છે. અક્ષરધામના મુક્તને ખામી રહી જાય તો આંયા ખામી ટાળવા આવવું પડે. આંયા જરાક લાભ લ્યે તોય કામ થઈ જાય ને બીજા ઠેકાણે તો આ

છોકરા શીર્ષાસન કરે છે એટલો દાખડો છે. ઊંધે માથે લટકવું પડે ત્યારે કામ થાય. આવો જોગ છે અને વધે નહીં ઈ તો બહુ ખામી કહેવાય, ને ઘટતો જાય ઈ તો એનાથી પણ ખામી કહેવાય. દોષ હોય ને વધતો જાય ઈ સરસ છે. આ લોકમાં રહીને વધતો જાય ઈ કેવડી શક્તિ છે ! ભયમાં રહીને નિર્ભય થાવું ઈ કેવડી શક્તિ છે ! દોષમાં રહીને નિર્દોષ થાવું ઈ કેવડી શક્તિ છે ! કામ, ક્રોધ, લોભ ઈ આપણામાં નાસ્તિકના હેતુ છે. હૃદયમાં સત્યયુગ હોય તો બહાર કળિયુગ હોય તોપણ સત્યયુગ જ છે. હૃદયમાં આ સ્વામિનારાયણ ભગવાન છે. એટલું યાદ રાખજ્યો. આ જગતનું સુખ તો લાભ મેળવ્યો ઈ પણ પસ્તાય છે, લાભ નથી મળ્યો ઈ પણ પસ્તાય છે. સુખિયો પસ્તાય છે ને દુઃખિયો પણ પસ્તાય છે. દિલ્હીની ગાદીએ બેઠો ઈ કોણ સુખિયો છે ? પરલોક સુધારી લેવો. ખોટ્ય જાશે તો અમારે જાશે. બાકી તમારે તો લાભ જ છે. કાંઈ મૂકવું નથી પણ સ્વામિનારાયણનો આશરો કરવો એટલે પતી ગયું. એમ વિચારીને એની પાછળ હાલવામાં કાંઈ વાંધો નથી. આ દેહનો કાળ હમણા આવશે જરાય વાર નથી. હમણાં જ માણકીનો વાજ પુગી જાશે. અમે પણ બીજા પંથમાં હતા ને એક દિવસ અમે કોયલી મઠમાં ગયેલા. પાછી વૃત્તિ વાળીએ ને જે મૂર્તિ દેખાય ને પ્રગટમૂર્તિ ઈ બેય એક લાગે ત્યારે સમજણ્ય આવી ગણાય. ઈંદ્રિયું અંતઃકરણ છે ઈ આત્મારૂપ માનવા નથી દેતા. તો પણ સ્થૂળદેહને તો ભગવાન અને સંતના વચનમાં રાખવું જોઈ. મૃત્યુનો ભય આળસી જાવો જોઈ. મૃત્યુનો ભય આળસી ગયો એટલે તમે સ્વામિનારાયણના થઈ ગયા. પૃથ્વીના મુક્તમાં વિશ્વકળા હોય. અક્ષરરૂપ માન્યું કેમ ગણાય ? મૃત્યુનો ભય આળસી જાય તો કામ આવે. આત્મારૂપ થાવ તો થાય. ઈન્દ્રિયારામ આળસી જાવ તો થાય. ખાવ છો ને નથી ખાતા એમ થાવું જોઈ. ભગવાન મળ્યા, હવે શા માટે રૂવો છો ?

**ચોર ન લૂંટે ખરચ્યું ન ખુટે,**
**દામની પેઠે ગાંઠ્યે બાંધ્યું ન છુટે.**

પોતાની પાસે કાંઈ ન હોય તો પણ કાલની ચિંતા નથી તો સ્વામિનારાયણ દેતો હશે, તોય એનો વિશ્વાસ નથી એટલા ગાફલ છઈ.

**બ્રહ્મ સંગ બ્રહ્મ હોય, કીટ જાતિ ખોઈ હૈ.**

શરણે આવ્યા ને ભય ઉભો છે, તો મુક્તદશા કહેવાય, પણ ભય ઊડી જાય તો અક્ષરદશા કહેવાય. ઈશ્વરાનંદ મહારાજ બની જાવો જોઈ. કાશી ને વૃંદાવનનો નાશ થઈ જાય છે પણ એને સંભારે ઈ અવિનાશી થઈ જાય છે માટે અવિનાશી છે. ભગવાન ભલે મરી જાય એવા છે પણ એને આપણે સંભારીએ એટલે અવિનાશી થઈ જાઈ. મહેતો નોકરી કરે ઈ જાતો જાતો સહી કરી દ્યે તોપણ કામ થઈ જાય. એમ ગમે એવા હોય પણ આપણો મોક્ષ કરે એવા છે, એમ માનો તો અક્ષરરૂપ માન્યું ગણાય. આમ નિશ્ચય કરવો. સ્વામિનારાયણ કહો ઈ ભલે મરી જાય પણ આપણને સજીવન કરી દ્યે. આપણને મૃત્યુનો ભય આળસી જાય, એટલે ઈ મરતા નથી. સ્વામિનારાયણ ન હોય તો લુગડાથી ઢાંકીને માળા ફેરવીએ છીએ એનું ફળ કોણ આપે? સ્વામિનારાયણને મારો તોય મરે એમ નથી. સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરીએ તો ભૂતને પણ ખબર પડી જાય છે. પણ આપણને કાંઈ ખબર નથી. ઈ જેમ ઓળખે છે એમ આપણે પણ ઓળખી જાવા.

આને આની વાસના ટળી ગઈ છે ને આને નથી ટળી. એમ સર્વના અંતર સામું જોવું ઈ ભગવાનનું કામ છે. ને આપણું કામ શું છે? તો આ ઘડી, આ ક્ષણમાં મરી જાવું છે એનો વિલંબ નથી જણાતો એમ ઉદાસીપણું રાખવું.

**મરને આતશ સરખા વરસે મેહા, તોય ન દાજે મેરા દેહા.**

**મરને બારે મેઘ આવી જુમે, તોય ન ભીંજે મેરા રૂમે.**

આવી આત્મસત્તા જોઈએ, પણ **“ક્ષણે રૂષ્ટા ક્ષણે તૃષ્ટા”** એમ ન કરવું. એક રેણીએ મરવું ઈ અક્ષરરૂપ મનાણું કહેવાય. રેણી બદલે નહીં,

કેણી બદલે નહીં, ઈ અક્ષરરૂપ છે. એક જણો કહે કે, આ ભગત ખરો છે, એટલે પતી ગયું. જે વાત કરતા હોઈ ઈ વાત ચાલવી જોઈ. નિષ્કામતાની વાત કરતા હોય તો નિષ્કામતાની થાવી જોઈ. દષ્ટાંત જુદા જુદા હોય પણ અંદરનો દોરો એક જ હોય. જગતની વિદ્યા બહુ કઠણ છે પણ આપણી વિદ્યા સાવ સેલી છે. દાખડા વિનાની છે. કલેશ વિનાની છે. મૃત્યુનો ભય આળસી જાય. દુઃખનો અંત આવતો નથી પણ આપણને દુઃખનો અંત આવી જાય. પ્રકૃતિ પુરુષ કુટસ્થ છે તેમ ગૃહસ્થ પણ કુટસ્થ છે. પણ સાંખ્ય વિચારથી નિર્લેપ પણ કહેવાય. શ્રીકૃષ્ણ ભગવાન નિર્લેપ કેમ કહેવાય ? વૃજમાં યોગમતને આશર્યા ને દ્વારકામાં સાંખ્યને અનુસર્યા હતા. એના ધર્મમાં રહેવું ઈ એને સાંખ્ય છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૦ ॥**

## ૬૭૧. ભકતના મહિમાનું

સંવત્ ૨૦૩૫ના શ્રાવણ સુદિ-૫ રવિવાર તા.૨૯-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં પોતાના ઉતારામાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનના ભક્તનો સંગ ન હોય ત્યાં ધર્મ, નિમ પાળવા કઠણ પડે છે. અનાર્યદેશમાં ધન, સ્ત્રીનો પ્રસંગ થાય ત્યારે એની સાધુતા કેટલી રહે ! ગમે એવો ધીરજવાળો હોય તોપણ એના મનની વૃત્તિ રૂપવાન સ્ત્રીમાં તણાયા વિના ન રહે. ધન સ્ત્રીનો જોગ ન થાય, ન લેવાય તો એની કિંમત થાય. મુંબઈ જેવા શહેરમાં એની કિંમત થાય ને આંયા ખુણામાં પણ એની જ કિંમત થાય.

લખેશ્વરી શાહુકાર હોય એને ખડધાન ખાવા મળે ને ભીખ માગીને ખાતો હોય પછી ગમે એવો સુખી થાય તોપણ પ્રથમની જેમ જ સંતની સેવા

કરે તો ભગવાનની અતિ પ્રસન્નતા થાય છે. એમાં કયાં દાન, પુન્ય, યોગ, યજ્ઞ, વ્રત, જપ, તપ કરવાનું કહ્યું છે ? ભક્તની કિંમત તો પછી થાય છે. પોતે ભજન કરતો હોય ને બીજાને કરાવતો હોય એવી અલૌકિક સ્થિતિ ભગવાનના ભક્તની છે. ઈ સમજાઈ જાય તો કામ થઈ જાય. દેશ પરદેશ જાય ન્યાંના લોકોને ધર્મની ગતિ ન હોય, ન્યાં ધર્મ પાળે કે ન પાળે એમ પરીક્ષા થઈ જાય. આંયા આને બધાયને જોઈને ધર્મ પાળવો પડે. માટે આ દેશ અધિક છે. જ્યાં ભગવાનના ભક્તનો સમૂહ છે ન્યાં દેશ શુભ છે. ગોપાળાનંદસ્વામીને કહ્યું કે, તમ જેવા સંતનો સંગ હોય ન્યાં ક્રિયા આફવડી રૂડી જ થાય. અક્ષરધામમાં ભગવાન છે, એની સામે નજર હોય. આંયા બેઠા તો ભગવાન તમારા ઉપર કેવા રાજી થાય ! ગર્ભમાં રક્ષા કરી, એમ રક્ષા કરે એવા સમર્થ છે. અવતારના અવતારી છે. દિવ્ય છે. સાકાર છે, શ્વેત છે. જેવા અક્ષરધામમાં છે એવા પૃથ્વી ઉપર છે. પૃથ્વી ઉપર છે એવા અક્ષરધામમાં છે.

**દિવ્ય અરૂ માનુષ્ય એકરૂપ કરીકે દૃઢ ચીના,**
**અલખ લખ્યા સાક્ષાત્ ભયી યહ બાત નવીના.**

દિવ્ય અને મનુષ્ય એક થઈ જાય તો સમજણનો અંત આવી જાય. ગૃહસ્થાશ્રમીને ધન સ્ત્રીનો પ્રસંગ છે ને ત્યાગીને ધન સ્ત્રીનો ત્યાગ છે, પણ અંતરમાં તીખી વાસના છે. એમાં કોણ અધિક ગતિને પામશે ? એવો પ્રશ્ન આવ્યો. “ ઉકા ખાચરને સંતની સેવા કરવાનું વ્યસન પડયું છે એવું જેને સંતની સેવા કરવાનું વ્યસન પડ્યું છે એની વાસના ટળી જાય. ઉકાખાચર આવે ત્યારે મહારાજ લાંબા પગ કરે. સેવામાં અલૌકિક સુખ રહ્યું છે. એમાં અમૃત રહ્યું છે.” વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાત છે કે ભગવાન અને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે. એમાં તો એવું હેત કરવું કે, જેવું માબાપ, સ્ત્રી ઉપર છે, એવું હેત કરવું તો ઈ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય એમ છે. પણ ખબર પડતી નથી. કાયમ ભેળા રહીએ

છીએ એટલે ખબર નથી પડતી. પણ આપણે વધતા જાઈ છીએ. મુક્તાનંદસ્વામી, શુકસ્વામી દાડે દાડે વધતા જાય. દાડે દાડે વધતો જાય ઈ પૃથ્વી પર છે તોપણ અક્ષરધામમાં છે. ને અક્ષરધામમાં છે પણ ઘટતો જાય છે તો પણ પૃથ્વી ઉપર છે. જ્યાં ભગવાનના ભક્તનો સંગ છે. ઈ સ્થાન સરસ છે. ભગવાનના ભક્તની રુચિ થાવી જોઈ. મયારાણી રાજ દેવા તૈયાર થયા. કુંવરી દેવા તૈયાર થયા તોપણ ન લીધા. એમ રુચિ થાવી જોઈ. માયા જોયા જેવી નથી. ઈ તો ખેંચી લ્યે એવી છે. તે ઉપર ગોંવિદસ્વામીની વાત કરી. જીવને જોવાને ઈચ્છે, ઈશ્વરના રૂપને જોવાને ઈચ્છે છે, બ્રહ્મના રૂપને જોવાને ઈચ્છે તો પણ દેખે છે. ઓગણપચાસ ધર્મસર્ગ છે, એને પાળતો હોય ઈ ધર્મકુળ કહેવાય. એમ જીવશર્માના આખ્યાનમાં કહ્યું છે. (હરીલીલા કલ્પતરુ) આ સત્સંગ જેને થયો ઈ જીવના સ્વરુપને જોવાને ઈચ્છે તો દેખે. ઈશ્વરના સ્વરુપને જોવાને ઈચ્છે ઈ દેખે. બ્રહ્મના સ્વરૂપને જોવાને ઈચ્છે તો એને દેખે. પરબ્રહ્મના સ્વરૂપને જોવાને ઈચ્છે તો એને પણ દેખે. એવો અલૌકિક પ્રતાપ આ સત્સંગનો છે. જે પામવા ઈચ્છો ઈ પમાય. જે કરવા ઈચ્છો ઈ કરાય. જે જોવા ઈચ્છો ઈ જોવાય.

હવે કરવું કાંઈ રહ્યું નથી પણ જે સાધુને સંગે કરીને ભગવાનની મોટયપ સમજવામાં આવી એનો દ્રોહ ન કરવો. એનું વચન મનાય એટલે દ્રોહ મટી ગયો. બીજા બધાયનું વચન મનાય પણ એનું વચન ન મનાય તો દ્રોહ કહેવાય. બ્રહ્મમોલમાં જાઈ તો પણ આલોકના સુખ જેવું ન્યાં સુખ છે. ને ત્યાં હોય તો આલોકના સુખ ન ભૂલાય તો બરાબર કહેવાય. એટલી વાત કરીને પછી સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્ય ક્રિયા કરીને સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે, ‘‘આપણા સાધુ નાનાથી મોટા સુધી બધાયની અલૌકિક સ્થિતિ ધારવા જેવી, રાખવા જેવી, સંભારવા જેવી છે. મન

વિરામ પામી જાય પણ આ બધાય ભક્ત ન સાંભરે તો ખોટ્ય કહેવાય. ને ભક્ત સાંભરે તો સમાધિ કહેવાય. ભજનની કડકડાટી ખૂબ લેવી. મહારૂદ્રમાં સાધુ, બ્રહ્મચારી, પાળા, હરિભક્ત, કાઠી, ગરાસીયાની એ બધાયે કડકડાટી કરી. એમ ભજનની કડકડાટી બોલાવી. દેહનો અનાદર થયો એટલો બ્રહ્મરૂપ ગણાય. દેહનો નાશ થયો કહેવાય. ગોદડી હોય પણ ઓશીકે મેલી રાખે, ટાઢ સારી પેઠે વાય ત્યારે ઓઢે. લાડવો છે પણ મેળાવી પાણી નાખીને ભગવાનની સ્મૃતિ રાખીને ખાવ એટલે અનાદર થઈ ગયો. આ સભામાં બેસવું ફાવતું ન હોય પણ લાજે શરમે બેસતો હોય. આપણી ક્રિયા બીજાને ગમે એટલે એકાંતિકનું લક્ષણ આવી ગયું. બધી વાતમાં હા પાડું પણ ધર્મની કોરનું મરડું ઈ એકાંતિકનું લક્ષણ છે. ભગવાનના ભક્તમાં દિવ્યપણું થયું, અલૌકિકપણું થયું એનું કામ થઈ જાય. બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. અવધિબારૂં સુખ મળ્યું છે. ભગવાનના ભક્ત અગમ છે, સુગમ થયા. અપાર છે પણ પારવાળા થઈ ગયા. હવે તો ઈંડું પાકી ગયું છે. ભગવાન અને સાધુને વિષે પૂજ્યબુદ્ધિ છે ઈ પાકી ગયું કહેવાય. એમાં દેહબુદ્ધિ છે ઈ કાચું છે. વેવારબુદ્ધિ છે ઈ કાચું ઈંડું છે. એમાંથી પાણી જ નીકળે.

પછી સ્વામીએ વાત કરી જે, આ સત્સંગમાં અનેક વાતુ છે. અનેક ભક્ત, ભગવાન એમાં સ્વામિનારાયણ એક જ છે. અવતારી છે. સર્વોપરિ છે. સૂક્ષ્મ બુદ્ધિવાળો ન સમજે, સ્થૂળ બુદ્ધિવાળો સમજી જાય છે. છેલ્લાનું રજું. જાડી બુદ્ધિવાળો સમજે છે. સૂક્ષ્મબુદ્ધિવાળો ન સમજી શકે. જેને કૃપા થઈ હોય ઈ સમજી શકે. કૃપા થઈ હોય ઈ, કામ, ક્રોધ ટળી ગયા હોય ઈ આ વાતને સમજી શકે. બાંધ્યો હોય એને બાંધ્યો મળે, કોણ કોને છોડે ! જાણપણાએ સહિત ભક્તિ કરે, કથા કરે, દર્શન કરે, સ્પર્શ કરે. આ સભાને જુવે એની વાત છે. ઈ છૂટો છે પણ એને ઓળખે ઈ પણ છૂટો છે. એમ શાસ્ત્ર કહે છે. અમે અમારા ઘરની વાત નથી કરી. આ વાત એકાંતિક ભક્તની છે. ને સ્વામિનારાયણ આપણા સારૂ મેલી ગયા છે.

**બંધેકુ બંધન ખુલે, છૂટનકા કયા ઉપાય.**

કહેવાનો હાર્દ સમજી જાવો જોઈ. પોતે ન છુટે પણ છુટેલા હોય એને છુટેલો જાણે તો ઈ પણ છુટી જાય. જાણપણામાં આવ્યો ઈ છુટો છે. જાણપણું અનંતને છોડી દ્યે. એવું જાણપણું છે ને અજાણપણું છે ઈ છુટેલાને બાંધી દ્યે. કથા સાંભળવી, દર્શન કરવા, ગંધ લેવો, મનન કરવું. જાણપણે યુક્ત આંયથી અક્ષરધામ સુધી કાંઈ આડું ન આવે. ને અજાણપણાથી લોકના લોક આડા આવે ને સલવાય જાય. તે ઉપર એક હરિભક્તની વાત કરી. જાણપણું બહુ બળવાન છે. તે તમને બધાયને આપ્યું છે સ્વામિનારાયણ ભગવાને, પણ એને તમે વાપરો તો થાય. ભગવાનનું દ્રવ્ય જેમ વાપરો એમ વધે ને બીજું દ્રવ્ય વાપરો એમ ઘટે. આ દ્રવ્ય લેવા મંડો તો મોટું વાસણ ભરાય. ગુણ, વિનય ને સેવા વધવાનો ઉપાય છે. હઠ, માન ને ઈર્ષ્યા ઈ ઘટવાનો ઉપાય છે. આડો અવળો તરી ન જાય તો વધે. પણ આડો અવળો તરી જાય તો ન વધે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૧ ॥**

## ૬૭૨. જીવ, ઈશ્વર, અક્ષર અને સાક્ષીના જાણપણાનું

સંવત્ ૨૦૩૫ના શ્રાવણ સુદિ-૯ સોમવાર તા.૩૦-૭-૧૯૭૯ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરવા કઠણ ન પડે. દેહ તો માગેલો ઢાંઢો છે. ઈ તો એવું છે. પૃથ્વીનો ભાગ પૃથ્વી લઈ જાશે. તેજનો ભાગ તેજ લઈ જાશે. ને જાણપણું છે ઈ ઈશ્વરકોટિનું છે ને આત્માનું જાણપણું છે ઈ અક્ષરમુક્તનું છે. દેહમાં જીવનું જાણપણું કયું છે ? ને ઈંદ્રિયું, અંતઃકરણનું જાણપણું કયું છે ? વિશેષ જાણપણું જીવનું છે. એમાં જ્ઞાન છે ઈ સાક્ષીનું છે. માયિક પદાર્થનું જીવનું છે. માયિક સ્વભાવનું

જીવનું છે. પણ અમાયિકનું જાણપણું કેમ થાય ? ઈ સાક્ષીનું જાણપણું છે. જીવમાં જ્ઞાન છે. પણ સાક્ષી આપે તો જ થાય.

લોયાનું ૭મું. જડ પ્રકૃતિ ને ચૈતન્ય પ્રકૃતિ ઈ બેયના આધાર સાક્ષી છે. જડ ચિત્ બેય પ્રકૃતિ સાક્ષીમાં પણ છે ને પોતાના કાર્ય સોતી છે. ને માયા ન્યાં જ અદશ્ય થઈ જાય છે. જાણપણું છે ઈ પરલોક છે. એમાં પણ અનેક પ્રકાર છે. વેપારીનું જાણપણું જુદું, મજુરનું, ખેડૂતનું, સઈનું, સોનીનું જાણપણું જુદું છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૨ ॥**

## ૬૭૩. મુક્ત અને પુરુષોત્તમના લક્ષણનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૨ શુક્રવાર તા.૨-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ભગવાન સદાય એકરૂપ છે. પછી એક સંત પુરુષોત્તમ પ્રકાશનો ૭મો પ્રકાર વાંચતા હતા. પછી તેને સાંભળીને સ્વામીએ વાત કરી જે, પહેલો અવગુણ સુજે એટલું મુક્તનું લક્ષણ છે. ને દેશકાળ આવે ત્યારે તો જીવ પ્રાણી માત્રને ખબર પડે. મુક્તાનંદ સ્વામીને પરિણામ કાર્યની પહેલા સુજે. પહેલો વિચાર આવે ઈ મુક્તનું લક્ષણ છે. ભગવાનનું પેલું નામ લ્યે ને પછી ચીજ વાપરો તો ઈ બંધન ન કરે. મન મટીને નિજમન થઈ ગયું. ધર્મનો વિચાર આવે, વૈરાગનો વિચાર આવે ઈ મુક્તનું લક્ષણ છે. સમય આવે ને ન લેવાય ઈ ભગવાનનું લક્ષણ છે. નારદઋષિ ને પર્વતઋષિનું માકડાનું મોઢું થયું એટલે ભગવાનનો રાજીપો ગણાય. ભક્ત સંકલ્પ કરે પણ ભગવાન પૂરો ન કરે એટલો રાજીપો કહેવાય. કારણ કે ભગવાને એમાં દુઃખ માન્યું છે. બાળક રાખ ખાય. માતા મેલાવે પણ તેમ બાળક સંતાપ કરે છે. રાજીપો

હોય એટલે ભક્તનો સંકલ્પ પુરો ન કરીને પણ ભક્તની રક્ષા કરે છે.

પુરુષોત્તમ પ્રકાશ રસિક જ છે. પણ એમાં મોહની નિવૃત્તિ છે. પંચવર્તમાનમાં સ્ત્રીના અવગુણનું જ વર્ણન કર્યું છે પણ નિષ્કામી ગણાય. (લો.૬ઠું) આજ્ઞાથી નિર્લેપપણું, વૈરાગથી, જ્ઞાનથી. ધર્મથી નિર્લેપપણું કહ્યું. જે પદાર્થ જેવું છે એવું જાણે ઈ પદાર્થ બંધન ન કરે, ઈ જ્ઞાનનું લક્ષણ છે. દ્રવ્યને વિચારીને ત્યાગ કરવું. એમાં અનર્થ, કલેશ, અવિશ્વાસ છે ઈ જોવા. એમ દ્રવ્યનો ત્યાગ કરવો. પુરુષની સભામાં વાતુ કરતા હોઈ પણ એક જ સ્ત્રી બેઠી હોય તોય મોહ થાય. એટલે જ સભા નોખી રાખી છે. મહરાજે આ જીવની બહુ રક્ષા કરી છે. ખાવા દીધું ને ખાવાથી રક્ષા કરી. તાલ ઉડાડી દ્યે તો પણ રક્ષા કરી કહેવાય. ધન સ્ત્રી બ્રહ્માંડમાં નથી એમ માનવું ઈ પણ રક્ષા છે. દિવસમાં એકવાર ખાવું એમ પણ રક્ષા કરી છે. ધર્મથી, નીમથી, વિષયથી નિર્લેપ રહેવાય, ધર્મમાં રહે ત્યાં સુધી, નીમ પાળે ત્યાં સુધી જ. જ્ઞાનથી જે પદાર્થ જેવું છે એવું જાણવાથી ભગવાનની મોટાઈ જેવી છે એવી સમજે તો ઉપસનાથી નિર્લેપ રહેવાય. મનના અભિપ્રાય પ્રમાણે નિર્લેપપણું કહેવાય.

(અંત્યનું ૩૫) દેહનો આચાર ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ એણે યુક્ત સાધુ એનો સંગ જ ગમે ઈ દેહનો આચાર કહેવાય. ભગવાનની મોટયપ સામુ જોઈ તો કોઈની મોટાઈ નજરમાં ન આવે. વૈરાગ સામુ જોવો પણ વૈરાગ ન હોય તો અવૈરાગ્ય હોય. ધર્મ સામુ જોવો તો અધર્મ હોય. દેહ સામુ ન જોવો તો જ આત્મનિષ્ઠા ગણાય. મનનો અભિપ્રાય એક અંગ છે. ગમે એવા રમણીય પંચવિષય પ્રાપ્ત થાય તો પણ ન બંધાય. ઉતરતાથી અતિશય ઉતરતા થઈ જાય ઈ અભિપ્રાય આવ્યો. સ્વાભાવિક રીતે પંચવિષયનું ગ્રહણ કરતા હોય તો વાંધો નહીં પણ લગારેક સારપ્ય મનાઈ તો તત્કાળ મન ઉદાસ થઈ જાય છે. આ અભિપ્રાય છે. વિભાગ ન પડે તો સ્વાભાવિક કહેવાય. મહારાજ કહે કે અમને ઈંદ્રિયુંની ક્રિયાને વિષે આત્માનું

ક્ષણમાત્ર વિસ્મરણ થાતું નથી. તીવ્ર વેગ હોય તો ત્રણેય પ્રકારની સ્ત્રીમાં ભૂંડો ઘાટ થાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૩ ॥**

## ૬૭૪. મુકત, અક્ષર અને પુરુષોત્તમના લક્ષણનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૩ શનિવાર તા.૩-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, હેતમાં વિચાર જ હોતો નથી. જો વિચાર હોય તો હેત કહેવાતું નથી. ને મહિમા સમજીને હેત કરે ઈ તો જુદી જ રીતનું છે. મહિમાએ સહિત જાણવું એનું જ નામ દેખ્યું કહેવાય. પૃથ્વી ઉપર ભગવાન પધાર્યા એના ઐશ્વર્યથી અલૌકિકપણું થાય છે પણ એમાં અલૌકિકપણું નથી માનતો. પૃથ્વી ઉપર સ્વરૂપ છે એના ઐશ્વર્ય વિના સ્વભાવ દેખાતા જ નથી. કર્મ પરિપક્વ અવસ્થાને પામ્યા એનું નામ સ્વભાવ કહેવાય, પ્રકૃતિ કહેવાય. ફૂલ ને સુગંધ એમ એકરસ જીવ સંગાથે થઈ ગયા છે. મરણીયા થાવું જોઈ એટલે આ કામ, આ દેહે કરીને જ કર્યે છુટકો છે. ઉત્પત્તિકાળ, સ્થિતિકાળ અને પ્રલયકાળ ત્રણેય કાળમાં જ્ઞાને કરીને એકરૂપે છે. નહીંતર જન્મોત્સવ ન થઈ શકે. મોક્ષકાળમાં મુક્તરૂપે વરતે છે. અક્ષરરૂપે વરતે છે. પ્રકૃતિપુરુષરૂપે વરતે છે. ને સ્વયં પુરુષોત્તમ પણ હોય પણ એમાં સ્વભાવ મેલાય ઈ વસ્તુ જુદી છે. અક્ષરધામમાં છે એવા જ પ્રકૃતિપુરુષમાં હોય પણ એમાં મોક્ષની બુદ્ધિ જાગવી જોઈ તો અવગુણ ન આવે. "વૃંદાવન અને કાશી ચાર પ્રકારના પ્રલયમાં નાશ થઈ જાય છે પણ સંભારે ઈ મુક્ત થઈ જાય છે. આ વાત તો અમારો વિશ્વાસ હોય તો જ મનાય."

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૪ ॥**

## ૬૭૫. અલૌકિક દૃષ્ટિનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૪ રવિવાર તા.૪-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, અલૌકિક દૃષ્ટિવાળો જ ભગવાનના ભક્તનો મહિમા સમજી શકે છે, પણ પ્રાકૃત દૃષ્ટિવાળો મહિમા સમજી શકતો જ નથી. દેહમાંથી હેત ઓછું થાય તો જ અલૌકિક દૃષ્ટિ થાય છે. ભગવાન સજાતિય થાય તો સુખ થાય. સજાતિયમાં મોહ ઉત્પન્ન થાય છે. ને એમાં જો વિવેક હોય તો ભગવાન હાથ આવી જાય. ભગવાન મનુષ્ય થાય તો મનુષ્યની કઈ રીતે રક્ષા કરી શકે ? સજાતિય થાય તો હેત થાય, તો એના થકી સુખ થાય. તે ઉપર રામાનુજાનંદસ્વામીની વાત કરી. પશુ થકી પશુની રક્ષા કઈ રીતે થાય ? બાળકથી બાળકની રક્ષા કઈ રીતે થાય ? તેમ મનુષ્યરૂપથી મનુષ્યની રક્ષા કેમ થાય ? જ્યાં જેવો જીવ ત્યાં તેવા ભગવાન. દેવમાં દેહ ધારણ કરે ત્યારે દેવ જેવા થાય. જીવમાં જીવ હોય એવા થાય. શિવમાં શિવ જેવા થાય. મનુષ્યમાં મનુષ્ય જેવા થાય. સત્યયુગમાં સત્યુગ જેવા મનુષ્ય જેવા ભોગ ભોગવે. ત્રેતાયુગમાં ત્રેતાયુગના મનુષ્ય જેવા થાય. એટલી જ આવરદા હોય. ને દ્વાપર યુગમાં દેહ ધારણ કરે ત્યારે દ્વાપરયુગના મનુષ્ય જેવા જ ભગવાન થાય. સેલું કરી દીધું પણ એમાં મુદ્દલ સમજાય નહીં.

**સમજ્યા વિનાના સાંગડા, પીંજણ પબેડા ખાય,**

**સીચોડો ભરોડે ને રસ પરબારો કુંડીમાં જાય.**

એવું સમજ્યા વિનાનું છે. પશુમાં પશુ કેવી રીતે હેત કરે ? એમ મનુષ્યનું મનુષ્ય કેવી રીતે રૂડું કરે ? "સજાતિય વિના સુખ ન હોય. ભગવાન સજાતિય થાય તો જ મોક્ષ થાય. ભગવાન વિજાતિય થાય તો મોક્ષ ન થાય.

આવી રીતે વાતું કરવી ઈ કરોડ્યું ધ્યાન કરતા અધિક છે. બ્રહ્માંડ ભેદાય, દેહભાવ ઉડી જાય, પ્રકૃતિ-સ્વભાવ ઉડી જાય. આ લોકની સુખ સંપત્તિ ઉડી જાય. સજાતિય થાય એટલે મોહ ઉત્પન્ન થાય ને પછી વિવેક હોય તો જ મોક્ષ થાય. મોહ વિવેકમાં પ્રગટ ભગવાન છે.''

આ લોકમાં સ્વભાવ કામ આવી જાય તો કામ થઈ જાય. આપણા ગુણ અવગુણરૂપ છે. પણ ભગવાન મળે તો ગુણરૂપ થઈ જાય. ભગવાન ઈ ભગવાન છે. એમાં કાંઈ ભાગ ત્યાગ કરવા જેવું નથી. એના સ્વરૂપમાં અનંત શક્તિ છે. પણ આ લોકમાં આ લોકની જેમ જ વરતે. તે ઉપર મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીની વાત કરી.

``આ લોકમાંથી પરલોક મળી જાય ઈ કેવડી વાત છે ! આ લોકમાંથી સોંસરવો નીકળે તોય પાંચ જનમ ધરવા પડે એવો આ લોક છે. ન્યાંથી અક્ષરધામમાં જવાય છે. મૃત્યુલોક છે ન્યાંથી પરલોક મળે ઈ કેવડી પ્રાપ્તિ છે ! ઈશ્વરનો લોક છે, દેવલોક છે ન્યાંથી અક્ષરધામમાં જવાતું નથી.''

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૫ ॥**

## ૬૭૬. વિવેકનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૫ સોમવાર તા.૫-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, નેત્રે જોયા તે જોયા જ કહેવાય. પણ વિચારથી જોવે તો ઠીક. ને આનંદથી જોવે તો અલૌકિક કહેવાય.ઈંદ્રિયું છે એને બ્રહ્માંડ સંગાથે એકતા છે. જીભડીને વાણી અને ચાખવા સંગાથે સંબંધ છે પણ સુખદાઈ કે દુઃખદાઈ છે ઈ જાણપણું હોય તો. આમ ન બોલાય, આમ ન ખવાય, આપણે આવો વિચાર ન કરાય. ઝાઝી મેનત પડે પછી કોઈ કહે તો બરાબર છે. હથેળીમાં પાણી છે ઈ સારૂં ન લાગે. કૂવામાંથી

કાઢીને પાણી સારૂં લાગે છે. એવા જીવ છે. ઈંદ્રિયુંની વૃત્તિને બ્રહ્માંડ સંગાથે એકતા છે. નાસિકાને સૂર્ય ચંદ્ર સાથે એકતા છે. બાર આંગળ હોય તો સૂર્ય કહેવાય. સોળ આંગળ હોય તો ચંદ્ર કહેવાય. પછી દોડો, બોલો, સુંઘો, સાંભળો ત્યારે એથી પણ જુદું કહેવાય. બ્રહ્મરંધ્રે શિશુમાર ચક્રથી જવાય છે. પ્રત્યક્ષ ભગવાન મળે તે'દિ અક્ષરધામમાં જવાય નહિતર ન જવાય. નવલખા પર્વત ઉપર નવલાખ હતા પણ કોઈને પુરુષોત્તમ સંગાથે એકતા નો'તી. ભગવાનનો પરબારો આશરો કરે એના કરતા ભજતા હોય એનો આશરો કરો તો એવું થઈ જાય. આપણે પરલોકના માણસને ખપ લાગીએ છીએ કે આ લોકના માણસને ખપ લાગીએ છીએ ? ઠાકોરજીને ધરીને ખાય તો પરલોકનું ખાધું કહેવાય. ને ધર્યા વિના ખાય તો આ લોકનું ખાધું છે. ભગવાનની વાતને સમજો તો કામક્રોધાદિક દોષ જીત્યામાં પ્રયાસ થાશે નહિ. ને ભગવાનના જન્મ ને કર્મને અલૌકિક જાણો તો ભગવાનની પેઠે પંચવિષયમાં પ્રીતિ રહેશે નહિ. ભગવાન મનુષ્ય જેવા જણાતા હોય તોપણ કૈવલ્ય મૂર્તિ છે. ભગવાન જે જગ્યામાં બિરાજતા હોય તે જગ્યા નિર્ગુણ, તેના વસ્ત્ર, અલંકાર, પરિચર્યાના કરનારા સેવક બધુંય નિર્ગુણ છે. ન કરવાનું કરે એનું નામ પ્રમાદ કહેવાય છે. ને કરકે નજર છે એનું નામ મોહ કહેવાય. સત્ય અસત્યનું જ્ઞાન થાય ત્યારે પ્રમાદ ટળે છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૬ ॥**

## ૬૭૭. મનુષ્યના અને મુકતના તફાવતનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૬ મંગળવાર તા.૬-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે, ગુરુકુલમાં સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે, "અક્ષરધામના માણસ તરત રાજી થાતા નથી. બહુ દાખડે રાજી થાય છે ને આલોકના માણસ

થોડાકમાં રાજી થઈ જાય. મોટા મોટા સાધુ અને મોટા મોટા હરિભક્તો આભને ટેકી દ્યે એવા હતા. ભગવાનના દિવ્ય ચરિત્રમાં મોહ પામ્યો તો અસુર અને ભગવાનના મનુષ્ય ચરિત્રમાં મોહ થાય તો ભક્ત કહેવાય. એનું નામ દૈવી જીવ કહેવાય. ઈ જ પંચવિષયથી મુક્ત કહેવાય.'' મળે ને મુકી દેવું ઈ બહુ કઠણ છે. કાંઈ ન જોઈ એને ક્રિયા કરવી બહુ કઠણ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૭ ॥**

## ૬૭૮. પ્રત્યક્ષ સ્વરુપનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૭ બુધવાર તા.૭-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુલના સભા મંડપમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, જેમ રેતી પૃથ્વીથી નોખી પડી જાય છે. એમ પંચવિષયથી નોખું થઈ જાવું. એક બાજુ આત્મા છે. એક બાજુ માયાનું ટોળું છે. વચ્ચે જ્ઞાન સ્વરૂપી વિચાર છે. ઈ જેટલો બળવાન થાય એટલું ભગવાનની નજીક થવાય. એનાથી જ આ આવો છે ને આ દગો દ્યે એવો છે. ચિત્તને ને મહતત્ત્વને અભેદ છે. અંતઃકરણને ને ક્ષેત્રજ્ઞને સામીપ્યપણું છે. ક્ષેત્રજ્ઞને ભગવાનની સાથે સંબંધ છે. જીવમાં વિશેષ જ્ઞાન છે ને બુદ્ધિમાં જાણપણું વિશેષ છે. ઈ બધાયને જાણે પછી ચિંતવન કરે. કુતરાઓમાં કુતરા છે એમાં બધાયમાં ચોંટે ઈ ચિત્ત છે. ભલું ભુંડુ બધુંય ચિંતવે એને વાસુદેવ સંગાથે એકતા છે પણ કાંઈ કામ થાતું નથી. મન દશ ઈંદ્રિયુનો વડો છે. જીવ કહે કે ન કહે પહોંચી જાય. મન પૂછ્યા વિના કામ કરી લ્યે. નિજમનને પાછું પાડી દ્યે છે. બુદ્ધિ ખજાનો ભરી રાખે છે. કોઈ વસ્તુનો ત્યાગ ન કરે, એવો બુદ્ધિનો સ્વભાવ છે. જીવનો સ્વભાવ કેવો છે ? ચોંટવાનો સ્વભાવ છે. આજ તો માયાનું રૂપ કહીએ છીએ. સત્ત્વ, રજ ને તમ ત્રણ ગુણમય માયા છે. સત્પુરુષને સંગે કરીને પરમેશ્વરનું સ્વરૂપ

ઓળખ્યામાં આવે ઈ સ્વરૂપનું ધ્યાન કરે ને એનું વચન હૃદયમાં ધારે તો કારણ શરીર રોકાઈ જાય. આ લોક બહુ તકલીફવાળો છે. ફજેત જેવો છે. છતાંય આંયથી અક્ષરધામમાં જવાય છે. સ્વર્ગલોક શાંત છે. સત્વગુણ છે પણ આ લોકમાં જ છે. દેવ તો આ લોકમાં સલવાણા છે. આ લોકનું જ જાણપણું છે. પણ પરમાત્મા ન બતાવે. ચિત્ર પ્રતિમાને બતાવનારા એકાંતિક છે પણ એને ઓળખતો નથી.

**"પૃથ્વીનાથને પૂંઠ દીધી ને ચિત્રામણમાં ચિત્ત ચોંટયું."**

આ સાર સિદ્ધિની વાત છે. પોતાને ભગવાનનું સ્વરૂપ મળ્યું, એનું સ્વરૂપ ને એનું ધ્યાન તેણે કરીને કારણ શરીર અજ્ઞાન નાશ થઈ જાય છે. સત્ત્વ, રજ, તમ ત્રણ જીવની માયા છે. વૈરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત ઈ ઈશ્વરની માયા છે. એને અળગી કરવી હોય તો પોતાને સાક્ષાત્ મળ્યું ભગવાનનું સ્વરૂપ એમાં પ્રીતિ વજસાર જેવી થાવી જોઈ. એને હાથ જોડવા, એના દર્શન કરવા, એના ગુણ સાંભળવા, એને શરણે થાવું. આંધળો પણ પૃથ્વીને આંટી દ્યે, એમ એનું જ નિશાન થાવું જોઈ. પછી ઈ પ્રશ્ન પલટાવીને પૂછે છે. સત્ત્વગુણથી દેવલોકમાં જાય, રજોગુણથી મધ્યલોકમાં આવે છે. તો આ શી રીતે અધિક છે ? જાગ્રત અવસ્થા છે. સત્ત્વગુણમાં યથાર્થ જ્ઞાન છે. ઈ પાકું નથી થાતું ને સ્વપ્ન અવસ્થામાં અયથાર્થ જ્ઞાન છે ઈ પાકુ થાય છે. એનું શું કારણ છે ? તો અંતઃકરણ ને ક્ષેત્રજ્ઞને સામીપ્યપણું છે. જે સંતે ભગવાનનું સ્વરૂપ ઓળખાવ્યું એનો વિશ્વાસ કહ્યો છે. બીજા લાખુ હોય તોપણ એનો વિશ્વાસ ન થાવો જોઈ. ગમે એવો હોય તોપણ મારા નાથને બતાવનારો છે. મારી વાત મારા નાથને પુગાડનારો છે. એનો વિશ્વાસ વજપાશ જેવો જોઈ. મારીને કાઢી મૂક્યો હોય, ને રોતો હોય તે સમે કોઈ એકલમડ જેવો વિમુખ ભગવાનનો ને સંતનો અવગુણ કહે ત્યારે હેત બતાવે કે ઈ તો મારા કલ્યાણના કર્તા છે.

**સબ ગિરિ દાહ લગાઈએ, પણ રવિ બીન રાત ન જાય.**

એવો એનો વિશ્વાસ આવવો જોઈ. તે મેં દીઠ્યું. સત્ત્વગુણ છે વિવેક છે. ઓમાં રજોગુણ છે. સ્વપ્ન અવસ્થા છે, ને તૈજસાભિમાની જીવ છે, છતાંય સાંભળ્યું ઈ નક્કી થઈ જાય છે. તૈજસાભિમાની જીવ ઠા વિનાનો છે. એને કાંઈ જ્ઞાન નથી. આ જીવને સંગ જ નબળાનો છે. એના પાગીયા(મિત્ર) જ નબળા છે. ઈંદ્રિયું પણ એવા જ થઈ જાય. અંતઃકરણ પણ એવા જ છે. પરમાત્મા દેખે છે પણ રોકતા નથી ઈ દુઃખ છે. મનુષ્ય દેહરૂપી ઝાડ એક જ છે ને પક્ષી બે છે. એક ભોગવે છે એક જુએ છે. મનુષ્ય દેહે કરીને જ ત્રીસ લક્ષણ પળાય છે પણ પશુના દેહથી ત્રીસ લક્ષણ પળાતા નથી.

બપોર પછી વાત કરી જે, "હરખ શોક ન હોય ઈ મનુષ્ય સ્વરૂપમાં દિવ્યપણું છે. ત્રણ કાળમાં દૃષ્ટિ પુગતી હોય તોપણ એને કાંઈ હરખ શોક ન હોય. કોઈ ઠેકાણે વર કે શાપ દ્યે ને ન પણ દ્યે. કોઈ ઠેકાણે સ્વતંત્ર વર્તે. શાસ્ત્રમાં આવી વાત હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય ત્યારે એના મુખ થકી આ વાત સમજાય છે." ક્યારેક શાપ પણ આપે. તે ઉપર દાદુ ભગતની વાત કરી. દુઃખી હોય તોપણ સુખિયા બતાવે. જીત્યા હોય તોપણ હાર્યા બતાવે ઈ જ મનુષ્ય સ્વરૂપમાં દિવ્યપણું છે. હું દેહથી ન્યારો છું, એવું સ્વપ્નું પણ આવતું નથી. સ્થૂળમાં સૂક્ષ્મ છે ને સૂક્ષ્મમાં સ્થૂળ છે. ઈ નોખું પડી જાય એટલે નોખો થઈ ગયો. ત્રણ દેહથી નોખો ઈ વ્યતિરેક કહેવાય. એમાં વ્યાપક હોય તો અન્વય કહેવાય. કોઈક દિવસ સ્વપ્નું આવતું હોય તોય સારૂં. દેવલોક સ્વપ્નમાં આવે તોય યાદ રહી જાય. દેવલોક દેવનું તખત છે. બ્રહ્મલોક બ્રહ્માનું તખત છે. અક્ષરધામમાં આંયથી જવાય છે. ઈન્દ્રના લોકથી, બ્રહ્માના લોકથી, વૈરાટના લોકથી અક્ષરધામમાં જવાતું નથી પણ આંયથી જ જવાય છે. જીવની માયા જીવ થકી કોઈ રીતે નોખી થાતી નથી. ઈશ્વરની માયા પણ ઈશ્વરથી નોખી થાતી નથી.

પછી સાંજે મોટરમાં બેસીને સંત-હરિભક્તો સહિત ગામ પીપલાણે પધાર્યા. સંધ્યા આરતી પછી સ્વામીએ વાત કરી જે, બેના મન એક થયા ઈ

મોહ. પછી જો વિવેક ઊભો થાય તો જ ભગવાનનું સ્વરૂપ કહેવાય ને આનંદ વરતે તો ભગવાનનું સ્વરૂપ કહેવાય. સુખ છે ઈ વિષયનું છે. વિષયનું સુખ ન્યુન હોય, અધિક હોય, હાનિ હોય, વૃદ્ધિ હોય. ભગવાનના સુખમાં આનંદ આનંદ છે. દુઃખમાં આનંદ વરતે ને ઓલ્યાને દુઃખમાં સુખ ન વરતે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૭૮ ॥**

## ૬૭૯. નિશ્ચયનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૮ ગુરુવાર તા.૮-૫-૧૯૮૦ ને દિવસ ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. ને સંતોની તથા પીપલાણા ગામના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ગોંવિદપ્રકાશસ્વામી "પ્રાતઃ ભયો પ્રાણ પ્યારે જાગો ગીરધારી" તે મુક્તાનંદસ્વામીનું પ્રભાતિ બોલ્યા.

પછી સ્વામીએ વાત કરી જે, ભગવાનની શોભા વર્ણવામાં ન આવે. એની શોભાથી જગતનું સુખ ભાગી જાય. જગતનું સુખ નાશ થઈ જાય, એવું ભગવાનનું સ્વરૂપ છે. પામર, પતિત, અધમ છે ઈ અલૌકિક શક્તિ ભોગવી કેમ શકે ? ભગવાન અલૌકિક શક્તિ આપણને આપી દેશે. પણ જોડા હોય ન્યાં બેસી જાય એવો આ જીવ છે. આપણે કોણ છીએ ? આપણને કોણ ચાહે છે ? આપણે સ્વામિનારાયણને ચાહીએ છીએ.

**મરને બારે મેઘ આવી જુમે, તોય ન ભીંજે મેરો રૂમે.**

આ લોકમાં સવાર સાંજ થયા કરે. એમાં ધીરજ રાખવી. આપણે તો અગમ છીએ પણ સુગમ થાવા ગયા ઈ દુઃખ છે. ભગવાન આલોકમાં સુગમ થયા એટલે બધાયનો ઉપહાસ સહન કરવો પડે. એને કોણ પામી શકે ? એને કોણ પાછા પાડી શકે ? એને કોઈની બીક નથી. એને તો એક ભગવાનના લાડીલા પામી શકે. ભગવાનનો સ્વભાવ, ભગવાનના ભક્તનો સ્વભાવ કેમ ગમશે ! કલકત્તામાં રહેતા હશે એવા ભક્તને શી રીતે ઓળખી

શકાય ? કાંઈ જોતું નથી છતાંય જગતનો ઉપહાસ સહન કરે છે એટલે મોટા છે. માટે સામુ જોઈ રહ્યા છીએ. ઈ આપણા સામું જોઈ રહ્યા છે. ઈ આપણા દુઃખમાં ભાગ લ્યે ને આપણે એના દુઃખમાં ભાગ લેવો. આ જગતનું સુખ ભક્ત માટે ભગવાને બનાવ્યું છે.

તે જ દિવસે બપોર પછી સાધુની ધર્મશાળામાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને પછી નાના સંતો

**જનમ સુધાર્યો રે હો મારો** કીર્તન બોલ્યા પછી સ્વામીએ વાત કરી જે, આ કીર્તન બનાવવામાં મુક્તાનંદસ્વામીને કેટલો હરખ ઊભરાય ગયો હશે ! કઢી ઉભરાય જાય ને દુધપાક ઊભરાય જાય એમ એને હરખ ઊભરાય ગયો હશે.

**મેણું મુને નંદના નંદનનું દેશે, ઘેર ઘેર લોકડા રે હો કહે છે.**

ને મેણું મારે ત્યારે જ આપણું કલ્યાણ થાય. આ આનો છે એમ મેણું મારે તો થાય.'' સુપાત્રનો સંગ થાય તો અંતઃકરણ સારૂં છે ને કુપાત્રનો સંગ થાય તો અંતઃકરણ મલિન થાય. પણ સ્વામિનારાયણે તો પોતા પાસે બેસવાનું કહ્યું નથી, ઈ તો વિચાર કરો. પોતે જ ભગવાન છે, તો પણ સુપાત્રનો સંગ કરવાનું કહ્યું છે. તે ઉપર મુક્તાનંદસ્વામીનું જીવન વૃત્તાંત વિસ્તારથી કહ્યું.

**"આનંદ ઉરમાં રે હો ભારી, લાજ ન મનમાં રે હો આણું"**

આનંદનો ફુવારો વછુટે ત્યારે બંધ બેસે. આનંદમાં કાંઈ આડું ન આવે. કોઈ વસ્તુ ન દીઠી હોય ઈ મળે તો કેટલો આનંદ થાય !! રૂપિયા ન હોય ને મળે તો કેટલો આનંદ થાય ! રૂપિયો રૂપિયો થઈ જાય ! ભા....રે...આનંદ આવી ગયો મુક્તાનંદસ્વામીને ! ભોંફીંડુ હોય તો ફેણ ન ચડાવે પણ કાળોતરો હોય તો ફેણ ચડાવે. હરખઘેલા થાવું જોઈ ! હરખના આંસુ પડવા જોઈ ! કુશળકુંવરબાઈને હરખના આંસુ આવ્યા હતા.

તે એમ બોલ્યા કે, અત્યાર સુધીના વરસ તો મારા પાણીમાં ગયા. એમ મહારાજ મળ્યા પછી કહ્યું. હરખઘેલા થાવું બહુ મુશ્કેલ છે. સુપાત્રની આગળ હરખઘેલા થાવું પણ કુપાત્રની આગળ હરખઘેલા ન થાવું. મારે તો બધાય ભાયડા સરખા એમ કહે તો પતિવ્રતા હોય તો પણ વેશ્યા સરખી ભુંડી જાણવી. ત્રણ દિવસમાં ત્રણ જનમની ખોટ્ય ટાળી નાખવી. આ જીવ તંતીમાં સલવાણો હોય. આ છોકરા મારા, આ ઘર મારૂં, આ વાડી મારી, એવી આલોકમાં તંતી છે.

એટલી વાત કરીને પછી સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે, દુઃખ પડે ત્યારે ભેળા થઈ જાવું. નહિતર તો ભેળું રહેવાય કે ન રહેવાય. દેન દેવા જાવ ત્યારે ભેળા થઈ જાવ છો. નિર્ગુણ થાવામાં મેનત એટલી, કે જે વસ્તુ જેવી છે એવી જાણો એટલે નિર્ગુણ થઈ ગયા. નિર્ગુણ વસ્તુને જાણો એટલે નિર્ગુણ થઈ જાવ. અસાધારણ ભક્તિમાં નિશ્ચય આવી જાય છે. આ મળ્યા ઈ જ નિશ્ચે ભગવાન છે. કાળ, કર્મ ને સ્વભાવને કર્તા સમજે નહીં. એક ભગવાનને જ કર્તા સમજે. ચૌદ લક્ષણ હોય ઈ અસાધારણ પ્રીતિનું લક્ષણ છે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૭૯ ॥**

## ૬૮૦. ખપનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૯ શુક્રવાર તા.૯-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ગોંવિદપ્રકાશસ્વામી **"શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ પ્યારી રે"** તે પ્રેમાનંદસ્વામી કૃત પ્રભાતિ બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે, એકાંતિકના વચનમાં વિશ્વાસ લાવીને ભગવાનના ચરણકમળને ભજે તો એની માયિક દૃષ્ટિ મટે. સ્વરૂપાનંદસ્વામીની દષ્ટીથી હડખેડમાં ઢેફા એટલી મૂર્તિ દેખાય. ને સચ્ચિદાનંદસ્વામીની દૃષ્ટિથી અખંડ હેત છે.

તે જ દિવસે બપોર પછી સાધુની ધર્મશાળામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે, ધાર્યુ ધણીનું થાય છે.

**મન જાણે મેં કરૂં, કરતલ બીજા કોઈ,**

**આદર્યા અધુરા રહે, હરિ કરે સો હોય**

રાવણને એમ હતું કે મારી સભામાં ગઢપણ ન આવે. તોપણ આવ્યું. આ લોકમાં સુખ ને દુઃખ બેય છે. સુખથી ફૂલાઈ ન જાવું ને દુઃખથી કરમાઈ ન જાવું.

પછી સભા મંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી સ્વામીએ વાત કરી જે, તમે આટલા બધા બેઠા છો પણ એકને ભગવાન દેખાય, બીજાને ન દેખાય ઈ ભગવાનનું નિર્ગુણપણું છે. એને જાણવા દેવું હોય એને જ જાણવા દ્યે. બળિરાજાને વિરાટ સ્વરૂપ દેખાણું ને બીજાને વામનજી દેખાણા. એવું નિર્ગુણ સ્વરૂપ છે. **"દુનિયામાં ડાયો ડાપણમાં દુઃખ પામે."** અત્યારે દુનિયામાં ડાયો હોય ઈ ભગવાનને શું જાણે ? અક્ષરધામમાં જાવું હોય તો બધાયનો સાથ મૂકી દેજો. છોકરા, છોકરીયું,બાયડીયું, સગા, વહાલા ઈ બધાય વંકનાળ છે. ભજન કરવામાં, મંદિરે જાવામાં, કથાવાર્તા કરવામાં આડા આવે છે. તમારા ગુના બક્ષીસ કરી દીધા છે કે નહીં ? જેને આપણા ભગવાનમાં હેત ન હોય એને આપણા ભગવાનની વાત ન કરવી. આ વાત શિક્ષાપત્રીમાં લખી છે. આસુરી સંપદાએ યુક્ત હોય એને શિક્ષાપત્રી ન આપવી. પણ દૈવી સંપદાએ યુક્ત હોય એને આપવી. ભગવાનના ચરિત્રમાં સંશય થાય ઈ આસુરી ને ભગવાનના ચરિત્રમાં સંશય ન થાય ઈ દૈવી કહેવાય. સવજી મહારાજના જેવો નિશ્ચય કરી લેવો. ત્યાગી થયા ને અમારું કલ્યાણ ખોટું થઈ જાય તો તમારૂં શું થાય ? પોતાનો મોક્ષ કરતા હોય એવાનો તો વિશ્વાસ કરવો જોઈ. મોક્ષરૂપી દાન દેવામાં વેરો ન કર્યો. પણ એને જાણવા જોઈ. ખપ હોય એને મોક્ષ આપ્યો છે. ખપ ન હોય એને

મોક્ષ આપ્યો નથી. ભગવાનનો ખપ થાવો જોઈ. આ દુનિયામાં નિર્ધન હોય ઈ ઓશીયાળો કહેવાય. આપણે તો ધનવાન છીએ તો ઓશીયાળા શા માટે થાવું ? મહા મોટો માલ મળ્યો છે.

**ખરચ્યું ન ખૂટે એને ચોર ન લુંટે, દામની પેઠે ગાંઠ્યે બાંધ્યું ન છુટે**

નિરભે અખૂટ નાણું છે. આ લોકમાં સ્વામિનારાયણિયો હોય ઈ સૌથી ચડિયાતો હોય એમ કળશ ચડાવ્યો છે. સ્વામિનારાયણીયાની આબરૂ સૌથી દોઢી હોય. એમ માણસ ઉપર કળશ ચડાવ્યો છે. અમરા ભગતની જેમ થાય તો આનંદ આનંદ કહેવાય. કથા-વાર્તા કરતા હોય, માનસીપૂજા કરતા હોય, ત્યારે આડું ન આવે. માયા તો ઉપરામ કહેવાય. રમણીય પંચવિષય ભોગવ્યા હોય તેની પાછી સ્મૃતિ ન થાય ઈ ઉપશમ છે. બાધિતાનુંવૃત્તિ છે ઈ જ મોટું પાપ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૮૦ ॥**

## ૬૮૧. પૂર્વના ભકતનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૧૦ શનિવાર તા.૧૦-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે પ્રાતઃકાળે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી નાના સંતો ચોસઠપદી બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા ક્યાંથી ઉત્પન્ન થાય ? જુગની ઉત્પત્તિ કયાંથી ? ગુણમાંથી ? ગુણની અવસ્થામાંથી ? અવસ્થામાંથી કર્મની ઉત્પત્તિ છે. આવી વાત શાસ્ત્રમાં તો હોય પણ સત્પુરુષ પ્રગટ થાય ત્યારે એના મુખ થકી સમજાય છે. સ્વપ્ન અવસ્થામાં નિર્લેપ રેવું હોય તો શી રીતે નિર્લેપ રહેવાય ? ઓગણસાંઠમાં કહ્યો એવો પૂર્વનો હોય તો થાય. દર્શન થયા હોય ઈ પાછા વિસરે નહીં. આપણે પૂર્વના છઈ કે આ જન્મના છઈ ? પૂર્વના હોય એને ભગવાન કે ભક્તમાંથી હેત મટે નહીં ને નિશ્ચયમાંથી પણ ડગમગાટ થાય

નહીં, એને પૂર્વના કહેવાય. હેમરાજશાહ પ્રસાદમાં ન લેવાણા. તે વાત વિસ્તારથી કરી, ઠગવાનો ઉપાય જાણી ગયા. પૂર્વનો ભક્ત હોય ઈ આ જન્મનો ને આગલ્યા જન્મનો ભક્ત ઓળખી કાઢે. આને દેહ પૂરતો સત્સંગ છે ને આને જીવમાં છે. કેટલાકને સ્વારથ પૂરતો હોય. જીવમાં હોય ઈ કોઈ'દિ આળસે નહીં. ફુહડ જેવી ડોસી હોય તોપણ જીવમાંથી નીકળતી નથી. એવું પૂર્વનું હેત છે. એકતા તો ભગવાન હારે ને ભક્ત હારે કરવી. જીવમાં હેત કરવું. બીજા હારે વેવારે હેત કરવું. પ્રયોજન પુરતું જ હેત કરવું. ઈ પરલોકમાં નહીં હાલે ને જીવમાં હેત હોય ઈ પરલોકમાં હાલે છે. જીવમાં ભગવાન ઉતરી ગયા હોય ઈ હેત પરલોકમાં હારે હાલે છે. પૂર્વે જેને ભગવાન કે સંતનું દર્શન થયું હોય એને આ જન્મમાં મટે જ નહીં. દોષ તો કદાચિત્ રહે પણ નિશ્ચય કહેવાય. તૈજસાભિમાનમાં દોષ ઉતરે તો સૂક્ષ્મદેહનું અભિમાન છે. જાગ્રત અવસ્થાનું અભિમાન ઈ વિશ્વાભિમાની છે. રાગ આળસી જાય તો પ્રાજ્ઞાભિમાનીને ઠોકર મારી દ્યે. રાગ હશે તો ઝાડવું થાશે. કાર્ય નાનું હોય ને કારણ મોટું થાય. કારણ મોટું છે. રાગ છે ઈ નડવાનો છે. આસક્તિ ન હોય તો એનું અતિ ભુંડુ ન થાય. વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ સુષુપ્તિ અવસ્થાનું અભિમાન કોઈ પ્રકારનું ભાન નથી. જોવાનું, ખાવાનું, સુવાનું ભાન નથી તો અવસ્થાનું શી રીતે ભાન રહે ! રાગ આળસી જાય તો ભાન નથી. રાગ હોય તો ભાન છે. ડોલા ખાય ડગડગે, હરણ ખાય બગબગે. સવારે ઊઠીને જોવે તો એક એક છોડ ફગફગે. જીવમાંથી રાગ ટાળવો હોય. જન્મ મૃત્યુ રાગ છે. રાગ ટળે એટલે જન્મ મૃત્યુને મેખ મારી દીધી. રાગ હશે તો જન્મ લેવો પડશે. ગધેડાને બાપ કરવો પડશે. રજોગુણ છે એમાં તૈજસાભિમાની છે. એમાં નિષ્ઠા થાય, મહિમા થાય તો જ જન્મ મરણનું ખાતું ખોટું થાય. એની દઢતા તો જેવી દામોદરને હતી, એવી હોય તો પૂર્વનો કહેવાય. ભગવાન અને ભગવાનના ભક્ત ઘરે આવે તો બહુ ભાગ્યવાળા થઈ ગયા. સૂક્ષ્મ દેહના નિશ્ચયની વાત કરે છે. હવે

જાગ્રત દેહની વાત કરે છે. સ્થૂળદેહ, સત્ત્વગુણ, વિશ્વાભિમાની જીવ છે. યથાર્થ ભોગ છે તોપણ જન્મમરણ ન ગયું. પ્રારબ્ધકર્મને અનુસારે ભોગવે છે તોપણ વિષયની આસક્તિ છે. યથાર્થ જાણતો થકો ભોગ ભોગવે તો જાગ્રત અવસ્થા છે, એને ઠોકર મારવા જાણપણું જોશે. એવી સ્થિતિમાં નારદજી નો'તા વરતતા તો પરણવાનું મન થયું. ઈન્દ્ર ચંદ્રાદિકને કલંક લાગ્યા. દેહના ભોગમાં ઈન્દ્રિયું, અંતઃકરણ પ્રવર્ત્યા હોય ત્યારે વૃત્તિના બે ભાગ કરવા. એટલી વાત કરીને શણગાર આરતીના દર્શન કરવા પધાર્યા.

પછી ઠાકોરજીના દર્શન કરીને સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ગોંવિદપ્રકાશસ્વામી **"પ્રભાતે ઊઠીને પ્રાણી."** તે બ્રહ્માનંદસ્વામી કૃત પ્રભાતિ બોલ્યા. પુરુષોત્તમ પ્રકાશ સાંભળીને પછી સ્વામીએ વાત કરી જે, ઓ...હો...હો...હો !!! બહુ મોટો લાભ થયો. તમારા ને મારા જે મળેલ તેને જાણે થાશે બહુ સહેલ.

**નથી જોવી જીવની કરણી રે, રીત આ વારની દોષ હરણી રે.**

અમે અંતર્યામિ સ્વરૂપની વાત કરી પણ આમાં તો અંતર્યામિ કયાંય ઊભો રહી શકે એમ નથી. અમે સવારે વાત કરી એમાં અંતર્યામિ સ્વરૂપની વાત કરી. ચોવીશ તત્ત્વનો અભિમાની અંતર્યામિ પરમાત્મા છે. વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ ત્રણ જીવના નામ છે. ત્રણ ઠેકાણે રહે છે. જેવો જોગ આવ્યો છે. એવો જોગ સમજાય જાય તો કામ થઈ જાય. તમે જાતે જ કામ કરો તો ખરા કહેવાય. પણ નફરકા રહીને કામ ન કરવું. બીજાની પરવા રાખીને કામ કરવું. ભગવાન પુરુષોત્તમની વાત કરતા હોઈ ત્યારે દિવાના થઈ જવાય. પણ પાછું વળી જોવું પડે, બીજાના સમાસ માટે. સામા બેઠાતા ઈ બેઠા હોય તો વાંધો નહીં પણ આ કોણ છે એમ પાછું વાળી જોવું પડે. કીડી મકોડીને એની માથે લાડવો મુકો તો મરી જાય. જેમ છે એમ વાત કરો તો એનું મોત આવી જાય. ન ખૂટે એનું નામ સંતોષ કહેવાય. ખૂટી જાય એનું

નામ અસંતોષ કહેવાય. આપણે આ લોકમાં હોઈ તો માયા નડે પણ અક્ષરધામમાં હોઈ તો માયા ન નડે.

પછી ચંદુભાઈ સંગીતકાર **"હરિ ભજતા સૌ મોટયપ પામે."** તે મુક્તાનંદસ્વામીનું કીર્તન બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે, **"બાગ બગીચે પ્રેમ ન નીપજે, હાટે પ્રેમ ન વેચાય.સોળકળા શશી ઉગહી તારાગણ સમુદાય."** દ્રવ્યનો ઢગલો હોય પણ અસંતોષીને પુરું ન થાય, તે સંતોષીને મગની ફાડ્ય જેટલું હોય તોપણ પુરૂં થઈ જાય. ભગવાન સન્મુખ કોણ છે ને કોણ નથી ? નિઃસ્પૃહી વર્તમાન કેવડું છે ! એમાં કાળની ગતિ ન થાય. સંકલ્પ કર્યા વિના મળે તો નિઃસ્પૃહી વર્તમાન કહેવાય. ભગવાન મળ્યા ને આવો સત્સંગ મળ્યો છે. ને કંગાલ ને રાંક રહેશું ? ઓ..હો...હો ! ધિક્કાર છે. એની જનેતાને પણ ધિક્કાર છે કે નવ મહિના એનો ભાર ઉપાડ્યો. માટે આત્યંતિક કલ્યાણને પામ્યા છીએ. સત્સંગની ભર જુવાની છે. આજ જે સંકલ્પ કરો ઈ સિદ્ધ થાય એવો સત્સંગ છે. આપણને મળે છે એના કરતા બીજાને ચારગણું મળે તોપણ વાસના ટળતી નથી એટલે વાસના બહુ જબરી છે એમ જણાય છે.

પછી તેજ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, આલોકનું સુખ હાથમાં રેતું નથી ને પરલોકનું સુખ જોતું નથી એવું દુઃખ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૮૧ ॥**

## ૬૮૨. ભગવાનના સ્વરુપનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૧૧ એકાદશી રવિવાર તા.૧૧-૫-૧૯૮૦ ને પાટોત્સવને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં વિરાજમાન થયા હતા ને હજારેક હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, મોહ વિવેકમાં પ્રગટ છે. ઈ જાણજ્યો. વિવેકરૂપે પ્રગટ છે. મોહમાં વિવેક ન હોય, એમાં વિવેક હોય તો ભગવાનનું

સ્વરૂપ છે. બેના મત એક થાય એટલે મોહ ઉત્પન્ન થાય. એમાં વિવેક આવે. સેવક થઈ જાય તો વિશિષ્ટાદ્વૈતમત કહેવાય. વિવેકી ભગવાનનું સ્વરૂપ છે. આલોકમાં જેટલી મંડી છે, જેટલા માણસ છે એમાં મુકી દીધું તોપણ ભગવાનનું સ્વરૂપ જુદું છે. વિવેક દશમો નિધિ છે. વિવેક હોય તો કલકત્તા સુધી ભાતું ન લેવું પડે, તો વિવેકરૂપી ભગવાનની મૂર્તિ છે ઈ ભેળી આવી. ગોપાળાનંદસ્વામીએ બહુ ઐશ્વર્ય જણાવ્યું પણ એમ કહેતા કે આપણામાં કાંઈ નથી. આપણું પણ એમ જ છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, દેશકાળે ભેગું રહેવાય કે ન રહેવાય પણ ઠેઠ અક્ષરધામમાં ભેળું રહેવાય એવા સ્વભાવ કરવા. ભગવાન સ્વતંત્ર છે. સુખરૂપ છે. ભક્તવત્સલ છે. માયિક દેહમાં સંતોષ થાવો કેવી વાત છે ? ઓ...હો..હો..હો ! આપણને મળ્યા, સાક્ષાત્ મળ્યા. કોઈ'દિ ખીચો ભરાય નહીં ને આજ ભરાઈ ગયો. એના સન્મુખ વૃત્તિ રહે એટલે પામી ગયા ને વિરોધ થાય તો મોત થઈ જાય. બધુંય થાય પણ સત્સંગી ન થવાય. આપણે સ્વામિનારાયણના થયા એટલે સ્વામિનારાયણ તરીકે બધાય પૂછવા આવે છે. નહિતર આપણે કઈ વાડીનો મૂળો ? સ્વામિનારાયણે દાખડો કેટલો કર્યો છે ! વિચાર તો કરો ! દેવને બેસારીને હાલતા ચાલતા સેવા કરી ગયા. પહેલા અમને એમ હતું કે આંખ્ય ઉઘાડીએ તો તમારી વાત સમજાય ને હવે આંખ્ય વિંચીએ તો તમારી વાત સમજાય. આપણે એટલા બધા મૂરખ છીએ કે આંયનું જ માનીએ છીએ. એક સંકલ્પ ભગવાન પૂરો કરે તો બીજા દસ સંકલ્પ કરે. દસ સંકલ્પ પૂરા કરે તો બીજા પચીસ સંકલ્પ કરે.

પુરુષોત્તમ પ્રકાશ સાંભળીને વાત કરી જે, એના શબ્દ એવા છે કે બ્રહ્માંડ ભેદાય એવા નથી પણ ભેદાય જાય. તેમ આ ભગવાનના એક ભક્તમાં હેત થાય તો કામ થઈ જાય. એના એક ચરિત્ર, એના સ્વભાવ, એના ગુણ એમાંથી એક પ્રકાર હાથમાં આવે તોય કામ થઈ જાય. એના

શબ્દ એવા છે કે બ્રહ્માંડ પર ન થાવું હોય તોપણ થઈ જવાય. બ્રહ્માંડને ફુટવું હોય તોપણ ફુટી જાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૮૨ ॥**

## ૬૮૩. પત્ર દ્વારા આશીર્વાદનું

સંવત્ ૨૦૩૬ના વૈશાખ વદિ-૧૩ સોમવાર તા.૧૨-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ અમેરિકા છગનભાઈ તથા ચંદુભાઈને આશીર્વાદ પત્ર લખ્યો. તે આ પ્રમાણે છે.

સ્વસ્ત શ્રી અમેરિકા મધ્યે, પ્રગટ પુરુષોત્તમના ઉપાસક પ.ભ.પરમ બુદ્ધિશાળી, પરમ વિવેકી, સંત, દેવ સેવા કરનાર એવી શુભોપમા લાયક ભાઈ ચંદુભાઈ આંબાભાઈ તથા છગનભાઈ આંબાભાઈ તથા શંકરભાઈ ચંદુભાઈ પ્રતિ.

એતાન શ્રી સૌરાષ્ટ્રમાં શુભ પીપલાણાથી લિ. જોગીસ્વામી ધર્મપ્રસાદદાસજીના અન્ય સાધુ તથા બીજા અડખા પડખાના બધા હરિભક્તોના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. બીજું લખવાનું કે, અહીં સમૈયો બહુ સારો થયો છે. રાજકોટથી ચંદુભાઈ તથા તેના મંડળના માણસો આવ્યા હતા. તેથી કરીને તેણે મુક્તાનંદસ્વામીના જન્મ ચરિત્રો તથા પદો બોલ્યા ને બીજે દિવસ સામસામા બેસીને ભગવાનના પદો બોલ્યા. તેમાં સત્સંગમાં ખૂબ બધા માણસ આવેલ ને આનંદ થયો હતો. આવી રીતે ભગવાનના યશ, ભગવાનની મોટયપ, ભગવાનના ભેદુ જે ભક્ત તેનો ભગવાનની ઈચ્છાથી ખૂબ આનંદ થયો. આગળ પાછળ કાંઈ જોયા વિના ભગવાન સન્મુખ ભગવાનના પદો ગાનારને તો તદાકાર થાય પણ

સાંભળનારાને પણ આ દેહે કરીને તદાકાર થઈ જાય. જેવી રીતે શ્રીજી મહારાજને પાંચસોહ પરમહંસ બ્રહ્માંડના અધિપતિ અવતારો તેના જેમ તેની સભામાં જ આપણે બેઠા છીએ એવું તદાત્મકપણું આવેલ ગવૈયા દ્વારે ભગવાનનું થયું. તો આપણે પણ એજ રીતે ભગવાન સંગાથે તદાત્મક થઈને ભગવાનના ચરિત્ર, ભગવાનની લીલા, ભગવાનના ગુણ, વિભૂતિયું સામુ જુવે ત્યારે આ લોકમાં છીએ કે પરલોકમાં છીએ તેનું કાંઈપણ જાણપણું રહેતું નથી. બોલનારાને તો હિંમત આવી જાય પણ સાંભળનારાને પણ એવી મસ્તાઈ આવી જાય. એ ટાણે ફાટેલ ગોદડી તથા આલોક યાદ ન આવે ને અહો ! અહો ! જીવમાં થાય. આવું અહોપણું એક પલ માત્ર રહે તો મૃત્યુનો ભય ટળી જાય એવું અતર્ક આ સમયનું જ્ઞાન છે. એવા જ્ઞાનમાં લુબ્ધ થાય ત્યારે અંત્યના ૩૧ વચનામૃત પ્રમાણે સાક્ષાત્કાર થાય. કારણ કે એમાં વિષયમાં અભાવરૂપ વૈરાગ કહ્યો. ભગવાનની મૂર્તિમાં લુબ્ધ થાવું તે રૂપ પ્રીતિ કહી ત્યારે ધામની મૂર્તિ ને મનુષ્ય મૂર્તિ બેય એક થઈ જાય. ત્યારે એને જાવું આવવું રહેતું નથી. એવું આ મૃત્યુલોક જોઈને ભગવાનના ભક્ત ભેગા હોઈએ ત્યારે એવી હિંમત આવે કે અધિક સાદશ્યપણું ઘટી જાય, માટે ભેદ કહ્યા તે સ્થાનના ભેદ કહ્યા. નેત્રમાં સત્વગુણ, કંઠમાં રજોગુણ ને હૃદયમાં તમોગુણ ન્યુન અધિક ભગવાનની મૂર્તિ છે. તે એક થઈ જાય. એવું આ લોકમાં ભગવાન સ્વામિનારાયણ રહ્યા થકા સુખ આપે છે. ઈ સુખે સુખિયા થયા એને બ્રહ્માંડોનું સુખ શા લેખામાં, આ દેહનું સુખ પણ શા લેખામાં ! આવી રીતે આનંદમાં રહ્યા થકા ભજન ભક્તિ કરજો. તે જોઈ લોક લોકાંતરના મુક્ત તમારા સન્મુખ થાશે. આવો આનંદ એક પણ આવે તો જીવન સુફળ થઈ જાય. આ આનંદમાં રહ્યા થકા આપને કાગળ પાઠવીએ છીએ.

માટે તમે પણ એવી જ રીતે સરપની કાંચળીની પેઠે વરતજો પણ સંસારમાં લપટવું નહીં. સંસાર તો એક ઝાડવું છે. ઝાડવે પક્ષી ભેળા થાય

અને સવારે સૌ સૌને સ્થાનકે વઈ જાય. તેમ આ લોકમાં ઘરરૂપી એક ઝાડવું છે. તેમાં પાંચ જણા ભેગા થાય અને ભગવાન સાંભરે તો જન્મ સુફળ થઈ ગયો. નહીં તો આલોક બંધનકારી છે. મોહનું મૂળિયું છે. માટે મોહના મૂળિયા થકી વિરક્ત થાવું. તેમ અમે નજીક છીએ, અળગા નથી. તમારે અમારો ખપ છે. અમારે તમારો ખપ છે. બીજાને ભગવાન સાંભરે તેમ કરવું પણ બીજા આપણને જોઈને ભગવાન ભૂલે તેથી વિરક્ત રહેવું. માટે **"ભજન ભક્તિમાં ક્ષણ ગયો, તાકુ કાળ ન ખાય"**

બીજું તમારો કાગળ મળ્યો. સ્વામી પાસે તથા સભામાં વંચાવ્યો. સભા કાગળ જોઈ સ્થિર થઈ ગઈ. તો તેને જોનારા પણ સંતોષ પામ્યા. માટે આલોક નજરમાં ન આવે ત્યારે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહેવાય. મૃત્યુનો ભય ન લાગે, તે જ્ઞાનનું લક્ષણ, વૈરાગ તો તેના પેટામાં રહેલો છે. ધર્મ તો શુદ્ધ ક્રિયા થાય. ભગવાન સંબંધી ક્રિયા ન કરતો હોય તોપણ કરે જ છે. આવુ સુખ મેલીને નાસ્તિક, ચંડાળ, વિમુખ જીવ ભૂલા પડ્યા છે. તેમ આ લોકના પદાર્થ તથા સંસૃતિ જીવ જોઈ ચળાયમાન ન થાય તો જીવ ખરો કહેવાય. તો આલોકમાં રહ્યા થકા પરલોક અગમ ન રહે. એ તો મોટા મુનિને પણ દુર્લભ છે. માટે જે ભજને કાળ કંપે, ભગવાનના ભક્તને જોઈને. આ લોકનું સુખ વિસરી જાય એવું ભગવાનના ભક્તનું સ્વરૂપ છે. આ રીતે વરતાય તો ભગવાન કયાં અગમ છે. એને ભગવાનના ભક્તમાં હેત છે કે નહિ તે વિચાર આડો ન આવે તે ભગવાનના સ્વરૂપમાં તદાકાર ગણાય.

એજ

લિ.

પ.પૂ.જોગીસ્વામી તથા સંતહરિભક્તોના જય શ્રી સ્વામિનારાયણ

**॥ ઈતિ શ્રી કિરણ ૬૮૩ ॥**

## ૬૮૪. ઉપશમનું

સંવત્ ૨૦૩૬ના પ્રથમ જેઠ સુદિ-૧ પડવાને ગુરુવાર તા.૧૫-૫-૧૯૮૦ દિવસ સ્વામી ગામ શ્રી રાજકોટ મધ્યે કાંતિલાલ રામજીભાઈને ઘરે હાઉસીંગબોર્ડમાં વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, સાચા ભાવથી કોઈ જય સ્વામિનારાયણ કહે એમ નથી, પણ ભાવ બદલાવીને કહે.

પછી સ્વામીએ વાત કરી જે, જાતિ, વર્ણ અને આશ્રમ ઈ ત્રણના માનને મુકીને પછી ભગવાનમાં જોડાય ઈ ઉપશમ કહેવાય. ધર્મ, જ્ઞાન, આત્મનિષ્ઠા, વૈરાગ એનાથી પંચવિષય ભૂલાય જાવા જોઈ. જેમ પૂર્વ જન્મના પંચવિષય ભૂલાય ગયા છે. એમ આ જન્મના પંચવિષય ભૂલાય જાવા જોઈ. ભોગવેલા પંચવિષયની સ્મૃતિ ન થાય એનું નામ ઉપશમ છે. તે ઉપર પ્રાકૃત દૃષ્ટાંત દ્યે છે. વાતુ કરીએ એમાં એકને ભગવાન જ સાંભરતા હોય ને એકને જગત પણ સાંભરતું હોય. જગત ન સાંભરે, ભજન કરતા, ભક્તિ કરતા માનસી પૂજા કરતા ન સાંભરે ઈ ઉપશમ છે. ઉપશમ શું કામ કરે છે ? પાપનો ક્ષય થઈ જાય, પ્રાયશ્ચિત થઈ જાય. અનન્ય ભક્ત માટે પ્રાયશ્ચિત બતાવ્યું છે. એકાંતિકનું પ્રાયશ્ચિત છે. વિસર્જન થઈ જાય. ઘરમાં હો તો ઘરની વાત સુજે ને બહાર હો તો બહારની વાત સુજે ઈ ઉપશમ છે. સૂક્ષ્મની વાત હોય ત્યારે સ્થૂળની ન આવે ને સ્થૂળની વાત કરો ત્યારે સૂક્ષ્મની ન આવે, ત્યારે ચૈતન્ય થાય નહીંતર તો જડ છે. ખાવું, પીવું, સુંઘવું, ચાખવું ઈ બધુંય જડ છે. હાલે ચાલે એટલું ચૈતન્ય છે, બાકી તો જડ છે. ઓલ્યું અજ્ઞાની જીવનું ચૈતન્યપણું છે. અંતઃકરણ નોખું પડી જાય તો ઈંદ્રિયું જડ થઈ જાય. આ દેહની માન્યતા ઈ જડ અને દેહની માન્યતા ન હોય ઈ ચૈતન્ય છે.

भूमिरापोनलो वायुः खं मनो बुद्धिरेव च ।

એમ છે. આઠ પ્રકારની જડ પ્રકૃતિ ને એને વિષે વ્યાપક એવી

ચૈતન્ય પ્રકૃતિ જીવરૂપ છે. પ્રત્યક્ષ ભગવાન ઈ બેયના આધારરૂપ છે. સામી પ્રકૃતિ ચૈતન્ય છે. ને આપણી પ્રકૃતિ જડ છે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૮૪ ॥**

## ૬૮૫. બહુ મોટો લાભ થયાનું

સંવત્ ૨૦૩૬ના પ્રથમ જેઠ સુદિ-૨ શુક્રવાર તા.૧૬-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી રાજકોટ મધ્યે કાંતીલાલ રામજીભાઈના ઘરે ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, બહુ મોટો લાભ થયો છે. આવો લાભ પાછો નહિ મળે. આ ભગવાન નહિ મળે. આવા ભક્ત નહિ મળે. આ મનુષ્યદેહ પાછો નહિ મળે. પણ આ તો વગર દાખડે મળ્યું છે એટલે કિંમત નથી. ક્યાં જીવ ને ક્યાં શિવ ! જીવ છે ઈ પણ શિવ થઈ જાય. ભગવાન બહુ સમર્થ છે. બહુ સમર્થ છે. પણ એની ગતિ કોઈ જાણી ન શકે. પાછી વૃત્તિ હોય એને જણાય. બહાર દૃષ્ટિવાળો ન જાણી શકે. સંકલ્પ ગણતા આવડતા હોય ઈ જાણી શકે. બહુ મોટો લાભ મળી ગયો છે. આ ભગવાન, આ ભક્ત, આ ગામમાં ભગવાનની પ્રાપ્તિ થઈ ઈ કાંઈ થોડી વાત છે ?

**॥ ઈતિ શ્રી કિરણ ૬૮૫ ॥**

## ૬૮૬. બ્રહ્મદશાનું

સંવત્ ૨૦૩૬ના પ્રથમ જેઠ સુદિ-૩ શનિવાર તા.૧૭-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી રાજકોટ મધ્યે હાઉસીંગ બોર્ડમાં કાંતીભાઈ રામજીભાઈની ઘરે ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, “બ્રહ્મરૂપની દશા એટલે શું ? એને બધાય જુવે પણ ઈ કોઈને ન જુવે. એનો દોષ બધાય દેખે પણ ઈ કોઈનો દોષ ન દેખે.” પોતાનો દોષ દેખે એનું નામ બ્રહ્મરૂપ કહેવાય. “બીજાનો દોષ દેખે એને બ્રહ્મરૂપ ન કહેવાય. આપણે દોષ કાઢીએ, આપણી ખામી

કાઢીએ ત્યારે આપણે બ્રહ્મરૂપ થાઈએ. આપણી ખામી કાઢવી પણ બીજાની ખામી ન કાઢવી.'' પોતાના દોષ સામી દૃષ્ટિ થઈ ઈ બ્રહ્મરૂપ છે. પાંચ રાજનું કામ કરે પણ પોતાનો અવગુણ ન સુજે ઈ બુદ્ધિ વિનાનો છે. કાંઈ ન કરતો હોય પણ પોતાનો અવગુણ દેખે ઈ જ બુદ્ધિશાળી છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે, આ સત્સંગને અજન્મા દેખે, નિર્દોષ દેખે ઈ અજન્મા ને નિર્દોષ થઈ જાય છે. એને મરી જાય એવા દેખે ઈ વગર મોતે મરી જાય છે. આપણી પાસે આવે એને પાછી વૃત્તિ વળી જાય એવું થાવું છે.

ભગવાનની વાત છે, ઈ જેવી કોઈ વાત નથી. ભગવાનની વાત ભવસાગર તરાય તો જ છે. ભવસાગર રૂપી સમુદ્ર છે. એમાં ડબકા ખાઈ છઈ. આજ સારૂં થયું ને પોર સારૂં થાશે. ત્યાં તો ભાઈ જાય ગોથા ખાતો એવું આ લોક છે. ભગવાન મળ્યા, સાધુ મળ્યા, સત્સંગ મળ્યો. બહુ મોટો લાભ થયો. સુખનો આરો નહીં એટલું મળ્યું છે.

**''ચેતનવાળા ચેતજો, કહત હું હાથ બજાઈ''**

ભગવાન મળ્યા, સાધુ મળ્યા. છેલ્લો જન્મ થઈ ગયો. પ્રકૃતિના કામમાં ક્યાંય માલ નથી. એમાં માલ માન્યો તો મુવો સમજવું. જેમ આ માબાપ છે તેમ ઓલ્યા માબાપ છે.

પછી તે જ દિવસે સાંજે પોણા દશ વાગ્યાથી બ્રહ્માનંદસ્વામીના જીવન ચરિત્રને આધારિત સંગીત કાર્યક્રમ ચંદુભાઈએ અને રાજકોટના દેવ ઉત્સવ મંડળે રજુ કર્યો. તેને સાંભળીને રાતે પોણા વાગે કૃપા કરીને વાત કરી જે, બધાય રાજી રહેજ્યો, ભજન કરજ્યો. ભગવાન બહુ મોટા છે. એની સન્મુખ બેસીને આવા કીર્તન કરી ગયા ઈ કેવડા હશે ! ભગવાન તો

**"તનકી જાણે મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી."**

એવા ભગવાન છે. એટલી વાત કરીને પોઢી ગયા.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૮૬ ॥**

## ૬૮૭. મનુષ્ય સ્વરુપનું

સંવત્ ૨૦૩૬ના પ્રથમ જેઠ સુદિ-૯ શુક્રવાર તા.૨૩-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી રાજકોટ મધ્યે કાંતિભાઈને ઘરે આથમણી કોરે ઢોલિયા ઉપર ફળીયામાં વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી કાંતિલાલભાઈએ ઠાકોરજી, સ્વામી અને સંતોની પૂજા કરી ને ઠાકોરજીની આરતી ઉતારી. પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે, ખબડદાર રહેજો.

**વ્રત ટેક જો ટાળશો તો ભોગવશો સૌ સૌ તણું,**
**નહીં તો તમે નચિંત રહેજો કરવું તમારે કાંઈ નથી**
**જે મળ્યા છે તમને તે પાર છે અક્ષરથી.**

એટલા આશીર્વાદ આપીને પછી વજુભાઈ ટાંકને ઘરે ઠાકોરજીનો થાળ કરવા પધાર્યા. ને ત્યાં ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. વજુભાઈએ ઠાકોરજી, સ્વામી અને સંતો હરિભક્તોની પૂજા કરી ને ઠાકોરજીની આરતી કરી ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી નૌતમભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૫૯મું વાંચ્યું. તેને સાંભળીને વાત કરી જે, પૃથ્વીના મુક્ત આગળ નિષ્કપટ થયો પછી ગુણ હોય કે ન હોય ઈ જોવાની જરૂર નથી. ગુણાતીતાનંદસ્વામીની બીજા પ્રકરણની ૧૫મી વાત છે.

**यो वेत्ति युगपत् सर्वं प्रत्यक्षेण सदा स्वतः**

આવો જેને નિશ્ચય હોય એને ભુંડો સંકલ્પ પણ ન થાય તો ભુંડું આચરણ કેમ થાય ? પૃથ્વીના મુક્ત પાસે નિષ્કપટ થયો પછી સાધન એને કાંઈ કરવું રહેતું નથી. એક શબ્દ આવ્યો પણ ખેસવ્યો ખસે નહિ એવો છે. છતાંય અક્ષર મુક્ત જેવો નથી થાતો. અંતરમાં માન ટળે ભાવે રહે છે. દેહે કરીને નમતો રહે છે. પ્રાયશ્ચિત કર્યું કે ન કર્યું એનો કાંઈ વિચાર નથી. અંતરમાં માન ટળે ભાવે રહે છે, આંધળો છે. સાક્ષાત્ નમી શકતો નથી.

પોતાના દોષ ટાળી શકે પણ બીજાના દોષ ટાળવા સમર્થ ન થાય. એવા મુક્ત પણ આ પૃથ્વી ઉપર હોય. મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરે ઈ દેખતો છે. ગુણ ગ્રહણ કરે ને વધતો જાય. માનસી પૂજા કરે ઈ પણ વધતો જાય ને ગુણ આવે ઈ પણ વધતો જાય. આ તો વચનામૃત કહે છે. હું કહેતો નથી. મોટા પુરુષનો પક્ષ વચનામૃતે રાખ્યો. કુતરા જેવા કામી હોય તોપણ નિષ્કામી જાણે તો નિષ્કામી થઈ જાય. એવા મોટા પુરુષ છે.

ગોપીયુંના ત્રણ પ્રકારના ભેદ છે. મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા એવા ભેદ છે. એક તોછડા વચન બોલે. એક તો પોતાનું ધાર્યું કરે ને એક ભગવાનનું પણ ધાર્યું કરે. આ મુક્તમાં ખામી એટલી છે કે પોતે પોતાનો ગુણ જાણી શકતો નથી. મુક્તનો કાયમ સહવાસ છે એટલે આપણને ખબર પડતી નથી. પણ વધતો જાય છે. એટલે ઈ જ માનસી પૂજા કરે છે. પૃથ્વીના મુક્ત આગળ નિષ્કપટ થયો પણ પોતે નથી જાણતો કે મારૂં કલ્યાણ થાશે, પણ બીજા એકાંતિક જાણે છે. એમાં ત્રણ ગુણ છે. પોતાના દોષ દાખલ કરી દીધા એટલે પૃથ્વીના મુક્તને ઓળખી ગયો. જેની પાસે બેસીએ ને આપણો દોષ દેખાય ઈ પૃથ્વીના મુક્તનું લક્ષણ છે. સુપાત્ર છે પણ કુપાત્ર નથી. એક જણો પોતાની ખામી જુવે છે એક જણો બીજાની ખામી જુવે છે. ખામી વિનાના તો એક ભગવાન જ છે. ભગવાન તો ખામીમાં છે તો પણ નિર્ગુણ છે. એને ખામી અડતી નથી.

તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, સમજણ્ય એક અલૌકિક ચીજ છે. સ્વતંત્ર થકા પરતંત્રપણું જણાવતા હોય. સમર્થ થકા અસમર્થપણું જણાવતા હોય. એને ભગવાન કેમ માનવા ? પોતાથી નાના હોય એને વિષે સમર્થપણું કેમ મનાય ? પૃથ્વીના મુક્ત આગળ નિષ્પાપ થયો, નિષ્કપટ થયો એને પ્રાયશ્ચિત કરવું ન રહે. પછી એના લક્ષણ લખ્યા. થોડી બુદ્ધિવાળાને ઝાઝી બુદ્ધિવાળો લખ્યો છે. પોતાના અવગુણ સુજે એટલે જાણવું કે મોટાની કૃપા થઈ ગઈ. પોતાની ભૂલ્ય સુજે એટલે મોટાની કૃપાનો મે વરસ્યો

કહેવાય. માનસી પૂજામાં પરલોકની પ્રતીતિ થઈ જાય. ઘી નથી તોય ઘી ધરો છો. સાકર નથી તોય સાકર ધરો છો. ઈ પરલોકની પ્રતીતિ છે. આઘું ન જુવે, ઢુંકડું જુવે ઈ પરલોકની પ્રતીતિ છે. આઘું ન જુવે ઈ બહુ જબરી વાત છે. નજીક આવી જાય. પાછો ઈ હાથપગ વિનાનો છે. છતાંય હાથપગવાળો ને આંખ્યવાળો છે. જેમ છે એમ કહી શકતો નથી. ઈ અંતરમાં માન ટળે ભાવે વરતે છે. દેહે કરીને સર્વને નમતો રહે છે. એના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે. ઈ રાંક હોય તો રાજા થાય ને ભગવાનનો પરમ ભક્ત થાય.

**'બંધેકુ બંધા મિલા છુટનકો ક્યા ઉપાય.'**

પોતે બંધાયેલો નથી એટલે બીજાને છોડી મેલે. આંધળો છે ને વળી છુટેલો છે. તાગાત વિનાનો છે ને વળી તાગાત બતાવી દીધી.

એક ભક્તને સિનેમા ન જોવાનું નીમ આપીને વાત કરી જે, સિનેમા છે ઈ જીવતા વિષય છે ને બીજા મરેલા વિષય છે. સુંદર સાતમાળની હવેલી હોય, સુંદર કાચના તકતા જડ્યા હોય, દારૂના શીશા ભરેલા પડ્યા હોય, લઈને પરસ્પર પાતા હોય, વેશ્યાઉ થૈથૈકાર કરતી હોય, એવી સભામાં જે જન બેસે એનું અંતઃકરણ બીજી પ્રકારનું થઈ જાય છે. ઈ જીવતા વિષય છે. ઐશ્વર્ય વતે કમળ ઊંધા હતા ઈ સમા થયા. અક્ષર વતે બધાયને બ્રહ્મરૂપ કર્યા. સર્વોપરિ જાણવા ઈ પુરુષોત્તમ વતે કામ કર્યું. સર્વોપરિ છે એને સર્વોપરિ ન જાણી શકે. સર્વોપરિનું ઠેકાણું ન હોય એને સર્વોપરિ જાણી શકે. સગુણ નિર્ગુણ સમજવું બહુ કઠીન વાત છે. સગુણપણું સ્થૂળમાં સ્થૂળ છે. નિર્ગુણપણું સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. સૂક્ષ્મ છે એમાં સ્થૂળ દેખાવું જોઈ, તો કાળ, કર્મ, માયા બંધન ન કરે, નહીંતર બંધન કરે. વટપત્રશાયી ભગવાન, એમ અમદાવાદના પહેલામાં છે. મૂળ સ્વરૂપ સમજતો હોય એને હાથ આવે પણ સગુણ નિર્ગુણપણું સમજતો હોય એને હાથ ન આવે. અર્જુનને વિશ્વરૂપ જોવામાં શાંતિ ન થઈ. માતાજીને મુખમાં વિશ્વ દેખાડ્યું. રણ સંગ્રામમાં અર્જુનને દેખાડ્યું. મૂળ સ્વરૂપ બેય રૂપને ધરનારૂં છે. એને પકડો

તો બંધ બેસે. વામન સ્વરૂપ દેખાડયું ને મનુષ્ય સ્વરૂપે ભોમાપુરુષના લોકમાં દર્શન દીધું. પણ ભોમાપુરુષના લોકમાં ગયા નથી. માયાનું તમ ઓળંગીને ગયા. પંચભૂતના ઘોડા ને રથ બધુંય માયા પર થઈ ગયું. ઈ નિર્ગુણ સ્વરૂપ છે. " સર્વોપરિપણાની વાત તો એવી છે કે સામુ જુવો ત્યાં જ કાળ, કર્મ, માયાનો ભય ઊડી જાય.'' ગુણાતીતાનંદસ્વામી કહે કે અમે તો સુરંગુ દઈએ છીએ ને સિદ્ધાનંદસ્વામી કહે કે અમે ટોપલી કાંકરા માંડ કાઢીએ છીએ એટલો ફેર છે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૮૭ ॥**

## ૬૮૮. ઉપદેશનું

સંવત્ ૨૦૩૬ના પ્રથમ જેઠ સુદી-૧૦ શનિવાર તા.૨૪-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી રાજકોટ મધ્યે વજુભાઈ ટાંકને ઘરે ઢોલિયા ઉપર પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે,

સારો દેશકાળ સુખદાઈ, નબળો દેશકાળ દુઃખદાઈ. માટે સેવન સારા દેશકાળનું કરવું. પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને માયિક આકાર એને વિષે ઘણો.... જ ફેર છે. માયિક આકારનું ચિંતવન કરનારો છે, ઈ તો અનંત કોટિ કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે. ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ, આત્મનિષ્ઠા હોય પણ નબળો દેશકાળ હોય એમાં વિઘ્ન થાય. શંકર આદિક સારા હતા પણ નબળા દેશકાળમાં વિઘ્ન થયું. માટે ભૂંડો દેશ, ભૂંડો કાળ, ભૂંડી ક્રિયા એનો ત્યાગ કરીને સારો દેશ, સારો કાળ, સારી ક્રિયા એમાં પ્રર્વતવું.

પછી સુરેશભાઈને ઘેર ખુરશી ઉપર બેસીને વાત કરી જે, ભગવાનમાં પ્રીતિ કરવી ઈ કેવળ સત્તારૂપે થઈને જ કરવી. એમાં બીજું કાંઈ પેસે જ નહિ. ઈ સત્તારૂપનું લક્ષણ છે.

પછી નૌતમભાઈ સૌલંકીને ઘેર ઠાકોરજીનો થાળ કરવા પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી સ્વામીએ વાત કરી જે, તે

દિવસ કરતા આજ દેશકાળ બહુ સારો છે. જો ભજન કરી લ્યો તો.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, " ભગવાન જેવા એક ભગવાન જ છે. એ જેવો કોઈ બીજો કોટિ કલ્પે થાવા સમર્થ નથી, ને થાશે પણ નહીં. માટે સ્વામિનારાયણ એક જ છે. એ જેવો બીજો કોઈ સમર્થ નથી." આપણા ઘરકી બાત હૈ.

પછી મનસુખલાલ અમૃતલાલને ત્યાં પધાર્યા ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી સ્વામીએ વાત કરી જે, એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થાવાના નથી. જે પદાર્થ જેવું છે એવું જાણ્યું એનું નામ જ કલ્યાણકારી ગુણ જાણ્યા ગણાય. ઈશ્વર થઈ જાવ તો બંધ બેસે. ઈશ્વર લોમપણે વરતે છે, તોપણ બાધ ન થાય ને આપણે પ્રતિલોમપણે વરતીએ તો જ આપણું રક્ષણ થાય. જનકરાજા લોમપણે વરતે ને પ્રતિલોમપણે વરતે તોય રક્ષણ થાય. એનું જ નામ જ્ઞાન કહેવાય. **॥ ઈતિ શ્રી કિરણ ૬૮૮ ॥**

## ૬૮૯. પૃથ્વીના મુક્તનું

સંવત્ ૨૦૩૬ના જેઠ સુદિ-૧૧ રવિવાર તા.૨૫-૫-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી રાજકોટ મધ્યે મનસુખભાઈને ઘેર ચંદારાણા મેન્શનમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા બેઠી હતી.

પછી જેઠાબાપાએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, દોષ છે ને વધતો જાય છે ઈ ભગવાનને ગમે છે. દોષ નથી ને ઘટતો જાય છે ઈ ભગવાનને ગમતો નથી. ભગવાનના ભક્ત આવે તો વાત ન નીકળતી હોય તોપણ નીકળે તો સમજવું કે આ હરિભક્ત ઠીક છે. નહીંતર તો વાત સંઘરવી પડે એવો હરિભક્ત હોય એને સમજી રાખવો. એને દિવસે ન સંભારવો. રાતે ન સંભારવો. ખાતા-પીતા ન સંભારવો. મરતી વખતે ન સંભારવો. મર્યા પછી ન સંભારવો. મુક્તને આ લોકમાં રહેવું પડે ને સ્થિતિ થાય તો સુખદુઃખમાં લેવાય નહિ.

પછી સ્વામીએ વાત કરી જે, ભગવાન ભક્તની પરીક્ષા માટે સિદ્ધિને પ્રેરે છે. ઈ સિદ્ધિમાં ન લેવાય એને વશ ભગવાન થઈ જાય છે. વાંક વિના વઢે તોપણ અવગુણ ન આવે. એને વશ ભગવાન અને સંત થઈ જાય છે. વિષય મળવા દુર્લભ છે ને મળ્યા પછી બંધન ન કરે ઈ અતિ દુર્લભ છે. દ્રવ્યમાં સુખ નથી.

પછી સ્વામીએ વાત કરી જે, ‘‘પૃથ્વીના મુક્તની ઓળખાણ થઈ પછી પ્રાયશ્ચિત ન કરવું પડે. દિવ્યની સાથે ઓળખાણ થાશે તો પૃથ્વીના મુક્તની સાથે ઓળખાણ કરવી બાકી રહી જાશે.’’

**॥ ઈતિ શ્રી કિરણ ૬૮૯ ॥**

## ૬૯૦. જાણપણાનું

સંવત્ ૨૦૩૬ના બીજા જેઠ સુદિ-૧ પડવાને શુક્રવાર તા.૧૩-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળમાં સભામંડપમાં મધ્યાન્હ સમે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ગામના ઝાડવાનો કેવો નિશ્ચય છે ! ગામના પાદરનો કેવો નિશ્ચય છે ! ગામના પાણાનો કેવો નિશ્ચય છે ! એવો ભગવાનનો અને ભગવાનના ભક્તનો નિશ્ચય કરવો. પોતાના સંબંધીનો પક્ષ છે એવો ભગવાનના ભક્તનો નિશ્ચય કરવો.

ભજનમાં સુખ છે એવું કયાંય સુખ નથી પણ જાણપણું હોય તો જ ભજન થાય. મરી જાવું છે એવું જાણપણું. આપણું કોઈ નથી એવું જાણપણું. આપણે આ લોકમાં આવ્યા જ નથી એવું જાણપણું જોઈને સાકારપણાની દઢતા થાવી જોઈ. બધી વસ્તુ છે એમ જ છે પણ આપણને અડે એમ નથી. એવી રીતે અસંગીપણું, નિર્લેપપણું, નિર્બાધપણું એમ સાકારપણાની દઢતા થાવી જોઈ. માટે જાણપણા વિના ભગવાન સાંભરવાના જ નથી. ઈ વાત સાવ ગુજરાતીમાં સમજી લેજ્યો.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૯૦ ॥**

## ૬૯૧. પ્રગટનું

સંવત્ ૨૦૩૬ના બીજા જેઠ સુદિ-૨ ને શનિવાર તા.૧૪-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં પ્રાતઃકાળે ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, માહાત્મ્ય એટલે મહિમા. મહિમા એટલે આજ્ઞા. આજ્ઞા એટલે ઉપાસના કહેવાય. એના દર્શનથી પવિત્ર થઈ જવાય. એને પામવાથી પામી જવાય એવા છે ને આજ્ઞામાં રહ્યા છે. આજ્ઞા બહાર વર્તતા નથી. પરશુરામે એમ કહ્યું કે, લોહીના કુંડમાં નહાય એનું કલ્યાણ કરવું છે. ઈ પણ આ લોકમાં હતા તો પ્રાયશ્ચિત કરવા ગયા. માટે પૃથ્વી જેની રાખી રહી છે, સૂર્ય-ચંદ્ર ઉદય અસ્તપણાને પામે છે, જેના વરસાવ્યા મેઘ વરસે છે, પાણીના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે, એવા અનંત આશ્ચર્ય મને મળ્યા એના વતે થાય છે. એને સંગે બ્રહ્મપુરમાં જવાય છે. એને સંગે અક્ષરધામમાં જવાય છે, પણ વિવેક વિચાર જોઈ. જડ ચૈતન્યનો વિવેક જોઈ. ઈ જ ભગવાનનું સ્વરૂપ છે.

બપોર પછી સ્વામીએ વાત કરી જે, જેટલો માણસનો ડંખ છે એટલો અંતર્યામીનો ડંખ નથી. પ્રગટ ભોજનથી ભૂખ ભાંગે. પાણીથી તરસ છીપે. એમ નાથ વિના સુખ ન થાય. પણ ગરબડ ગોટાવાળાને કાંઈ ખબર ન પડે. કાંઈક વિવેકી હોય એને ખબર પડે. તમે આવો તો તમારા ભેળા ને હું આવું તો મારા ભેળા, એવો હોય ઈ રખડાવે. પ્રગટ ભગવાન હોય તો દેશકાળ ઉલ્લંઘાય. “સોડ્યમાં સુતો હોય ઈ અરજી ન સાંભળે. જે ગાદીએ બેઠો હોય ઈ ન ગમતો હોય તોય દુઃખ ભાંગશે. એક અનંતને સુખિયા કરી દ્યે. ને એક અનંતને દુઃખીયા કરી દ્યે.” ભગવાન કરતા હશે ઈ ઠીક કરતા હશે.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૯૧ ॥**

## ૬૯૨. ઉપદેશનું

સંવત્ ૨૦૩૬ના બીજા જેઠ સુદિ-૩ રવિવાર તા.૧૫-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપની ઓસરીમાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા અને સંત તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી લક્ષ્મીદાસ ભગત ૨૧૭મું કિરણ બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે, હારે એનું સુખ મોટું છે, ઈ ભગવાનનો રસ્તો છે, ને જીતે એનું સુખ મોટું છે ઈ જગતનો રસ્તો છે. હાર્યા ઈ ભગવાન છે. જીત્યા એને સમર્થ કહે પણ હારે એને સમર્થ કહે તો બંધ બેસે. ભગવાન હારે તોય એની મોટયપ છે. ભગવાનનો રસ્તો છે એમાં હારે એનું જ હાલે. કાંઈ જોતું જ નથી. ઈ જ્ઞાનીના પંચવિષય છે. એને મળે એને પણ કાંઈ જોતું નથી. જોઈ છે ઈ અજ્ઞાની છે, એને મળે એને પણ જોઈ છે. ન જોઈ એવા ન જ મળે. આ લોકમાં એવા ન જ નીકળે. ભગવાનના રસ્તામાં ન જોઈ એવા નીકળે. ન જોઈ ઈ જ કલ્યાણ છે. જાણપણામાં હોય તો નથી ભોગવતો એમ કહેવાય. મળવાનું તો છે જ છતાંય ન મળે તોય રાજી થાય ઈ ભગવાનના મારગમાં છે. એટલી વાત કરીને પછી સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી સ્વામીએ વાત કરી જે, જગતના જીવ જગત ભેળા ભલે રહ્યા. એની ભેળા અમને ભેળવશો તો અમને દુઃખ થાશે.

પછી સ્વામીએ વાત કરી જે, આ જગતમાં સુખ શું છે ને દુઃખ શું છે ઈ ખબર પડવી જોશે. દુનિયાના જીવે મનનું માનેલું સુખ માન્યું છે. ભગવાનના ભક્તને મન ધાર્યું ન થાય ઈ અક્ષરધામનું સુખ ને વિમુખ જીવને મનનું ધાર્યું થાય ઈ અક્ષરધામનું છે. મનધાર્યું થાય ઈ કેનું સુખ છે ? ને મન ધાર્યું ન થાય ઈ કેનું સુખ છે ? પરલોકની પ્રાપ્તિ થઈ હશે એને ખબર પડશે. પરલોકનું સુખ કેવું છે.

કે'દિ દેશોમાં સંસાર સુખ, કે'દિ દેશોમાં વાસ વિમુખ.

તે બોલ્યા. જગત મોટાઈમાં જીવને સુખ છે પણ કેટલું દુઃખ છે ઈ તો ગુણાતીત સમજ્યો. બીજો કોઈ ન સમજ્યો. તે ઉપર શિવલાલભાઈની વાત કરી. ભગવાનમાં મન ચોંટવું ઈ પાછી વૃત્તિ વાળ્યા વિના નહિ થાય.

## પ્રકૃતિ પુરુષ પ્રલયમાં આવે...

તે બોલ્યા. પ્રકૃતિ પુરુષ પણ પ્રલયમાં આવે છે તો આપણે કેટલા દિ રહેશું ? સ્ત્રી આદિકના સુખ મળ્યા'તા ને મળશે. દુર્લભ તો બ્રહ્મવેત્તા સંતનો સંગ ને શ્રી વાસુદેવ ભગવાનનું સાક્ષાત્ દર્શન જ છે. એનાથી જ આ જીવ કૃતાર્થ થાય છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, પૃથ્વીના મુક્ત પાસે નિષ્કપટ થાય તો પ્રાયશ્ચિત થઈ જાય. દિવ્ય મુક્ત પાસે નિષ્કપટ થવાય છે. કારણ કે ઈ તો હા ના કાંઈ કહેતા નથી. પણ પૃથ્વીના મુક્ત આગળ નિષ્કપટ થાવું જોઈ. તે ઉપર કાળુ વાવડીયાની દીકરીની વાત કરી. "સાધુને માટે ને સત્સંગીને માટે અક્ષરધામ રાખ્યું છે પણ બીજા ધામ સાધુ સત્સંગીને માટે નથી."

**॥ ઈતિ શ્રી કિરણ ૬૯૨ ॥**

## ૬૯૩. પૃથ્વીના મુકતનું

સંવત્ ૨૦૩૬ના બીજા જેઠ સુદી-૭ ગુરુવાર તા.૧૯-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, ધારવું એટલે ધ્યાન કરવું ને વિચારવું એટલે સ્મૃતિ કરવી. પૃથ્વીના મુક્તને સમજવા બહુ કઠણ છે. જેવા સ્વરૂપાનંદસ્વામી થઈ ગયા. નિત્યાનંદસ્વામી થઈ ગયા. નિરંજનાનંદસ્વામી થઈ ગયા. જેવા અખંડાનંદસ્વામી થઈ ગયા.

જેવા નિષ્કુળાનંદસ્વામી થઈ ગયા. જેવા ગુણાતીતાનંદસ્વામી થઈ ગયા. એવા આ મનાતા નથી. ને જો એવા મનાય જાય તો છેટું ખસાય નહિ ને છેટું જવાય છે તો એવા જાણ્યા જ નથી. પૃથ્વીના મુક્ત સમર્થ છે.

બ્રહ્માનંદ સ્વામીએ ઘોડા ઉપર હાથ મેલ્યો તો ઘોડો નિષ્કામી થઈ ગયો. અદ્‌ભૂતાનંદસ્વામી અદ્‌ભૂત કહેવાય. અખંડ અખંડાનંદ, નિત્યાનંદ સ્વામીને એક શબ્દમાં નિશ્ચય થઈ ગયો એવા છે. એમ માને તો એનાથી આઘી વૃત્તિ ન જાય. તો આંખ્યથી દેખાય એના સુખને ઈચ્છે. પૃથ્વીના મુક્તનું સુખ અખંડ છે. એની પાસે ધાર્યું થાતું નથી ઈ સુખ બહુ મોટું છે. દિવ્ય મુક્ત પાસે ધાર્યું થાય છે પણ આવું સુખ નથી. પૃથ્વીના મુક્તના વખાણ ક્યારેક થાય. દાદાખાચરના વખાણ પરણાવવા ગયા ત્યારે કર્યા. પૃથ્વી ઉપર મુક્ત થયા એને જ બધાય સંભારે છે પણ સીધા અક્ષરધામમાં ગયા એને કોઈ સંભારતા નથી. **॥ ઈતિ શ્રી કિરણ ૬૯૩ ॥**

## ૬૯૪. બંધનનું અને મોક્ષનું

સંવત્ ૨૦૩૬ના બીજા જેઠ સુદિ-૮ શુક્રવાર તા.૨૦-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે ગુરુકુળના સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. એકાદ સંત અને એકાદ પાર્ષદ સભામાં બેઠા હતા.

પછી સ્વામીએ વાત કરી જે, મોટું ઠેકાણું છે ઈ બગડવાનો હેતુ છે. ધન છે ઈ બગડવાનો હેતુ છે. સ્ત્રી છે ઈ બગડવાનો હેતું છે ને જેમ સંત કહે તેમ સંશય રહિત કરે ઈ મોક્ષનો હેતુ છે. ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું કે, અમે જે જે ક્રિયા કરાવીએ એમાં ભગવાનની મૂર્તિ આપીએ, પણ ઉપાસના હોય તો સમજાય. **॥ ઈતિ શ્રી કિરણ ૬૯૪ ॥**

## ૬૯૫. પ્રગટનું

સંવત્ ૨૦૩૬ ના બીજા જેઠ સુદિ-૯ રવિવાર તા.૨૨-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલીથી પ્રાતઃકાળે અરવિંદ ઈન્ડસ્ટ્રીઝની મોટરમાં બેસીને સંતમંડળ સહિત ગામ શ્રી જૂનાગઢ શ્રીજી ઓઈલ મીલમાં પધાર્યા ને પછી મૃગેન બાળ નિદાન કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા. ત્યાં પહેલે માળે નિદાન કેન્દ્રમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી ઓરડાનું કીર્તન બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે, ભગવાન જેવા એક ભગવાન જ છે.

બીજો કોઈ એ જેવો થઈ શકતો નથી. માટે ભગવાન તો અધમ ઉધારણ છે. પતિત પાવન છે, શરણાગત વત્સલ છે.

**જાકો જગમેં કોઈ નહીં તાકો તુમ હો મહારાજ.**

**પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુનીકા કપિવૃંદ કોટિ,**
**વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.**

માટે પ્રગટના જેવી કોઈ વાત નથી. **॥ ઈતિ શ્રી કિરણ ૬૯૫ ॥**

## ૬૯૬. મહિમાનું

સંવત્ ૨૦૩૬ના બીજા જેઠ સુદિ-૧૦ સોમવાર તા.૨૩-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે સભામંડપમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે તે આવા સાધુને હાથ જોડીએ એટલામાં જ મળે. તમારો પગ અક્ષરધામમાં કોઈ દિ ટકી શકે એમ નથી, પણ આવા સાધુની ઓળખાણ થઈ તો બેય પગલા અક્ષરધામમાં છે. અત્યારે દીનતા એવી અંતકાળે થાય તો કરવું કાંઈ ન રહે. ભગવાનના ભક્ત સામુ જોઈ ત્યાં જ પાછી વૃત્તિ વળી જાય એવા છે. એની સામુ જોવું, એનાથી જ અનંત જન્મ ખલાસ કરી નાખે એવા છે. ઓ...હો...હો...હો ! આ ભગવાન, બ્રહ્મમોલના મુક્ત, બદરિકાશ્રમના, શ્વેતદ્વિપના મુક્ત છે એવા આ છે. એના ભેળો મારો વાસ છે, માટે મારા મોટા ભાગ્ય છે. એવા સંકલ્પ થાય એનું નામ પરિપક્વ નિશ્ચય છે.

**જેને મળવે માન્યું કલ્યાણ રે, એને જોવા ઘડી ઘડીએ**

એના દર્શન કરવા, એનો સ્પર્શ કરવો. એની સન્મુખ ચાલવું. ભગવાનનો ને સંતનો જેને નિશ્ચય થયો એને કરવું કાંઈ રેતું નથી. આ લોકનું કરવું કાંઈ રેતું નથી પણ પરલોકનું કરવું રહે છે. ભગવાન ઓળખાણા, સાધુ ઓળખાણા બસ હવે સમજી રહ્યા. હવે કાંઈ કરવું નથી. ઈ આપણને

લખ્યું છે. ધર્મશાળા કેવી હતી ? તો એના લાકડા આપણા અંતરના લાકડાને કાઢે એવા હતા.

## ચાલો સંતો જાઈએ ગઢજૂને રે...

ગુણાતીતાનંદસ્વામી છતાં જૂનાગઢમાં પુરુષોત્તમનારાયણનો અખાડો હતો. બીજે કયાંય એવું નોતું. નિત્યાનંદસ્વામી માળા હાથમાં લીધા પછી બોલે નહીં એવા હતા. અદ્ભૂતાનંદસ્વામીએ અદ્ભૂત કામ કર્યું તોય એવા નોતા. અખંડાનંદસ્વામીને અખંડ આનંદ હતો પણ એવા નોતા. નિર્ગુણાનંદ, કૈવલ્યાનંદ, કૃષ્ણાનંદ, અદ્ભૂતાનંદ, નારાયણાનંદ, નંદકેશવાનંદ એવા થઈ ગયા. સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર બહુ મોટું ઐશ્વર્ય, બહુ મોટી સામર્થી વાવરી. કંગાલ માણસ હોય ઈ પણ એમ કહે કે અક્ષરધામમાં જાવું છે. ધર્મસ્વરૂપદાસસ્વામી એટલે ધર્મસ્વરૂપદાસસ્વામી. વચનામૃતના સો પાઠ કર્યા હતા. ગોપીનાથદાસજી પુરાણી હાથમાંથી ચોપડો લઈ લ્યો તોપણ મૂકે નહીં. કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ ઈ બધાય નાગડા બાવા જેવા છે. શબ્દ એવા મેલ્યા કે કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે, તે આવા સાધુને હાથ જોડે એટલામાં જ મળે. આજ સત્સંગમાં જેણે જન્મ ધર્યો એનું એક પગલું અક્ષરધામમાં છે ને આવા સાધુની ઓળખાણ થઈ એના બેય પગલા અક્ષરધામમાં છે. અમાયિક ને માયિક ભેળું થઈ જાવું જોઈ.

## જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડી ઘડીએ...

તે બોલ્યા. અંતરમાં ઘાટ થાય છે તે માનવા દેતા નથી. ભગવાનના ભક્ત કોઈ ના પાડતા નથી પણ આપણું મન ના પાડે છે. તમે બધાય અમારા જીવનપ્રાણ છો. તમને દુઃખ ઈ અમને દુઃખ ને તમને સુખ ઈ જ અમને સુખ છે. માયા તમારી સામુ જોઈ શકે એમ નથી. તમારી શક્તિ માયા, કાળ, કર્મ, સ્વભાવ ઈ જાણે છે. ઈ બધાય થર થર ધ્રુથે છે. ઈ શક્તિને તમે પણ જાણી શકતા નથી. સવારે ઉઠીએ ત્યારે ઈંદ્રિયું, અંતઃકરણ થર થર ધ્રુજતા હોય. તમારા હાથમાં દઈ દીધું. તમારા મોઢામાં દઈ દીધું. તમારા નેત્રમાં આવી ગયું.

તોય ભૂલી જાવ છો ! ભગવાનની ઉપાસનાના બળનો શબ્દ કેટલો લખ્યો છે ! એક હરિભક્ત માંદો હોય ત્યાં બીજો જાય તો એને સ્વામિનારાયણ સાંભરે. બીજો શબ્દ અમે કહીએ કે અમને ભગવાનના ભક્તનો ભીડો સારો ન લાગતો પણ રાજકોટ નારાયણદાસસ્વામીનો સમાગમ થયો ત્યાર પછી ભીડો સહન થાવા માંડ્યો. નટ ને આખું ગામ જોવે પણ નટ કોઈને ન જુવે. માટે ભગવાન મળ્યા, સાધુ મળ્યા. હવે બીજામાં માલ ન માનવો. ચૂસી નાખેલા છોતા છે એમાં માલ નથી. હતા છોતા ને પાછા પાણીમાં પલાળ્યા એમાં શું સ્વાદ છે ? કાષ્ટના લાડુ છે. સંસારમાં સો વરસ રહ્યા પણ શું સ્વાદ આવ્યો ? દિવ્ય સુખ તો આ છે ને ઓલ્યું માયિક સુખ છે. ધર્મ વતે સંબંધ છે ઈ કિંચિત્ સંબંધ છે. તો આપણને તો સાક્ષાત્ સંબંધ છે તો કયાં નાના છીએ ? ઈંદ્રિયું, અંતઃકરણનું જાણપણું છે ઈ જ જીવનું જાણપણું છે ને એક કળાવછિન્ન જાણે ઈ સાક્ષીનું જાણપણું છે. જેને જાણો ને ઉપાધિ જાગે તો જીવનું જાણપણું ને ઉપાધિ ન જાગે તો સાક્ષીનું જાણપણું. જીવને વિષે બુદ્ધિ રહી છે. માટે બુદ્ધિને જાણપણે કરીને જીવનું જાણપણું છે. ને બુદ્ધિને વિષે સાક્ષી રહ્યા છે. માટે સાક્ષીને જાણપણે બુદ્ધિનું જાણપણું છે. દેહ મૂર્તિમાન જણાય છે પણ સાક્ષી મૂર્તિમાન નથી મનાતા ને નાસ્તિક હોય ઈ કર્મને મૂર્તિમાન કહે છે. **॥ ઈતિ શ્રી કિરણ ૬૯૬ ॥**

## ૬૯૭. ઉપદેશનું

સંવત્ ૨૦૩૬ના બીજા જેઠ સુદિ-૧૨ બુધવાર તા.૨૫-૬-૧૯૮૦ ને દિવસ સ્વામી પ્રાતઃકાળે ગામ વંથલી મુકામેથી સંતમંડળ સહિત મોટરમાં બેસીને ગામ કેશોદ ધીરજલાલ માધવજી મકવાણાના મકાનના વાસ્તુ અંગે પધાર્યા હતા ને ત્યાં આથમણા બારના ઓરડામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ભાણજીભાઈ પુરુષોત્તમપ્રકાશની કથા વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે, ગામ ગમે એટલા ફરીએ પણ મોક્ષનું બારણું બાકી રહેવા ન દેવું. આવો સમો કોઈ'દિ નહિ આવ્યો હોય. ભૂમિ થકી બ્રહ્મમોલ

લગી ઠઠ જામી ગઈ. અમદાવાદની ગુજરી જેવો ભીડો થઈ જાય એટલા જીવ અક્ષરધામમાં જાય છે. અક્ષરધામમાં કેમ ભેગું રહેવાય, એવા સ્વભાવ થઈ જાય એટલે પતી ગયું. મૂર્તિ દ્વારે કલ્યાણ થાય છે પણ નીમવાળો શ્રદ્ધા સહિત દર્શન કરે તો થાય. પણ નીમ વિનાનાનું કાંઈ ન થાય. સાધુ થયા પછી દુર્લભમાં દુર્લભ શું ? તો ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ ઈ એકાંતિકપણું દુર્લભમાં દુર્લભ છે. કાંઈ ન જોઈ ઈ જ દુર્લભ છે. એક ભગવાન જોઈ ને એક સાધુ જોઈ છઈ, બીજું કાંઈ જોતું નથી. બાકી કાંઈ જોયા જેવું નથી. હરિભક્તને દુર્લભમાં દુર્લભ શું ? તો પૂર્વના કુટુંબ પરિવાર છે. એવા જ આ કુટુંબ પરિવારને સમજો ઈ દુર્લભમાં દુર્લભ છે. ઓલ્યા અજ્ઞાનથી વિસારી દીધા એમ આને જ્ઞાનથી વિસારી દેવા.

પછી તે જ દિવસે બપોર પછી ધીરુભાઈને આશીર્વાદ આપી શ્રીજી નોવેલ્ટી સ્ટોરનું ઉદ્ઘાટન કરીને સંતમંડળ સહિત ગામ અગતરાય પધાર્યા. ત્યાં નવા મંદિરમાં ઢોલિયા પર વિરાજમાન થયા હતા. પછી સ્વામીએ વાત કરી જે, ભગવાન જેવા ભગવાન મળ્યા છે. સાધુ જેવા સાધુ મળ્યા છે. સત્સંગ જેવો સત્સંગ મળ્યો છે. હવે એટલું કરવું કે આ જગતમાં રહેવાશે નહિ. જગતમાંથી નિર્વાસનિક થાવું એટલું જ કરવાનું છે. કોઈ કહે કે તમે સો વરસ જીવશો પણ સો વરસ જીવે એના હાલ કેવા થાશે ઈ સમજી રાખવું.

પછી સ્વામીએ મને આજ્ઞા કરી કે, બે જ વાત કરો. બે વાતમાં તો બાણું લાખની કસર ટળી જાય. ખબડદાર થઈને ભજન કરવું ને સંપ રાખજો. સંપ રાખશો તો કોઈ આપણને વેંડી નહીં શકે. જેને સમાસ કરવો હોય ને છેલ્લો જન્મ કરવો હોય તો ગુરુકુળમાં દર મહિને સમૈયો થાય છે.

**આળસ ને અજ્ઞાન અતિશે કામ બગાડ્યું તારૂં,**
**દેવાનંદ કહે દેખ વિસારી, માન કહ્યું તું મારૂં**

પછી વાત કરી જે, પેઘડે પગ ને બ્રહ્મઉપદેશ. રાજી રહેજ્યો. આ લોકમાં ભેળું રહેવાય કે ન રહેવાય પણ અક્ષરધામમાં ભેળું રહેવાય એવા સ્વભાવ કરવા.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૯૭ ॥**